

# સત્સંગ પ્રસંગ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

સત્સંગ અધિવેશનની વિવિધ સ્પર્ધાઓ પૈકીની એક સ્પર્ધા છે 'સત્સંગ પ્રસંગ' સ્પર્ધા, જેમાં ૧૦૦ પ્રેરણાદાયી પ્રસંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'સત્સંગ પ્રસંગ' સ્પર્ધાનો હેતુ એ છે કે સૌ હરિભક્તો આ ૧૦૦ પ્રસંગોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરે. આ પ્રસંગોમાં આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓનો મહિમા અને ઉપદેશ સમાયો છે, સાથે તેઓના સમકાલીન કેટલાક ભક્તરત્નોનો મહિમા પણ આવરી લેવામાં આવ્યો છે, જેમાંથી આપણને અનેક પ્રેરણાઓ પ્રાપ્ત થશે.

# અનુક્રમણિકા


## ભગવાન સ્વામિનારાયણ ........................................ ૭

પ્રાગટ્યના હેતુ........................................ ૮
નિર્ભય નીલકંઠ........................................ ૯
નિઃસ્પૃહી નીલકંઠ........................................ ૧૧
સેવાના આદર્શ - નીલકંઠ........................................ ૧૩
શુદ્ધભક્તિપ્રવર્તક........................................ ૧૪
અજોડ વરદાન........................................ ૧૫
આજની ઘડી રે ધન્ય........................................ ૧૬
'દાસનું લક્ષણ શું?'........................................ ૧૮
ગધેડાની ગાય........................................ ૨૦
અણિશુદ્ધ ચોખ્ખાં........................................ ૨૨
'અમારા પર દયા રાખજો'........................................ ૨૩
દુર્લભ પ્રાપ્તિ........................................ ૨૪
'સ્વામિનારાયણિયા કોણ?'........................................ ૨૫
શ્રીજીમહારાજનું અખંડ પ્રગટપણું........................................ ૨૬

## ભક્તરત્નો........................................ ૨૮

અપેક્ષા રહિતનો સત્સંગ........................................ ૨૯
અનન્ય સમર્પણ........................................ ૩૧
'જેને વ્યવહારે સુખી રહેવું હોય'........................................ ૩૩
'ભગવાન અને સંતને અર્થે શું ન થાય'........................................ ૩૪
ઉત્તમ સમજણ........................................ ૩૫
'આ અમારા જતિ આવ્યા'........................................ ૩૭
મહારાજને કોની સાથે બને?........................................ ૩૯
શિર સાટે સત્સંગ........................................ ૪૧
સેવાનું વ્યસન........................................ ૪૩
ભક્તનો સુહૃદ - મારો પ્રાણ........................................ ૪૫

ભક્તરાજ શિવલાલ શેઠ ........................................ ૪૭
ભગતજીમય સ્વામી વિજ્ઞાનદાસજી ........................................ ૪૯
દિવ્યભાવનો વિરલ દાખલો ........................................ ૫૧
બ્રહ્માંડ તૂટે, પણ દોરડું નહિ ........................................ ૫૨
'આ ટાણું કેમ ચૂકાય?' ........................................ ૫૪
આફ્રિકા સત્સંગના જ્યોતિર્ધર - મગનભાઈ ........................................ ૫૫
સંપ્રદાયના વ્યાસ ........................................ ૫૭

## અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ........................................ ૫૯

દર્શનનો ખપ ........................................ ૬૦
દૃષ્ટિનો સંયમ ........................................ ૬૧
મારે તો પણ મીઠાં ફળ દે ........................................ ૬૨
'આ અમારાં તિલક' ........................................ ૬૩
અનાદિના સેવક ........................................ ૬૪
બ્રાહ્મીસ્થિતિના ઘડવૈયા ........................................ ૬૬
સેવા કરે તે મહંત ........................................ ૬૮
માન-અપમાન મેં એકતા ........................................ ૬૯
'એ મોજ તો સવજી લઈ ગયો' ........................................ ૭૧
અનોખી માનતા ........................................ ૭૨
ગુણાતીત સંગે ગુણાતીત ........................................ ૭૪
'સ્વામી! તમે પંડે અક્ષર?' ........................................ ૭૬

## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ ........................................ ૭૮

માંગો માંગો ભગતજી ........................................ ૭૯
અનુવૃત્તિ એ જ ભક્તિ ........................................ ૮૧
ગુણાતીત ઉપર મારો દેહ કુરબાન છે ........................................ ૮૩
અડસઠ તીરથ ........................................ ૮૫
અક્ષરની મોરલી વગાડી ........................................ ૮૬

## બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ........................................ ૮૮

સ્વામિનારાયણની પૂરી નિષ્ઠા ........................................ ૮૯

ચંદ્ર ને ચકોરીની પ્રીતડીના જેવું ........ ૯૧
જાગા ભક્તની બંધી તોડી ........ ૯૩
આદર્શ ગુરુભક્તિ ........ ૯૫
'શ્રીજીમહારાજ કર્તાહર્તા છે' ........ ૯૭
'શ્રીજીએ જ કર્યું છે' ........ ૯૯
ઉપાસના પ્રવર્તનની ધગશ ........ ૧૦૧
વરતાલથી મહાપ્રસ્થાન ........ ૧૦૨
'અમે અને વરતાલ એક જ છીએ' ........ ૧૦૪
'હે સ્વામી! આપ દયા કરી બિરાજો' ........ ૧૦૫
'તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે' ........ ૧૦૬
'અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું છે' ........ ૧૦૮
કલ્યાણનું સદાવ્રત ........ ૧૧૦
'અક્ષરપુરુષોત્તમની વાત મારા માથે બેસીને કરે તોય ઓછું છે!' ........ ૧૧૧
શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણ ........ ૧૧૨
તમે જીવ્યા અમારે કાજ ........ ૧૧૪

**બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ........ ૧૧૫**

'સ્વામી રાજી થશે ને!' ........ ૧૧૬
ખમવું એ સાધુતા ........ ૧૧૭
પ્રેમના કોળિયા ........ ૧૧૯
ભક્તોના સામાનને દંડવત્ ........ ૧૨૧
ગંજીપામાંથી ગુણગ્રહણ ........ ૧૨૨
હૈયાના હેત ન ભૂલાય ........ ૧૨૩
યુવાહૃદયના માલમી ........ ૧૨૪

**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ........ ૧૨૬**

ગુરુભક્તિનો સેતુ ........ ૧૨૭
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો ........ ૧૨૯
'આવો મહિમા હોય તો કામ થઈ જાય' ........ ૧૩૦
મરજી અનુસાર વર્તનારા ........ ૧૩૨

ગુરુપ્રધાન જીવન ........ ૧૩૩
સ્વામી! કરુણા અપરંપાર ........ ૧૩૫
આ છે બ્રાહ્મીસ્થિતિ ........ ૧૩૭
દેહ તણી પરવા તજી ........ ૧૩૯
વિચરણ એક કલ્યાણયાત્રા ........ ૧૪૧
પ્રમુખપ્રતિજ્ઞા ........ ૧૪૨
પુરુષોત્તમ બોલ્યા પ્રીતે ........ ૧૪૫
વિનમ્રતાની મૂર્તિ ........ ૧૪૬
અનાદિ સિદ્ધ ........ ૧૪૭
સેવાનો ઉચ્ચ આદર્શ ........ ૧૪૮
Akshardham Response ........ ૧૫૦
'કાંકરી જેટલોય ભાર નથી' ........ ૧૫૨
કાયમી પ્રોજેક્ટ ........ ૧૫૪

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ ........ ૧૫૫

ગુરુવચને ચૂરેચૂરા ........ ૧૫૬
'સકલ દિવ્ય દિવ્યમ્' ........ ૧૫૭
ઉતાવળિયો નિર્ણય ન લેવો ........ ૧૫૯
'હું પધરામણીએ જઉ?' ........ ૧૬૦
'બીજા સ્વાદની જરૂર નથી' ........ ૧૬૧
'મને માફ કરજો' ........ ૧૬૨
'કોઈ દિવસ નિર્ધાર રાખ્યો જ નથી..' ........ ૧૬૪
તમારો જોડો અને મારું માથું ........ ૧૬૫
સદા દાસ ........ ૧૬૬
'અનંત બ્રહ્માંડનું રાજ અહીંથી ચાલે છે' ........ ૧૬૭
આવા ગુરુ ક્યાં મળે? ........ ૧૬૮
મનન દ્વારા બ્રહ્મનો સંગ ........ ૧૬૯

# ભગવાન સ્વામિનારાયણ

# પ્રાગટ્યના હેતુ

સર્વાવતારી પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ આ પૃથ્વી ઉપર પ્રગટ થયા. તેઓનું પ્રાગટ્ય અનંત જીવો ઉપરની તેઓની અકારણ કરૂણા જ છે. વચનામૃત ગઢડા પ્રથમ-૭૮માં શ્રીજીમહારાજે કહ્યું છેઃ 'અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, 'જ્ઞાની-અજ્ઞાની એવા જે મૃત્યુલોકના મનુષ્ય તે સર્વે મને દેખો,' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે.' આવા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણના આ પૃથ્વી પરના અવતરણનો હેતુ શો હતો? શ્રીજી મહારાજે પોતે જ પોતાના પ્રાગટ્યના હેતુ જણાવ્યા છે.

સંવત ૧૮૭૭માં દિવાળી-અન્નકૂટ ઉત્સવ ઉજવવા શ્રીજીમહારાજ કારિયાણી પધાર્યા હતા. ત્યારે વડોદરાથી ગોપાળાનંદ સ્વામી મહારાજના દર્શને આવ્યા. મહારાજ ઊભા થઈને તેમને ભેટ્યા. પછી અક્ષર ઓરડીમાં લઈ ગયા. ત્યાં ગોપાળાનંદ સ્વામીને પોતાની પાસે બેસાર્યા અને બીજા સંતો તથા હરિભક્તોને બહાર જવાની આજ્ઞા કરી. મહારાજ કાંઈ વિશેષ વાત કરવાના હશે, એમ જાણી નિષ્કુળાનંદ સ્વામી અંદર ગયા. તો મહારાજે તેમને પણ બહાર કાઢ્યા અને ચોકડીના કામ ઉપર ધ્યાન રાખવાનું કહ્યું. પછી અક્ષર ઓરડીના બારણાં બંધ કરાવ્યાં. નિષ્કુળાનંદ સ્વામી જાણવા ઉત્સુક હતા. તેથી બારણે કાન દઈ બેઠા. મહારાજ ગોપાળાનંદ સ્વામીને કહેઃ 'સ્વામી! અમે અમારું અક્ષરધામ અને તમો બધા મુક્તોને લઈને અહીં આવ્યા છીએ. તેનો હેતુ જાણો છો?' ગોપાળાનંદ સ્વામી કહેઃ 'ના મહારાજ!' પછી મહારાજે પોતાના આ પૃથ્વી ઉપર પ્રગટ થવાના છ હેતુઓ ગોપાળાનંદ સ્વામીને કહ્યાઃ

૧. અમારી સર્વોપરી ઉપાસના અને સર્વોપરી જ્ઞાન, તેને આ પૃથ્વી પર પ્રવર્તાવવું.
૨. પૂર્વે થઈ ગયેલા અવતારોના ભક્તોને અમારી ઉપાસના અને અમારા સ્વરૂપનો બોધ કરીને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડવા.
૩. ભક્તિદેવી અને ધર્મદેવને અસુરોના ત્રાસમાંથી મુક્તિ અપાવી, અમારી મૂર્તિનું સુખ આપવું.
૪. ઘણા કાળથી લુપ્ત થયેલો, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યેયુક્ત ભક્તિવાળો એકાંતિક ધર્મ પ્રવર્તાવવો.
૫. અનંત કાળથી ભજન-ભક્તિ કરતા અનેક તપસ્વી-યોગીઓને દર્શન દઈ, તપનું-ભક્તિનું ફળ આપવું અને ભગવાનને વિશે પ્રીતિવાળા મુમુક્ષુઓના મનોરથ પૂર્ણ કરવા અને તેમને લાડ લડાવવાં.
૬. આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મના ધારક સાધુઓ, ઉપાસના માટે શિખરબદ્ધ મોટાં મંદિરો, અમારાં લીલા-ચરિત્ર, સ્વધર્મજ્ઞાનેયુક્ત શાસ્ત્રો કરવાં; અને પરાત્પર વિહદ એવું જે અક્ષરધામ તેને પમાડવા અર્થે પરમ એકાંતિક સંતો દ્વારા આત્યંતિક કલ્યાણનો મોક્ષ માર્ગ આ બ્રહ્માંડમાં સદાય ઊભો રાખવો.

# નિર્ભય નીલકંઠ

હિમાલયની બર્ફીલી ઘાટીઓમાંથી પસાર થતાં નીલકંઠ વર્ણી નારદજીએ વસાવેલ શ્રીપુર ગામમાં પધાર્યા. અહીં ગામ બહાર એક કમલેશ્વર મઠ હતો. તેના ઓટલા ઉપર નીલકંઠ વર્ણીએ આસન જમાવ્યું. તપથી કૃશ થઈ ગયેલ શરીરવાળા અને તેજસ્વી કાંતિયુક્ત આ બાળ બ્રહ્મચારીને જોઈને ગામવાસીઓ આકર્ષાયા. મઠના મહંતજી પણ વર્ણીના દર્શને દોડી આવ્યા. સાંજનો સમય થયો હતો. મહંતજીએ વર્ણીને કહ્યું: 'બ્રહ્મચારી! તમે મઠની અંદર આવો. અહીં બહાર જંગલી જનાવરનો ભય છે. માટે ઓટલે બેસી રહેવું ઠીક નથી.' પરંતુ વર્ણી કાંઈ બોલ્યા નહિ. 'મૌનવ્રતધારી હશે!' - એમ ધારી મહંતજીએ વર્ણીને ધીરેથી હલાવીને કહ્યું: 'જો મઠમાં આવવાની ઈચ્છા ન હોય તો ગામમાં વસ્તીમાં જાઓ, પણ અહીં તો મૃત્યુનો ભય છે.'

વર્ણીએ નિજમસ્તાઈમાં મહંતજીને કહ્યું: 'હું વસ્તીમાં રહેતો નથી. ગામ બહાર જ્યાં આવું સ્થળ મળે ત્યાં આકાશની નીચે રહું છું. મૃત્યુનો મને ભય નથી. મૃત્યુથી ડરીને સંતાઈ જવાથી મૃત્યુ રોકાતું નથી.' મહંતજીને વર્ણીની વાત જોગીહઠ લાગી. તેઓ પાછા આશ્રમમાં ચાલ્યા ગયા. વર્ણી તો શાંતચિત્તે આસન વાળી ધ્યાનસ્થ મુદ્રામાં બેઠા હતા. પરંતુ મહંતજીને વર્ણીની ચિંતામાં ચેન પડતું ન હતું. વારેવારે તેઓ આશ્રમની બારીમાંથી વર્ણીને જોઈ લેતા.

સૂર્યાસ્ત થઈ ગયો. રાત્રિના બે પ્રહર વીત્યા. સર્વત્ર નીરવ શાંતિ હતી. એવામાં તે શાંતિને ચીરતી ધરતી ધ્રુજાવે તેવી કેસરી સિંહની ગર્જના સંભળાણી. મહંત અને પુરવાસી આ ભયંકર ત્રાડ સાંભળીને જાગી ગયા. ભયંકર ગર્જના કરીને ત્રાડુકતો કેસરી સિંહ થાળી-થાળી જેવડા પંજાના પગલાં માંડતો, વિશાળ પૂછડું ફંગોળતો, ધગેલ ત્રાંબા જેવી આંખો ટમટમાવતો ધીરે રહીને વર્ણીની આગળ આવીને ઊભો રહ્યો. વર્ણીએ સિંહ તરફ દૃષ્ટિ કરી. દૃષ્ટિ પડતાં જ સિંહ નિશ્ચેતન બની સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતો વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો.

ડરતાં ડરતાં મહંતે બારીનું બારણું ખોલ્યું. તેઓ અને તેમના શિષ્યો બારીની બહાર આશ્ચર્યવત્ જોઈ જ રહ્યા. થોડી વારે નીલકંઠ વર્ણી સિંહના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યા. વર્ણીના સ્પર્શથી સિંહ સમાધિમાંથી જાગ્રત થઈ સચેતન થઈ ગયો અને નીલકંઠ વર્ણીના પગ ચાટવા લાગ્યો. મહંતજીએ તેમના શિષ્યો સામું જોયું, શિષ્યોએ મહંત સામું જોયું. બંને એકાએક બોલી ઊઠ્યા: 'આ તો કોઈ ઈશ્વરી અવતાર છે!' જે માણસ અને પશુની હિંસા કરે, જેની ત્રાડ સાંભળીને અનેકનાં હૈયાં હચમચી જાય એવો આ કેસરી સિંહ આજે આ વર્ણી પાસે ગભરુ ગાય જેવો બની ગયો હતો!

પરોઢ થતાં જ સિંહ વર્ણીને શિર ઝૂકાવીને ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો! મહંતજી દોડતાં વર્ણી પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું: 'બ્રહ્મચારી! આપ બહુ પ્રતાપી છો. સિદ્ધ છો. આપ જો અમારા મઠમાં રહો તો તમને મઠાધિપતિ બનાવી દઉં. લાખ રૂપિયાની અમારી આવક છે....' મહંત બોલ્યે જ જતા હતા. વર્ણીએ તેમને અટકાવીને વચ્ચે જ કહ્યું: 'જુઓ મહતંજી! મઠની, આશ્રમની

કે મિલકતની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત? મારે તો તીર્થોમાં જઈ અનેક જીવનું કલ્યાણ કરવું છે. અને સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે.' એટલું કહીને વર્ણી ત્યાંથી ચાલ્યા ગયા. 'આ વર્ણી જીવોના કલ્યાણ માટે પધારેલ સાક્ષાત્ ભગવાન જ છે.' એવી પ્રતીતિ સાથે મહંતજી અને ગામવાસીઓ તેઓને જતા જોઈ રહ્યા. આ રીતે, નિર્ભય થકા નીલકંઠ વર્ણી પોતે વિચરતા.

વચનામૃત ગઢડા મધ્ય ૫૫માં શ્રીજીમહારાજે વાત કરી છે, 'જ્યારે ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહીં અને વનમાં જ રહેવું ગમતું. અને બીક તો લેશમાત્ર લાગતી જ નહીં અને વનને વિષે મોટાં મોટાં સર્પ, સિંહ, હાથી ઇત્યાદિક અનંત જનાવર દીઠામાં આવ્યાં પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહીં; એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા.'

# નિઃસ્પૃહી નીલકંઠ

કલ્યાણના માર્ગમાંથી ભૂલા પડેલા અનેકને સાચી દિશા ચીંધતાં ચીંધતાં નીલકંઠ વર્ણી વંશીપુર પધાર્યા. અહીં પીપળાના વૃક્ષ નીચે સ્વસ્તિક આસન વાળીને ધ્યાનમાં બેઠેલા વર્ણીની તેજોમય આભા જોઈ વંશીપુરના રાજા આકર્ષાયા. 'નારાયણ આ સ્વરૂપે આજે મારું કલ્યાણ કરવા તો નથી આવ્યા ને!' એમ વિચારતાં તેઓએ વર્ણીને મહેલમાં પધારવા પ્રાર્થના કરી. રાજાનો ભક્તિભાવ જોઇ વર્ણી તૈયાર થયા. વર્ણીને પોતાના રાજવી ઘોડા ઉપર બેસાડી રાજા સ્વયં ઘોડાની સરક પકડી ચાલવા લાગ્યા. આ નવા મહેમાનને જોઈ રાણી પણ સ્થિર થઈ ગયા. વર્ણીમાં તેઓને સાક્ષાત્ પુરુષોત્તમના દર્શન થયા.

રાજા-રાણીને બે કુંવરીઓ હતી - ઈલા અને સુશીલા. તેઓ પણ વર્ણીના દર્શનથી મોહિત થઈ ગઈ. રાણીને પુત્રની ખોટ હતી. તેને લાગ્યું કે સ્વયં પુરુષોત્તમ જ પોતાની આ ખોટ પૂરવા પધાર્યા છે. રાજા-રાણી અને બંને કુંવરીઓ નીલકંઠ વર્ણીની સેવામાં રાત-દિવસ અભિરત થઈ ગયા. વર્ણીના સમાગમથી રાજા-રાણીને તેઓને રાજ્યમાં જ રાખી લેવાનો લોભ જાગ્યો.

એક દિવસ રાણીએ વર્ણીને કહ્યુંઃ 'બ્રહ્મચારી! આ રાજ્ય તમને સોંપવું છે. આ મારી બંને કુંવરીઓનું સગપણ પણ તમારી સાથે કરાવવું છે. માટે હવે વનમાં જઈ તપ કરવાની માથાકૂટ મૂકી દ્યો.'

પરંતુ 'ભાર નામે એક રૂમાલ પણ જેઓ રાખતા નહીં' (વચનામૃત ગઢડા પ્રથમ ૧૦) તેવા વર્ણીને રાજ્યનો અને લૌકિક બંધનોનો ભાર તો કેવી રીતે ગમે? તેથી વર્ણીએ વિનયપૂર્વક રાણીના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. રાણીને મોહ વ્યાપ્યો હતો. તેથી વર્ણી પ્રત્યેના સાક્ષાત્ ભગવાનપણાના ભાવને ભૂલી જઈ ઉદ્વેગમાં બોલ્યા, 'અત્યારે તો બાળ અવસ્થા છે, પરંતુ જ્યારે જોબન અવસ્થા આવશે ત્યારે સ્ત્રી વિના ટળવળશો. મોટા મોટાનાં માન કામદેવે તોડ્યાં છે. તે તમને છોડશે?'

માયાવી જીવ ભગવાનને પણ પોતા જેવા જ માયાને વશ સમજે છે. આવી અજ્ઞાનતા રાણીમાં જોઈ વર્ણી મનમાં હસ્યા. તેમને રાણી ઉપર દયા આવી. તેમણે રાણીને કહ્યું, 'અમારે તો સુખમાત્ર વનમાં જઈને પરમાત્માનું ચિંતવન કરવું તેમાં જ છે.' રાણીએ જંગલી પશુઓની બીક બતાવી. ત્યારે વર્ણીએ મક્કમતાથી કહ્યુંઃ 'બીક તો એક વાસનાની રાખવી જોઈએ. હું તો તેની મોહજાળમાંથી મનુષ્યોને છોડાવવા અને મારા દિવ્ય અક્ષરધામનું સુખ આપવા પ્રકટ થયો છું. તમારા રાજ્ય કે કુંવરીઓમાં બંધાવા નથી આવ્યો.' વર્ણીની વેધક વાણી સાંભળી રાણીને સમાધિ થઈ ગઈ. તેઓના અંતરના અજ્ઞાનના પડળ ખૂલી ગયા. તે જ દિવસે રાત્રે નીલકંઠ વર્ણી વંશીપુરથી નીકળી ગયા.

ભલભલો માણસ સહેજમાં લલચાઈ જાય એવાં એવાં પ્રલોભનો નીલકંઠ વર્ણીને આવ્યાં હતાં. પંજાબના રાજા રણજીતસિંહ અને કાઠમંડુના રાજા રણબહાદુર પોતાનું સમગ્ર રાજ્ય અર્પણ કરવા તૈયાર થઈ ગયાં હતાં. ધરમપુરના રાણી કુશળકુંવરબાએ પણ પોતાનું ૫૦૦ ગામનું રજવાડું શ્રીજીમહારાજના ચરણોમાં સમર્પિત કરી દીધું હતું. પરંતુ મહારાજ આવા કોઈ પ્રલોભનો કે લૌકિક બંધનોમાં બંધાયા નહિ. તેઓ સદૈવ નિઃસ્પૃહી, જગતથી નિર્લેપ જ રહ્યા.

# સેવાના આદર્શ - નીલકંઠ

અનંત જીવોના કલ્યાણ માટે ભગવાન સ્વામિનારાયણે નીલકંઠ વર્ણીરૂપે સમગ્ર ભારતની પદયાત્રા કરી. આ કલ્યાણયાત્રા દરમ્યાન વેંકટાદ્રિથી કાંચીપુરમ્ જતાં રસ્તામાં તેઓને એક સાધુ મળ્યો. તેનું નામ સેવકરામ. તે ભાગવતનો ભણેલો અને સંસ્કૃતનો વિદ્વાન હતો. નીલકંઠે તેની પાસેથી ભાગવતના ગોપિકા ગીતના સુંદર શ્લોકો સાંભળ્યા. નીલકંઠને ભાગવતમાં ખૂબ રુચિ હતી. તેથી તેમની સાથે રહ્યા. સેવકરામ ભાગવતનો માત્ર કથાકાર હતો, પરંતુ સાધુતાના કોઈ લક્ષણ તેનામાં નહોતા. તેની પાસે એક હજાર સોનામહોરો હતી, પણ કોઈ સેવક નહિ. આ મુસાફરી દરમ્યાન સેવકરામને મરડો થઈ ગયો. વારંવાર ઝાડે જવું પડે. ઝાડામાં લોહી પડે. પીડા બહુ થાય. ચલાય પણ નહિ. આથી, તે રોવા લાગ્યો. તેનું દુઃખ જોઈ દયાળુ નીલકંઠે તેને આશ્વાસન આપતાં કહ્યું: 'તમે કાંઈ ચિંતા રાખશો નહિ, અમે તમારી સેવા-ચાકરી કરીશું.'

નીલકંઠ રાત-દિવસ સેવકરામની સેવામાં લાગી ગયા. અહીં કેળાની ફૂલવાડીમાં વડનું એક મોટું વૃક્ષ હતું. તેની નીચે નીલકંઠે કેળનાં પાનની એક હાથ ઊંચી પથારી કરી સેવકરામને સૂવડાવ્યો. તેના ઝાડાથી બગડેલાં કપડાં નીલકંઠ રોજ ધોતા. કોઈ અણગમો કે સૂગ રાખ્યા વગર વર્ણી પ્રેમથી તેની ચાકરી કરતા. સેવકરામને જે જોઈએ તે લાવી રાંધીને જમાડતા. પોતાને જમવા માટે સેવકરામ રૂપિયા આપીને બાજુના ગામમાંથી ખાંડ, સાકર, ઘી, અન્ન વગેરે નીલકંઠ પાસે મંગાવતો. નીલકંઠ તેમાંથી રસોઈ બનાવી તેને જમાડતા, પણ તેઓને તો બાજુના ગામમાં જઈને ભિક્ષા માંગીને જમવાનું રહેતું. કોઈ કોઈ વાર ભિક્ષામાં કાંઈ ન મળે તો નીલકંઠને ઉપવાસ પણ કરવા પડતા. ક્યારેક તો બબ્બે દિવસના ઉપવાસ થતા, પરંતુ સેવકરામ એટલો પણ વિવેક ન કરતો કે, 'મારી પાસે રૂપિયા છે તેમાંથી તમે આપણા બંને માટે રસોઈ કરો અને તમે પણ મારી સાથે જમો.' તેમ છતાં નીલકંઠે બે મહિના સુધી તેની ખૂબ ભાવથી અને ખંતપૂર્વક સેવા કરી. આખરે તે સાજો થયો.

નીલકંઠ અને સેવકરામ રામેશ્વરમ્ તરફ આગળ ચાલ્યા. હવે તો સેવકરામ શેર ઘી જમીને પચાવે એવો સમર્થ થયો છતાં નીલકંઠ પાસે પોતાનું એક મણનું (૨૦ કિલોનું!) ભારે પોટલું ઉપડાવતો. નીલકંઠ પોતે રૂમાલ જેટલો પણ પોતાનો સામાન ન રાખતા, તેમ છતાં સેવકરામના પોટલાનો ભાર ઊંચકતા. સેવકરામ નીલકંઠ વર્ણીની કાંઈ ખબર ન રાખતો. ફક્ત ગુલામની જેમ કામ કરાવ્યા કરતો. નીલકંઠને લાગ્યું કે, 'આનામાં ભક્તિ પણ નથી અને કોઈએ કરેલા ઉપકારની કૃતજ્ઞતા પણ નથી.' આથી, સેવકરામને કૃતઘ્ની જાણીને અંતે નીલકંઠે તેનો ત્યાગ કર્યો.

નિઃસ્વાર્થભાવે સેવા કરવી એ અઘરું છે, પણ સામેવાળા વ્યક્તિને લેશમાત્ર ગુણ ન હોય, છતાં મહિનાઓ સુધી પ્રેમથી આ પ્રકારની ટેલ-ચાકરી કરવી તે તો સેવાની પરાકાષ્ઠા છે! નીલકંઠ વર્ણીએ સેવાનો આવો અજોડ આદર્શ પૂરો પાડ્યો છે.

# શુદ્ધભક્તિપ્રવર્તક

લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમની બાજુમાં જ જીવરાજ શેઠનો ડેલો હતો. અહીં રોજ મુક્તાનંદ સ્વામી કથાવાર્તા કરતા. એક દિવસ નીલકંઠ વર્ણી સંતો સાથે કથામાં ગયા. તેઓએ ત્યાં જોયું કે સભામાં સ્ત્રી-પુરુષો ભેગાં બેસીને કથા સાંભળે છે. નીલકંઠ વર્ણીને થયું કે, 'આ તો ભક્તિમાં દૂષણરૂપ છે. આનાથી ત્યાગીના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યમાં ભંગ થાય છે. વળી સ્ત્રી-પુરુષ ભેગાં બેસીને કથાવાર્તા સાંભળે તેમાં અંદરોઅંદર પણ દૂષણ વધવાની સંભાવના છે.' આમ વિચારી નીલકંઠ વર્ણી તરત જ સભાનો ત્યાગ કરીને જતા રહ્યા. બીજે દિવસે જ્યારે મુક્તાનંદ સ્વામી કથાવાર્તા કરવા ગયા ત્યારે નીલકંઠ વર્ણીએ સૌ સંતોને કહ્યુંઃ 'તમે સૌ મંદિરે આવો. હું તમને ત્યાં કથા સંભળાવીશ. આ રીતે સ્ત્રી-પુરુષ ભેળાં બેસી કથા સાંભળે તે ધર્મ નથી.' ધર્મ-નિયમપાલનની શુદ્ધિમાં કોઈની મહોબત કે શેહશરમ તેઓ ન રાખતા. ત્યાર બાદ સૌને ધર્મ સમજાવી સ્ત્રી અને પુરુષ નોખા-નોખા બેસી કથાવાર્તા સાંભળે, ભક્તિ કરે એવી શુદ્ધ ભક્તિની રૂડી રીત નીલકંઠ વર્ણીએ સ્થાપી.

આશ્રમના મહંત મુક્તાનંદ સ્વામીથી વયમાં ૨૩ વર્ષ નાના અને હમણાંના આવેલા ૨૦ વર્ષીય નીલકંઠ વર્ણીનો પ્રભાવ કેવો હશે તેનો દાખલો આપતો વધુ એક પ્રસંગ બન્યો. એક દિવસ નીલકંઠ વર્ણીએ આશ્રમની દીવાલમાં એક ગોખલો જોયો. આશ્રમની બાજુમાં એક ગૃહસ્થનું ઘર હતું. તે ગોખલા વાટે સાધુ અને ગૃહસ્થની સ્ત્રી વચ્ચે ભારેલા અગ્નિની લેવડ-દેવડ થતી. આ જોઈ નીલકંઠ વર્ણીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'આ દીવાલમાં જે છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ જરૂર છિદ્ર પડાવશે. સાધુએ આ રીતે સ્ત્રી સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર રાખવો તે ઉચિત નથી.' એમ કહી મુક્તાનંદ સ્વામીની આજ્ઞાની રાહ જોયા વગર વર્ણીએ તે જ સમયે પોતાને હાથે જ તે ગોખલો પૂરાવી દીધો. નૈષ્ઠિક બ્રહ્મચર્યના જે નિયમ-ધર્મ શાસ્ત્રોમાં લખ્યા હતા તે પ્રમાણે પાળવાનો અને પળાવવાનો આગ્રહ નીલકંઠ વર્ણીમાં જોઈને મુક્તાનંદ સ્વામી અભિભૂત થઈ ગયા.

આ રીતે આધુનિકતાના પ્રભાવથી ધર્મ અને ભક્તિમાં આવેલી મલિનતા કોઈ રીતે તેઓને પરવડતી નહિ. નીલકંઠ વર્ણીનું આ ચરિત્ર આવનારી પેઢીઓને પણ આધ્યાત્મિક માર્ગમાં બ્રહ્મચર્ય વ્રતની મહત્તા સમજાવતું રહેશે. ત્યાગી અને ગૃહસ્થોના જીવનમાં સ્ત્રી-પુરુષ મર્યાદા યથાર્થ રીતે પળાય તેવી કાયમી વ્યવસ્થા કરી એક શુદ્ધ સંપ્રદાયની સ્થાપના ભગવાન સ્વામિનારાયણે કરેલ છે. એટલે જ આપણે આરતીમાં ગાઈએ છીએ, 'ધર્મ એકાંતિક સ્થાપક ભક્તિ પરિત્રાતા.'

# અજોડ વરદાન

સંવત ૧૮૫૮ની કાર્તિક સુદ એકાદશીએ સવારથી જ સૌરાષ્ટ્રના જેતપુર શહેરમાં મંગલ ધ્વનિ ગૂંજી રહ્યો હતો. યજ્ઞની જ્વાળાઓ અને હુતદ્રવ્યોની સુંગધથી વાતાવરણ આહ્‌લાદક બન્યું હતું. શહેરની શેરીઓ અને માર્ગો હરિભક્તોથી છલકાતાં હતાં. પ્રસંગ હતો સહજાનંદ સ્વામીની સત્સંગમાં ગુરુપદે નિયુક્તિનો. વૈદિક વિધિને અનુસરી ગુરુ રામાનંદ સ્વામીએ શિષ્ય સહજાનંદ સ્વામીના કપાળમાં ચંદનની અર્ચા, કુમકુમનો ચાંદલો કરી ગળામાં હાર પહેરાવ્યો. ત્યાર બાદ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની આરતી ઉતારી અને પોતાના સ્થાને સિંહાસન ઉપર બેસાડ્યા. રામાનંદ સ્વામીએ સૌ સંતો-હરિભક્તોને કહ્યું: 'પૃથ્વી ઉપર ભાગવત ધર્મનું પ્રસ્થાપન કરવા અને અનંત જીવોને બ્રહ્મરૂપ કરી અક્ષરધામ પમાડવા, સ્વામી સહજાનંદજીરૂપે આજે આપણી સમક્ષ અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમનારાયણ બિરાજમાન છે. તેમને તત્ત્વે કરીને ઓળખી તેમના સ્વરૂપની નિષ્ઠા કરશો તો તમારા સૌનું કલ્યાણ થશે.'

એટલું કહી રામાનંદ સ્વામીએ આ પુનિત અવસરે સહજાનંદ સ્વામીને વરદાન માંગવા કહ્યું. તે સમયે સહજાનંદ સ્વામીએ બે હાથ જોડી માંગ્યું: 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુ:ખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુ:ખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુ:ખી ન થાય; એ બે વર મને આપો.' રામાનંદ સ્વામી અને સર્વે હરિભક્તો અપાર કરુણાભરી આ અજોડ માંગણી સાંભળી આશ્ચર્ય અને અહોભાવમાં ગરકાવ થઈ ગયા.

અન્યના દુ:ખે દુ:ખી થનારા તો મળે, પરંતુ ભગવાન સ્વામિનારાયણે અન્યનું સઘળું દુ:ખ પોતાના માથે લઈ પોતાના આશ્રિત જનોને સુખિયા કરી દીધા. વચનામૃત કારિયાણી-૬માં શ્રીજીમહારાજે વાત કરી છે, 'અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે.' આવા ભક્તવત્સલ હતા ભગવાન સ્વામિનારાયણ!

# આજની ઘડી રે ધન્ય

પ્રખર કવિવર લાડુદાન ગઢવી ૪ ભાષાઓ, વ્યાકરણ અને પિંગળશાસ્ત્રમાં પ્રવીણ હતા. તેઓને અશ્વવિદ્યા, ગજવિદ્યા, સામુદ્રિક શાસ્ત્રોનું જ્ઞાન જેવી ૨૪ કળાઓ સિદ્ધહસ્ત હતી. વિલક્ષણ બુદ્ધિપ્રતિભા, તીવ્ર યાદશક્તિ અને શીઘ્રકવિત્વને જન્મજાત વરેલા આ કવિરાજને અનેક રાજારજવાડાઓ તરફથી સુવર્ણચંદ્રકો, રાજકવિરત્ન, પિંગળવિદ્યાચાર્ય, મહામહોપાધ્યાય, મહાશીઘ્રકવીશ્વર, શતાવધાની વગેરે પ્રમાણપત્રો એનાયત થયાં હતાં.

એક વાર ભાવનગર પધારેલા લાડુદાનજીને મહારાજા વજેસિંહ બાપુએ સુવર્ણથી આભૂષિત કરવા રાજ્યસોનીને બોલાવ્યા. સોની મહાજનના કપાળમાં ગોપીચંદનનું સોહામણું તિલક અને કંકુનો ગોળ ચાંદલો હતો. કવિએ તે અંગે પૂછપરછ કરી. ત્યારે વજેસિંહ બાપુએ જ વચ્ચે કહ્યુંઃ ‘લાડુદાન! મારા મનની આ ભાંજગડ તમારે દૂર કરવાની છે. મારા રાજ્યમાં ગઢડું ગામ છે. ત્યાં એક સ્વામિનારાયણ આવ્યા છે. કાઠીઓ તેમને ભગવાન માને છે. મને તો ધતિંગ લાગે છે, પણ તમે જઈને એનું પારખું કરો.’ લાડુદાન તો ભગવાનની કસોટી કરવા તૈયાર થઈ ગયા. પરંતુ તેમને ચેતવતાં સોની મહાજને કહ્યુંઃ ‘કવિરાજ! મીઠાની પૂતળી દરિયાનો તાગ કાઢવા જાય તો દરિયામાં જ સમાઈ જાય. માટે સમજી વિચારી પગલાં ભરજો.’

યૌવન, વિદ્યા અને કીર્તિના અભિમાનમાં લાડુદાનજીએ ગઢડાની વાટ તો પકડી, પણ રસ્તામાં મન પાછું પડવા લાગ્યું. ‘સાચું પણ હોય’ એવી શંકા થઈ. આ વિચાર આવતાં લાડુદાને મનમાં ચાર સંકલ્પો કર્યા કે ‘જો સ્વામિનારાયણ સાચે જ ભગવાન હોય તો, ‘એમણે ધારણ કરેલો ગુલાબનો હાર મને પહેરાવી નામ દઈને બોલાવે.’ ‘બંને ચરણારવિંદમાં સોળ દિવ્ય ચિહ્નો દેખાડે.’ ‘મારી ઓળખાણ આપે.’ અને ‘કાળા વસ્ત્રમાં વીંટેલો ભાગવતનો ગ્રંથ વાંચતા હોય.’ આ ચાર સંકલ્પો સાથે તેઓ ગઢડાની સીમમાં પ્રવેશ્યા.

ગામમાં આવતાં જ કવિને દિવ્ય શાંતિનો અનુભવ થયો. સહજાનંદ સ્વામી દાદા ખાચરના દરબારમાં લીંબડાના વૃક્ષ નીચે સંતો-હરિભક્તોની સભા ભરીને બેઠા હતા. કોટમાં ગુલાબનો હાર શોભતો હતો. સામે કાળા કામળા ઉપર ભાગવતનો ગ્રંથ પડ્યો હતો. લાડુદાનજીએ દરબારમાં પ્રવેશ કર્યો. પ્રભુએ એમને નામ દઈને બોલાવ્યા. ગુલાબનો હાર પહેરાવી સત્કાર્યા. વાતવાતમાં એમનું પૂર્વવૃત્તાંત કહી સંભળાવ્યું. તે દરમ્યાન શ્રીહરિના ખુલ્લા ચરણારવિંદમાં લાડુદાને દિવ્ય સોળ ચિહ્નોનાં દર્શન કર્યાં. તેઓના આનંદની સીમા ન રહી. હૈયું ગદ્ગદ્ થઈ ગયું. અંતર ભેદાઈ ગયું કે નક્કી આ ભગવાન જ છે. તેઓના કંઠમાંથી કવિત સરી પડ્યુંઃ

‘ધન્ય આજની ઘડી રે, ધન્ય આજની ઘડી,
નેણે નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.’

કવિના હૃદયદ્વાર ખૂલી ગયાં. પ્રભુની દૃષ્ટિમાં દૃષ્ટિ મળી. સમાધિ થઈ ગઈ. અનંત કોટિ સૂર્ય-ચંદ્રના તેજથી અધિક, મહાતેજોમય અક્ષરધામની મધ્યે મહારાજ બિરાજમાન છે. અનંત મુક્તો શ્રીહરિની આ મનોહર મૂર્તિનું અખંડ સુખ લઈ રહ્યા છે. આ અલૌકિક દર્શન કવિરાજની આંખોમાં જડાઈ ગયું. પ્રભુના ચરણો પકડી લીધાં. જીવનભર આ ચરણોની ભક્તિ માંગી. રાજકવિ મટીને લાડુદાન શ્રીહરિના પરમહંસ બ્રહ્માનંદ સ્વામી બની ગયા. ખરેખર મીઠાની પૂતળી દરિયામાં ઓગળી ગઈ!

બ્રહ્માનંદ સ્વામી જેવા તો અનેક પરમહંસોને ભગવાન સ્વામિનારાયણે વશ વર્તાવ્યા હતા. ચાર વેદના પ્રકાંડ વિદ્વાન નિત્યાનંદ સ્વામી શાસ્ત્રાર્થમાં અજેય હતા. બ્રહ્માંડમાં ગ્રહોની ગતિને અટકાવી દે તેવા ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગ યોગસિદ્ધ સમર્થ મહાપુરુષ હતા. સંતદાસજી સમાધિનિષ્ઠ હતા તો સ્વરૂપાનંદ સ્વામી અખંડ આત્માને દેખતા હતા. વ્યાપકાનંદ સ્વામી મરેલી ઘોડીને સહજમાં જીવતી કરી શકે તેવા સમર્થ હતા. નિષ્કુળાનંદ સ્વામી ત્યાગ-વૈરાગ્યનું મૂર્તિમાન સ્વરૂપ હતા તો મુક્તાનંદ સ્વામી સાધુતાની મૂર્તિ હતા. ગુણાતીતાનંદ સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હતા કે જેઓના રૂંવાડે રૂંવાડે અનંતકોટિ બ્રહ્માંડો અણુની જેમ રહ્યાં હતાં. આવા ઐશ્વર્ય, કળા અને સાધુતાથી સંપન્ન ત્રણ હજારથી વધુ પરમહંસોને નિયમ-ધર્મમાં વશ વર્તાવનાર ભગવાન સ્વામિનારાયણ પોતે કેવા સમર્થ હશે!

# 'દાસનું લક્ષણ શું?'

ભક્તરાજ સુંદરજી સુથાર કચ્છના રાજાના કારભારી હતા. એક પ્રસંગે તેઓ ભૂજના રાજાનું ખાંડુ (જાન) લઈને ગોંડળ આવ્યા. ત્યાં સમાચાર મળ્યા કે, 'મહારાજ બંધિયા બિરાજે છે' એટલે તરત જ રખેવાળોને જાનની ભલામણ કરી પોતે શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ બંધિયા આવ્યા. અહીં મૂળુ ખાચરને ત્યાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. તે વખતે તેઓની કસોટી કરતાં મહારાજે એક વિશિષ્ટ ચરિત્ર કર્યું.

મહારાજે પૂછ્યું 'કોણ આવ્યું?'
'મહારાજ! આપનો દાસ.'
'દાસનું લક્ષણ શું?'
'કહે તેમ કરે.'
'દાસ હો તો વસ્ત્ર-ઘરેણાં ઉતારી સાધુ થાઓ.'

તે જ વખતે સુંદરજીભાઈએ વસ્ત્ર-ઘરેણાં ઉતારી નાખ્યાં ને દાઢી-મૂછ મૂંડાવી દીક્ષા લઈ લીધી. મહારાજે તરત જ તેમને કાશીની જાત્રા કરવા મોકલ્યા. સુંદરજીભાઈ પણ દૃઢ નિશ્ચયવાળા હતા. તેમને શ્રીજીમહારાજના વચનમાં કાંઈ સંશય ન થયો. મહારાજે મુક્તાનંદ સ્વામીને આ વાત કરતાં કહ્યું: 'અમે કેવાં સારાં કામ કર્યાં કે રાજાના કારભારીને મૂંડ્યા!' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું: 'શું સારું કામ કર્યું? કાઠિયાવાડમાં મતવાદીઓ રંજાડતા તેથી ઘણી મુશ્કેલી હતી, પણ કચ્છમાં સુંદરજીભાઈ હતા તે શાંતિ હતી. હવે કચ્છમાં જગજીવન કારભારી સત્સંગનો દ્વેષી છે, તે આ જાણશે તો વિશેષ ઉપાધિ કરશે. હવે ત્યાં પણ રોટલા મળશે નહિ.'

મુક્તાનંદ સ્વામીની આ વાત સાંભળી શ્રીજીમહારાજે કહ્યું: 'તો તો તેમને બોલાવો પાછા.' મૂળજી બ્રહ્મચારીને મોકલી સાધુવેષધારી સુંદરજીભાઈને પાછા બોલાવ્યા. તેઓ શ્રીજીમહારાજ પાસે આવ્યા ને દંડવત્ કરી ઊભા રહ્યા.

મહારાજે પૂછ્યું: 'કોણ આવ્યું?'
'દાસ આવ્યો.'
'દાસ હો તો લૂગડાં-ઘરેણાં પહેરી ઢાલ-તલવાર લઈને રાજાના કુંવરને પરણાવવા પાછા જાઓ.'

મહારાજની આજ્ઞાથી સાધુવેષધારી સુંદરજીભાઈએ વસ્ત્ર-ઘરેણાં તો પહેરી લીધાં, પણ દાઢી-મૂછ તો પાછા ક્યાંથી લાવવા?! પણ મહારાજના વચને સુંદરજી સુથારે લોકલાજનો ત્યાગ કરી દીધો. પરંતુ સુંદરજીભાઈને આ વાતનો ગર્વ થયો. તેઓએ શ્રીજીમહારાજને કહ્યું: 'મહારાજ! બીજાની આવી આકરી કસોટી કરશો નહિ. બીજાથી આવું થાય નહિ.' શ્રીજીમહારાજ તે સમયે કાંઈ બોલ્યા નહિ, પણ ગર્વગંજન હરિવરે સુંદરજીના શબ્દો યાદ રાખ્યા હતા. મહારાજને તો

પોતાના ભક્તોને અણિશુદ્ધ કરવા હતા. ભલે ને ભક્તના અંતરમાં સદ્‌ગુણો તેની પરાકાષ્ઠાએ હોય, પણ જો ગુણોનો અહંકાર હોય તો તે મહારાજને ગમતું નહિ. અહીં પણ હરિવરે સુંદરજીભાઈનું ગુણનું માન ટાળવા નવીન ચરિત્ર આદર્યું.

આ અરસામાં મહારાજ વિચરણ કરતાં ભાદરા પહોંચ્યા. અહીંથી તેઓએ એક પત્ર સુરા ખાચર, અલૈયા ખાચર, અમરો પટગર... આદિ અઢાર સુખી કુટુંબના ગામધણીઓ અને રાજ-દરબારોને સંબોધીને લખ્યો. તેમાં લખ્યું કે - 'માંચા, સુરા, સોમલા, મામૈયા, અજા, વીરદાસ આદિ સૌ ભક્તો ઘરમાં હો કે સીમમાં, જ્યાં હો ત્યાંથી ખાવું-પીવું પડતું મૂકીને, ઊભા હો ત્યાંથી તત્કાળ ચાલી નીકળજો. કર્મયોગી તથા સાંખ્યયોગી હરિજન જેને નીકળાય તે સંસારનો ત્યાગ કરીને નીકળજો. અમારું બહુ જ ગમતું છે... જેતલપુર જઈ, ત્યાં રામદાસ સ્વામી આગળ દીક્ષા લઈ, કાશી થઈને ભૂજ અમારી પાસે આવજો.'

બધા ભક્તો મહારાજની આજ્ઞા મુજબ તત્કાળ ઘરબાર છોડી નીકળી પડ્યા. કડુના કલ્યાણદાસ તો પોતાના જ લગ્નની ચોરીમાં માંડવા નીચે બેઠા હતા. ત્યાં તેઓના મામા અજા પટેલ પર આ કાગળ આવ્યો તો મામાની સાથે ભાણિયો પણ બાંધેલા મીંઢળે મહારાજની ભગવી સેનામાં જોડાવા નીકળી ગયો. આ યાદીમાં તેમનું નામ તો હતું નહિ. પણ કલ્યાણદાસે મનોમન નક્કી કરી લીધું કે 'અનંત જન્મો પત્ની-સંતાનો માટે આયખું ખોયું છે, તો હવે આ જન્મે આવી તક મળી છે તો પૂર્ણ પુરુષોત્તમનારાયણને આયખું અર્પી જીવતર ધન્ય કરી લેવું છે.' તેથી મહારાજે ભક્તોના નામમાં છેલ્લે 'આદિ' લખ્યું હતું, તેમાં પોતાને ગણાવી આ ભક્તરાજ પણ સાધુ થવા આવી ગયા! સૌ રામદાસ સ્વામી પાસે આવ્યા. રામદાસ સ્વામીને સ્વપ્નમાં દર્શન દઈને મહારાજે તેમને આજ્ઞા કરી કે આ નવા પરમહંસોની મંડળી લઈ તમે સીધા ભૂજ આવો.

મહારાજ ભાદરાથી નીકળી ભૂજ પધાર્યા. થોડે દિવસે નવા પરમહંસોની મંડળી રામદાસ સ્વામી સાથે ભૂજ આવી. મહારાજ દંડવત્ કરતાં તેમને સામા તેડવા ગયા. મહારાજે દરેકનો પરિચય સુંદરજી સુથારને કરાવી કહ્યુંઃ 'આ દરેક પાંચ, પચીસ કે પચાસ ગામના ધણી છે. કેવળ અમારો પત્ર વાંચીને ઝોળિયા પારેવાંની જેમ પડતું મૂકી, સાધુ થઈને આવ્યા છે.'

આ જોઈ સુંદરજી સુતારની આંખમાં પાણી આવી ગયાં. તેમનો ગર્વ ઓગળી ગયો. તેઓ મરમમાં જ સમજી ગયા. તેમણે મહારાજને બંધિયામાં કહેલા શબ્દો બદલ માફી માંગી. મહારાજે સૌને આજ્ઞા કરી, ત્યાગીનો વેશ મૂકાવી ફરી પાછો ગૃહસ્થનો વેશ ધારણ કરાવ્યો. પરંતુ કડુ ગામના કલ્યાણભાઈ - 'અદ્‌ભૂતાનંદ સ્વામી'એ મહારાજની આજ્ઞા લઈ સાધુ રહેવાનું જ પસંદ કર્યું.

શ્રીજીમહારાજના ફક્ત એક પત્રથી જ આવા ગામધણીઓ પ્રતિષ્ઠિત પુરુષો પોતાનું ઘર, સગાં-સંબંધી, મિલકત, ગરાસ છોડીને ત્યાગી થઈ ગયાં હતાં! મહારાજનું આ કેવું ઐશ્વર્ય કે તેમના સંબંધમાં જે જે આવ્યા તેના અંતરમાંથી શ્રીહરિએ જગત કાઢી નાંખ્યું! અને ભક્તોની પણ કેવી તૈયારી શ્રીહરિના વચન અધ્ધર ઝીલવાની!

# ગધેડાની ગાય

રાષ્ટ્રીય શાયર તરીકે પ્રસિદ્ધિ પામેલા ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન ઝવેરચંદ મેઘાણી જોબન પગીના વ્યક્તિત્વ માટે લખે છેઃ 'માણસ જેવા માણસને ધારિયાની ધારે મારીને એના ટૂકડે ટૂકડા કરીને આગમાં બેપતા બનાવી દેવા એ જોબનને મન રીંગણાં બાફવા બરાબર હતું!' આવું હતું જોબનનું ખૂંખાર વ્યક્તિત્વ. એ સમયે ગુજરાતમાં જોબનપગીની હાક વાગતી. તેના માટે એવું કહેવાતું કે જોબનનું તીર ગુજરાતથી છેક કલકત્તા અને પૂના સુધી ચાલતું. એટલે કે જેની પાસે જોબનનું તીર હોય તેને માર્ગમાં કોઈ ચોર-ડાકૂ હેરાન-પરેશાન કરવાની હિંમત ન કરતા. જોબન પગીએ બે-બે વાર ગાયકવાડ સરકારની તિજોરી પણ લૂંટેલી. ગાયકવાડ સરકારે જોબનને પકડી લાવનાર માટે એ સમયે ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ બહાર પાડેલું, પણ કોઈથી એનું નામ ન દેવાતું. મોટાં મોટાં રજવાડાંઓ પણ તેનાથી ત્રાસી ગયા હતા. સો-સો ગાઉ સુધી ચોરી કરવા જતો જોબન ધોળે દિવસે સૌને લૂંટતો છતાં પકડાતો નહિ.

ભગવાન સ્વામિનારાયણે ડભાણમાં બહુ મોટો યજ્ઞ કર્યો. દેશ-દેશાવરથી હજારો હરિભક્તો આ યજ્ઞમાં આવ્યા. મોટા મોટા કાઠી દરબારોનાં પાંખાળાં ઘોડાંઓ ડભાણને પાદર છૂટેલાં. એમાં પણ સ્વામિનારાયણ ભગવાનના રોઝા ઘોડાની કીર્તિ તો ચોમેર ફેલાયેલી હતી. જોબનનું મન લલચાયુંઃ 'એવો ઘોડો આપણે હોય તો એક રાતમાં સેંકડો ગાઉની મજલ કાપી નંખાય. લૂંટ કરવાનું સારું ફાવે.' અંધારી રાતે જોબને ધીરે રહીને ઘટાદાર વટવૃક્ષ નીચે ઘોડશાળમાં પ્રવેશ કર્યો. જ્યાં ખીલેથી રોઝા ઘોડાની સરક છોડવા જાય છે, ત્યાં તો પ્રકાશના કુંડાળાં જોબને જોયાં. ઊંચી દૃષ્ટિ કરી તો જરિયાન વસ્ત્રોમાં શોભતા ભગવાન સ્વામિનારાયણ દેખાયા. હાથ પાછો પડ્યો. પાછે પગે ભગવાનથી દૃષ્ટિ છૂપાવતો જોબન અંધારામાં સરકી ગયો.

બીજા દિવસે જોબન ભરી સભામાં મહારાજ પાસે આવ્યો. આંસુઓથી મહારાજના ચરણ પખાળ્યાં. ધીરેથી ઊભા થઈ જોબને ગદ્ગદ કંઠે મહારાજની માફી માંગીઃ 'પ્રભુ! રાત્રે હું અહીં ઘોડો ચોરવા આવ્યો, પણ ઘોડાએ ઘોડાએ આપનાં દર્શન થયાં. મહારાજ! હું પાપી છું, મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' જોબનના આ હૃદયોદ્ગાર સાંભળી, મહારાજે એનો વાંસો થાબડ્યો. ધીરજ આપી, ક્ષમા આપી. નિયમ ધરાવ્યા અને ચોરી આદિ કુકર્મોનો ત્યાગ કરાવ્યો. ગુજરાતની ધરણીને ધ્રુજાવનારો જોબન આજે ભક્ત બન્યો. ધર્મ-નિયમયુક્ત પવિત્ર જીવન જીવતો જોબન શ્રીહરિની સેવા-ભક્તિ કરવા લાગ્યો. મહારાજ ગુજરાતમાં પધારતા ત્યારે જોબન અને એના ભાઈઓ મહારાજના અંગરક્ષક બનીને સેવા કરતા. વરતાલમાં મંદિર માટે જોબને પોતાની જમીન પણ મહારાજને અર્પણ કરી હતી.

એક વાર જોબન પગીને કામ પ્રસંગે વસો ગામે જવાનું થયું. મેડીએ કશિયાભાઈ બેઠા હતા. એમણે જોબનને જોયો. વિચાર થયોઃ 'એક વખત જોબનની રાડ પડતી ને વસોની શેરીઓમાં ડેલીઓ દેવાઈ જતી. છોકરું સુધ્ધાં ઉંકારા ન કરતું. અમે જેનાથી ત્રાસી ગયા હતા તે જોબન આજે

વસોની શેરીઓમાં, કપાળમાં તિલક-ચાંદલો, ગળામાં કંઠી ને હાથમાં માળા ધારણ કરીને, ચૂપચાપ ચાલ્યો જાય છે!'

આમ તો કશિયાભાઈ સ્વામિનારાયણના દ્વેષી હતા, પણ જોબનનું પરિવર્તન જોઈ એમને ઘણું આશ્ચર્ય થયું. કુતૂહલતાથી એમણે જોબનને બોલાવ્યોઃ 'અલ્યા જોબન! સ્વામિનારાયણમાં તેં શું ભાળ્યું તે આ ભેંસ-ભડકામણું તિલક કરીને ફૂલ્યોફાટ્યો ફરે છે? સ્વામિનારાયણ શું કંઈ ચમત્કારથી ગધેડાની ગાય બનાવે છે?' જોબને મક્કમતાથી પણ વિવેકથી કહ્યુંઃ 'કશિયાભાઈ! તમારે હજુ ચમત્કાર જોવો છે? આ તમે મારી સાથે આ રીતે વાત કરી શકો છો એ જ ચમત્કાર નથી લાગતો? હું ચોરોનો સરદાર. તે મને સ્વામિનારાયણે ભગત બનાવ્યો. ગળામાં કંઠી અને હાથમાં માળા અપાવી. તે મને ગધેડાને ગાય જેવો કર્યો કે નહિ?' જવાબ સાંભળી કશિયાભાઈને સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ સમજાઈ ગયો.

જોબન પગીને શ્રીહરિમાં દૃઢ પ્રીતિ થઈ ગઈ હતી. મહારાજના અક્ષરધામગમન પછી જોબનને ક્યાંય ચેન પડે નહિ. 'મહારાજ વિના દેહ કેમ ફાટી પડતો નથી?' એવી બળતરા રહ્યા કરે. મોટા મોટા સદ્‌ગુરુઓએ ધીરજ આપી. વળી, મહારાજની અંતિમ વિધિની પ્રસાદીની ભસ્મ હતી તે રોજ લેવા કહ્યું. દરરોજ જમતી વખતે જોબન થોડી પ્રસાદીની ભસ્મ સાથે લે. મહારાજનું સ્મરણ કરે અને શાંતિ મેળવી જમી લે.

એક વાર જોબનપગી જમવા બેઠા. તાંસળીમાં રોટલા ને છાશ પીરસાયાં. જોબને ભસ્મ માંગી ત્યારે પત્નીએ ધીરેથી ડરતાં ડરતાં કહ્યુંઃ 'ભસ્મ તો ખલાસ થઈ ગઈ છે.' આ શબ્દો કાને અથડાયા અને જોબનને ધ્રાસકો પડ્યો. 'હેં?' શ્વાસ અદ્ધર થઈ ગયો, ડોળા ફાટી ગયા અને પ્રાણપંખેરું ઊડી ગયું! જોબન મહારાજ પાસે ધામમાં બેસી ગયા! જોબન જેવા મહાલૂંટારાને મહાન ભક્ત બનાવનાર હતા ભગવાન સ્વામિનારાયણ.

# અણિશુદ્ધ ચોખ્ખાં

ધરમપુરના રાજમાતા કુશળકુંવરબાને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અપાર પ્રેમલક્ષણા ભક્તિ હતી. અનેક ચાકરો હોવા છતાં તેઓએ મહારાજ માટે ચોખા પોતાના હાથે ફોલીને તૈયાર કર્યાં હતાં. એક દિવસ મહારાજે આ ચોખામાંથી થોડા દાણા હાથમાં લીધા. મૂઠીમાંથી એક દાણો લઈ મહારાજે સંતોને બતાવ્યો અને પૂછ્યુંઃ 'સંતો! આ શું છે?' મહારાજના પ્રશ્નથી સંતોને આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે આ તો રોજના ખોરાકની વસ્તુ છે, જેની નાના-મોટા તમામને જાણ છે, છતાં મહારાજ કેમ પૂછતા હશે? સંતોએ જવાબ આપ્યોઃ 'મહારાજ! એ ચોખા છે.' મહારાજે ફરી પૂછ્યુંઃ 'સંતો! આ શું છે?' મહારાજના પુનઃ પૂછાયેલા પ્રશ્નથી સંતો મૂંઝાયા. મુક્તાનંદ સ્વામીએ કહ્યુંઃ 'મહારાજ! એ ચોખાનો દાણો છે. તેમાં આપ ફરી-ફરી કેમ પૂછો છો?' આ સાંભળી મહારાજ હસ્યા. મહારાજ પોતાની ગાદી ઉપરથી ઊભા થઈ ગયા. સંતો પાસે આવ્યા અને ચોખાનો દાણો સૌને બતાવ્યો. પછી કહ્યુંઃ 'સંતો! આ છે તો ચોખાનો દાણો પણ કેવો અણિશુદ્ધ છે?! ઉપર, નીચે કોઈ ઠેકાણે તૂટેલો નથી.' તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યુંઃ 'મહારાજ! રાજમાતાએ હાથે ફોલેલાં છે, એટલે અણિશુદ્ધ હોય જ!' મહારાજ ફરી હસ્યા. તેમણે કહ્યુંઃ 'હાથે ફોલવામાં કેટલી મહેનત પડી હશે ત્યારે આ દાણો અણિશુદ્ધ રહ્યો હશે? અમારે સૌને આ ચોખાના દાણા જેવા અણિશુદ્ધ કરવા છે. તેમાં અમને કેટલી મહેનત પડતી હશે તેનો તમને વિચાર થાય છે?' મહારાજના આ શબ્દો સાંભળી સૌ સંતો વિચારમાં પડી ગયા. પૂર્ણ પુરુષોત્તમનારાયણની આપણા સૌ જીવો પર કેવી અકારણ કરુણા છે!

મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યુંઃ 'મહારાજ! આપ સત્ય કહો છો. આપ અક્ષરધામના અધિપતિ છો. આપનું ધામ માયાથી પર છે. અમને સૌને તે ધામના અધિકારી બનાવવા, અમારામાં તલમાત્ર કસર ન રહે એવી આપ કાળજી રાખો છો. એ આપની અમારા ઉપરની અપાર કરુણા છે. પરંતુ અમે આપના એ ઊંચા આદર્શને અનુરૂપ થઈ શકીએ એવી પણ આપ કૃપા કરજો.'

શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય-૪૫માં કહ્યું છેઃ 'જે જે મારા કહેવાયા છો તેમાં મારે તલમાત્ર કસર રહેવા દેવી નથી.' આપણે કેટલા ભાગ્યશાળી છીએ કે આપણને અણિશુદ્ધ ચોખા જેવા કરવાની જવાબદારી સ્વયં ભગવાને માથે લીધી છે. આજે શ્રીહરિ ગુરુહરિ મહંતસ્વામી મહારાજ દ્વારા આપણને અણિશુદ્ધ કરવા અપાર ભીડો વેઠી રહ્યા છે. તેઓનો દાખડો સાર્થક કરવા હવે આપણે કમર કસવાની છે!

# 'અમારા પર દયા રાખજો'

સંવત ૧૮૬૬માં શ્રીજીમહારાજે ભૂજમાં ભવ્ય ફૂલદોલોત્સવ કર્યો. એટલો રંગ રેલાયો કે ધરતી લાલ થઈ ગઈ! ઊડતા ગુલાલે આકાશને રક્તવર્ણું બનાવી દીધું! ભૂજવાસીઓ પણ આવો મનમોહક ઉત્સવ પોતાના જીવનમાં પ્રથમ વાર જોઈ રહ્યા હતા. ફૂલદોલના બીજે દિવસે સંતો-હરિભક્તોએ મહારાજને પુષ્પના હિંડોળામાં બેસાડી મન ભરીને ઝૂલાવ્યા. આવા અભૂતપૂર્વ મહોત્સવનો લાભ લેવા માટે દૂરદૂરના પ્રાંત-દેશમાંથી હરિભક્તો ઊમટ્યા હતા.

ઉત્સવ પૂર્ણ થયા બાદ કંથકોટ, ધમડકા, માંડવી, બળદિયા, માનકૂવા વગેરે ગામના હરિભક્તો વિદાય થતાં પહેલાં મહારાજનાં દર્શને આવ્યા. મહારાજની રજા માંગતાં કહ્યું: 'મહારાજ! અમારા ઉપર દયા રાખજો.'

'તમે પણ અમારા પર દયા રાખજો.' તરત જ મહારાજે માર્મિક રીતે હસતાં-હસતાં કહ્યું.

હરિભક્તોએ મહારાજના આ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા અને પોતાના ગામ તરફ ચાલવા લાગ્યા. રસ્તામાં હરિભક્તો ઉત્સવની સ્મૃતિ કરતા હતા કે શું ફૂલદોલ થયો! મહારાજ કેવા સુંદર શોભતા હતા! મહારાજે કેવો રંગ ઉડાડ્યો! તેવામાં એક હરિભક્તે કહ્યું, 'જતી વખતે મહારાજે આપણને એમ કેમ કહ્યું કે 'અમારા પર દયા રાખજો'? એ સમજાયું નહિ.' આ મૂંઝવણનું સમાધાન કરવા સંઘ પાછો આવ્યો અને મહારાજ સમક્ષ પોતાની મનોવ્યથા રજૂ કરી: 'મહારાજ! આપે કહ્યું કે, અમારા પર દયા રાખજો તે અમને સમજાયું નહિ. આપ તો અમારા ઈષ્ટદેવ છો, દયા તો આપે અમારા પર રાખવાની હોય.' હરિભક્તો ઉત્સુકતાથી મહારાજ સમક્ષ એકીટશે જોઈ રહ્યા.

મહારાજે પોતાના શબ્દોનો મર્મ ઉદ્ઘાટિત કરતા કહ્યું: 'સાડા ત્રણ હાથની તમારી આ કાયા છે. તેમાં ત્રણ આંગળનું નાનકડું હૃદય છે. તે હૃદયમાં અમે રહીએ છીએ. માટે તમારું હૃદય શુદ્ધ રાખજો. ત્યાં જો માયિક પદાર્થની વાસના રાખશો, તો અમારાથી તેમાં રહેવાશે નહિ. એટલી દયા તમારે અમારા ઉપર રાખવાની છે.' સર્વે હરિભક્તો મહારાજની આ માર્મિક વાણી સાંભળી સાવધ થઈ ગયા. મહારાજની વાતનું રહસ્ય તેઓના દિલ-દિમાગમાં ઘર કરી ગયું.

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરે સહિત આપણા નાનકડા એવાં હૃદયમંદિરમાં બિરાજમાન છે. પરંતુ આપણા સ્વભાવો, વાસનારૂપી કચરો તે મંદિરમાં ન પેસી જાય તેનું જાણપણું આપણે અખંડ રાખવાનું છે.

# દુર્લભ પ્રાપ્તિ

ભગવાન સ્વામિનારાયણ સારંગપુરમાં બિરાજમાન હતા. એક રાત્રે મહારાજ પોઢવા જતા હતા ત્યાં મહાનુભાવાનંદ સ્વામી મહારાજનાં ચરણ ચાંપવા લાગ્યા. એટલામાં મહારાજે એકાએક પોતાનાં બંને ચરણ ખેંચી લીધાં. આ જોઈ સ્વામીને આશ્ચર્ય થયું! તેમણે મહારાજને કહ્યું: 'મહારાજ! અમારા તપમાં કાંઈ ખામી છે કે આપ આપનાં ચરણની સેવાથી અમને વંચિત રાખો છો? અમે આપને માટે સંસાર છોડ્યો; આપને રાજી કરવા અપમાન, તિરસ્કાર, માર સહન કર્યાં. આપે જેટલાં પ્રકરણો ફેરવ્યાં તેમાંથી અમે પસાર થયાં, હવે વિશેષ કરવાનું શું બાકી છે તે આપ અમને આ લાભ લેવા દેતા નથી?'

મહાનુભાવાનંદ સ્વામીના ત્યાગની વાત સાંભળી મહારાજ હસ્યા. તેમણે હસતાં-હસતાં એક દૃષ્ટાંત કહ્યું: 'સ્વામી! એક શ્રીમંતને ઘેર એક ભિખારી ભીખ માગવા ગયો. ત્યારે તે શ્રીમંતે કહ્યું: 'અણહકનો રોટલો તને પચશે નહિ. માટે મારા ફળિયામાં વાસીદું વાળી દે તો તને મહેનતાણું આપીશ.' ભિખારીએ શેઠની વાત સ્વીકારી. તેમનો ચોક સાફ કરી દીધો. પછી શેઠે તેને કહ્યું: 'હવે બોલ, તને મજૂરીમાં શું આપું?' આ સાંભળી તે ભિખારીએ કહ્યું: 'મને અધમણ સોનું આપો.' શેઠ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું: 'તેં બે પૈસાનું કામ કર્યું છે અને અધમણ સોનું શેનું માગે છે?'

એટલું કહીને મહારાજ બોલ્યા: 'તમે ઘરબાર છોડ્યાં, તપ કર્યું, શરીર સૂકવી નાખ્યાં - આ બધું તો ચોક વાળવા જેટલું કાર્ય છે. આ બધા સાધનની અમારે મન તો બે પૈસાની જ કિંમત છે. તેના બદલામાં તમને પરાત્પર પુરુષોત્તમનારાયણની સેવા મળે? આગળ મોટા-મોટા રાજાઓ રાજ્ય છોડીને તપશ્ચર્યા કરવા નીકળી પડ્યા હતા. છતાં પરબ્રહ્મ પુરુષોત્તમની ઝાંખી પણ થઈ નથી. તેમણે જે ત્યાગ્યું તેની આગળ તમારો ત્યાગ શા હિસાબમાં?'

મહાનુભાવાનંદ સ્વામીને પ્રતીતિ આવી ગઈ કે આપણે જે સાધનો કર્યા તેની સામે આપણને તો ઘણું મોટું વળતર-ફળ મળી ગયું છે. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે,

'આગળ ભગત અનેક થયા, સહ્યાં તેણે શરીરે બહુ દુઃખ રે;
તોયે પ્રભુ પ્રગટ પામ્યા નહીં, પામ્યા પણ નાવ્યાં આવા સુખ રે...'

આપણને કોઈ સાધન વગર, આપણી લાયકાત ન હોવા છતાં પણ અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન સ્વામિનારાયણ અને તેમના અખંડ ધારક ગુણાતીત સત્પુરુષની દુર્લભ પ્રાપ્તિ થઈ ગઈ. આ આપણા મોટા ભાગ્ય! હવે તો બસ શ્રદ્ધા અને ખપથી આ પ્રાપ્તિને આપણે જાળવી રાખવાની છે.

# 'સ્વામિનારાયણિયા કોણ?'

શ્રીજીમહારાજે ઉપાસના રહેવા સારું ૬ ભવ્ય શિખરબદ્ધ મંદિરોનું નિર્માણ કર્યું. તે મંદિરોમાં અલગ-અલગ યુગલ મૂર્તિઓની સ્થાપના મહારાજે કરી જેમાં અમદાવાદ અને ભૂજમાં નરનારાયણદેવ, વરતાલમાં લક્ષ્મીનારાયણદેવ, ગઢડામાં ગોપીનાથજી, ધોલેરામાં મદનમોહનદેવ અને જૂનાગઢમાં રાધારમણદેવ પધરાવ્યા. એ મંદિરોમાં રહી સત્સંગ કરવા અને કરાવવા માટે સંતો મૂક્યા. સમય જતાં જે-તે સંતો જે-તે મંદિરમાં પધરાવેલ દેવથી પોતાને ઓળખાવા લાગ્યા, જેમ કે નરનારાયણિયા, લક્ષ્મીનારાયણિયા, વગેરે...

એક દિવસ મહારાજે સંતોને બોલાવીને કહ્યું: 'આમાં જે નરનારાયણિયા હોય તે આ બાજુ બેસો. જે લક્ષ્મીનારાયણિયા હોય તે આ બાજુ બેસો...' એમ મંદિર પ્રમાણે સંતોને અલગ-અલગ બેસાડ્યા. પછી કોઈ બાકી રહ્યું નહિ એટલે મહારાજે કહ્યું: 'આમાં સ્વામિનારાયણિયા કોઈ નહિ? અમારી જનોઈ, અમારી જ કંઠી, અમારું જ તિલક છતાં અમારા કોઈ નહિ?' સર્વ સંતોને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તરત જ મહારાજને ચરણે પડી સૌ બોલ્યા, 'મહારાજ! અમે બધા સ્વામિનારાયણિયા છીએ.'

વર્તમાન સંદર્ભમાં આ પ્રસંગને લઈએ તો આપણે સમૈયા-ઉત્સવમાં કે મંદિરમાં વિવિધ વિભાગોમાં સેવા કરવાનું થતું હોય છે. દરેક પોતાની જવાબદારી ગણી, ધણી થઈને સેવા કરતા હોય છે. પરંતુ ઘણી વાર 'મારી સેવા', 'મારો વિભાગ', 'મારું મંડળ', 'મારું મંદિર' - એવું મમત્વ બંધાઈ જાય છે. જેને કારણે અન્ય સેવા-વિભાગ-મંદિરના હરિભક્તો સાથે બરોબરિયાપણું-ઈર્ષ્યાના ભાવ જાગૃત થઈ જાય છે.

પરંતુ આપણે બધા એક જ ભગવાન, એક જ ગુરુ, એક જ સિદ્ધાંત અને એક જ સંસ્થાના આશ્રિત છીએ. સત્પુરુષ શરીર છે અને વિવિધ સેવા-વિભાગ-મંદિર એ શરીરના વિભિન્ન અંગ છે. જ્યારે આપણે કોઈ સેવા કે વિભાગની ઉપેક્ષા કરીએ છીએ કે સહકાર નથી આપતા તે અંતે તો સત્પુરુષને જ સહકાર નથી આપતા. અને જ્યારે અન્ય સેવા-વિભાગ-મંદિરને આપણે સહકાર આપીએ છીએ, તેની પ્રગતિથી આપણે રાજી થઈએ છીએ તે સત્પુરુષને જ સહકાર આપીએ છીએ. આવી સમજણ સાથે આપણી સેવા-ભક્તિ કરીએ તો તે સાર્થક નીવડે છે.

# શ્રીજીમહારાજનું અખંડ પ્રગટપણું

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ કરુણા કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા. પોતાના પ્રાગટ્યના એક હેતુ એવા એકાંતિક ધર્મની સ્થાપના તેઓએ માત્ર ત્રીસ વર્ષના ટૂંકા ગાળામાં કરી. મહારાજે હવે પોતાની જીવનલીલા સંકેલવાનો સંકલ્પ કર્યો. અંતિમ મંદવાડમાં મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢથી ગઢડા બોલાવ્યા અને અક્ષર ઓરડીમાં એકાંતે મળી પોતાનો અક્ષરધામમાં જવાનો સંકલ્પ રજૂ કર્યો. સ્વામીને મહારાજે કહ્યું, 'તમારા સંબંધે સૌને બ્રહ્મરૂપ કરી, અમારા સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી, અક્ષરધામના અધિકારી બનાવજો.' એમ કહી મહારાજ બોલ્યાઃ

'મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો,
તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો.'

આ રીતે પોતાની અને ગુણાતીતાનંદ સ્વામીની એકતા બતાવી, મહારાજે સ્વામીનો મહિમા જણાવતાં સૌને કહ્યું, 'આ ગુણાતીતાનંદ સ્વામી તો ગુણાતીત એવું અમારું અક્ષરધામ છે. તે તો દિવ્યરૂપે સદાય અમારી સાથે જ છે.'

સંવત ૧૮૮૬ની જેઠ સુદ દશમની સવાર અમંગળ ચિહ્નોની સૂચક બની રહી. સતત ૪૯ વર્ષો સુધી આ પૃથ્વીને પોતાના પદારવિંદથી પાવન કરનાર ભગવાન સ્વામિનારાયણ સ્વતંત્ર થકા સ્વધામ સિધાવ્યા. સર્વત્ર કારમી વેદના ફરી વળી. મહારાજના વિરહથી સૌ બેબાકળા બની ગયા. સૌએ ભારે હૃદયે મહારાજની અંતિમવિધિ લક્ષ્મીવાડીમાં કરી.

અગ્નિસંસ્કારની વિધિ પૂર્ણ થયા બાદ ગુણાતીતાનંદ સ્વામી હાથમાં તુંબડી લઈ લક્ષ્મીવાડીમાં બહિર્ભૂમિ જતા હતા. રસ્તામાં વહેતા પાણીના ધોરિયાને કાંઠે કલકલ કરતી લીલી ધ્રો જોઈને સ્વામીને મનમાં એકાએક વિચાર આવી ગયો, 'અહો! આ ધ્રોનું જીવન જળ છે તો કેવી કલકલ કરે છે? આપણું જીવન મહારાજ હતા તે ગયા!' અને આ વિચારમાત્રથી જ સ્વામીને મૂર્છા આવી ગઈ. આમ, તો અક્ષરબ્રહ્મને પરબ્રહ્મથી જરાય છેટું નથી. પરંતુ સ્થૂળ રીતે મહારાજનો વિયોગ થવાથી આ લોકના ભાવ પ્રમાણે વિરહમાં ગુણાતીતાનંદ સ્વામીને મૂર્છા આવી ગઈ. એટલામાં મહારાજ ત્યાં પ્રગટ થયા અને સ્વામીને જાગ્રત કરી બોલ્યા, 'હું ક્યાં ગયો છું? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું.' એમ ત્રણ વખત બોલ્યા. અને મહારાજ સ્વામીને અતિ પ્રેમથી ભેટી પડ્યા.

ભગવાન સ્વામિનારાયણ સ્થૂળ રીતે આ પૃથ્વી ઉપરથી અંતર્ધાન થયા, પરંતુ મુમુક્ષુઓ માટે મોક્ષનું દ્વાર સદાને માટે ખુલ્લું રહે તે માટે પોતાના ધામરૂપ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પોતાનું અખંડ પ્રગટપણું રાખ્યું. તે વાતની પુષ્ટિ કરતો આ પ્રસંગ બની રહ્યો.

વચનામૃતમાં પણ અનેક જગ્યાએ શ્રીજીમહારાજે એવા ગુણાતીત સત્પુરુષ દ્વારા પોતાના પ્રાગટ્યનો કોલ આશ્રિતોને આપ્યો છે. 'ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.' (વચનામૃત વરતાલ-૧૦)

સાંપ્રત સમયે મહંતસ્વામી મહારાજ દ્વારા આપણને સાક્ષાત્ એ જ શ્રીજીમહારાજની પ્રાપ્તિ થઈ છે.

# ભક્તરત્નો

# અપેક્ષા રહિતનો સત્સંગ

જૂનાગઢ પાસેનું અગતરાઈ ગામ. અહીં ભક્તરાજ પર્વતભાઈ રહેતા હતા. તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય. પર્વર્તભાઈ, મુક્તાનંદ સ્વામી અને મયારામ ભટ્ટ - આ ત્રિપુટીએ નક્કી કર્યું હતું કે કોઈ હથેળીમાં રાધા-કૃષ્ણ બતાવે તો પણ રામાનંદ સ્વામી સિવાય બીજે મસ્તક ઝૂકાવવું નહિ. પરંતુ વર્ણીવેશે આવેલા શ્રીજીમહારાજના દર્શન કરતાં જ પર્વતભાઈને મહારાજ પ્રત્યે સર્વોપરી નિષ્ઠા થઈ.

સત્સંગમાં પર્વતભાઈ અગ્રગણ્ય હરિભક્ત ગણાતા. સત્સંગના અગત્યના નિર્ણયો લેવામાં રામાનંદ સ્વામી પર્વતભાઈને અવશ્ય સાથે રાખતા. મહારાજને જેતપુરમાં ગાદી સોંપવાનો રામાનંદ સ્વામીએ સંકલ્પ કર્યો તેની સૌ પ્રથમ જાણ તેઓએ રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને પર્વતભાઈને એકાંતમાં બોલાવીને કરી હતી. સત્સંગના આવા મોટેરા હરિભક્ત હતા પર્વતભાઈ.

વળી, તેઓની આધ્યાત્મિક સ્થિતિ પણ એવી જ ઉચ્ચ હતી. સાંતી હાંકતાં પર્વતભાઈ મહારાજને માનસીમાં જમાડતા હતા. તેટલામાં ખેડૂતે પર્વતભાઈને હલાવ્યા તો માનસીમાં ધરાવેલ રોટલા અને દહીં પર્વતભાઈના ખાલી હાથમાંથી ખરેખર સ્થૂળ રીતે દેખાય તેમ નીચે પડ્યા! એક વાર મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને મહારાજે કહેલું, ‘તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી છો. અમારા ખરેખરા સત્સંગી તો પર્વતભાઈ અને ગોરધનભાઈ છે.’ સ્વરૂપાનંદ સ્વામીને પણ જ્યારે અંતરમાં અશાંતિ થઈ ત્યારે મહારાજે તેમને શાંતિના ઉપાય તરીકે પર્વતભાઈની વાતો સાંભળવા મોકલ્યા હતા.

પર્વતભાઈ એટલા જ સમર્પિત પણ હતા. એક વાર મહારાજે પર્વતભાઈ પાસે સદાવ્રત માટે દાણા માંગ્યા તો પોતે સંઘરેલું તમામ અનાજ - લગભગ સોળ કળશી અનાજ (૬૪૦૦ કિલો) - આઠથી દશ જેટલાં ગાડાંમાં ભરી અન્ય કોઈ વિચાર કર્યા વગર લોજ લઈ આવ્યા હતા.

આવા પર્વતભાઈ એક વખત મહારાજના દર્શન-સમાગમ માટે ગઢડા ગયા. તેઓ તો મહારાજ પાસે બેસી રહે, કથાવાર્તા સાંભળે અને દર્શન કરે. સાત દિવસ વીતી ગયા. મહારાજે એક દિવસ બ્રહ્મચારીને પૂછ્યું, ‘પર્વતભાઈ ક્યાં જમે છે?’

‘મહારાજ! એ તો દરબારમાં જમતા હશે.’ બ્રહ્મચારીએ કહ્યું.

મહારાજે જીવુબાને બોલાવી પૂછ્યું, તો તે કહે, ‘અહીં જમતા નથી? બ્રહ્મચારી જમાડતા હશે.’

મહારાજે પર્વતભાઈને બોલાવી પૂછ્યું, ‘તમે ક્યાં જમો છો?’

પર્વતભાઈએ વિનમ્રતાથી કહ્યું, 'મહારાજ! દાળિયા ફાકી લઉં છું. આપના દર્શનમાત્રથી તૃપ્ત થઈ જવાય છે.' પર્વતભાઈની આવી દેહાતીત સ્થિતિ અને કોઈ પણ અપેક્ષા વિનાનું જીવન જોઈ મહારાજ રાજી થઈ ગયા.

મહારાજની આજ્ઞાથી પોતે સંઘરેલું બધું જ અનાજ સમર્પિત કરી દેનાર પર્વતભાઈને સાત-સાત દિવસ સુધી ગઢડામાં કોઈએ જમવાનું પણ પૂછ્યું નહિ. તો પણ તેઓને મનદુઃખ થયું નથી. સત્સંગમાં ઢીલાશ આવી નથી. મહારાજ પ્રત્યે કે સંતો-હરિભક્તો પ્રત્યે અભાવ-મનુષ્યભાવ પણ આવ્યો નથી. પોતે નિરપેક્ષ રીતે સત્સંગ કરતા રહ્યા છે.

શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા પ્રથમ-૭૦માં કહ્યું છે, 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય, અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે' એવી જાતની જે પદાર્થની ઇચ્છા તે રાખીને સત્સંગ ન કરવો.'

આપણે પણ આવો અપેક્ષા રહિત અને કેવળ પોતાના કલ્યાણ માટે જ સત્સંગ કરીએ તો ભગવાન અને સંત રાજી થઈ જાય.

# અનન્ય સમર્પણ

શ્રીજીમહારાજની ભક્તમાળમાં સુમેરૂ સમાન ભક્તરાજ એટલે દાદા ખાચર. શ્રીજીમહારાજ સાથે અનન્ય પ્રીતિથી જોડાયેલા દાદા ખાચર હંમેશા મહારાજની પ્રત્યેક આજ્ઞા પાળવામાં તત્પર રહેતા. મહારાજ એમને ઘણી વાર કપરી કસોટીમાંથી પસાર કરતા, પરંતુ દાદા ખાચર એ પ્રત્યેક કસોટીમાંથી સારધાર પાર ઊતરતા. અને એટલે જ મહારાજ સૌને કહેતા, 'દાદો તે દાદો. દાદો તો મારું સર્વસ્વ છે. તેના વગર હું રહી શકતો નથી.'

એક વાર મહારાજે દાદા ખાચરને બોલાવીને કહ્યું: 'દાદા! આ ગરાસ તમારી બહેનોને લખી દ્યો.' મહારાજની આજ્ઞા પાળવામાં તત્પર દાદા ખાચરે કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર તરત જ તમામ ગરાસ બહેનોને લખી આપ્યો. મહારાજે દાદાને કહ્યું: 'તમારો હવે અહીં રહેવાનો હક નથી. રહેવું હોય તો નોકર થઈને રહો.' દાદા ખાચર પોતાના જ ઘરમાં નોકર થઈને રહેવા લાગ્યા!

એક વાર સભામાં મહારાજે જાહેરમાં દાદા ખાચરને કહ્યું: 'તમને નોકરીમાંથી છૂટા કરવામાં આવે છે. હાલ ને હાલ જતા રહો.' આ સાંભળી સભામાં બેઠેલા ઘણાને મનમાં દ્વિધા થઈ કે 'આવા ઉત્કૃષ્ટ ભક્તરાજ સાથે મહારાજ આમ કેમ કરતા હશે?' પરંતુ દાદા ખાચરને આવો કોઈ પ્રશ્ન મનમાં ઉદ્‌ભવ્યો નહિ. એક પણ શબ્દ બોલ્યા વિના તેઓ મહારાજના ચરણસ્પર્શ કરી પત્ની જશુબા અને પુત્ર બાવા ખાચરને લઈને નીકળી ગયા. બાવા ખાચર ભૂખ લાગવાથી રડતો હતો. એટલે તેને છાનો રાખવા દાદા કોઠારમાં ચણા લેવા ગયા. તો હરજી ઠક્કરે ચણા આપવાની ના પાડી કે 'મહારાજની આજ્ઞા નથી.' દાદા ખાચર કોઈ પણ પ્રકારની દલીલ કર્યા વગર ત્યાંથી ચાલ્યા ગયા.

દાદા ખાચર ગામને પાદર પહોંચ્યા હશે ત્યાં દરબારમાં મહારાજ અચાનક રડવા લાગ્યા અને કહ્યું, 'દાદાને કોઈ પાછો બોલાવો.' દાદા ખાચર પાછા આવ્યા એટલે મહારાજ તેમને ભેટી પડ્યા. અને પછી બહેનો પાસેથી ગરાસ લઈ પાછો દાદાને આપ્યો.

આવી કઠણ પરીક્ષા કરી તો પણ દાદા ખાચર ડગ્યા નથી. કઠપૂતળીની જેમ મહારાજે દાદાને નચાવ્યા, તો પણ મહારાજ પ્રત્યે સંશય થયો નથી.

મહારાજના કહેવાથી દાદા ખાચરે પોતાનો સમગ્ર દરબાર સંતો-હરિભક્તોને રહેવા માટે સમર્પિત કરી દીધો હતો. મહારાજ વારંવાર ગઢડામાં સમૈયા-ઉત્સવ કરતા અને તેમાં હજારો ભક્તો આવે તેમની સાર-સંભાળ, રહેવા-જમવાની વ્યવસ્થામાં ઘણો ખર્ચ થતો. દાદા ખાચરના ગરાસનો પ્રશ્ન ભાવનગરની કચેરીમાં ચાલતો હતો. તેથી આર્થિક પરિસ્થિતિ પણ કથળેલી હતી. છતાં ક્યારેય દાદા ખાચર મહારાજ માટે, ભક્તો માટે ખર્ચ કરવામાં પાછું વળીને જોતાં નહિ. એટલું જ નહિ ક્યારેય મહારાજને પોતાની કથળેલી સ્થિતિ વિષે ફરિયાદ કરી નથી. તેઓને સંશય પણ થયો નથી કે મહારાજ તો સાક્ષાત્ ભગવાન છે તો મારું દુઃખ કેમ ટાળતા નહિ હોય?

મહારાજ દાદાના દરબારને પોતાનું ઘર માનીને ૨૮ વર્ષ સુધી રહ્યા. તેનું કારણ જણાવતાં મહારાજે કહ્યું હતું, 'આ દાદા ખાચરને અમે દિવસમાં પાંચ ખાસડાં મારીએ તો પણ ખમે છે. અમે એને એક ઠેકાણે રહેવા દેતા નથી અને અત્યાર સુધી છપ્પન વાર ઉતારો ફેરવાવ્યો હશે, પરંતુ દાદો મનમાં 'મહારાજ આમ શીદ કરતા હશે!' એમ ક્યારેય સંકલ્પ કરતા નથી. આ કારણથી હું અહીં રહ્યો છું.'

દાદા ખાચર જેવો સમર્પણભાવ, ભગવાનના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા, નિઃસંશયપણું અને દિવ્યભાવ હોય તો ગમે તેવા સુખ-દુઃખની પરિસ્થિતિઓમાં સત્સંગમાંથી આપણો પગ પાછો ના હઠે અને શ્રીજીમહારાજ આપણા હૃદયને પણ પોતાનું ઘર માનીને અખંડ આપણી સાથે રહે.

# ‘જેને વ્યવહારે સુખી રહેવું હોય’

ગુણાતીતાનંદ સ્વામીએ એક વાર સભામાં વાત કરતાં કહ્યું, ‘શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે જે દશમો કે વીશમો ભાગ કાઢતા હોય તેનું ક્યાંય દઝાય નહિ. ને ચોર લિયે નહિ. રાજા દંડે નહિ.’ આ સભામાં સેંજળના સત્સંગી દરબાર માણસિયો ખુમાણ પણ બેઠા હતા. તેમણે સ્વામીના વચને શ્રદ્ધાથી પોતાની આવકમાંથી ધર્માદો આપવો શરૂ કર્યો. પોતાને દશ હજારની ઊપજ આવે તેમાંથી શિક્ષાપત્રી પ્રમાણે ચોખ્ખો ધર્માદો તેઓ કાઢતા. ‘કોઈનો પાડ ન રાખે મુરારી, આપે વ્યાજ સહિત ગિરધારી’ એ ન્યાયે થોડા વખતમાં જ તેમને બે લાખ જેટલી બચત થઈ. તે રકમ તેમણે બે દેગડામાં ભરી ઓરડામાં ઊંડી દાટી દીધી.

તેમના ઘરમાં એક ચાકર રહેતો. વાંકમાં આવતા તે ચાકરને નોકરીમાંથી છૂટો કર્યો. તેને આ વાતની ખબર કે માલિકે ઓરડામાં રૂપિયા દાટ્યા છે. તેણે એક રાત્રે આ ધનના દેગડા ચોરી લેવાનો વિચાર કર્યો. માણસિયાનો દરબારગઢ નદી કાંઠે હતો. તે ચાકરે નદીમાંથી ભોંયરું ખોદી દરબારગઢ સુધી કાઢ્યું. પણ તેના હાથમાં પેલા દેગડાં આવ્યા નહિ. નિરાશ થઈને તે ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારે માણસિયા ખુમાણના દીકરા જીવા ખુમાણે ઓરડામાં ભોંયરું ખોદેલું જોઈ બાપુને જગાડ્યા. તેણે કહ્યું, ‘બાપુ! કાલે રાત્રે ચોર દેગડાં ચોરી ગયાં છે.’ માણસિયો ખુમાણ કહે, ‘જીવા! જાય નહિ. મેં ભગવાનનો ભાગ ચોખ્ખો કાઢેલ છે.’ પછી ઓરડામાં તપાસ કરી તો દેગડાં એવા ને એવા જ હતા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, ‘જેને વ્યવહારે સુખી રહેવું હોય તેણે ઠાકોરજીને પોતાની આવકનો દશમો-વીસમો ભાગ આપવો.’ પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતાંઃ ‘ઠાકોરજીને દશમો-વીસમો ભાગ આપો એટલે નિર્વાસનિક.’ આમ, આ લોકની રીતે પણ સુખી થવાય અને નિર્વાસનિક પણ થઈ જવાય તે માટે ચોખ્ખો ધર્માદો નિયમિત કાઢવો જ જોઈએ.

# 'ભગવાન અને સંતને અર્થે શું ન થાય'

ભૂજના લાધીબાઈ રામાનંદ સ્વામીના શિષ્યા હતા. રામાનંદ સ્વામીના ધામગમન બાદ ભૂજના રઘુનાથજીના મંદિરમાં રઘુનાથજીની મૂર્તિમાં તેમને શ્રીજીમહારાજના દર્શન થયા. ત્યારથી તેમને મહારાજ પ્રત્યે પુરુષોત્તમપણાનો નિશ્ચય થઈ ગયો. તેઓ તન-મન-ધનથી શ્રીજીમહારાજને સમર્પિત થઈ, તેમનું અનન્ય ભાવથી ભજન કરવા લાગ્યા. મહારાજની કૃપાથી તેમને સમાધિ થતી.

લાધીબાના સંકલ્પથી મહારાજે ભૂજમાં અદ્‌ભૂત અન્નકૂટોત્સવ ઉજવ્યો હતો. તે સમયે મહારાજે સભામાં સ્વરૂપનિષ્ઠા દૃઢાવતાં કહ્યું: 'અમારા સ્વરૂપની નિષ્ઠા દૃઢ રહેશે તો કૃપા પણ સદા રહેશે. નિષ્ઠામાં સંકલ્પ-વિકલ્પ થાય, કુતર્ક થાય તો અમે લાચાર બની જઈશું.' આ નિષ્ઠાના શબ્દો લાધીબાએ હૃદયસ્થ કરી લીધા.

એક વાર મહારાજે લાધીબાની દૃઢતા જોવા તેમને આજ્ઞા કરી કે, 'તમે સાડલો ને ચૂડલો પહેરી, કપાળમાં ચાંદલો કરી, સેંથો પાડીને, ભીડને નાકેથી પાણીનું બેડું ભરીને અહીં આવો.'

એ વખતના રૂઢિચુસ્ત સમાજમાં એક વિધવા તરીકે લાધીબા માટે આ આજ્ઞા અત્યંત કપરી હતી છતાં તેમણે તો સુવાસિની જેવો વેશ કાઢ્યો. તેમને મનમાં કુતર્ક ન થયો કે સમાજ શું વિચારશે? માથે બેડું લઈ, કીર્તન ગાતાં-ગાતાં તેઓ તો ભરબજારમાંથી નીકળ્યા. સૌ કોઈ લાધીબાનો સુવાસિનીનો વેશ જોઈ આશ્ચર્યમાં પડી ગયા. કોઈકે આ જોઈ મશ્કરીમાં પૂછ્યું, 'લાધી! કોનું ઘર માંડ્યું?

'પુરુષોત્તમનારાયણનું!' કેફમાં લાધીબાએ ઉત્તર વાળ્યો. તેઓ જ્યારે પાછા આવ્યા ત્યારે મહારાજ તેમની નિષ્ઠા જોઈ અતિશય રાજી થઈ ગયા.

શ્રીજીમહારાજે વચનામૃત લોયા ૩માં કહ્યું છે, 'જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.' આવો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય ત્યારે 'લોકો શું વિચારશે' તેવા ભાવો ન રહેતા, કેવળ એક મહારાજ અને સત્પુરુષ સામે જ નજર રહે.

# ઉત્તમ સમજણ

મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામમાં શ્રીજીમહારાજના અનન્ય ભક્ત દેવજી ભગત રહેતા હતા. તેઓ દેહાતીત દશામાં વર્તતા હતા. તેઓ અને તેમનાં પત્ની કંકુબાઈ રાત-દિવસ મહારાજની ભક્તિમાં તલ્લીન રહેતા. એમને એક જ પુત્ર હતો. મહારાજની કૃપાથી તેને પણ નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. ઘરે બેઠાં તે મહારાજના ચરિત્રો દેખતો અને મૂર્તિને અંતરમાં અખંડ ધારતો.

સંવત ૧૮૭૬નું વર્ષ હતું, દેવજી ભગતના દીકરાને વીસ વર્ષ થયા હતા. આથી, તેના સગપણના માંગા આવવા શરૂ થઈ ગયાં હતાં. દેવજી ભગત અને તેમના પત્નીએ મહારાજને મનોમન પ્રાર્થના કરી, ‘હે મહારાજ! આ અમારો પુત્ર કેવળ તમારો જ થઈને રહે, પણ આ લોકમાં માયાનો ન બને, એવી કૃપા કરજો.’

અને મહારાજે તેમના અંતરની પ્રાર્થના જાણે સાંભળી હોય તેમ પુત્રને એકાએક ધામમાં તેડી ગયા. સામાન્ય રીતે લોકમાં એકનો એક જુવાનજોધ દીકરો ધામમાં જાય તો માતા-પિતા પાગલ જેવા થઈ જાય. જ્યારે દેવજી ભગત અને તેમનાં પત્ની તો સ્થિર રહ્યાં અને વિચાર્યું કે દીકરાને મહારાજે અખંડ પોતાની પાસે સેવામાં રાખી લીધો!

પણ ‘લોક સૌ ખરખરો કરવા આવે, રોકકળ કરે અને એમને લીધે આપણે પણ રોવું પડશે, એના કરતાં ભજન-ભક્તિ ન કરીએ?’ આ વિચારથી દેવજી ભગતે તેમનાં પત્નીને કહ્યું, ‘હું જાઉં છું ખેતરે અને તું જા ગઢડા. આપણી ભેંસોના ઘીનો ઘાડવો સાથે લેતી જા. ત્યાં મહારાજ અને સંતોને ઘેબરની રસોઈ આપજે. હું ખેતરે રોટલા ટીપી ખાઈશ. નિરાંતે ભગવાન ભજાશે.’

ઘરને તાળું મારી ભગત ખેતરે ગયા અને કંકુબાઈએ ગઢડાની વાટ લીધી. સગાં-વહાલાં તાળું જોઈ કાણે આવતાં બંધ થયાં. આ બાજું કંકુબાઈ ગઢડા પહોંચ્યા અને મહારાજને પગે લાગ્યા.

મહારાજે પૂછ્યું, ‘પટેલ સુખી તો છે ને?’

‘મહારાજ! પટેલ સુખી હતા ને હવે વધુ સુખી થયા.’

મહારાજ તો બધું જાણતા હતા, પણ સૌને આ દંપતીની નિષ્ઠા, સમજણના દર્શન થાય તે માટે પૂછ્યું, ‘શું થયું? વાત કરો.’

એટલે કંકુબાઈએ સાહજિકતાથી દીકરો ધામમાં ગયો તેની વાત કરી. દરબાદગઢમાં આ વાત સાંભળી સૌ હેબતાઈ ગયા. મહારાજ કહે, ‘આ ભગતની સમજણ તો જુઓ! જુવાન દીકરો ધામમાં ગયો તો પણ ઘીની રસોઈ લઈને આવ્યા છે. ને પાંચ વરસનાં હીરુબા (પાંચુબાના દીકરી) ધામમાં ગયા તે દરબારમાં શોક મટતો નથી ને અમારો થાળ બંધ થયો. એ તો હીરુબાએ અમને

જમાડવાનો સંકલ્પ અધૂરો હતો તે દરબારમાં જન્મ લીધો હતો અને અમને થાળ જમાડી ધામમાં ગયા.' મહારાજની વાત સાંભળી દરબારગઢમાં સૌનો શોક ટળી ગયો.

જીવન છે એટલે સુખ-દુઃખ તો આવવાના જ, પરંતુ તેમાં ભગવાનને કર્તાહર્તા અને આપણા હિતેચ્છુ માની રાજી રહીએ તો અંતરે શાંતિ રહે અને સત્સંગ ચૂંથાઈ ન જાય. સૌ દેવજી ભગત અને કંકુબાઈની સમજણ ઉપર વારી ગયાં. આવી સમજાણના લીધે જ દેવજી ભગત શ્રીજીમહારાજની માળાના મણકામાં સ્થાન પામી ગયાં હતાં. આવી ઉત્તમ સમજણ સહિતનો સત્સંગ કરીએ તો આપણે પણ મહારાજની માળાના મણકામાં આવી જઈએ!

# 'આ અમારા જતિ આવ્યા'

લોયા ગામના પરમ ભક્તરાજ સુરાખાચાર. પોતાનું સમગ્ર જીવન તેઓએ સત્સંગપરાયણ કરી દીધું હતું. શ્રીજીમહારાજ સાથે અસાધારણ સ્નેહથી જોડાયેલા તેઓ મહારાજના પરમ સખા હતા. સત્સંગની ધર્મમર્યાદા તેઓ દૃઢપણે પાળતા. એમનું બ્રહ્મચર્યવ્રત તો એવું હતું કે સ્વયં કામદેવ પણ તેમને ડગાવી શકતા નહિ.

એક વાર તેઓ કામપ્રસંગે જસદણ ગયા હતા. ઠાકોર સાહેબની હવેલીમાં તેમનો ઉતારો હતો. ઠાકોર સાહેબ સ્વામિનારાયણના દ્વેષી હતા. 'સુરા ખાચરને ભ્રષ્ટ કરી સ્વામિનારાયણ ભગવાન અને તેમના ભક્તોની સમાજમાં ફજેતી કરવી' એવો કુવિચાર તેમને આવ્યો.

રાત્રે બાર વાગે એક કુલટા સ્ત્રી તેમણે સુરા ખાચર પાસે મોકલી. સ્ત્રીએ બારણું ખખડાવ્યું. સુરા ખાચર સફાળા જાગી ગયા અને હાક મારી, 'કોણ છે?'

સ્ત્રીએ દયામણા અવાજે કહ્યું, 'અમે આ ઘરમાં રહીએ છીએ. મારા દીકરાને તાવ આવ્યો છે તેથી દવાની જરૂર છે. બારણું ઉઘાડો.'

શંકાશીલ હૃદયે સુરા ખાચરે ધીરે રહીને બારણું ખોલ્યું, ત્યાં તો સ્ત્રી સફાળી અંદર પેસી ગઈ. તે સ્ત્રી વિવિધ કુચેષ્ટાઓ કરવા માંડી. સુરા ખાચર એકદમ સજાગ થઈ ગયા અને પોતાની તલવાર ઉઘાડી. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતમાં લખ્યું છે, 'વિષયનો સંબધ થયા મોર્ય તો બકરાની પેઠે બીવું. ને વિષયનો સંબંધ થઈ જાય તો ત્યાં સિંહ થાવું.' સુરા ખાચરે સિંહ ગર્જના કરી. સ્ત્રીને ઉઘાડી તલવારથી ડરાવી તેને ઘર બહાર કાઢી મૂકી. પછી તો 'અહીં રહેવામાં જોખમ છે' એમ વિચારી રાતોરાત ઘોડો દોડાવી ગઢડા પહોંચી ગયા.

શ્રીજીમહારાજ દરબારગઢમાં સભા ભરીને બેઠા હતા તેટલામાં સુરા ખાચર આવ્યા. મહારાજે સુરા ખાચર તરફ નિર્દેશ કરી સભાજનોને કહ્યું, 'આ અમારા જતિ આવ્યા. એકાંતમાં સ્ત્રીનો યોગ થયો પણ ભ્રષ્ટ ન થયા ને શુદ્ધ રહ્યા.' એમ કહી મહારાજ સુરા ખાચરને ભેટી પડ્યા. કળિકાળમાં આવા નિયમ-ધર્મ પાળનાર આ દિવ્ય સત્સંગસમાજ રચીને ભગવાન સ્વામિનારાયણે ખરેખર કળિયુગમાં સતયુગ પ્રવર્તાવ્યો!

શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય-૩૩માં સમજાવ્યું છે, 'જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ; અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે.'

આપણે સત્પુરુષથી સ્થૂળ રીતે ગમે તેટલા દૂર હોઈએ પરંતુ અખંડ તેઓની પાસે રહેવાની ચાવી છે - નિષ્કામધર્મ. આજના ટેક્નોલોજીના યુગમાં આ નિયમમાં સહજતાથી ગાફલાઈ આવી

જવાની શક્યતા રહે છે. સોશિયલ મીડિયા, ફિલ્મ, વેબસીરિઝ, ઇન્ટરનેટ વગેરેના અયોગ્ય ઉપયોગથી નિષ્કામધર્મમાં ભૂલ થવાની શક્યતાઓ વધી જાય છે. માટે જેનાથી નિષ્કામધર્મમાં ખોટ આવે તેવી પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, ટેક્નોલોજીના વપરાશમાં વિવેક રાખી, 'એક નારી સદા બ્રહ્મચારી' એ નિયમ સારધાર પાળીએ તો આપણે પણ મહારાજ અને સત્પુરુષના ખોળામાં જ બેઠા છીએ!

# મહારાજને કોની સાથે બને?

મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજની સેવા ખૂબ ભક્તિભાવથી કરતા. એક વખત ભાદરામાં શ્રીહરિએ તેઓને પોતાની મોજડી આપીને કહ્યું: 'તમે આની પર તેલ ચોપડી દો. કોઈ બીજાને આપશો નહિ.'

મૂળજી બ્રહ્મચારી આજ્ઞા પ્રમાણે તેલ ચોપડવા લાગ્યા. તે વખતે વશરામભાઈ ત્યાં આવ્યા. 'તમે તો મહારાજની સેવા રોજ કરો છો માટે આ સેવા મને આપો.' એમ કહી મૂળજી બ્રહ્મચારી પાસેથી આગ્રહ કરી મોજડી લઈ લીધી અને તેઓ તેલ ચોપડવા બેઠા. તે વખતે શ્રીજીમહારાજ ત્યાંથી પસાર થયા. મહારાજે આ જોઈ બ્રહ્મચારીને કહ્યું: 'મોજડી બીજાને આપવાની મેં તમને ના પાડી હતી છતાં આ વશરામ ભક્તને કેમ આપી?' અંતર્યામી શ્રીહરિએ બ્રહ્મચારીની આકરી કસોટી કરતાં કહ્યું: 'જાવ, તમે વિમુખ છો. આજથી જોડા પહેરશો નહિ. ગળ્યું-ચીકણું ખાશો નહિ.' એમ કહી મૂળજી બ્રહ્મચારીને સેવામાંથી છૂટા કર્યા. બ્રહ્મચારી ડભાણમાં રામદાસભાઈ પાસે આવીને રહ્યા. છ માસ વીતી ગયા. ઉનાળામાં ડભાણિયા આંબાની કેરીઓ પાકી. તેમાંથી દોઢ મણ કેરીનો ટોપલો રામદાસભાઈએ મહારાજને મોકલવા તૈયાર કર્યો, પણ મહારાજ પાસે તે ટોપલો કોણ લઈ જાય? તેથી બ્રહ્મચારીએ તેમને કહ્યું: 'મને આપો. હું લઈ જઈશ.' પછી તેઓ ઉનાળાના સખત તાપમાં, ઉઘાડા પગે ચાલીને ગઢડા આવ્યા. શ્રીજીમહારાજ આગળ કેરીનો ટોપલો મૂક્યો. પગે લાગીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. પરંતુ મહારાજ તો મોઢું ફેરવી ગયા પણ કાંઈ જવાબ આપ્યો નહિ.

ગામમાં જતાં એક સુથારણ બાઈ બ્રહ્મચારીને ઓળખી ગઈ. તેણે પૂછ્યું: 'બ્રહ્મચારી! હમણાં કેમ દેખાતા નહોતા?' મૂળજી બ્રહ્મચારીએ પૂર્વે થયેલ પ્રસંગની વિગત કહી. પછી તે બાઈ બ્રહ્મચારીને પોતાને ઘેર તેડી ગઈ. ઘી, ગોળ, લોટ વગેરે સીધું આપ્યું, પરંતુ બ્રહ્મચારી તો કેવળ બાટી બનાવીને જમ્યા અને ઘી, ગોળ પાછાં મોકલાવ્યાં. તે બાઈએ પૂછ્યું કે 'ઘી, ગોળ કેમ રહેવા દીધાં?' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, 'મહારાજે ગળ્યું-ચીકણું ખાવાની ના પાડી છે.' વિમુખ કરી દીધા પછી પણ મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજે આપેલ પ્રાયશ્ચિત છ-છ મહિનાથી સારધાર પાળતા હતા. બ્રહ્મચારીના અંતરમાં મહારાજ માટે કેવો અલૌકિક દિવ્યભાવ હશે!

પછી તો તે બાઈ બ્રહ્મચારીને લઈને મહારાજ પાસે ગઈ. મહારાજને ઠપકો આપતાં તેણે કહ્યું: 'મહારાજ! આવા નમેરા (નિર્દય) કેમ થયા છો? આ બ્રહ્મચારી આવા તાપમાં ઉઘાડે પગે સાઠ ગાઉથી કેરીનો ટોપલો લાવ્યા ને તમે 'જય સ્વામિનારાયણ' પણ કહ્યા નહિ?' શ્રીજીમહારાજે હસીને કહ્યું: 'અમારી ક્યાં ના છે! તેમને બોલાવો.' આ સાંભળી બ્રહ્મચારી તત્કાળ મહારાજની સેવામાં જોડાઈ ગયા. તરત જ મહારાજને રસ-રોટલી જમાડી રાજી કર્યા. શ્રીજીમહારાજે તેમનું વગર વાંકે અપમાન કર્યું, કાઢી મૂક્યા, જોડા ન પહેરવાનો તથા ગળ્યું-ચીકણું ન ખાવાનો નિયમ આપ્યો છતાં પણ તેમને જરાય ક્ષોભ ન થયો અને મહારાજમાં અખંડ વૃત્તિ રાખી ભજન કર્યું. તેથી જ ભગવાન

સ્વામિનારાયણે તેઓનું પ્રમાણ આપતાં કહ્યું છેઃ ‘બ્રહ્મચારી કોઈ દિવસ મૂંઝાતા નથી તેથી અમારે એમની સાથે ઘણું બને છે...’

ભગવાન અને ગુણાતીત સંતને આપણી સાથે ક્યારે બને? તો શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, ‘ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઇ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે.’ જો આવા સત્સંગી થઈએ તો મહારાજ અને સ્વામીશ્રીને આપણી સાથે બને.

# શિર સાટે સત્સંગ

સુંદરિયાણા ગામમાં મોઢ વણિક જ્ઞાતિના શ્રેષ્ઠી હિમરાજ શાહ રહેતા. વૈષ્ણવ સંપ્રદાયના આગેવાન આ હરિભક્ત વલ્લભ સ્વામીનું ભજન કરે. તેમના ત્રણ પુત્રોમાં સૌથી મોટા વનાશાને સત્સંગ થયો. વનાશા ઘણી વાર પિતાશ્રીને સ્વામિનારાયણ ભગવાનના મહિમાની વાત કરે, ત્યારે હિમરાજ શાહ કહેઃ 'સ્વામી તો એક વલ્લભ સ્વામી જ; બીજા બધા દેવતુલ્ય.' એવી દૃઢ ટેકવાળા હિમરાજભાઈ હતા.

એક વખતે યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણામાં પધાર્યા. હિમરાજભાઈ સ્વામી પાસે કોઈ રીતે આવે તેમ નહોતા, પરંતુ વૈદકમાં નિષ્ણાત એવા હિમરાજભાઈ પરોપકાર ભાવનાથી સાધુ-સંતોની સેવા પ્રેમથી કરતા. 'ગોપાળાનંદ સ્વામીની તબિયત નરમ છે' એમ કહી, નાડી જોવાના બહાને વનાશાએ પોતાના પિતાને મંદિરમાં આવવા કહ્યું. તરત જ તેઓ સ્વામીની તબિયત જોવા પધાર્યા. ગોપાળાનંદ સ્વામી સૂતા હતા તેમની પાસે બેસી હિમરાજભાઈએ નાડી જોવા કાંડું પકડ્યું. ક્યાંય નાડી હાથમાં આવી નહિ. હાથ, પગ, કંઠ, સાથળ જ્યાં નાડી પકડવા જાય ત્યાંથી ખેંચાઈ જાય પણ તેમના હાથમાં ન આવે. આથી, તેમને ઘણું જ આશ્ચર્ય થયું ને મનોમન વિચાર કરવા લાગ્યા કે, 'આ કોઈ સામાન્ય મનુષ્ય નથી, પણ અષ્ટાંગયોગસિદ્ધ યોગીપુરુષ છે. જો શિષ્યમાં આટલું દૈવત હોય ત્યારે તેમના ગુરુ સ્વામિનારાયણ તો નક્કી ભગવાન હોવા જોઈએ.' પોતે ગોપાળાનંદ સ્વામીના ચરણોમાં મસ્તક ઝૂકાવી દીધું ને મનમાં દૃઢ નિશ્ચય કરી, વર્તમાન ધરાવી સત્સંગી થયા.

ત્યાર પછી તેઓ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યા. તેમના સગાં-સંબંધીઓથી આ સહન ન થયું. તેઓએ સ્વામિનારાયણનો આશરો મૂકી દેવા હિમરાજભાઈને ખૂબ સમજાવ્યા, પણ આ ભક્તરાજ પોતાના નિર્ણયમાં મક્કમ હતા. આથી સૌ નાતીલાઓએ ભેગા મળીને નક્કી કર્યું કે હિમરાજભાઈને નાતબહાર કરવા. તેઓ સાથે કોઈએ વ્યવહાર ન રાખવો. અને તેમના કોઈ પ્રસંગમાં જમવા પણ ન જવું. તે મુજબ છ વર્ષ પસાર થઈ ગયાં. હિમરાજભાઈનો અંતકાળ નજીક આવ્યો. પોતાના ત્રણ દીકરાઓ વનાશા, પુંજાશા, જેઠાશા તથા ભત્રીજા ભગાભાઈ - એ ચારેયને બોલાવીને હિમરાજભાઈએ શિખામણ આપી કે, 'આ સંસાર તો નાશવંત છે. માટે ધીરજ રાખી અને કોઈથી ડર્યા વગર સત્સંગની ટેક દૃઢપણે રાખવી. શ્રીજી રીઝે એમ કરવું.' એટલું કહી શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં હિમરાજભાઈએ દેહ મૂકી દીધો. પછી નાતના રિવાજ પ્રમાણે કારજ કરવાનો પ્રસંગ આવ્યો. હિમરાજભાઈની શાખ મોટી, તેથી દીકરાઓએ ગામોગામ કંકોતરી લખી. ઘી, ખાંડ, ગોળ વગેરે મોટા પ્રમાણમાં સીધું-સામગ્રી ખરીદીને તૈયાર કર્યું. બરાબર લાગ જોઈને સત્સંગ મુકાવવા નાતના અગ્રણીઓ આવ્યા અને કહ્યું કે, 'સત્સંગ રાખશો તો સૌ તમને નાતબહાર મૂકશે અને વૃદ્ધ ડોસાનું કારજ બગડશે. માટે સ્વામિનારાયણની કંઠી તોડી નાખો, તો સૌ જમવા આવશે.' ત્યારે વનાશા કહેઃ 'મચ્છરના ભયથી કોઈ હવેલીનો ત્યાગ કરતું નથી. તેમ નાતનો

ડર રાખી સ્વામિનારાયણને નહિ મૂકીએ અને કંઠી નહિ તોડીએ. એ તો શિર સાટે છે.' આ સાંભળી શેઠિયાઓએ છેવટનો ઉપાય દર્શાવતાં કહ્યું: 'છેવટે કારજના દિવસ પૂરતી કંઠી કાઢી નાખો. અરે! એટલું પણ ન થઈ શકે તો લોકો જમી રહે ત્યાં સુધી ઓરડામાં ત્રણેય ભાઈઓ છૂપાઈ રહેજો.' વગેરે ઘણી શરતો મૂકી. પણ આ ભાઈઓ મક્કમ હતા કે, 'પૃથ્વી રસાતળ જાય તો પણ સત્સંગ છોડવો નથી.'

આથી ગામોગામ પત્રો પહોંચી ગયા કે, 'હિમરાજભાઈના કારજમાં જે જમવા જશે તે નાતબહાર છે.' આ સમાચાર મળવાથી વનાશાએ ભગાભાઈ તથા પોતાના દીકરા હીરાભાઈને ગઢપુર મોકલ્યા. બંને ભાઈઓએ શ્રીહરિને બધી પરિસ્થિતિની જાણ કરી અને સંતમંડળ સહિત સુંદરિયાણા પધારવા અંતરથી વિનંતી કરી. 'આ ભાઈઓએ આપણા માટે નાતનો ત્યાગ કર્યો અને આવી દૃઢ ટેક રાખી!' તે જાણી શ્રીહરિની આંખમાંય હર્ષાશ્રુ આવી ગયાં. તરત જ શ્રીહરિ સંતો-હરિભક્તો સહિત સુંદરિયાણા પધાર્યા. દરરોજ નવી-નવી રસોઈ કરાવી ત્રણે ભાઈઓએ શ્રીહરિ અને સંતો-હરિભક્તોને પ્રેમથી જમાડ્યા. મહારાજ પણ ભક્તો સાથે રાસ રમ્યા, સૌને રંગે રંગ્યા. એમ અનેક પ્રકારે સૌને ખૂબ સુખ આપ્યું. હિમરાજ શાહનું કુટુંબ તો ધન્ય ધન્ય થઈ ગયું.

સત્સંગ આપણો દિવ્ય પરિવાર છે. મહારાજ-સ્વામી આપણાં મા-બાપ છે અને સંતો-ભક્તો આપણાં સગા-સ્નેહી છે. આવો અલૌકિક પરિવાર મળ્યો, ત્યારે હવે આ લોકના સંબંધો માટે આવો દુર્લભ સત્સંગ છોડીએ અથવા તેમાં મોળપ આવવા દઈએ તો ખોટનો પાર જ ન કહેવાય ને!

# સેવાનું વ્યસન

ગઢપુરમાં પ્રાતઃકાળે હરિભક્તો નિત્યનિયમ મુજબ શ્રીહરિના દર્શન કરવા અક્ષર ઓરડીએ જઈ રહ્યા હતા. તે સમયે સર્વની દૃષ્ટિ કૂતરાએ બગાડેલ ઓટા ઉપર પડતી. માંહોમાંહી સૌ વાતો કરતાં કે, 'અરર! મહારાજના બેસવાના ઓટા ઉપર જ આ કૂતરાએ મળથી બગાડ્યું.' 'હવે મહારાજ સભા કરવા ક્યાં બિરાજશે?' 'બહુ ખોટું થયું' 'પણ શું થાય? કૂતરાનો સ્વભાવ જ આવો હોય.'

ગંદકી તો નજર સામે હતી, પણ સૌ તેની ચર્ચા કરી, ઉપેક્ષા-અણગમો દર્શાવી આગળ વધી રહ્યા હતા. થોડી વાર થઈ ત્યાં ઉકા ખાચર ઘેલા નદીમાં સ્નાન કરીને શ્રીહરિનાં દર્શન કરવા અક્ષર ઓરડીએ જતા હતા, ત્યાં તેઓની દૃષ્ટિ લીંબતરુ નીચેના આ ઓટા ઉપર પડી. તેમને થયું કે 'થોડી વારમાં તો મહારાજ અહીં ઓટા ઉપર કથા કરવા પધારશે. હું આ સાફ કરી દઉં તો સૌને કથાનો સારી રીતે લાભ મળે અને મારી સેવા પણ થઈ જાય.' તત્કાળ સાવરણી અને પાણી લઈ તેઓએ ઓટાને સાફ કરી નાખ્યો, ઘેલા નદીમાં જઈને ફરી સ્નાન કર્યું. પછી શ્રીહરિના દર્શન કરવા પધાર્યા ત્યારે અંતર્યામી હરિવરે સૌને પાઠ શીખવવા સામેથી તેઓને પૂછ્યું: 'ભક્તરાજ! રોજ તમે વહેલા આવો છો, પરંતુ આજે મોડું કેમ થયું?'

ઉકા ખાચર તો મૂકસેવક હતા, પોતે કરેલી સેવાની વાત સ્વમુખે કરવા તેઓની જીભ ન ઊપડી. તેઓ મૌન રહ્યા. એક ભક્તે ઉપરનું વૃત્તાંત જણાવી, તેમના મોડા આવવાનું કારણ મહારાજને જણાવ્યું. સૌને એવી ધારણા હતી કે મહારાજ તેમને મોડા આવવા બદલ ઠપકો આપશે. ત્યાં તો શ્રીહરિ આ વાત સાંભળી ખૂબ જ રાજી થયા અને ઊભા થઈ તેમને ભેટી પડ્યા. છાતીમાં ચરણારવિંદ આપ્યાં. સર્વ સત્સંગીઓને સંબોધીને શ્રીહરિ બોલ્યાઃ 'તમે બધાએ લીંબતરુ નીચે કૂતરાના મળથી બગડેલો ઓટો જોયો હતો. છતાં તે સાફ કરવાનો સંકલ્પ કોઈને થયો નહિ. પરંતુ ઉકા ખાચરની જેમ જેને અમારું માહાત્મ્ય સમજાયું હોય તથા સેવાનું અંગ હોય તે જ આ સેવા કરી શકે.'

ઉકા ખાચરની સેવા માટેની શ્રદ્ધા અદ્‌ભૂત હતી. તેઓ તથા તેમના ધર્મપત્ની સવારના વહેલાં ઊઠી સ્નાન-પૂજાથી પરવારી દરરોજ દાદાના દરબારથી ઉન્મત ગંગા સુધીનો રસ્તો સાવરણીથી વાળી નાખતાં ને નાના-મોટા કાંકરા વીણી લેતાં, જેથી સંતો અને શ્રીહરિ પ્રાતઃકાળે સ્નાન કરવા પધારે ત્યારે કોઈને પગે કાંટા-કાંકરા વાગે નહિ. ઉનાળામાં તો રસ્તો વાળ્યા બાદ પાણી પણ છાંટી દેતાં, જેથી સૌને ઠંડકનો અનુભવ થાય. ઉકા ખાચરને સેવાનું આવું વ્યસન પડ્યું હતું. શ્રીહરિના સંબંધવાળા તમામ સંતો-હરિભક્તોનો મહિમા સમજી ઉકા ખાચર શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે માટે એકધારી સેવા કરતા. ઉકા ખાચર આખા સંપ્રદાયમાં તેમના નિર્માનીપણા માટે તથા સેવાના અંગ માટે પ્રસિદ્ધ છે. શ્રીહરિએ તેમની સેવાથી પ્રસન્ન થઈ ગઢડા મધ્ય પ્રકરણના

૨૫મા વચનામૃતમાં જણાવ્યું છે કે, 'જેને ઉકા ખાચરના જેવું સેવા કરવાનું વ્યસન હોય તેની વાસના તત્કાળ નાશ પામે છે.'

સેવાની આવી તકો ઘણી વાર આપણી નજરે પણ પડતી હશે. ત્યારે આ તો 'કિચનવાળાની', 'ફેસિલિટીઝવાળાની', 'મેઈનટેનન્સવાળાની', 'સભાવાળાની' સેવા છે એમ વિચારીને ત્યાંથી ચાલી નીકળીએ છીએ કે ઉકા ખાચરની જેમ પોતાનું માનીને મહિમાથી સેવા કરી લઈએ છીએ? ઉકા ખાચરની જેમ સેવાની તક ઝડપી લઈ મહિમાથી, શ્રદ્ધાથી, નિર્માનીપણે કેવળ ગુરુહરિને રાજી કરવા કરીએ તો આપણને સેવાનું યથાર્થ ફળ મળે.

# ભક્તનો સુહૃદ - મારો પ્રાણ

ઝીણાભાઈ શ્રીહરિના અનન્ય મહિમાવાળા ભક્તરાજ હતા. તેમને ભક્તોનો પણ એટલો જ મહિમા હતો. એક વાર તેઓ કોઈ કામ પ્રસંગે માંગરોળ ગયા. ત્યાં તેમને મહારાજના ભક્ત કમળશી વાંઝાની બીમારીના સમાચાર મળ્યા. તેથી તેઓની ખબર પૂછવા તેમના ઘેર ગયા. પરંતુ કમળશીભાઈની પરિસ્થિતિ જોઈને ઝીણાભાઈ વ્યથિત થઈ ગયા. કમળશીભાઈ ખાટલામાં પડ્યા હતા. દૈહિક ક્રિયાઓ બધી પથારીમાં જ થઈ જતી અને તેની સાફ-સફાઈ કોઈ કરતું નહિ. તેમના શરીર ઉપર માખીઓ બણબણતી હતી. ઝીણાભાઈને જોઈને કમળશીભાઈ રોઈ પડ્યા.

ઝીણાભાઈએ પૂછ્યુંઃ 'આમ કેમ?

ત્યારે કમળશીભાઈએ કહ્યુંઃ 'કોઈ ચાકરી કરતું નથી એટલે આ દશા થઈ છે. હવે તો મહારાજ ધામમાં લઈ જાય તો સારું.' એ સાંભળી ઝીણાભાઈએ તેઓના દીકરાઓને બોલાવ્યા. કોઈ સેવા કરવા તૈયાર નહોતું. આ જોઈ ઝીણાભાઈને દુઃખ થયું. તેમણે કહ્યુંઃ 'અમે કમળશીભાઈને અમારા ઘરે પંચાળા લઈ જઈએ તો?' ત્યારે સૌ કહેઃ 'તો તો સાલ જાય. તમ તમારે ઉપાડો એમને!' ઝીણાભાઈએ બજારમાં ફરીને ત્રણ મજૂરો શોધ્યા. ચોથો મજૂર ન મળતાં ખાટલાનો ચોથો પાયો ઝીણાભાઈએ સ્વયં પોતાના ખભે લીધો. એક હાથમાં ઘોડીની લગામ લઈને પંચાળાના ઠાકોર માંગરોળની બજારમાંથી પસાર થઈ રહ્યા હતા! થોડું અંતર કાપ્યું હશે ત્યાં ચોથો મજૂર મળી ગયો. કમળશીભાઈને ઝીણાભાઈએ ઘરમાં પોતાના જ ઓરડામાં નિવાસ આપ્યો ને ખંતપૂર્વક તેઓની સેવા-શુશ્રુષા કરવા લાગ્યા.

જ્યારથી આ કમળશીભાઈ પોતાના ઘરમાં આવ્યા ત્યારથી ઝીણાભાઈના બહેન અદીબા મોઢું ચડાવીને ફરતાં હતાં. પરંતુ પોતાના ભાઈ ગામધણી હતા, તેમને કેમ કહેવું! એક વાર કમળશીભાઈને માથું દુખતું હતું, તેથી લેપ કરવા ઝીણાભાઈએ અદીબા પાસે વાટેલાં મરી મંગાવ્યાં. પરંતુ અદીબાએ કહ્યુંઃ 'મરી ખૂટી ગયાં છે.' ઝીણાભાઈ આ વાક્ય ગળી ગયા. ચારેક દિવસ પછી ઝીણાભાઈએ પોતાને માથું દુઃખે છે એવો દેખાવ કરી મરી મંગાવ્યા. તો અદીબા તરત જ મરી વાટીને લાવ્યાં અને કહ્યુંઃ 'ભાઈ! લ્યો તમને કપાળ ઉપર લેપ કરી દઉં.' ઝીણાભાઈએ વાટકો હાથમાં લીધો અને જોરથી તેનો ઘા કરી ફળિયામાં ફેંકી દીધો. પછી કહ્યુંઃ 'મરી ક્યાંથી મળ્યાં? એક ભક્તને મેં અહીં રાખ્યો છે તે તને ડંખે છે. તે શું હું નથી જાણતો! તું આજથી મારી બહેન નહિ. આ તારું મોં મને કદી બતાવીશ નહિ.'

ઝીણાભાઈએ એક ભક્તનો પક્ષ રાખી પોતાની બહેન સાથે અબોલા લઈ લીધા! આ વાત અદીબાએ મહારાજને કરી. શ્રીહરિએ ઝીણાભાઈને સમજાવ્યા. બહેને રડીને માફી માંગી. મહારાજના કહેવાથી ઝીણાભાઈએ અબોલા તોડ્યા. અંતિમ શ્વાસ સુધી તેઓએ કમળશી વાંઝાની સેવા કરી. એ સમયમાં જ્ઞાતિના ભેદભાવના કારણે કહેવાતી નીચી જ્ઞાતિના લોકો સાથે તિરસ્કારપૂર્ણ

વ્યવહાર સમાજમાં થતો. એવા સમયમાં ગામધણી ઝીણાભાઈએ આ હરિજન ભક્તની ભક્તિભાવથી સેવા કરી હતી. એટલે જ ઝીણાભાઈ ધામમાં પધાર્યા ત્યારે મહારાજે સ્વયં તેઓની નનામીને કાંધ આપી હતી. જેટલાં ડગલાં કમળશીભાઈનો ખાટલો ઊંચકીને ઝીણાભાઈ ચાલ્યા હતા તેથી બમણાં ડગલાં ચાલી મહારાજે ઝીણાભાઈની સેવાને અમર શ્રદ્ધાંજલિ આપી દીધી.

મહારાજે કહ્યું છે કે, 'જે ભક્ત સુહૃદ થયો એ અમારો પ્રાણ થયો.' જો આપણે ભગવાનના ભક્તના સુહૃદ થઈએ - યથાશક્તિ સેવા, સરભરા, સહાયતા કરીએ - તો આપણે પ્રભુના પ્રાણ સમાન બની જઈએ. એથી મોટો લાભ જીવનનો બીજો શું હોઈ શકે!

# ભક્તરાજ શિવલાલ શેઠ

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં નવ લાખના આસામી ગણાતા શિવલાલ શેઠને સત્સંગના સંસ્કાર જન્મથી વારસાગત મળ્યા હતા. બાળપણથી જ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી જેવા મહાસમર્થ સંતોનાં દર્શન તથા સેવા-સમાગમનો એમને સતત યોગ રહેલો. એટલે સંસારમાં સહેજે જ અનાસક્તભાવ સાથે તેમની ભક્તિની અભિરુચિ પોષાતી રહેલી.

શરૂઆતના સમયમાં તેઓ ગોપાળાનંદ સ્વામીનો વિશેષ સમાગમ કરતા. પરંતુ સ્વામી ધામમાં જવાના થયા ત્યારે તેઓને ભલામણ કરેલી કે 'તમારે વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજો.' સ્વામીની આજ્ઞા મુજબ શિવલાલભાઈ ગુણાતીતાનંદ સ્વામીનો અત્યંત ખપ અને મુમુક્ષુતાથી સમાગમ કરતા. સંપ્રદાયમાં તેઓની આર્થિક સેવા પણ ખૂબ મોટી રહેતી. ગઢપુરમાં જ્યારે હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા ત્યારે એ જમાનામાં તેઓએ ૨૨,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરી અદ્‌ભૂત સમૈયો કરાવ્યો હતો. આવા મોટા દાતા હોવા છતાં તેઓની વિશેષતા એ હતી કે અત્યંત નિર્માનીપણે સત્સંગનો લાભ લેતા.

એક દિવસ ગુણાતીતાનંદ સ્વામી સભામાં વાતો કરતા હતા અને કોઈકના ચાવવાનો કટ-કટ અવાજ આવતો હતો. એટલે સ્વામીએ પૂછ્યુંઃ 'આ સભામાં હાડકું કોણ કરડે છે?' વાત એમ હતી કે શિવલાલભાઈ સોપારી ચાવતા હતા. તેનો અવાજ આવતો હતો. બીજો કોઈ મોટો માણસ હોય તો પોતાની ઓળખ છૂપાવવા પ્રયત્ન કરે, પણ આવા પ્રતિષ્ઠિત ગૃહસ્થ હોવા છતાં શિવલાલભાઈ ભરસભામાંથી ઊભા થયા. બહાર જઈ સોપારી થૂંકી આવ્યા અને પાછા સભામાં આવીને બેસી ગયા. તે ઘડીથી પોતે સોપારી ન ખાવાનો નિયમ લીધો, પણ સ્વામીની ટોકણીથી શિવલાલ શેઠનું મન લેશ પણ દુભાયું-કચવાયું નહિ! આટલી મોટી આર્થિક સેવા અને પ્રતિષ્ઠા હોવા છતાં ભરસભામાં આવું અપમાન સહજતાથી સહન કરનાર શિવલાલભાઈના અંતરમાં સત્સંગનો ખપ કેવો હશે!

સ્વામીની કૃપાથી તેઓના જીવનમાં દૃષ્ટિનો સંયમ પણ પરાકાષ્ઠાએ હતો. કુટુંબમાં કોઈ માંગલિક પ્રસંગે તેઓના સાળી એમને ઘેર આવેલાં. ભક્તિમય જીવન, બહોળું કુટુંબ અને સ્ત્રીઓ સાથે પ્રયોજન વગર વાતચીત ન કરવાની ટેવવાળા શિવલાલભાઈને, બે-ત્રણ માસથી સાળી ઘરમાં હોવા છતાં ખબર પડેલી નહિ. પરંતુ એક દિવસ તેઓ જમવા બેઠા હતા અને તેમનાં સાળી પીરસવા આવ્યાં. તેમનાથી ભાતમાં ઘી વધારે પડી ગયું, ત્યારે સહેજ ઊંચું જોવાઈ જતાં તેમની દૃષ્ટિ સાળી ઉપર પડી અને સ્વાભાવિક પૂછ્યુંઃ 'તમે ક્યારે આવ્યા?' આ સાંભળી તેમનાં સાળી તો આશ્ચર્યચકિત થઈ ગયા કે મહિનાઓથી ઘરમાં રહેવા છતાં આંખ ઊંચી કરી સ્ત્રી સામે જુએ પણ નહિ તે દૃષ્ટિનો કેવો ગજબ સંયમ!

એમનું ધ્યાનનું અંગ પણ જબરું હતું. એક વખત પિતા ભગા દોશીએ એમને કહ્યું કે, ‘શિવલાલ! તારા જેવું ધ્યાન કરતાં મને શીખવાડ.’ ત્યારે શિવલાલભાઈ કહેઃ ‘બાપા! મારા જેવું ધ્યાન તમારાથી નહિ થાય, કારણ હું તો પહેલાં આપણી આ હવેલી અને બોટાદ શહેરને ફરતી આગ ચાંપું છું ને તેની રાખનો ઢગલો કરી, દેહને ખોટું કરીને તેના ઉપર બેસું છું...’

આ રીતે સત્સંગનાં સિદ્ધાંતો આત્મસાત્ કરી શિવલાલ શેઠ સેવા-ભક્તિ કરતા. અગ્રણી દાતા અને પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ હોવા છતાં નિર્માનીપણે અને અત્યંત મુમુક્ષુતાથી સત્સંગ કરતા શિવલાલ શેઠનું જીવન આપણા સૌ માટે અત્યંત પ્રેરણાદાયી છે.

# ભગતજીમય સ્વામી વિજ્ઞાનદાસજી

ઠાસરાના ગિરધરભાઈ વરતાલના કોઠારી શ્રી ગોરધનભાઈના ભત્રીજા થાય. પહેલેથી જ મુમુક્ષુ અને સાધુતાના ગુણે સંપન્ન. તેઓને અખંડ એવો વિચાર રહેતો કે કોઇ મોટા સ્થિતિવાળા સદ્‌ગુરુ મળે તો સાધુ થઈને તેમની પાસે રહેવું જેથી આ જન્મે જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી શકાય. તેઓએ વરતાલના ૧૯મા વચનામૃત અનુસાર એવું જાણ્યું હતું કે ભગવાન કે ભગવાનને મળેલા સંત મળે તો જ મોક્ષ થાય. આ વાત સાંભળી ગિરધરભાઈએ એવા સત્પુરુષ શોધી તેમનો સમાગમ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. એ સંકલ્પ સાથે તેઓ એવા સત્પુરુષને શોધવા સત્સંગમાં નીકળી પડ્યા.

ગઢડામાં માના ભગત સાથે ત્રણ માસ રહ્યા. કોટડામાં અઢી માસ રહ્યા. જૂનાગઢમાં મહાપુરુષદાસજી તથા રઘુવીરદાસજીનો સમાગમ કર્યો, પણ અંતરમાં હજુ શાંતિ ન થઈ. તેથી અમદાવાદમાં નિર્ગુણદાસજી પાસે બે માસ રહ્યા. ત્યાં પણ સંતોષ ન થતા ભૂજમાં અચ્યુતદાસજી પાસે અઢી માસ રહ્યા. અચ્યુતદાસ તો આત્માને અખંડ દેખતા એવી સ્થિતિવાળા હતા તો પણ તેમનું મન માન્યું નહિ. છેવટે થાકીને તેઓ વરતાલ પાછા આવ્યા. અહીં કોઠારની સેવા કરતા અને કોઠારનું કામ પતાવી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવતા. મહારાજને પ્રાર્થના કરતા.

તેમના તપ અને એકનિષ્ઠાથી પ્રસન્ન થઈ મહારાજે દર્શન દીધાં. ગિરધરભાઈ તો હર્ષપુલકિત થઈ ઊઠ્યા અને ગદ્‌ગદ કંઠે મહારાજને સ્તુતિ કરીઃ ‘હે મહારાજ! આપની મૂર્તિનું અખંડ સુખ આવે અને હૃદયમાં આપ અખંડ બિરાજો એવી સ્થિતિ કરી દો.’ ત્યારે મહારાજે પ્રસન્ન થઈને કહ્યુંઃ ‘ભક્તરાજ! એવી સ્થિતિ તો એવા પરમ એકાંતિક સત્પુરુષને સેવો તો થાય. એવા સત્પુરુષ વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે, તેમને સેવો.’ આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

ગિરધરભાઈને આશ્ચર્ય થયું કે, ‘મહારાજે કોઈ મોટા સદ્‌ગુરુ ન બતાવ્યા અને આ પ્રાગજી દરજી કે જે આખો દિવસ સભામંડપમાં સીવે છે તે બતાવ્યા!’ અંતઃકરણમાં સંકલ્પ-વિકલ્પ થવા માંડ્યા. શંકા-કુશંકામાંથી બહાર નીકળવા તેઓએ ફરીથી એ જ તપ આદર્યું. એક મહિના સુધીના તેઓના તપથી મહારાજે રાજી થઈને ફરી દર્શન આપ્યા અને હસતાં હસતાં કહ્યુંઃ ‘ભક્તરાજ! એકાંતિક તો અત્યારે પ્રાગજી ભક્ત છે. દરજીના સ્વાંગ નીચે મારી મૂર્તિ અખંડ ધારી, એકાંતિક ધર્મ સિદ્ધ કરેલ બહુ મોટાપુરુષ છે. માટે વર્ણનું માન મૂકીને તેમને શરણે જશો ત્યારે શાંતિ થશે.’ આ ખાતરી આપી મહારાજ અંતર્ધાન થઈ ગયા.

આ ભક્ત માટે આટલું પૂરતું હતું. પછી તો ગિરધરભાઈએ ભગતજી મહારાજના ચરણારવિંદ પકડી લીધા. મન-કર્મ-વચને ભગતજીનો સમાગમ કરવા લાગ્યા. ગોરધનભાઈને પણ લાગ્યું કે હવે ગિરધરભાઈ ધોળે લૂગડે રહેશે નહિ તેથી તેઓને દીક્ષા અપાવી વિજ્ઞાનદાસજી નામ પાડ્યું. વિજ્ઞાનદાસ સ્વામી જેમ જેમ ભગતજીનો સમાગમ કરતા ગયા તેમ તેમ તેઓની સાધુતા વિશેષ ખીલી ઉઠી. ભગતજીના સંબંધથી તેઓ મહારાજની મૂર્તિ વિષે અનન્યભાવે જોડાઈ ગયા. ‘ભગતજી

એ જ પોતાનો આત્મા છે' એમ નક્કી કરી, દેહભાવથી પર થઈ ગયા. ત્રણે અવસ્થામાં ભગવાન સિવાય બીજો ઘાટ જ તેઓને થતો નહિ. ભગતજીમય થઈ ગયેલા વિજ્ઞાનદાસ સ્વામીએ એકાંતિક સ્થિતિ સંપૂર્ણ સિદ્ધ કરી લીધી. રૂંવાડે રૂંવાડે ભગવાનનું અખંડ ભજન કરનાર તેઓને લોકોએ 'બંડિયા-બંડિયા' કરી તિરસ્કૃત કર્યા, પરંતુ તેઓએ આ લોકમાં પોતાનું જે કાર્ય - એકાંતિકમાં જોડાવું અને એકાંતિક ઓળખાવવા - એ સિદ્ધ કરવામાં પાછી પાની ન કરી. તેઓ જ્યાં જતાં ત્યાં મુમુક્ષુઓને ભગતજીમાં જોડતા. ભગતજીનો અપરંપાર મહિમા કહી સૌને એવું ઘેલું લગાડ્યું કે સત્સંગમાં ચોરે ને ચૌટે ભગતજીનું નામ ગુંજવા માંડ્યું. ગુરુમહિમાના આ પ્રચંડ પ્રવાહને રોકવા તેઓની છેક ખાનદેશમાં બદલી કરી દેવામાં આવી. અજાણ્યું સ્થાન, કોઈને સત્સંગનો વિશેષ પરિચય નહિ, પ્રાદેશિક ભાષા અજાણી, ત્યાંના લોકોની રીતભાત અને રહેણી-કરણી પણ જુદી છતાં વિજ્ઞાનદાસ સ્વામીએ ત્યાં પણ સત્સંગની જમાવટ કરી. બધાને ભગતજીનો એવો મહિમા કીધો કે છેક ખાનદેશથી વહાણ ભરીને મુમુક્ષુઓ મહુવા ભગતજીનો લાભ લેવા આવવા લાગ્યા. આજે પણ ખાનદેશના સત્સંગમાં વિજ્ઞાનદાસ સ્વામીએ કરેલા અપૂર્વ દાખડાને ગૌરવભેર યાદ કરવામાં આવે છે.

વિજ્ઞાનદાસ સ્વામીની મુમુક્ષુતા, ભગતજી મહારાજમાં તેઓની અનન્ય અને અપાર પ્રીતિ, મુમુક્ષુઓને એકાંતિક સત્પુરુષની ઓળખાણ કરાવવાની અપરંપાર ધગશ આપણને અને આવનારી પેઢીને યુગો સુધી પ્રેરણા આપતી રહેશે.

# દિવ્યભાવનો વિરલ દાખલો

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં જીવન સમર્પિત કરીને ઉપાસના પ્રવર્તનનું મહાન કાર્ય કરનાર એક વિરલ સંત એટલે સદ્‌ગુરુવર્ય નિર્ગુણદાસજી સ્વામી. તેઓની સેવા માટે સ્વયં શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'સત્સંગ પ્રવર્તનમાં નિર્ગુણ સ્વામીની સેવા ૧૪ આની છે, ને બાકી બધાંય બે આનીમાં આવી જાય!' સંપ્રદાયના પ્રતિષ્ઠિત હોદ્દાઓ છોડીને, રોમ-રોમ ડંખે એવી અગવડોની પરંપરાઓ સહન કરીને તેઓએ અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કર્યું હતું. આફ્રિકા રહેતા ભક્તોને પુસ્તક કદના પત્રો લખીને તેઓએ નિષ્ઠાનું અમૃત પાયું હતું. એવા મહાન સંતને ગુરુ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે કઈ કક્ષાનો દિવ્યભાવ, વફાદારી અને પક્ષ હતા તે સમજવા એક જ પ્રસંગ પર્યાપ્ત છે.

સારંગપુરમાં એક વખત તેઓનું ધોતિયું ફાટી ગયું. તેઓ શાસ્ત્રીજી મહારાજ પાસે નવું ધોતિયું માંગવા ગયા. શાસ્ત્રીજી મહારાજ તેઓને કહેઃ 'નહિ મળે. તમે દાંડિયું કરીને પહેરો (દાંડિયું કરવું એટલે જૂના ધોતિયાને વચ્ચેથી ફાડીને બંને છેડાઓથી સાંધીને ફરી પહેરવું).' તે સમયે નિર્ગુણ સ્વામીએ લેશમાત્ર ફરિયાદ ન કરી કે, 'હું આ સેવા લાવું છું અને તમે મને જ આપવાની ના પાડો છો.' તેઓએ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા માથે ચડાવી. પરંતુ વિશેષ આશ્ચર્ય તો પછી બન્યું. એ સમયે એક બાવાજી યાત્રાએ જવા નીકળ્યા હતા. તેઓ ફરતાં-ફરતાં સારંગપુર આવી પહોંચ્યા. તેમને ધોતિયાની જરૂર હશે તો શાસ્ત્રીજી મહારાજ પાસે માંગ્યું. શાસ્ત્રીજી મહારાજે તત્કાળ નવું જ ધોતિયું તાકામાંથી ફડાવીને આપી દીધું. એટલે નિર્ગુણ સ્વામીએ રમૂજમાં પૂછ્યુંઃ 'એને આપો છો અને મને દાંડિયું કરવાનું કહો છો!' તો શાસ્ત્રીજી મહારાજ કહેઃ 'તમારે તો સાક્ષાત્ મહારાજ-સ્વામીનો આધાર છે અને આ બાવાજીને તો કોઈનો આધાર નથી. માટે એને તો આપવું પડે.'

સંસ્થા માટે પોતાની જાત ઘસી નાખવા છતાં એક નવું ધોતિયું ન આપ્યું તોયે તેઓને ગુરુમાં લેશમાત્ર મનુષ્યભાવ નથી આવ્યો. આવા પ્રસંગ બનતા ત્યારે તેઓ તરત શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા કહેવા લાગતા. અખંડ દિવ્યભાવ, અપૂર્વ ઉત્સાહ અને આજીવન વફાદારી સાથે તેઓએ કરેલી સેવાઓ આપણા સૌ માટે કાયમી દીવાદાંડીરૂપ બની રહેશે.

# બ્રહ્માંડ તૂટે, પણ દોરડું નહિ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ભવ્ય સંકલ્પ અનુસાર સારંગપુર મંદિરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું હતું. સંતો-ભક્તો આ સેવાયજ્ઞમાં રાત-દિવસ યાહોમ થઈને મંડ્યા હતા. તેમાંય મોટા-મોટા પોરબંદરી પથ્થરો ચઢાવતા મહાકાય સોમા ભગતને જોઈને તો સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ જતા. 'સ્વામી-શ્રીજીની સેવામાં કદાચ દેહ પડી જાય તો મહારાજની હજૂરમાં અક્ષરધામમાં બેસી જઈશું' એવા દૃઢ નિશ્ચય સાથે તેઓ સેવા કરતા હતા. સોમા ભગતની અડગ ધીરજ અને સ્વામીશ્રીની આજ્ઞામાં અખૂટ વિશ્વાસનો પરચો એક પ્રસંગે સૌને મળી ગયો.

મંદિરના મધ્યખંડનો તરઘટનો પથ્થર ઉપર ચઢતો હતો. આશરે ૧૫૦ મણના (૩૦૦૦ કિલોના) આ પથ્થરને જાડા રાંઢવાના (દોરડાના) સાત બંધથી બાંધ્યો હતો. 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ'ની ધૂન સાથે પથ્થર એક એક તસુ (ઈંચ) ઉપર જતો હતો. એટલામાં રાંઢવાનું એક બંધ તૂટ્યું, હજુ તો કોઈ નોંધ લે એટલામાં તો બીજું, ત્રીજું, ચોથું એમ છ-છ બંધ તૂટી ગયાં. હવે એક જ બંધ ઉપર પથ્થર એક બાજુ લટકી રહ્યો હતો. સૌને લાગ્યું કે પથ્થર પડશે તો નીચે ઘડીને તૈયાર મૂકેલા બીજા પથ્થરો પણ તોડી નાખશે. એટલે દોરડું કોઈએ છોડ્યું નહિ. હરિભક્તો દોડીને શાસ્ત્રીજી મહારાજને બોલાવી લાવ્યા. સ્વામીશ્રી એકદમ પધાર્યા અને એક બાજુ લટકતા પથ્થરને જોઈ એક હાથ ઊંચો કર્યો અને પછી કહ્યું: 'પથ્થર હવે નહિ પડે.' એટલે તેમાંથી એક જણે પૂછ્યું: 'હવે ધીરે ધીરે પથ્થર નીચે ઉતારી લઈએ ને?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'કેમ નીચે ઊતારવો છે? ઉપર ચઢાવી ઘો.' ત્યાં ઊભેલા સોમા ભગત તરફ દૃષ્ટિ કરી સ્વામીશ્રીએ કહ્યું: 'સોમા ભાગત! પથ્થર ઉપર ચડીને તૂટેલાં રાંઢવાં બાંધી દો.'

શાસ્ત્રીજી મહારાજના આ શબ્દો સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા. એક જ બંધ ઉપર લટકી રહેલા આ પથ્થર ઉપર આવા મહાકાય સોમા ભગત ચઢી જાય તો તેમની અને પથ્થરની શી સ્થિતિ થાય? એ તો જેણે માથું હાથમાં લીધું હોય તેનાથી જ બને! પરંતુ સોમા ભગતને સ્વામીશ્રીની આજ્ઞામાં અક્ષરધામનું અવિચળ પદ દેખાતું હતું. 'સ્વામીશ્રીનું વચન હેઠે પડવા જ ન દેવું' - એવા દૃઢ નિષ્ઠાવાળા પાંત્રીસ વર્ષના આ મહાકાય જુવાન દોટ મૂકી પથ્થર ઉપર ચડી ગયા. તેમના વજનના હલેસાથી પથ્થર એવો હલ્યો કે નીચે દોરડું પકડી રાખનાર વીસ જણાને આંચકો લાગ્યો. સૌ ભયભીત થઈ હવે શું થશે તે જોવા લાગ્યા. એટલામાં તો વીજળીની ત્વરિત ગતિએ સોમા ભગતે તૂટેલા રાંઢવાના એક, બે, ત્રણ, એમ બંધ બાંધવા માંડ્યા. આ ક્રિયા કરતાં કરતાં પણ તેમની દૃષ્ટિ વારંવાર શાસ્ત્રીજી મહારાજ તરફ જતી. સ્વામીશ્રી નિશ્ચલતાથી અભય હસ્ત ઊંચો કરીને ઊભા હતા. તેથી સોમા ભગતને પાક્કી ખાતરી હતી કે કદાચ બ્રહ્માંડ તૂટી પડે તો પણ આ પથ્થર તો નહિ જ પડે. ધીરે ધીરે તૂટેલા બંધ બાંધી સોમા ભગત નીચે ઊતર્યા અને શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં નમી પડ્યા. આશીર્વાદનો એ જ અભયહસ્ત સોમા ભક્તના માથા ઉપર મૂકી, શાસ્ત્રીજી

મહારાજે તેઓની દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવી અપાર રાજીપાની લહાણી કરી દીધી. ત્યાં ઉપસ્થિત સૌના હૈયે-હોઠે એક જ વાત રમતી હતીઃ ધન્ય છે સોમા ભગતને અને ધન્ય છે એમની ગુરુભક્તિને!

ગુરુના વચનમાં વિશ્વાસ રાખી જાનની બાજી લગાવી દેનાર આવા નિષ્ઠાવાન ભક્તોના આપણે વારસ છીએ. તેઓના પ્રસંગો નજર સમક્ષ હોય તો ગુરુને રાજી કરવાનો અવસર આપણે પણ લૂંટી શકીએ.

# 'આ ટાણું કેમ ચૂકાય?'

સારંગપુર મંદિરમાં ધર્મકુળની મૂર્તિઓની પ્રતિષ્ઠાનો પ્રસંગ નજીક આવતો હતો. એ અરસામાં શાસ્ત્રીજી મહારાજ રઢુ પધાર્યા હતા. રઢુથી એક ગાઉ ઉપર પુરુષોત્તમપુરામાં આશાભાઈ, ઈશ્વરભાઈ અને મોતીભાઈની જમીન ને રહેઠાણ હતાં. આ સમય દરમ્યાન જ તેઓએ કપાસ, અનાજ વગેરેના ગંજ ભરવા માટે નવીન આલિશાન બંગલો કરાવ્યો હતો. તેમાં શાખ પ્રમાણે રાચરચીલું પણ સારું રાખ્યું હતું. બંગલામાં આ વર્ષનો પાક - ૬૦૦ મણ કપાસ, ૭૦૦ મણ ચણા અને ૧૦૦૦ મણ ઘઉં તથા બીજી પરચૂરણ વસ્તુઓ વેચાણ માટે તૈયાર થઈને પડી હતી. પરંતુ અકસ્માતથી કપાસમાં સળગતી દીવાસળી પડી ને આગ ચંપાઈ. જોતજોતામાં તો આગે વ્યાપક સ્વરૂપ પકડી લીધું ને તમામ માલ-મિલકતને અગ્નિની જ્વાળાઓ ભરખી ગઈ. જીવ બચાવી સૌ પહેરેલે કપડે ઘરમાંથી બહાર માંડ નીકળી શક્યાં. રઢુમાં આ સમાચાર આશાભાઈને મળ્યા. શાસ્ત્રીજી મહારાજની કૃપાથી મળેલી જ્ઞાનદૃષ્ટિથી તેમને કોઈ શોક ન થયો. પુરુષોત્તમપુરા આવીને જોયું તો બધું જ ભસ્મીભૂત થઈ ગયું હતું. કોઈનું પણ કાળજું તૂટી જાય તેવી પરિસ્થિતિ હતી, પણ આ પરિવારની દૃઢ સમજણ હતી કે પોતાની કસોટી કરવા ભગવાનનું જ આ કર્તવ્ય છે. માણસ મોકલી રઢુથી ખીચડી મંગાવી ત્યારે સૌ રાતનું જમવા ભેગા થયા. બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. નુકસાન જોઈને ઘણા જ દુઃખી થયા. બંને ભાઈઓને સાંત્વન તો આપ્યું, પણ હજુ પરીક્ષા બાકી રહી હોય એમ સ્વામીશ્રીએ કહ્યુંઃ 'આ તો આપણા જ કાર્યમાં વિઘ્ન આવ્યું. આપણે સારંગપુર મંદિરની મૂર્તિ માટે પૈસા લેવા આવ્યા અને આ ઉપાધિ આવી.' આવી વિષમ પરિસ્થિતિમાં આવા ઉદ્‌ગારો સાંભળી બીજાને તો મનુષ્યભાવ આવી જાય, પણ આશાભાઈ, ઈશ્વરભાઈ અને મોતીભાઈ - આ ભક્તો જુદી માટીના હતા. તેઓને શાસ્ત્રીજી મહારાજ માટે સાક્ષાત્‌ ભગવાનનો ભાવ હતો.

આપત્કાળમાં પણ આજ્ઞાપાલન કરવાની તેમને તમન્ના હતી. આશાભાઈએ શરાફને ત્યાંથી વ્યાજે રકમ લાવવા મોતીભાઈને જણાવ્યું. રકમ આવતાં સ્વામીશ્રીને ચરણે ધરી. સ્વામીશ્રી તે જોઈ સ્તબ્ધ થઈ ગયા અને પૂછ્યુંઃ 'આ ક્યાંથી લાવ્યા?' આશાભાઈએ કહ્યુંઃ 'આપને માટે આભ-પાતાળ એક કરવાં હોય તો કરીએ. માટે આપ આ રકમ સ્વીકારો અને અમારા પર રાજી થાવ.' સ્વામીશ્રી રાજી થઈ ગયા. પ્રેમથી આ ભક્તોને ભેટીને કહ્યુંઃ 'આ વિષમ પરિસ્થિતિમાં જ્યાં અન્ન-વસ્ત્રનું ઠેકાણું નથી ત્યાં વ્યાજે રકમ લાવીને આપવી તે કોઈથી થાય નહિ!' ત્યારે મોતીભાઈએ કહ્યુંઃ 'અત્યારે તો જે મોજ આપી શકે એવા સમર્થ હોય તે જ માંગે. આપ તો શ્રીજીમહારાજનું સ્વરૂપ છો. જો આ અવસર ચૂકીએ તો તમે જે મોજ આપવા પધાર્યા છો, તે ટાણું અમારે જાય.'

સાનુકૂળતા હોય તો તો કદાચ સેવા થાય, પરંતુ પ્રતિકૂળતામાં, મુશ્કેલીના સમયમાં, વિપત્તિઓની વચ્ચે પણ સેવા થાય એ સમજણ કેવી? પોતાનું સર્વસ્વ બળીને રાખ થઈ ગયું હોય ત્યારે પણ ગુરુના વચને સમર્પિત થઈ જનારા આ ભક્તોના હૈયે કેવો ગુરુમહિમા હશે! સમર્પણનો આથી મોટો દાખલો દુનિયામાં ક્યાં મળે?

# આફ્રિકા સત્સંગના જ્યોતિર્ધર - મગનભાઈ

અંધારખંડ તરીકે ઓળખાતા પૂર્વ આફ્રિકમાં અક્ષર-પુરુષોત્તમના અજવાળાં ફેલાવનાર ભક્તરાજ હતા મગનભાઇ પટેલ. ૩૧-૩૨ વર્ષની ઉંમર સુધીનું તેઓનું જીવન ખાવું-પીવું અને મોજશોખમાં વીત્યું હતું. પોતે કિબ્વેઝી સ્ટેશન પર રેલવે-માસ્તરની નોકરી કરતા. તુમાખીવાળો સ્વભાવ અને શિસ્તપાલનમાં જરાય બાંધછોડ ન ચલાવી લેવાની તેઓની પ્રકૃતિ. પરંતુ પૂર્વના સંસ્કાર અને ભગવાનની કૃપાથી તેઓ જ્યાં નોકરી કરતા હતા ત્યાં જ શાસ્ત્રીજી મહારાજના હરિભક્ત હરમાનભાઈ પટેલની બદલી થઈ. હરમાનભાઈના યોગે મગનભાઈને સત્સંગનો રંગ લાગ્યો. તેમાં પણ એક વખત તેઓ રજા ઉપર ભારત આવ્યા અને બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજના દર્શન થયા. પ્રથમ દર્શને જ તેઓને એવી દિવ્ય અનુભૂતિ થઈ કે તેઓએ શાસ્ત્રીજી મહારાજને ગુરુ કરી લીધા. સ્વામીશ્રીના ચરણોમાં પડી ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડ્યા. ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેઓને આશીર્વાદ આપી કહ્યું કે, ‘તમારા પૂર્વેના બધા જ ગુના માફ છે. હવે સત્સંગ કરજો અને કરાવજો.’

ત્યાર પછી તેઓએ સત્સંગ પ્રવર્તનનો જાણે મહાયજ્ઞ ચલાવ્યો. પોતાના યોગમાં નાના-મોટા જે આવે તેને સત્સંગની, ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો કરતા તેઓ થાકતા જ નહિ. પોતે સ્ટેશન માસ્તર તરીકે નોકરી કરતાં તેથી કોઈને વેગન છોડાવવું હોય તો મગનભાઈની મંજૂરી જોઈએ. મગનભાઈ કહેતા કે તમે થોડી વાર મારી કથાવાર્તા સાંભળો તો હું તમને મંજૂરી આપું. આમ, પરિચિત-અપરિચિત સૌ કોઈને સત્સંગની વાતો કરવાનો તેઓને જબરો વેગ લાગી ગયો હતો. સ્ટેશન પર ટ્રેનના બે-ત્રણ સમયના આવાગમન સિવાય બીજું કામ ન હોય તો તેઓ બીજા રેલવે સ્ટેશનો ઉપર નોકરી કરતાં ભક્તો સાથે કલાકો સુધી તાર દ્વારા સત્સંગની વાતો કરતા. એટલું જ નહિ, નિર્ગુણદાસ સ્વામીના સમાગમ અને વાંચનથી તેઓએ વચનામૃત ગ્રંથમાં પણ ખૂબ ઊંડાણ પ્રાપ્ત કર્યું હતું. રાતોની રાત તેઓ વચનામૃત ઉપર કથાવાર્તાનો બ્રહ્માનંદ રેલાવતા. સંધ્યા આરતીથી કથાનું મંગળ થાય અને સવારે સૌ દાતણ લઈને ઊભા થાય ત્યાં સુધી તેઓ કથવાર્તા કરતા! સત્સંગ પ્રવર્તન માટે તો તેઓએ સાંજના વાળુનો પણ ત્યાગ કરી દીધો હતો. ટરોરો, મ્બાલે, જીંજા, કંપાલા, મસાકા, બ્લીક્વે, બ્રુડોપા, બ્રુકેડીયા, નાઈગોન્ગેરો, નૈરોબી, મોમ્બાસામાં તેઓ ઘૂમી વળ્યા અને કથાવાર્તાના અખાડા જમાવી સેંકડો જીવોમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા ધરબી દીધી.

શાસ્ત્રીજી મહારાજના ગુણગાન ગાતાં મગનભાઈ ગળગળા થઈ જતાં અને કહેતાં, ‘શાસ્ત્રીજી મહારાજને સેવ્યે શ્રીજીમહારાજ સેવાઈ રહ્યા. જેને મરીને પામવા હતાં તે દેહ છતાં મળ્યાં છે.’ શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતાં કેટલીક વાર તો એવું બોલતા કે, ‘હું શું વધારે કહું? જીભ ઝાલીને કહું છું નહિતર જગત મારા ઠાઠા ભાંગી નાંખે. (ખૂબ માર મારે)’ તેઓને ભક્તોનો એવો મહિમા હતો કે હરિભક્તોની ચરણરજમાં આળોટે, અને પ્રાપ્તિનો એવો કેફ કે રાત્રે પથારીમાં ઊછળે કે, ‘મને શાસ્ત્રીજી મહારાજ મળી ગયા!’ તેઓએ શાસ્ત્રીજી મહારાજને વચન આપેલું કે, ‘ગઢપુરનું

મંદિર આફ્રિકાનું મંડળ પૂરું કરશે.' તે વચન સિદ્ધ કરવા તેઓ હરિભક્તોને કહેતાં કે, 'શાસ્ત્રીજી મહારાજ કહે ત્યારે એમના વચને વેચાઈ જવું પડે તોય શું? જ્યારે ગાય, બળદ, ભેંસ, બકરાના અવતાર થયા હોઈશું, ત્યારે ઘણી વાર વેચાયા હોઈશું. તો આ મનુષ્ય દેહે શાસ્ત્રીજી મહારાજનું વચન 'ગઢપુર મંદિર પૂર્ણ કરો' તે પાળતાં વેચાવું પડે તો પણ શું? ગુરુહરિના વચન પર મરી મીટવાનું છે.' તેઓના શબ્દોમાં સત્પુરુષ કાજે સર્વસ્વ ન્યોછાવર કરી દેવાનો કેવો ઉમંગ છલકાય છે!

એક ગૃહસ્થ હોવા છતાં તેઓ એક સંત જેવું જીવન જીવી ગયા! બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'હું મગનભાઈ દ્વારા આફ્રિકામાં કાર્ય કરી રહ્યો છું માટે તેમનો સમાગમ કરવો.' માત્ર ૫૧ વર્ષની જિંદગીમાં મગનભાઈએ અનેક જિંદગીઓનું સાટું વાળી દીધું. મહિમાના મહાસાગરમાં મહાલતા મગનભાઈ ઉપાસના પ્રવર્તનની અપાર સેવા કરી શાસ્ત્રીજી મહારાજની માળાના મણકા બની ગયા.

મગનભાઈની જેમ આપણે પણ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનની સેવામાં જીંદગી ખપાવી પ્રગટ ગુરુહરિની માળાના મણકા બની જઈએ તેમાં જ જીવનની સાર્થકતા છે.

# સંપ્રદાયના વ્યાસ

હર્ષદભાઈ દવે એટલે સંપ્રદાયના અમર ઈતિહાસની ગાથા લખનાર, સંપ્રદાયના વ્યાસ, જેમનો જીવનમંત્ર હતો 'અક્ષરપુરુષોત્તમની ઉપાસના દૃઢ કરો અને કરાવો.' પોતાના જીવનકાળ દરમ્યાન ૬,૦૦૦થી વધુ પૃષ્ઠોમાં ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના જીવનચરિત્રો લખી તેઓએ સંપ્રદાયની મહાન સેવા કરી છે. આ ઉપરાંત પણ અન્ય સાંપ્રદાયિક સાહિત્યનું લેખન તેઓની કલમે થયું છે. પોતાની વિદ્વત્તા અને સાક્ષરતાના જોરે હજારો રૂપિયા કમાઈ શકનાર હર્ષદકાકાએ કોઈ અપેક્ષા વગર જીવનના છેલ્લા શ્વાસ સુધી નિષ્ઠાપૂર્વક સેવા કરી. યોગીજી મહારાજ તેમના માટે કહેતા કે, 'હર્ષદભાઈના તો પગ ધોઈને પી જઈએ તો પણ ઓછું છે.' શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ - ત્રણેય ગુણાતીત ગુરુઓનો અંતરનો રાજીપો તેઓએ પ્રાપ્ત કર્યો હતો. તેનું કારણ હતું સેવાની સાથે તેઓના જીવનમાં જોવા મળતી નિષ્કામ ધર્મની દૃઢતા. સત્પુરુષે સ્વયં તેઓને આ બાબતે અત્યંત જાગૃત રહેવા જણાવ્યું હતું.

એક વખત યોગીજી મહારાજ ગોંડલ મંદિરના જૂના સભામંડપમાં કથાવાર્તા કરતા હતા. સામેથી હર્ષદકાકા સભામાં પ્રવેશ કરવા જતા હતા, ત્યાં એક મહિલા ભક્તે તેઓને રોક્યા. તે બહેન ડબ્બામાં ચોખ્ખો નાસ્તો બનાવીને લાવ્યા હતા. તેમણે હર્ષદકાકાને વિનંતી કરી કે આ ડબ્બો રસોડામાં ખાલી કરી મને ખાલી ડબ્બો પાછો આપી જાવ. હર્ષદકાકાએ એ મુજબ કરી ખાલી ડબ્બો એ મહિલાને પરત કર્યો. આ વાતની યોગીજી મહારાજને ખબર પડી.

સભા પછી જ્યારે કાકા યોગીબાપાને પગે લાગવા આવ્યા ત્યારે બાપાએ તેઓને કહ્યું કે, 'આજે તમે ડબ્બો લીધો તે બરોબર ન કર્યું.' હર્ષદકાકાએ કહ્યું કે, 'બાપા! એમાં નાસ્તો હતો તે રસોડામાં ખાલી કરીને મેં ડબ્બો પાછો આપી દીધો એમાં ભૂલ શું થઈ? યોગીબાપા કહેઃ 'ગુરૂ! તમે હાથોહાથ લીધું એ ખોટું કર્યું. તમારે એમ કહેવાય કે ડબ્બો નીચે મૂકો. પછી તમારે લેવાય અને ખાલી કરીને તમે ડબ્બો નીચે મૂકો પછી એ લઈ લે. આપણે હાથોહાથ આપ-લે ન કરાય. ભૂલ થઈ છે તો એક ઉપવાસ કરી લેજો.'

નિષ્કામ ધર્મની દૃઢતા માટે યોગીબાપાનો નાની બાબતમાં પણ કેટલો ખટકો હતો! હર્ષદકાકાની જેમ આપણે પણ ઉપાસના પ્રવર્તનની સેવામાં જોડાયાં છીએ, તો આપણી પણ જવાબદારી મોટી છે. સત્પુરુષને આપણી પાસે પણ આવા જ ઉચ્ચ પ્રકારના વર્તનની અપેક્ષા છે. જ્યારે નિષ્કામ ધર્મ અણિશુદ્ધ પાળીએ ત્યારે સત્પુરુષના અંતરનો રાજીપો થાય છે. હર્ષદકાકા એ બાબતે ખૂબ જાગૃત હતા.

એક વખત હર્ષદકાકાના ઘેર એક સત્સંગી બહેન આવ્યા. તે જ સમયે તેઓના ધર્મપત્નીને પડોશમાં રહેતા એક વૃદ્ધ મહિલાએ ઘરના કંઈક કામ માટે બોલાવ્યા. ગણતરીની મિનિટોમાં જ

તેઓ આ કામ પતાવીને પાછા ઘેર આવ્યા. હર્ષદકાકા તો પોતાના કામમાં મગ્ન હતા. પણ જેવા તેઓએ પોતાના ધર્મપત્નીને જોયા અને તેમને ખ્યાલ આવ્યો કે થોડા સમય માટે તેઓ ઘરની બહાર જઈને આવ્યા છે, તેઓએ કડક શબ્દોમાં પોતાના પત્નીને કહ્યું કે, 'ભાન પડે છે કે નહિ, શિક્ષાપત્રીનો ઉપદેશ ખબર નથી? હું ઘરમાં એકલો હતો અને પેલા બહેન ઘરમાં હતા. તમે મને કીધું હોત તો હું ઘરની બહાર નીકળી જાત!' પરસ્ત્રી સાથે એકાંતમાં ન રહેવાની શ્રીજીમહારાજની આજ્ઞા પાળવાનો કેવો ખટકો!

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, 'એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તે ઉપરથી અમારે કોઈ દિવસ હેત ઓછું થાય નહિ...અને તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ.' નિષ્કામ ધર્મની આ દૃઢતાને કારણે તેઓ ઉપર સત્પુરુષનો અપાર રાજીપો હતો. સેવાની સાથે નિષ્કામ ધર્મમાં અણિશુદ્ધ રહીશું તો આપણને પણ મહંતસ્વામી મહારાજ અખંડ સાથે અનુભવાશે અને ત્યારે જ આપણને તેઓના અંતરનો રાજીપો પ્રાપ્ત થશે.

# અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

# દર્શનનો ખપ

ચોમાસાની ઋતુ હતી. ધીરો ધીરો વરસાદ પડતો હતો. કૃષ્ણ પક્ષની એ રાત્રે ચોતરફ મંદ શીતળ હવા પ્રસરી રહી હતી. શ્રીજીમહારાજ સભા ભરીને બેઠા હતા. સૌ સંતો શ્રીહરિની અમૃતવાણીનું રસપાન કરી રહ્યાં હતાં. ગુણાતીતાનંદ સ્વામી તો ચકોર જેમ ચંદ્રને નીરખે તેમ શ્રીજીમહારાજના દર્શનમાં તન્મય થઈ ગયા હતા. કથા પૂરી કરી મહારાજ દરબારમાં બાઈઓને વાતો કરવા પધાર્યા. સંતો સૌ વિખરાયા ને પોતપોતાને સ્થાને જવા લાગ્યા.

મધરાત સુધી મહારાજનો લાભ લેવા છતાં ગુણાતીતાનંદ સ્વામીને હજુ દર્શનથી તૃપ્તિ થઈ નહોતી. તેથી તેઓ ભણનારા સાધુના ઓરડાની ભીંતે, નેવા નીચે ઊભા રહી મહારાજની પ્રતીક્ષા કરતા હતા. એટલામાં મુક્તાનંદ સ્વામી કોઈ કારણસર ઓરડાની બહાર આવ્યા અને અંધારામાં નેવાં નીચે કોઈ સંતને ઊભેલા જોઈ તેઓએ પૂછ્યુંઃ ‘એ કોણ ત્યાં ઊભું છે?’ ત્યારે સ્વામીએ કહ્યુંઃ ‘એ તો હું ગુણાતીતાનંદ છું.’ એટલે મુક્તાનંદ સ્વામીએ ફરી પૂછ્યુંઃ ‘અત્યારે મોડી રાત્રે ત્યાં કેમ ઊભા રહ્યા છો? જાઓ હવે સૂઈ જાઓ.’ તે સાંભળી સ્વામીશ્રી મુક્તાનંદ સ્વામીની નજીક આવ્યા અને હાથ જોડી કહ્યુંઃ ‘મહારાજ દરબારમાં વાતો કરવા પધાર્યા છે. હમણાં ઉતારે પોઢવા પધારશે, તેથી દર્શન કરવાના લોભથી ઊભો છું.’ આ સાંભળી મુક્તાનંદ સ્વામી તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા! મનોમન વિચારવા લાગ્યા કે, ‘અહો! અતિ શ્રદ્ધાળુ પુરુષ! નથી દેહની પડી કે નથી નિદ્રાની!’ એટલું વિચારી પોતે ઓરડામાં પોઢવા પાછા ગયા.

પરંતુ આસને બેસીને વિચાર કરવા લાગ્યા કે, ‘અહો! આ સાધુ મારી પાસેથી થોડા જ સમયમાં ધ્યાનનો પ્રબળ અભ્યાસ કરી, શ્રીજીમહારાજની મૂર્તિના અંતરમાં અખંડ દર્શન કરે છે. છતાં પણ પ્રત્યક્ષ મહારાજની મૂર્તિનાં દર્શન માટે કેટલી આતુરતા છે!’ આ પ્રમાણે સ્વામીના જ વિચારમાં મુક્તાનંદ સ્વામીની રાત વીતી. ગુણાતીતાનંદ સ્વામી તો ત્યાં અર્ધભીંજાયેલી સ્થિતિમાં લગભગ બે કલાક ઊભા રહ્યા. મોડી રાત્રે જ્યારે મહારાજ દરબારમાંથી પોઢવા માટે અક્ષર ઓરડીમાં પધારવા નીકળ્યા, ત્યારે અંધારામાં લબકઝબક દર્શન કરી સ્વામી ગામ બહાર એક વૃક્ષના થડની ઓથે જઈને પોઢી ગયા.

કોટિ બ્રહ્માંડ ઊડે રોમમાં રે, મૂળ ‘અક્ષર’ અવતાર;
હરિવર અંગોઅંગ મ્હાલતા, તોય નીરખ્યા પલવાર;
ઊભા અક્ષરબ્રહ્મ ભીંજતા...

જેઓના રૂંવાડે રૂંવાડે અનંત કોટિ બ્રહ્માંડો ઊડતાં ફરે છે અને જેઓએ શ્રીહરિને અંગોઅંગમાં ધારણ કર્યા છે, છતાં પ્રગટ મૂર્તિના દર્શનની કેવી તાણ! પ્રગટના ભક્તોએ પ્રત્યક્ષ ગુરુહરિના દર્શનનો કેવો ખપ રાખવો જોઈએ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે ગુણાતીતાનંદ સ્વામી.

# દૃષ્ટિનો સંયમ

સંવત ૧૮૬૯ની સાલમાં કાઠિયાવાડમાં ભયંકર દુકાળ પડ્યો હતો. દુકાળના ભારને હળવો કરવા મહારાજે મુક્તાનંદ સ્વામીને બસો સંતોના મંડળ સાથે સુરત મોકલ્યા હતાં. આ મંડળમાં ગુણાતીતાનંદ સ્વામી પણ હતા. સંતોના ઉતારાની સામે ખંડિયેર મકાનમાં એક નીલ વાંદરું કોઈએ બાંધેલું હતું. વાંદરાની ચંચળતાથી સહેજે જ સૌની દૃષ્ટિ તેની ઉપર પડતી.

એક રાત્રે કથાપ્રસંગે, મુક્તાનંદ સ્વામીએ સૌ સંતોને કહ્યું: 'જુઓ! આપણી ઈન્દ્રિયો કેટલી બધી ચંચળ છે! આપણને હંમેશાં તે છેતરે છે. સામેના મકાનમાં એક વાંદરું છે. તે તરફ દૃષ્ટિ કરવાની આપણે કાંઈ જરૂર નથી, છતાં આપણામાંથી કોઈ પણ એ વાંદરું જોયા વગર નહિ રહ્યા હોય. જેમણે એ ન જોયું હોય તે ઊભા થાય.' મુક્તાનંદ સ્વામીનું એ વચન સાંભળીને સૌ સંતો સ્તબ્ધ થઈ ગયા! આ સમયે તે બસો સંતોમાંથી ફક્ત એક ગુણાતીતાનંદ સ્વામી હાથ જોડીને ઊભા થયા. તે જોઈને મુક્તાનંદ સ્વામી અતિશય આશ્ચર્ય પામ્યા અને કહ્યું: 'અહો! બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા (સંયમવાળા) એક તમે જ નીકળ્યા. મારી પોતાની પણ દૃષ્ટિ તે તરફ ગઈ છે.'

ગુણાતીત સત્પુરુષો તો અનાદિ સિદ્ધ છે છતાં આ લોકમાં એવી રીતે વર્તે છે કે જાણે આદર્શ સાધક હોય. તેઓ આપણને સાધનાનો આદર્શ પૂરો પાડે છે. આધ્યાત્મિક માર્ગમાં દૃષ્ટિના સંયમથી ધર્મ-નિયમની દૃઢતા વધે છે. આપણી આંતરિક શક્તિઓ ઊજાગર થાય છે અને મન એકાગ્ર થાય છે. સૌથી મોટો લાભ તો એ કે આપણું સ્વામીબાપા સાથેનું જોડાણ વધે છે. જ્યારે આપણે ગુરુવર્યો સામે જોઈએ ત્યારે સહેજે અંતદૃષ્ટિ થાય છે કે શું મારા જીવનમાં દૃષ્ટિનો એવો સંયમ છે? શું મારી આંખો નિયમની પાળ ઊલ્લંઘે છે? નિયમલોપથી મારી ઉપર સ્વામીબાપા રાજી થશે? આ પ્રશ્નોના પ્રામાણિક જવાબો આપણને આપણી વાસ્તવિક પરિસ્થિતિના દર્શન કરાવે છે.

યાદ રહે કે આપણી દૃષ્ટિ ગુરુ ઉપર હોય કે ન હોય પરંતુ ગુરુની દૃષ્ટિ તો સતત આપણી ઉપર છે જ! અંતર્યામીથી કશું અજાણ નથી. આટલું અનુસંધાન પણ દૃષ્ટિનો સંયમ કેળવવામાં ખૂબ મદદરૂપ નીવડશે.

# મારે તો પણ મીઠાં ફળ દે

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામીના મંડળમાં વિચરણ કરતા હતા. એક વખત આ સંતમંડળ ફરતું ફરતું શેત્રુંજી નદીના કાંઠે સાવર ગામમાં પધાર્યું. નદી કાંઠે ઉતારો કરી સંતો ગામમાં ઝોળી માંગવા ગયા. આ અરસામાં સ્વામિનારાયણના સાધુઓને હલકા પાડવા માટે દ્વેષીઓ તેમને ‘મુંડિયા’ કહી હડધૂત કરતાં. આ સંતોની સાધુતામાં કહેવાતા ભેખધારીઓને પોતાની માનહાનિ અને આજીવિકાનો નાશ દેખાતો. તેથી સર્વત્ર આ સંતો વિરુદ્ધ તેઓએ વિરોધનું વાવંટોળ જગાડ્યું હતું. જેનો પવન આજે સાવર ગામમાં પણ ફૂંકાયો. સાવર ગામનો ગરાસદાર ઊગો ખુમાણ ભેખના શબ્દોથી ભરમાઈને સત્સંગનો કટ્ટર દ્વેષી બની ગયો હતો. તેણે પોતાના નોકરોને હુકમ કર્યો કે, ‘આ બાવાઓને ગામની બહાર કાઢી મૂકો. છોકરાં ભેગા કરી તેમની પાછળ વહેતા મૂકો. ધૂળ, છાણાં ને પથરાનો વરસાદ તેમના ઉપર વરસાવો.’

દરબારનો હુકમ થતા જુવાન છોકરાઓનું ધણ (ટોળું) સાધુઓ પાછળ દોડ્યું. હાથમાંથી ઝોળીઓ આંચકી લીધી. પથરા, છાણાં અને ધૂળનો વરસાદ તેમના ઉપર કર્યો. બાવળની કાંટાળી સોટીઓથી નિર્દોષ સાધુઓને નિર્દય રીતે મારી, લોહીલુહાણ કરી ગામ બહાર કાઢી મૂક્યા.

કીડી જેવા જીવને પણ કદી ન દુખવતા સાધુઓની આવી કરુણ દશા થઈ. સંતો નદીકાંઠે ઝાડની ઓથે આવીને બેઠા. ભૂખના દુઃખથી અને મારથી ટેવાયેલા આ સંતો તો આનંદથી ‘સ્વામિનારાયણ’નું ભજન કરતા હતા. પરંતુ અસહ્ય મારની પીડાથી અમુક સંતોના મુખેથી સિસકારા નીકળી જતા. આ જોઈ નદીએ ઢોર પાવા આવેલા ભરવાડો અને પાણી ભરવા આવેલી સ્ત્રીઓ ચર્ચા કરવા લાગી કે, ‘દરબાર કેવો નિર્દય છે. બિચારા સાધુઓને મારીને કાઢી મૂક્યા. ભિક્ષા પણ લેવા દીધી નહિ. એવા ને ત્યાં દીકરો તે ક્યાંથી હોય!’ આ શબ્દો સંતોને કાને પડ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ સૌ સંતોને કહ્યું: ‘દરબારનો દ્વેષ તો અણસમજણનો છે. આપણે તેને ઘેર દીકરો થાય તેવો સંકલ્પ કરીએ, તે દીકરાના પ્રસંગથી દરબારગઢમાં સંતોની ઝોળીઓ ટીંગાય.’ સંતોએ દરબારના ઘેર પારણું બંધાય તે માટે ધૂન કરી. જેમ ઝાડ પર પથરા નાખે તોય મીઠાં ફળ જ આપે, તેમ સંતોને માર્યા તોયે પરોપકારી સંતોએ બદલામાં દરબારને દીકરો આપ્યો.

આગળ જતાં ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી ઊગા ખુમાણને ત્યાં જીવણા ખુમાણ નામે દીકરાનો જન્મ થયો. ફરી વાર સ્વામી એ ગામમાં પધાર્યા ત્યારે જીવણો ગુણાતીતાનંદ સ્વામીનો હાથ પકડીને સ્વામી સહિત સૌ સંતોને દરબારમાં લઈ આવ્યો. સીધુ મંગાવી રસોઈ આપી. આ પ્રસંગે ઊગા ખુમાણની આંખોમાંથી પશ્ચાતાપના આંસુ સરી પડ્યા. સ્વામીએ તેના ગુના માફ કરી નિત્ય સ્વામિનારાયણ નામની પાંચ માળા કરવા આદેશ આપ્યો.

શિક્ષાપત્રીમાં શ્રીહરિએ કરેલ આજ્ઞા, ‘... કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું પણ તેનું ભૂંડું થાય તેવો તો સંકલ્પ પણ ન કરવો.’ ગુણાતીતાનંદ સ્વામીની જીવનશૈલીમાં સહજ જોવા મળતી.

# 'આ અમારાં તિલક'

ફૂલદોલનો સમૈયો કરવા ભગવાન સ્વામિનારાયણ સંતમંડળ સહિત પંચાળા પધાર્યા હતા. એક વખત સભામાં મહારાજે સૌ સંતોને અહીંની ચંદન જેવી પીળી માટીના ખડાં (ટૂકડાં) આપ્યાં અને સંતોને તિલક કરવાની આજ્ઞા કરી. બીજે દિવસે સવારે મહારાજે જોયું તો કોઈના કપાળમાં તિલક નહિ. મહારાજે કારણ પૂછ્યું ત્યારે સૌ કહે કે, 'તિલક કરવું શેનાથી?' મહારાજે આગલે દિવસે બધાને માટીના ખડા આપેલા તે યાદ કરાવ્યું. ત્યારે સૌ ભોંઠા પડી ગયાં, કારણ કે મહારાજની પ્રસાદી જાણી તે ખડા સંતો જમી ગયાં હતાં. પછી મહારાજે ફરીથી સૌને ખડા અપાવ્યાં. બીજે દિવસે સંતો કપાળમાં ચિત્ર-વિચિત્ર તિલક કરીને સભામાં આવ્યાં. આ ભેંસ-ભડકામણાં તિલક જોઈને મહારાજ ખૂબ હસ્યા. પછી પોતાના તિલક સમાન સંતની સૌને ઓળખાણ કરાવવા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં પોતાના શુભ હસ્તે તિલક અને મધ્યે કુમકુમનો ચાંદલો કર્યો. પછી સ્વામીને બતાવતાં સૌ સંતોને સંબોધીને કહ્યું: 'જુઓ! આ અમારા તિલક!' વળી, વધુ સ્પષ્ટતા કરતાં મહારાજ બોલ્યા: 'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' એમ પોતાના પુરુષોત્તમ સ્વરૂપની અનન્યતા અને સ્વામીના અક્ષર સ્વરૂપની અદ્વિતીયતા મહારાજે સૌને સમજાવી.

આ રીતે ઘણી વાર શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીની 'અક્ષર' તરીકેની ઓળખાણ સંતો-ભક્તોને કરાવી છે. સંવત ૧૮૬૬ના પોષ સુદ પૂનમે ડભાણમાં મૂળજી શર્માને દીક્ષા આપી ગુણાતીતાનંદ સ્વામી નામાભિધાન કર્યું. એ સમયે પણ મહારાજે વાત કરી હતી કે, 'આજે ભાદરામાં પ્રગટ થયેલા મૂળજી શર્મા જે અમારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મધામ છે તેને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે. એ અક્ષરબ્રહ્મધામ અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત છે. અને તેમાં હું મારા અનંત મુક્તો સાથે રહું છું.' આ પ્રસંગને હરિલીલાકલ્પતરુ ગ્રંથમાં (૭/૧૭/૪૯-૫૦) પણ આલેખિત કર્યો છે. આવા તો અનેક પ્રસંગોએ પોતાના સર્વોત્તમ ભક્ત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી શ્રીહરિએ મોક્ષની ધારા અખંડિત રાખી છે.

# અનાદિના સેવક

વરતાલમાં એક વખત શ્રીજીમહારાજની આજ્ઞાથી ગુણાતીતાનંદ સ્વામી કેટલાક માંદા સાધુની સેવામાં રોકાયા હતા. દરેકની રુચિ પ્રમાણે જમવાનું કરી આપે, ટેલ-ચાકરી કરે અને સહુની ગોદડીઓ પણ ધોઈ નાખે. આ જોઈ કેટલાક સાજા-સારા સાધુઓએ પણ પોતાની ગોદડીઓ, માંદા સાધુઓની ગોદડીઓ ભેગી ધોવા આપી દીધી. લગભગ અઢાર જેટલી ગોદડીઓ ભેગી થઈ હતી, પણ સ્વામી કોઈ ફરિયાદ કે અણગમા વગર પ્રેમથી સૌની સેવા કરતા. ગોમતી તળાવમાં ગોદડીઓ ધોઈ, બંને ખભા ઉપર ઊંચકી સ્વામીશ્રી મંદિરે આવતા હતા. પરિશ્રમથી શરીરે પરસેવો વળી ગયો હતો. સાથે ભીની ગોદડીઓનું પાણી શરીરના અંગો પર રેલાતું હતું.

બરાબર તે જ વખતે મહારાજ વાસણ સુથારને ઘેર જમીને મંદિરના હનુમાનવાળા દરવાજે આવ્યા. સ્વામીશ્રી તો મહારાજની મૂર્તિમાં વૃત્તિ પરોવી, અનિમિષ દૃષ્ટિએ દર્શન કરતાં ઊભા રહી ગયા. મહારાજ પણ સ્વામીની પ્રેમદોરીએ બંધાયેલા ત્યાં જ ઊભા રહ્યા. ભક્ત અને ભગવાનનું અલૌકિક દૃષ્ટિમિલન ચાલ્યું. થોડી વાર થઈ એટલે મહારાજે રજા માંગતાં પૂછ્યું: ‘સાધુરામ! હવે ચાલશું?’ એટલે સ્વામીએ દૃષ્ટિ ખેંચી લીધી. પછી મહારાજ સભામાં પધાર્યા. અહીં વિશિષ્ટ ચરિત્ર કરતાં મહારાજ શરીરે એકદમ અકળામણ બતાવવા લાગ્યા. એટલે સેવકો પંખો નાખવા લાગ્યાં, તો કોઈ ઠંડું પાણી લઈ આવ્યું. ત્યારે મહારાજ કહે: ‘મારે કાંઈ જોઈતું નથી, પણ પેલા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લો.’ મહારાજનો કહેવાનો ભાવ હતો કે ‘ગુણાતીતાનંદ સ્વામીના ખભે જે ગોદડીઓ છે તેનો ભાર મને લાગે છે.’ આ સાંભળી ભગુજી દોડ્યા અને સ્વામી પાસે જઈ એમના ખભા ઉપરથી ગોદડીઓ લઈ લીધી. તે મહારાજ પાસે લાવીને મૂકી. મહારાજે જેમની ગોદડીઓ હતી તેમને બોલાવ્યા. માંદા સાધુઓ તો પોતાની ગોદડીઓ લઈ ગયા, પણ જે સાજા હતા તે શરમાઈને આવી શક્યા નહિ. મહારાજે તત્કાળ સભા બોલાવી. મહારાજ જાણતા હતા કે ગુણાતીતાનંદ સ્વામી તો મારા અનાદિના સેવક છે. સંતો-ભક્તોની સેવામાં તે તો ક્યારેય પાછી પાની કરશે નહિ, પણ સૌને ખ્યાલ હોવો જરૂરી છે કે આ કોઈ સામાન્ય સાધુ નથી કે તેમની પાસે આપણે આવી ટેલ-ચાકરી કરાવીએ.

તેથી મહારાજે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓને બોલાવીને પૂછ્યું: ‘આ ગુણાતીતાનંદ સ્વામી કેવા સાધુ છે?’ ‘એ તો બહુ સારા સાધુ છે. કીર્તનો બહુ મોઢે છે ને વાતો પણ કરે છે. સેવા પણ ખૂબ કરે છે ને તપસ્વી પણ ભારે છે.’ સદ્‌ગુરુઓ બોલ્યા. ‘એ તો તમે ઉપલ્યા ગુણ કહ્યા, પણ એ તો બહુ સમર્થ સાધુ છે, કાં જે, જેમ સાણસામાં સાપ પકડે તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં એમણે ઝાલી રાખી છે.’ મહારાજે કહ્યું.

તે સાંભળી હિન્દુસ્તાની (ઉત્તર ભારતથી આવેલા હિન્દીભાષી) મહાનુભાવાનંદ સ્વામી કહેઃ 'મહારાજકુ ક્યું પકડા હૈ? છોડ દો.' ત્યારે મહારાજે એમને સમજાવ્યુંઃ 'એણે તો અમને અખંડ પકડી રાખ્યા છે, પરંતુ અમને તેનું દુઃખ થતું નથી, પણ એમની જેમ બીજાને અમારી મૂર્તિ પકડવી કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક છે. આ સાધુ દ્વારા જ અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે. આ સાધુ જેવો અમારો અદ્ભૂત મહિમા જાણે છે તેવો બીજા જાણતા નથી. માટે આવા સાધુ પાસે સાજા સાધુ સેવા કરાવે, તે કેવું કહેવાય?' આ પ્રમાણે મહારાજે સૌ સદ્ગુરુઓને સ્વામીનો મહિમા સમજાવ્યો.

સ્વામીના શરીરે રહેલી ગોદડીઓનો ભાર શ્રીજીમહારાજને અનુભવાય, અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે કેવું એકાત્મ્ય છે!

# બ્રાહ્મીસ્થિતિના ઘડવૈયા

એક વખત જન્માષ્ટમીનો સમૈયો કર્યા પછી ગુણાતીતાનંદ સ્વામી સોરઠ દેશમાં રઘુવીરજી મહારાજ સાથે વિચરણ માટે નીકળ્યા. રસ્તામાં રઘુવીરજી મહારાજે પેંડાની કોથળી કાઢીને એક પેંડો સ્વામીશ્રીને આપતાં કહ્યું: 'આપણે મુકામે પહોંચતાં મોડું થશે. માટે આ પેંડો જમો.'

એટલે સ્વામીશ્રીએ પેંડો પાછો આપીને કહ્યું: 'આપ આમ કરશો તો અમારે ને તમારે ભાઈબંધાઈ નભશે નહિ.'

પરંતુ રઘુવીરજી મહારાજે બહુ આગ્રહ કરીને કહ્યું: 'અડધો તો જમો.' એટલે સ્વામીશ્રીએ અડધા પેંડાના બે ભાગ કર્યા. તેમાંનો અર્ધો ભાગ જાગા ભક્તને આપ્યો અને અરધો હાથમાં લઈ થોડી વાર વિચારી રહ્યા ને પછી બોલ્યા, 'પાંચસો પરમહંસ ગળું ઝાલીને કહે છે ઝેર છે, ખાઈશ નહિ.'

સ્વામીશ્રીનો આવો ત્યાગ-વૈરાગ્ય જોઈને રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું: 'આપ આવી રીતે વર્તો છો તો અમારા શા હાલ થશે?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'આપ તીર્થવાસી થઈને જૂનાગઢ આવો. જો હું તમારી ગ્રંથિઓ ગાળી ના નાખું તો હું ગુણાતીત નહિ.'

રઘુવીરજી મહારાજે પણ અત્યંત મુમુક્ષુતાથી સ્વામીશ્રીનું આ વચન ઝીલ્યું. સંવત ૧૯૧૭માં ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી નિવૃત્ત થઈ જૂનાગઢ પધાર્યા. ચોમાસામાં સાડા ત્રણ માસ તેઓ ગુણાતીતાનંદ સ્વામી સાથે તીર્થવાસી થઈને રહ્યા.

રસાસ્વાદ, નિદ્રા વગેરેનો ત્યાગ કરી રઘુવીરજી મહારાજ સ્વામીશ્રીના સમાગમનો અખંડ લાભ લેતા. સવારના મંગળા આરતી વખતે તૈયાર થઈ કથામાં આવી જતા અને શણગાર આરતી સુધી કથા સાંભળતા. પછી ઉતારે પધારી ખીચડી અથવા બાટી ને મગની દાળ ઝટ-ઝટ બનાવીને વળી કથામાં બેસી જતા. બપોરે ભોજન પછી પણ આરામ ન લેતાં સભામાં પધારી ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળતા.

તેમની આવી દૃઢ શ્રદ્ધા અને નિર્માનીપણું જોઈ સ્વામીશ્રીએ તેમને લક્ષ્યમાં રાખી સર્વોપરી નિષ્ઠા, એકાંતિક ધર્મ વગેરેની અદ્‌ભૂત વાતો કરી પોતાના સંબંધે ગુણાતીત કરી દીધા. તેથી જ સ્વામીશ્રી કહેતા કે, 'આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો.' 'મને ઓળખ્યો' એટલે સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ નિષ્ઠા તેમને થઈ ગઈ!

આ બાબતની ખાતરી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વરતાલના કોઠારી ગોરધનભાઈ પાસે કરી હતી. શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું હતું કે, 'આચાર્ય રઘુવીરજી મહારાજ ગુણાતીતનંદ સ્વામીને 'અક્ષર' માનતા એ વાત સાચી છે?' ત્યારે ગોરધનભાઈએ વિશ્વાસ સાથે કહ્યું કે, 'સત્તરની સાલમાં (સંવત ૧૯૧૭માં) રઘુવીરજી મહારાજ જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા ગયા ત્યારે સ્વામીરૂપ થઈ ગયા હતા.'

ગુણાતીતાનંદ સ્વામીએ તેઓની વાતોમાં કહ્યું છે કે, 'જે શિષ્ય હોય તે ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી નાખે, પણ તે વિના તો ટળે નહિ.' તેમ આપણે ગુણાતીત સત્પુરુષનો આશરો તો સ્વીકાર્યો છે, પણ જો તેઓને મન અર્પણ કરી દઈએ, રઘુવીરજી મહારાજની જેમ શ્રદ્ધા અને ખપથી તેઓનો સમાગમ કરીએ તો આપણે પણ બ્રાહ્મીસ્થિતિને પામી જઈએ.

# સેવા કરે તે મહંત

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી ચાલીસ વર્ષ સુધી જૂનાગઢ મંદિરના મહંત તરીકે રહ્યા. પરંતુ પદનો મદ ક્યારેય તેઓને સ્પર્શી શક્યો નહોતો. શ્રીજીમહારાજની આજ્ઞાથી સેવા માની તેઓ આ મહંતપદને શોભાવતા હતા, જે તેઓના વર્તન દ્વારા સૌ કોઈને અનુભવાતું. એક વખત તરણેતરના મહંત ગુણાતીતાનંદ સ્વામીને મળવા માટે જૂનાગઢ મંદિરે પધાર્યા. ત્યારે મંદિરના પ્રાંગણમાં સ્વામી વાસીદું વાળતા હતા. મહંતજીએ સ્વામીશ્રીને પૂછ્યું કે, 'આ મંદિરના મહંત ક્યાં મળશે?' સ્વામીશ્રીએ નમ્રતાથી જવાબ આપ્યો કે, 'ઉપર જાઓ ત્યાં મળશે.'

થોડી વારમાં સ્વામી હાથ-પગ ધોઈ પોતાના આસને પધાર્યા. તરણેતરના મહંત તો સ્વામીશ્રીને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓએ નવાઈ પામતાં પૂછ્યુંઃ 'તમે મહંત! તમે તો હમણાં ચોક વાળતા હતા ને?' ગુણાતીતાનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યુંઃ 'અમારે ત્યાં તો સેવા કરે એ જ મહંત.'

ચાલીસ વર્ષથી ગુણાતીતાનંદ સ્વામી 'મહંત' પદે બિરાજમાન હતા, તે પણ સૌના માટે આશ્ચર્યનો વિષય હતો. તેનો ફોડ પાડતાં સ્વામીશ્રીએ કહ્યું કે, 'લોકોને દ્રવ્ય અને સત્તાનો મોહ છે. અમારી પાસે દ્રવ્ય તો શું પણ ધાતુની કોઈ ચીજ કે સારું વસ્ત્ર પણ નથી. અમારી પૂજામાં તિલકિયું અને ચાંદલિયું તે પણ લાકડાનાં છે. સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ છે તેથી આ મહંતાઈ ટકી છે.'

ગુણાતીત રીત જગતથી નિરાળી છે. અહીં મોટપ સત્તા કે સંપત્તિથી નહિ, પણ સેવાથી છે. એ ગુણાતીત વારસો આજપર્યંત આપણા ગુરુવર્યોએ જાળવી રાખ્યો છે. આપણે પણ તેઓના પગલે પગલે ચાલવાનું છે. આપણાં મંદિરમાં ચાલતી સેવાઓમાં આજ્ઞા મુજબ અથવા યથાશક્તિ જોડાવાનું છે. તો જ આપણે ગુણાતીતના વારસ કહેવાઈએ, ખરું ને?

# માન-અપમાન મેં એકતા

સંવત ૧૯૨૨ની સાલમાં ચૈત્રી પૂનમના સમૈયા ઉપર ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધાર્યા હતા. 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે' એ વાતનો પ્રચાર સ્વામીની ઈચ્છાથી સત્સંગમાં પ્રાગજી ભક્તે શરૂ કર્યો હતો. આ વાત કેટલાકને રુચતી નહિ. એટલે આ સમૈયામાં સૌએ ગુણાતીતાનંદ સ્વામીને ઠપકો દેવાનું નક્કી કર્યું હતું.

પૂનમના દિવસે સવારની સભામાં શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપદાસજીની શિખવણીથી ગઢડાના કરુણાનંદ બ્રહ્મચારીએ કહ્યું કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી પણ પ્રભુ થયા છે અને ભગવાનની જેમ લોકો તેમની પૂજા કરે છે. તેમના નખ, કેશ વગેરે પૂજે છે. તેમને કેમ કોઈ કાંઈ કહેતું નથી? તે સાંભળી શુકસ્વામીએ કહ્યુંઃ 'સ્વામી! તમે કેમ કાંઈ તજવીજ રાખતા નથી? તમારે ત્યાં જૂનાગઢમાં અનેક ઉપાધિઓ ઊપજે છે તેમાં શું તમારી મરજી છે?' એટલું કહીને તેમણે સભાને સંબોધતાં કહ્યું, 'મને કોઈ શુકજી કહેશો નહિ.' પછી સ્વામીશ્રી તરફ ફરીને કહ્યુંઃ 'અને, સ્વામી! તમને બધા અક્ષર માને છે તે તમે અક્ષર મનાવશો નહિ.' છોતેરાનો મેહ વરસે તેમ અપમાનની ઝડી વરસી રહી હતી. સ્વામીએ તો સ્વસ્થચિત્તે બધું સાંભળી લીધું. પછી ધીરગંભીર સ્વરે બોલ્યા કે, 'પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે, બીજા કોઈથી પ્રભુ થવાશે નહિ. આપણે તો સાધુ છીએ. પરંતુ જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય હોય. જેવો રાજાનો હુકમ ચાલે, તેવો રાણીનો હુકમ પણ ચાલે અને જેવો ભગવાનનો પ્રતાપ, તેવો સાધુનો પણ પ્રતાપ કહેવાય.' આ સાંભળી કોઈ કાંઈ બોલી શક્યા નહિ.

શ્રીહરિના પરમ એકાંતિક સંતનું ભરસભામાં આવું અપમાન જોઈ સીંજીવાડાના પ્રભુદાસે ઊભા થઈને સભામાં પડકાર કર્યો કે, 'આ રીતે સ્વામીને કહેવામાં શું કોઈની લાયકાત છે?' એટલામાં કોઈ આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજને બોલાવી લાવ્યું અને શણગાર આરતીનો ડંકો વાગ્યો એટલે સૌ આરતીનાં દર્શને ગયા. સ્વામી આચાર્ય મહારાજ સાથે મંદિરમાં દર્શને પધાર્યા. દર્શન કરી ઊતરતા હતા ત્યાં સામે માળી ગુલાબનો હાર અને ગજરા લઈને ઊભો હતો. આચાર્ય મહારાજની આજ્ઞાથી માળીએ ગુલાબનો હાર સ્વામીને પહેરાવ્યો. આચાર્ય મહારાજ ઉતારે પધાર્યા. સ્વામી સાધુની ધર્મશાળામાં જતા હતા, ત્યાં સામે શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપદાસ મળ્યા, એટલે સ્વામીએ પોતાની કોટમાંથી હાર કાઢી તેને પહેરાવ્યો અને બોલ્યાઃ

હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ;
ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.

એમ કહી સ્વામી આગળ ચાલ્યા. ત્યાં અદ્‌ભૂતાનંદ સ્વામી, શુકસ્વામી તથા પવિત્રાનંદ સ્વામીએ પોતાને આસને બોલાવી ગુણાતીતાનંદ સ્વામીની પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં અને સાકરનો પડો (ભેટરૂપે સાકર ભરેલો પડિયો) મૂકીને કહ્યું: 'સ્વામી! અમારું બોલ્યું માફ કરજો.'

માન-અપમાનના આવા પ્રસંગોમાં પણ સ્વામીની આવી સ્થિરતા જોઈ સદ્‌ગુરુઓને પ્રતીતિ થતી કે સ્વામી 'ગુણાતીત' ખરા!

# 'એ મોજ તો સવજી લઈ ગયો'

ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં નવી ધર્મશાળાનું બાંધકામ કરાવતા હતા. સ્વામીએ ધર્મશાળાના દરવાજા સામું જોઈ બાંધકામની સેવામાં રહેલા કૃષ્ણસેવાદાસ સ્વામીને કહ્યું, 'આ દરવાજો આમ ને આમ રહે ને મોતિયો (છતની ધાર નીચે લગાવાતું કલાકારીગારીવાળું પાટિયું, બાર્જબોર્ડ) મળે કે નહિ?'

કૃષ્ણસેવાદાસે કહ્યું, 'દરવાજો તો પાડવો પડે તો જ મોતિયો મળે.'

'દરવાજો તો પાડવો નથી.' સ્વામીએ કહ્યું.

બીજે દિવસે સવારે સ્વામી વતું (મુંડન) કરાવતા હતા. તે સમયે સવજી કડિયો દર્શને આવ્યો. સ્વામીએ વતું કરાવતાં કરાવતાં જ સવજીને પૂછ્યું, 'આ દરવાજો એમ ને એમ રહે ને મોતિયો મળે કે?'

'હા, મળે ને! હું મેળવી દઉં.' સવજીએ એક ક્ષણનો વિચાર કર્યા વિના કહ્યું.

સવજીની વાત સાંભળી સ્વામી અતિશય રાજી થઈ ગયા અને અડધું વતું બંધ રખાવી, ઊભા થઈ સવજીને ભેટ્યા.

કૃષ્ણસેવાદાસને ભંડારમાં સમાચાર મળ્યા કે સવજીએ મોતિયો મેળવી આપવાનું કહ્યું તો સ્વામી તેને ભેટ્યા. એટલે તેઓ દોડતા સ્વામી પાસે આવ્યા અને કહ્યું, 'સ્વામી! હું મોતિયો મેળવી દઉં.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'એ મોજ તો સવજી લઈ ગયો.'

સત્પુરુષના વચનને વિશ્વાસપૂર્વક તત્કાળ માની લઈએ તો તેઓનો અપાર રાજીપો થતો હોય છે. સવજીને ગુણાતીતાનંદ સ્વામીને રાજી કરવા હતા તો તેણે વિચાર્યું નહિ કે મોતિયો મળશે કે નહિ મળે. તેણે વિશ્વાસ રાખ્યો કે સ્વામીએ કહ્યું છે તો ગમે તેમ કરીને મોતિયો તો મળી જ જશે માટે આપણે સ્વામીનું વચન અધ્ધર ઝીલી લેવું. આવા રાજીપાના વિચાર સાથે તરત હા પાડી તો હજુ સવજી મોતિયો મેળવે તે પહેલા તેને સેવા કર્યાનું સ્વામીના રાજીપારૂપી ફળ પ્રાપ્ત થઈ ગયું.

આ રીતે સત્પુરુષની રૂચિમાં ભળી જઇ રાજીપાના વિચાર સાથે આપણી સેવા-ભક્તિ કે કોઈ પણ ક્રિયા કરીએ તો સત્પુરુષ આપણી ઉપર અઢળક ઢળી જાય છે.

# અનોખી માનતા

દર વર્ષના નિયમ પ્રમાણે એક વાર ગુણાતીતાનંદ સ્વામી ઊના વિચરણ અર્થે ગયા હતા. આ જ અરસામાં કોમી અથડામણને કારણે ઊનાના શેઠિયા વલ્લભજીભાઈ, કરમચંદભાઈ તથા અન્ય લોકો ઊનાથી હળિયાદ સ્થળાંતર થઈ ગયા હતા. વલ્લભજી શેઠના ભાઈ કલ્યાણજી શેઠ સ્વામી સાથે વિચરણમાં હતા. તેમણે સ્વામીને શેઠિયાઓની વ્યથા રજૂ કરતાં કહ્યું, 'સૌ શેઠિયા હળિયાદ આવીને રહ્યા છે. તે જો અહીં ઊના આવે તો આબરૂ જાય એમ છે અને ભાવનગર રહેવા જાય તો અહીં આ દેશમાં લાખો રૂપિયાની ઉઘરાણી બાકી છે તે મોટી ખોટ જાય. માટે ભારે સંકટ આવ્યું છે.'

સ્વામીએ ધીરજ આપતાં કહ્યું, 'અમે કહીએ એમ કરો તો બધું દુઃખ મટી જાય.'

'આપ કહેશો એમ કરીશું. આપ કહો તો રાધારમણદેવને ચાંદીના કમાડ, હિંડોળો વગેરે કરાવવાની માનતા રાખીએ.' કલ્યાણજી શેઠે કહ્યું.

શેઠની વાતથી સ્વામી હસ્યા અને કહ્યું, 'અમારે એ માનતા કરાવવી નથી. પણ અમારા વચને શ્રીજીમહારાજને સર્વોપરી સમજવાની માનતા કરો અને બીજાને સમજાવવાની માનતા કરો તો તમારું સર્વ દુઃખ તત્કાળ ટળી જાય.'

સ્વામીની વાત સાંભળી કલ્યાણજી શેઠે આશ્ચર્ય સાથે કહ્યું, 'સ્વામી! સર્વોપરી પુરુષોત્તમનારાયણને સમજવાની આવી માનતા તે તો તદ્દન નવી કહેવાય. એમાં તો અમારે માટે તો મુક્તિ અને ભુક્તિ બંને આવી ગયાં. માટે આજથી અમે મહારાજને સર્વોપરી સમજીશું અને બીજાને પણ એ સર્વોપરી સ્વરૂપ સમજાવીશું.'

સ્વામીના વચને શેઠિયાઓએ મહારાજનું સર્વોપરીપણું સમજવાની માનતા રાખી તો થોડા સમયમાં જ નવાબે સામેથી સૌને બોલાવ્યા અને વાજતે-ગાજતે સામૈયું કર્યું. બધાનું દુઃખમાત્ર ટળી ગયું. દેશકાળને લઈને સમજણમાં જે ખામી આવી ગઈ હતી તે સ્વામીના વચને ટળી ગઈ અને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દૃઢ થઈ ગઈ.

ગુણાતીતાનંદ સ્વામીનું સૌથી મોટું કાર્ય હોય તો એ હતું - ભગવાન સ્વામિનારાયણના સર્વોપરીપણાનું પ્રવર્તન. જો ગુણાતીતાનંદ સ્વામી ન પ્રગટ્યા હોત તો સ્વામિનારાયણ ભગવાનને લોકો અવતાર સમાન જ માની લેત. પરંતુ મહારાજની સર્વોપરી ઉપાસના સત્સંગમાં ગુણાતીતે પ્રવર્તાવી.

શ્રીજીમહારાજ સાથે વર્ષો સુધી ભેગા રહેલાઓને પણ મહારાજનું યથાર્થ સ્વરૂપ ઓળખવામાં ખામી રહી ગઈ હતી. તે ખામી ગુણાતીતે ટાળી. ૧૧૬ વર્ષના આત્માનંદ સ્વામીને જ્યારે મહારાજનું સર્વોપરીપણું ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવ્યું ત્યારે મહારાજ તેમને ધામમાં તેડી ગયા. મહારાજના ભાઈ રામપ્રતાપભાઈ, મહારાજના જમણા હાથ સમાન શુકાનંદ સ્વામી, સત્સંગની મા ગણાતા મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે અનેકને મહારાજની સર્વોપરી નિષ્ઠા ગુણાતીતાનંદ સ્વામીએ દૃઢ કરાવી હતી.

શ્રીજીમહારાજના યથાર્થ સ્વરૂપની વાતો જેવી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કરી છે તેવી બીજા કોઈ પરમહંસોએ કરી નથી. તેથી જ કહેવાયું છે,

સંપૂર્ણ મહિમા શ્રીજીનો ને પતિવ્રતાની ટેક,
પેખો સંતો પાંચસો, પણ ગુણાતીત તો એક.

# ગુણાતીત સંગે ગુણાતીત

કામરોળના દરબાર દાજીભાઈ સરકારી કામ પ્રસંગે જૂનાગઢ આવ્યા હતા. તેમણે સ્વામિનારાયણ મંદિરમાં ઉતારો રાખ્યો. મંદિરના મહંત ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે મંદિરમાં જે કોઈ આવે તેની ઉતારા-પાગરણ-જમવાનું વગેરેથી સંભાવના કરતા. જે એક વાર ગુણાતીતાનંદ સ્વામીની મહેમાનગતિનો લાભ લે તે તેઓને ભૂલી શકતા નહિ.

સ્વામીએ દાજીભાઈને હોકામેડીમાં ઉતારો આપ્યો. દરબારો તથા ગરાસિયાઓ કે જેઓને સત્સંગ ન હોય અને હોકા, બીડી, અફીણ વગેરેની લત હોય તેમને માટે સ્વામીએ મંદિરમાં અલગ ઉતારો બાનાવ્યો હતો, જેનું નામ હોકામેડી રાખ્યું હતું. વ્યસનીઓને સ્વામી ત્યાં ઉતારા આપતા જેથી તેમને વ્યસન કરવામાં સંકોચ ન થાય. વળી, સત્સંગીઓને પણ તેઓના વ્યસનથી ત્રાસ ન ઉપજે. ગુણાતીતાનંદ સ્વામીનો ઈરાદો વ્યસનને પ્રોત્સાહન આપવાનો નહોતો, પરંતુ તેઓ સમજતા કે આવા લોકોને સીધો ઉપદેશ આપવા કરતાં તે મંદિરમાં આવી સત્સંગીઓનાં વર્તન જોશે તો તેમની કુટેવો આપોઆપ છૂટી જશે. દાજીભાઈ પણ આ માંહીના એક હતા તેથી તેમને હોકામેડીમાં ઉતારો આપ્યો.

સવારની સભામાં સ્વામીએ દાજીભાઈને પૂછ્યું, 'દરબાર! ગુરુ કર્યા છે?'

દરબારે કહ્યું, 'હું ગુરુ જ ગોતું છું. હજુ સુધી ગુરુ મળ્યા નથી. કાં જે જેને ગુરુ કરવા જાઉં છું તે દારૂના બે શીશા અને બે બકરા માંગે છે. એટલે મને વિચાર થાય છે કે એવું તો હું પણ કરું છું. એટલે એવા ગુરુ મારું શું ભલું કરે?'

દરબારની આ વાત સાંભળી સ્વામી હસ્યા અને કહ્યુંઃ 'દરબાર! આ ગુરુ તેવું માંગે એવા નથી.' એમ કહીને સ્વામીએ કહ્યુંઃ 'દારૂ, માટી, ચોરી, વ્યભિચારનો ત્યાગ ને વટલવું-વટલાવવું નહિ, એ પાંચ નિયમો પળાવી સ્વામિનારાયણનું ભજન અમે કરાવીએ છીએ.'

ગુણાતીતાનંદ સ્વામીની આ વાત સાંભળીને અને તેમનાં દર્શન કરીને દરબારનું હૈયું ટાઢું થઈ ગયું. તેમના સંકલ્પો બધા બંધ થઈ ગયા. તેમનું અંતર સ્વામીશ્રી પ્રત્યે ખેંચાયું. તેથી તેમણે હાથ જોડીને કહ્યુંઃ 'સ્વામી! આજથી આપના વચને હું દારૂ નહિ પીવું તેમજ માંસ પણ નહિ ખાઉં. ચોરી તો હું કરતો નથી. તેમજ વટલવું-વટલાવવું હું હવે કરીશ નહિ.' સ્વામીને મહાપુરુષ જાણી નિષ્કપટ થતાં દરબાર આગળ બોલ્યા, 'પણ સ્વામી, મેં યુવાવસ્થામાં ત્રાંબાની ભસ્મ ખાધી છે ને ચકલાંની જીભો કપાવીને ખાધી છે, તેથી નિષ્કામ ધર્મ મારાથી પળે તેમ નથી.'

દરબારે નિષ્કપટપણે પોતાની હકીકત કહી દીધી, તેથી સ્વામી તેમના ઉપર રાજી થયા. પછી કહ્યું: 'આ ચાર નિયમો તમે પાળજો. પાંચમું નિષ્કામ ધર્મ અમે તમને પળાવીશું.' એમ કહીને સ્વામીએ દરબારને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા અને સ્વામિનારાયણની પાંચ માળા પોતા તરફ દૃષ્ટિ રાખીને ફેરવવાની આજ્ઞા કરી. એટલે દરબારે સ્વામીશ્રી તરફ દૃષ્ટિ રાખી પાંચ માળા ફેરવી કે તરત જ સ્વામીએ તેમનાં નેત્રમાંથી કામ ખેંચી લીધો. સ્વામીની આ અસાધારણ કૃપાથી કામાદિક દોષના તેમના તમામ સંકલ્પો શમી ગયા! અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ! રોજ પાંચ શેર દૂધ કાઢીને તેમાં શેર સાકર નાખીને પીતાં ને બશેર લોટની પૂરી જમી જતાં એવા બળવાન હતા, છતાં તેમને કામનો સંકલ્પ ઊઠતો નહિ. ગુણાતીતાનંદ સ્વામી થકી દરબાર નિર્દોષ થઈ ગયા.

આવા તો કંઈક ખારા જીવોને મીઠા કરી દેનાર વડવાનળ સમાન સત્પુરુષ હતા ગુણાતીતાનંદ સ્વામી. પાપના પર્વત સમા લીલાખાનો મુંજો સૂરુ હોય કે બહારવટે ચડી લોકોને રંજાડતો બાબરિયાવાડનો વાલેરો વરુ - ગુણાતીતના પ્રસંગમાં આવનાર હરકોઈ જીવમાંથી શિવ બની ગયા છે.

શ્રીજીમહારાજે સર્વ આશ્રિતોને આજ્ઞા કરી હતી, 'વર્ષોવર્ષ એક માસ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જે જૂનાગઢ જશે તેમની કસરમાત્ર ટળી જશે.' ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં બ્રહ્મરૂપ થવાનો અખાડો ચલાવ્યો હતો, જેમાંથી ઘણા બ્રહ્મરૂપ પાક્યા હતાં. આવા બ્રાહ્મીસ્થિતિના ઘડવૈયા ગુણાતીતાનંદ સ્વામીની પરંપરા આજે પણ મહંતસ્વામી મહારાજ રૂપે ચાલુ છે...

# 'સ્વામી! તમે પંડે અક્ષર?'

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી વરતાલ સમૈયો કરી ફરતાં ફરતાં સારંગપુર આવ્યા. અહીં વાઘા ખાચરને ઘેર સ્વામીનો મુકામ હતો. એક દિવસ વાઘા ખાચરે સ્વામીને પ્રશ્ન પૂછ્યોઃ 'સ્વામી! શ્રીજીમહારાજે કારિયાણીના ૧૨મા વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન એ સિવાય કારણ શરીરરૂપી મૂળ અજ્ઞાન ટળતું નથી, પણ હજુએ રાત્રે હું ઊંઘમાં જાઉં છું ત્યારે સ્વપ્નમાં એમ દેખાય છે કે જાણે ધીંગાણે ચઢ્યા હોઈએ (લડાઈમાં ગયા હોય) અને હાથ-પગ કપાણાં છે, એવા સ્વપ્નરૂપી સૂક્ષ્મ દેહના ભાવ હજુ ટળતાં નથી તો કારણ દેહના ભાવ તો ક્યારે ટળશે? અને મહારાજના અક્ષરધામમાં કારણ શરીરના ભાવ ટાળ્યા સિવાય શી રીતે જઈને રહેવાશે? એવા સંકલ્પ થયા કરે છે.' એ સાંભળી ગુણાતીતાનંદ સ્વામી હસ્યા અને કહ્યુંઃ 'વાઘા ખાચર! સૂક્ષ્મ અને કારણ શરીરના ભાવ ટાળવા હોય તો જૂનાગઢ આવો ત્યાં તમારા એ બધા ભાવ ટાળી નાખીશું.'

ત્યારે તેમણે સ્વામીને કહ્યુંઃ 'સ્વામી! મારે તો ભેગો એક ચાકર જોઈએ. તે ગરમ પાણી કરી આપે, મારા પગ દાબે અને મારો ખડિયો ઉપાડે. તે જો મળે તો હું આવું.'

ત્યારે સ્વામીએ કહ્યુંઃ 'આ પ્રાગજી તમારો સેવક. આ લોક અને પરલોકની બધી સેવા એ કરશે. તેની સાથે ચાલજો અને તેની વાતો સાંભળજો.' સારંગપુરથી સ્વામી ચાલ્યા અને ગઢડે પધાર્યા. રસ્તામાં વાઘા ખાચરની સેવા કરતાં કરતાં ભગતજી તેમને વાતો પણ કરતા.

એક વખત વાતવાતમાં ભગતજીએ તેમને 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' એવું કહ્યું. તેથી વાઘા ખાચર ભડક્યા અને કહ્યુંઃ 'પ્રાગજી! આવી વાત મારી આગળ કરીશ નહિ.

પછી તો વાઘા ખાચરે સ્વામીને ફરિયાદ કરીઃ 'સ્વામી! આ પ્રાગજી તો તમને 'મૂળ અક્ષર' કહે છે.' એ સાંભળી સ્વામી મોંએ રૂમાલ દઈ હસ્યા અને કહ્યુંઃ 'એ તો ગાંડો છે. એની જોડ હવે રાખશો નહિ.' પછી ગઢડાથી વાંકિયા સુધી ચાલ્યા, પણ વાઘા ખાચરને જોડ વગર ન ફાવ્યું. તેથી તેમણે સ્વામીને કહ્યુંઃ 'સ્વામી! સેવક વગર ફાવતું નથી.' ત્યારે સ્વામીએ કહ્યુંઃ 'પ્રાગજીની જોડ બાંધી આપી છે તે રાખશો અને ન ફાવે તો તેની વાતો સાંભળશો નહિ.' ન છૂટકે વાઘા ખાચરે ભગતજીની જોડ રાખી અધૂરી મજલ કાપી. વળી, રસ્તામાં એક-બે વખત તો ભગતજીએ 'સ્વામી મૂળ અક્ષર છે એમ સમજશો ત્યારે જ કારણ દેહના ભાવ ટળશે' એવી વાત વાઘા ખાચરને કરી જ દીધી. જે તેઓને બિલકુલ રુચિ નહિ. એમ કરતા ચાલતાં-ચાલતાં સંઘ સાથે જૂનાગઢ પહોંચ્યા.

અહીં જૂનાગઢમાં વાડીમાં સ્વામીની આજ્ઞાથી સર્વે હરિભક્તો કાંકરા વીણવાની સેવા કરતા હતા. મહુવા મંડળ તો ગુણાતીતાનંદ સ્વામીના સ્વરૂપની જ વાતો કરતું હતું. આ વાતો કરતાં તે સૌના અંતરનો આનંદ મુખારવિંદ પર છલકાતો હતો. તે જોઈ વાઘા ખાચરે વિચાર્યું: 'આ બધાને આનંદ આવે છે એવો આનંદ મને કેમ નથી આવતો?' એ વાત તેમણે દામા શેઠને કહી. ત્યારે દામા શેઠે કહ્યું: 'તમે આ પ્રાગજી ભગતમાં વિશ્વાસ લાવી 'સ્વામી મૂળ અક્ષર છે' એમ સમજો, તો તમને પણ આનંદ થાય.' ત્યારે વાઘા ખાચરે કહ્યું: 'એ તો ભલે, હું સમજું. પણ સ્વામી પંડે કહે તો હું માનું.' તે વાત દામા શેઠે ભગતજીને કહી; એટલે ભગતજીએ ધ્યાનમાં બેસી વૃત્તિએ કરીને ગુણાતીતાનંદ સ્વામીને તેડાવ્યા.

સ્વામી સભામંડપમાંથી એક સાધુનો હાથ પકડી વાડીમાં આવ્યા અને પૂછ્યું: 'પ્રાગજી! મને કેમ બોલાવ્યો?' તે સાંભળી ભગતજી કહે: 'સ્વામી! આ વાઘા ખાચરને આપને પ્રશ્ન પૂછવો છે.' ત્યારે સ્વામીએ વાઘા ખાચરને કહ્યું: 'પૂછો જે પૂછવું હોય તે.'

એટલે વાઘા ખાચરે કહ્યું: 'સ્વામી! આ પ્રાગજી કહે છે કે આપ પોતે મૂળ અક્ષર છો. તે વાતનું નિરાકરણ કરી આપો.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે: 'જેમ પ્રાગજી કહે છે તેમ જ છે.' તે સાંભળીને વાઘા ખાચરે પૂછ્યું: 'સ્વામી! તમે પંડે (પોતે) અક્ષર?' એટલે સ્વામીએ હસીને મુખ હલાવી સંમતિ દર્શાવી. આથી વાઘા ખાચરને પરમ આનંદ થઈ ગયો અને નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ. સુષુપ્તિ અવસ્થા જ મટી ગઈ! મહારાજની મૂર્તિ સાથે ગુણાતીતાનંદ સ્વામીને અખંડ જુએ એવી અલૌકિક સ્થિતિ તેમની થઈ ગઈ. એમ ભગતજી મહારાજે તેઓને સ્વામીના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરાવી દીધો.

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે પણ આપણને ઘણા પ્રસંગોએ પોતાની ઓળખ આપતાં જણાવ્યું છે કે તેઓ 'અક્ષર' છે. જો આપણને પણ તેઓના આ પારલૌકિક સ્વરૂપમાં દૃઢ નિશ્ચય થઈ જાય તો છતી દેહે આપણને અક્ષરધામનો અનુભવ થઈ જાય!

# બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ

# માંગો માંગો ભગતજી

સંવત ૧૯૧૭માં (સને ૧૮૬૧માં) ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભગતને સભામંડપમાં શોભે તેવી એક ચંદની (સભામંડપના ઉપરના ભાગ પર મૂકવામાં આવતો સુશોભિત મોટો ચંદરવો) સીવવાની આજ્ઞા કરી. રોજના ૧૮-૧૯ કલાકનો સતત પરિશ્રમ લઈને ભગતજી ભજનની રમઝટ બોલાવતાં બોલાવતાં ચંદની સીવતા. દસ દરજી જે કામ ૬૦ દિવસમાં કરે તે કામ પ્રાગજી ભગતે એકલે હાથે ૪૧ દિવસમાં પૂર્ણ કર્યું.

બ્રહ્મજ્ઞાન મેળવવાના આવા ઉત્સાહથી સ્વામી અતિશય રાજી થઈ ગયા અને કહ્યું: 'પ્રાગજી! હું તારા ઉપર બહુ જ રાજી છું. માટે માંગ, તું જે માંગે તે આપું.' ભગતજી તો મૌન જ રહ્યા. એટલે સ્વામીએ કહ્યું: 'તારા મનમાં એમ હશે કે આ બાવા તને શું આપશે? પણ આ સાધુ કહે તેમ શ્રીજીમહારાજ કરે છે. માટે જે મંગીશ તે આપીશ.'

એમ કહીને સ્વામીએ જ સામેથી કહ્યું: 'હું તને કહું છું કે તું ઘરે જા અને મુંબઈ જજે. તને બાર મહિનામાં રૂ. ૬૦,૦૦૦ (હાલ આશરે ૮૦ લાખ રૂપિયા) મળશે. તે વડે સાધુનો સમાગમ કરી આનંદ કરજે.'

ભગતજી તો પોતાના લક્ષ્યમાં કટિબદ્ધ હતા. વળી, સ્વામીની રુચિ, અભિપ્રાય અને સિદ્ધાંત તેઓ જાણતા હતા. તેથી સ્વામીનું આ વચન પોતાની પરીક્ષા માટે જ છે એમ સમજી તેમણે હાથ જોડીને કહ્યું: 'તેર વર્ષ ગોપાળાનંદ સ્વામીનો તથા નવ વર્ષથી આપનો સત્સંગ હું કરું છું, તેમાં ધન કે સ્ત્રીમાં સુખ છે એવું તો સાંભળ્યું જ નથી. માટે જો આપ ખરેખરા રાજી થયા હો તો તમારું જ્ઞાન મને આપો, તમારું ઘર દેખાડો કે તમે ક્યાંના વાસી છો અને મારો જીવ સત્સંગી કરો તથા શ્રીજીમહારાજ એક અણું જેટલા પણ છેટા ન રહે, એ ત્રણ વર આપો.'

સ્વામી તો પ્રાગજી ભક્તની આ માંગણીથી સ્થિર થઈ ગયા અને છેલ્લી સ્થિતિનું જ્ઞાન સિદ્ધ કરવા તત્પર થયેલા આ ભક્તરાજને વળી છેલ્લી કસોટીએ ચડાવ્યા. સ્વામી કહે: 'તારે જ્ઞાનનું શું કામ છે? જા, હું વર આપું છું કે અક્ષરધામમાં હું તને તેડી જઈશ.' એમ ધીરજ જોવા કહ્યું.

પરંતુ ભગતજીએ તો સર્વ સુખનું પરિમાણ કરી મૂક્યું હતું. એટલે પોતાની એક જ વાત પકડી રાખી કહ્યું: 'જો આપ રાજી થયા હો તો મારે તો આ ત્રણ વરદાન જ જોઈએ છે. એ વિના તો પૃથ્વીનું રાજ્ય, ઈન્દ્રનું સ્થાન કે પ્રકૃતિપુરુષ આદિનું રાજ્ય મારે ન જોઈએ.' સ્વામી અપાર રાજી થઈ ગયા અને કહે: 'જો મરણિયો થાય તો આ જ્ઞાન મળે એવું છે. એ જ્ઞાન લેવું હોય તો ઘર મૂકીને અખંડ અહીં રહે ત્યારે સિદ્ધ થાય.'

હવે ભગતજી સામે બે વિકલ્પ હતા. સ્વામીએ વચન આપ્યું તે પ્રમાણે અક્ષરધામ તો પાકું થઈ જ ગયું છે, તો પછી રૂપિયા પ્રાપ્ત કરી ઘરે રહેવું કે પછી ઘરબારનો ત્યાગ કરી, સખત પરિશ્રમ, કઠોર સાધના કરી સ્વામીનું જ્ઞાન પ્રાપ્ત કરવું? આ બે વિકલ્પમાંથી ભગતજીએ જ્ઞાન પ્રાપ્ત કરવાનો - સાધનાનો કઠણ માર્ગ પસંદ કર્યો.

સ્વામી પ્રસન્ન થઈને બોલી ઊઠ્યાઃ 'વાહ પ્રાગજી! તમારો તો બળિયો જીવ છે. આવું હજી સુધી કોઈએ માંગ્યું નથી.'

ગુણાતીતાનંદ સ્વામીના એ માયા પરના બ્રહ્મજ્ઞાનના પાત્ર બનવું, એ કાંઇ 'લાપસીમાં લીટા' જેવું સહેલું કામ ન હતું, પણ મસ્તક હાથમાં લઈ, પેટ કટારી મારીને રણસંગ્રામમાં લડવા જવા જેવી શૌર્યસભર વાત હતી. અને એમ કરનારાનાં ટોળાં ન હોય, તે તો સાવજ સમા શૂરવીર જોઇએ. ભગતજી મહારાજ એવા સિંહપુરુષ હતા. ભગતજી મહારાજનું આ ચરિત્ર સાધકમાત્ર માટે દીવાદાંડી સમાન છે.

# અનુવૃત્તિ એ જ ભક્તિ

એક વાર ગુણાતીતાનંદ સ્વામી સંતો હરિભક્તોને લઈ સાંખડાવદરના બીડ તરફ જવા નીકળ્યા. રસ્તામાં માળિયામાં રોકાયા. જમ્યા પછીની બાર વાગ્યાની કથા ચાલતી હતી. તે સમયે મંદિરના આંબાવાડિયામાં સૂકાતા આંબા જોઈ સ્વામી બોલ્યા, 'આ આંબા પાણી વગર સૂકાય છે.'

ત્યાં ઉપસ્થિત ઘણાએ સ્વામીના આ શબ્દો સાંભળ્યા. પણ કોઈને આ શબ્દોનો મર્મ પકડાયો નહિ. પરંતુ ભગતજી તરત જ સ્વામીની અનુવૃત્તિ સમજી ગયા. ઘણી વખત અનુવૃત્તિ સમજી શકાય પણ તેના પાલનમાં ઘણો ભીડો પડે તેમ હોય તો અનુવૃત્તિ પાળી શકાતી નથી. આપણે હોઈએ તો કહીએ કે, 'હા, સ્વામી! આ અત્યારે ઉનાળો છે અને પાણીની થોડી તકલીફ છે એટલે સૂકાય.' બળિયા હોઈએ તો કહીએ કે આ વાડી સંભાળનારનું મેનેજમેન્ટ બરાબર નથી. અને એમ કહી શું-શું કરી શકાય તેનું આખું લિસ્ટ આપી દઈએ. અને ધારો કે આપણને સીધી આજ્ઞા થાય તો આપણે મદદમાં ૧૫-૨૦ માણસો માંગીએ.

અહીં ૩૦૦ આંબાને પાણી પાવાનું હતું. ફક્ત સ્પ્રીન્કલર ચાલુ કરી દેવાનું ન હતું. દેગડાં પણ શોધવાના હતા અને નદીમાંથી જાતે દેગડાં ભરીને પ્રત્યેક આંબાને પાણી પાવાનું હતું. દેહનો અતિશય ભીડો પડે તેમ હતો. પણ ભગતજીને સ્વામીને રાજી કરવાનો ખપ હતો તો સ્વામીએ સીધી આજ્ઞા નહોતી કરી છતાં પણ ભગતજી મહારાજ ભીડાને સહર્ષ સ્વીકારી સ્વામીની અનુવૃત્તિના પાલનમાં જોડાઈ ગયા.

ભગતજી કોઈને કહ્યા વગર જાતે બે દેગડાં શોધી નદીમાંથી પાણી ભરી-ભરીને લાવવા માંડ્યા. દરેક આંબાને ચાર-ચાર દેગડાં પાણી પાયું. આ રીતે એક ઘડી દિવસ બાકી રહ્યો ત્યાં સુધીમાં ૩૦૦ આંબાને પાણી પાયું. ઉતાવળથી જાય અને પાણીના દેગડાં ભરીને આવે એમાં ભગતજીના બધાં વસ્ત્ર પલળી ગયાં.

આ પ્રસંગ ઉપર થોડો વિચાર કરીએ તો ખ્યાલ આવે એમ છે કે ગુણાતીતાનંદ સ્વામીની એક અનુવૃત્તિના પાલન માટે ભગતજીએ કેટલો ભીડો વેઠ્યો! ૧૫ લિટરનો એક દેગડો હોય તો ૧ આંબાને ૬૦ લિટર પાણી પાયું. ૩૦૦ આંબાને કુલ ૧૮૦૦૦ લિટર પાણી પાયું. ધારો કે બે આંબા વચ્ચે ૧૦ ફૂટનું અંતર હોય અને નજીકના આંબાથી નદીનું અંતર ધારો કે ૫૦ ફૂટ ગણીએ. એક સાથે બે દેગડા પાણી ભરીને આવે. તો ગણતરીના આધારે આશરે ૪૪ કિ.મી.નું અંતર ભગતજીએ કાપ્યું હશે! હવે બપોરે ૧૨ વાગે સ્વામીએ આ વાત કરી કે આંબા સૂકાય છે ને ભગતજીએ પાણી પાવાનું શરું કર્યું. સેવા પતાવી સાંજે આશરે સાડા છ વાગે સભામાં ભગતજી પહોંચ્યા. એટલે કે સાડા છ કલાકમાં ૪૪ કિ.મી.નું અંતર ભરેલા પાણીના દેગડા સાથે! એટલે ૧ કલાકમાં ૬.૫ કિ.મી.!

કેટલી ત્વરાથી ભગતજીએ સેવા કરી હશે! આવી ત્વરા સત્પુરુષની આજ્ઞા પાળવામાં હોય ત્યારે બ્રહ્મરૂપ થવાય!

ભગતજીની આવી સેવા જોઈ ગુણાતીતાનંદ સ્વામી રાજી થકાં બોલ્યા, 'મારી અનુવૃત્તિ અને રાજીપા સારું એણે દેહને ગણ્યું નથી અને ફક્ત મને જ રાજી કરવો એ જ ઈશક છે. તેથી મારો ઘણો રાજીપો એના ઉપર થયો છે.'

'ભક્ત્યાનુવૃત્યા' - 'અનુવૃત્તિ એ જ ભક્તિ' આ ભક્તિસૂત્રનું અક્ષરશઃ પાલન ભગતજી મહારાજે જીવનભર કર્યું હતું.

# ગુણાતીત ઉપર મારો દેહ કુરબાન છે

ગુણાતીતાનંદ સ્વામી થકી સર્વોપરી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રાગજી ભગત તત્પર થયા હતા. તે માટે ઘરબાર છોડી અખંડ સ્વામીની સેવામાં તેઓ મરણિયા થઈ ગયા. ગમે તે રીતે દેહના ચૂરેચૂરા કરી સ્વામીને રાજી કરી લેવા એવો દૃઢ નિશ્ચય પ્રાગજીએ કર્યો હતો. ગુણાતીતાનંદ સ્વામી પણ પ્રાગજીની આ દૃઢતાને વારેવારે ચકાસતા.

સંવત ૧૯૧૭ના વર્ષમાં ગુણાતીતાનંદ સ્વામીએ મંદિરમાં જૂની હવેલી તોડી, નવી હવેલીના બાંધકામનું કાર્ય શરું કર્યું. તેમાં સ્વામીએ પ્રાગજીને જોડ્યા. પાયા ખોદવાની સેવામાં પ્રાગજીની શ્રદ્ધા જોવા સ્વામીએ તેના મંડળમાં માત્ર બે કે ત્રણ જ સાધુ નિમ્યા. જ્યારે અન્યના દસ-દસના મંડળ બનાવ્યા. છતાં આવો પક્ષપાત નજર સામે લાવ્યા વગર પ્રાગજી તો તીવ્ર વેગથી સેવામાં જોડાઈ ગયા. અને સ્વામીની કૃપાથી તેમના મંડળનું પાયા ખોદવાનું કાર્ય સૌ પ્રથમ પૂરું થયું.

પાયાનું કામ પૂરું થયા પછી તેમાં રેતી ધોઈને નાખવાની હતી. આમાં તો લૂગડાં પલળે ને બગડે. એટલે દરેક જણ એક અથવા બીજી યુક્તિ કરી ખસી ગયું. પછી સ્વામીએ પ્રાગજીને આજ્ઞા કરી. પ્રાગજી સવારથી કામ શરૂ કરે. પહેલાં તો મોટા તપેલામાં પાણી ભરી, અંદર દસ-પંદર ટોપલા રેતી નાખે. પછી હાથે ગાળીને ટોપલા ભરે અને માથે ઉપાડી, દોટ મૂકી પાયામાં નાખી આવે. તેમાં બધાં લૂગડાં પલળી ગયાં તો પણ ટોપલો લઈને દોટ મૂકે અને ઘડીભર પણ વિસામો ખાય નહિ. આવી રીતે સવારથી સાંજ સુધી સ્વામીની મરજી પ્રમાણે અવિરતપણે સેવા કરી. ત્યારે સ્વામી રાજી થઈ બોલ્યા, 'આને સાધુને રાજી કરતાં આવડશે ખરું.'

એવી જ કપરી સેવા હતી - ચૂનો કાલવવાની. તેમાં હાથ-પગ ફાટી જાય અને વળી ચૂનાની ગરમીથી આંધળા પણ થવાય, એવી બીકથી તે સેવા કરવા કોઈ તૈયાર થયું નહિ. સ્વામીની આજ્ઞાથી પ્રાગજીએ દેહના જોખમવાળી આ સેવા પણ પોતાને માથે ઉપાડી લીધી. મંદિરની સામેના વંડામાંથી બાર-બાર મણ ચૂનાના કોથળા, ચાર-પાંચ જણા તેમના ઉપર ચડાવે, કોઈ કોઈ વખત તો જોરથી ફેંકે પણ ખરા! પરંતુ પોતે તો સ્વામીની મૂર્તિ ધારી, સ્વામી જ પોતાની કસોટી અનેક દ્વારે, અનેક પ્રકારે કરી રહ્યા છે એમ સમજતા.

ચૂનાના કોથળા હવાડામાં નાંખી, પાણી નાંખી પલાળી રાખે. પછી જેમ માટી કચરે, તેમ ચૂનાના હવાડામાં પોતે ઊતરી કચરે. તેમને આ પ્રમાણે ચૂનાનું કામ કરતા જોઈ કેટલાક તેમને કહેતા કે, 'આ ચૂનાના છેરથી આંધળો થઈશ, હાથ-પગ ફાટી જશે.'

ત્યારે પોતે કેફથી બોલતા, 'આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે.'

આ પ્રમાણે કેવળ સ્વામીને જ પ્રસન્ન કરવા, બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે એક સમય જમવાનું તેવા કઠણ તપ સાથે સાડા ત્રણ વર્ષ સુધી તેમણે હવેલીનું કામ અવિરતપણે કર્યા જ કર્યું.

સ્વામીના મુખમાંથી સરેલું એક-એક વચન ભગતજી અદ્ધર ઝીલી લેતા, તેને હેઠું પડવા દેતા નહિ. એકવાર સ્વામીએ પ્રાગજીને આજ્ઞા કરી, 'પ્રાગજી! ગિરનારને અહીં બોલાવી લાવ.' ભગતજી તો તરત જ ઉપડ્યા ગિરનારને બોલાવવા! લોકોએ કહ્યું, 'પ્રાગજીમાં અક્કલ જ ક્યાં છે? ગુરુ તો કહે પણ વચન પાળવામાં પણ વિવેક જોઈએ.'

પ્રાગજીએ સાધનાની ઉત્તમ રીત બતાવતાં કહ્યું: 'ગુરુની તમામ આજ્ઞા અવિચારીપણે શિષ્યએ પાળવી જોઈએ. હું તો ગિરનારને માથું અડાડી કહીશ કે સ્વામી બોલાવે છે. મારે તો આજ્ઞા પળાઈ ગઈ. પછી ગિરનાર ન આવે તો એ વિમુખ કહેવાશે.'

'ગુરુની આજ્ઞામાં બુદ્ધિને તાળું મારી દેવું' આ ઉચ્ચ આધ્યાત્મિક સાધનાનો આદર્શ હતા, ભગતજી મહારાજ. સાચા ગુરુના વચનમાં બુદ્ધિના ડોળ મૂકીને પરમ શ્રદ્ધાથી ઝંપલાવવાનું હોય છે. મહંતસ્વામી મહારાજ કહે છે કે મન લડાવવાથી આજ્ઞા નહિ પળાય, હૃદય લડાવવું પડશે. એટલે કે તર્ક-વિતર્કના ત્રાજવે ગુરુવચનોને તોળ્યા વગર દૃઢ વિશ્વાસથી યાહોમ થઈ જઈએ, એ જ આપણી આધ્યાત્મિક સાધનાની સિદ્ધિનું રહસ્ય છે.

# અડસઠ તીરથ

જૂનાગઢમાં અન્નકૂટના ઉત્સવ પછી રસોઈના બધાં એંઠા વાસણો પ્રાગજી ભક્ત ઊટકતા હતા. તે એંઠવાડનું બધું પાણી ચોકડીની બાજુમાં એક મોટી કૂંડીમાં ભેગું થતું હતું. એટલામાં ગુણાતીતાનંદ સ્વામી ત્યાં કૂંડી પાસે આવીને ઊભા રહ્યા. કૂંડીમાં પડતા એંઠવાડના પાણીનો સ્વામીના ચરણને સ્પર્શ થતો હતો. સ્વામીએ પ્રાગજી ભક્તને પૂછ્યું, 'અલ્યા પ્રાગજી! અડસઠ તીરથ ક્યાં હશે?'

ભગતજી સ્વામીના આ પ્રશ્નનો મર્મ સમજી ગયા. તેમણે જોયું કે સ્વામીના ચરણના સ્પર્શવાળું પાણી કૂંડીમાં પડે છે. 'અડસઠ તીરથ મારા સંતને ચરણે...' એ પ્રતીતિ સાથે ભગતજીએ તરત જ એંઠવાડની કૂંડીમાં ઝંપલાવ્યું. એંઠવાડના પાણીને પોતાના શરીર ઉપર નાંખી-નાંખીને આનંદથી ન્હાવા લાગ્યા!

અન્ય સૌ કોઈ તો પ્રાગજીની આ લીલાને આશ્ચર્યવત્ નિહાળી રહ્યા. કેટલાકે કહ્યું, 'પ્રાગજી તો ગોબરો છે, ગંદો છે. એંઠવાડનુંય ભાન નથી.'

સત્પુરુષના મહિમાથી અજાણ આવા અજ્ઞાની લોકોને જોઈ સ્વામી હસવા લાગ્યા અને કહ્યું, 'સાચો મહિમા જ્યારે જીવમાં ઊતર્યો હોય ત્યારે જ આમ થાય.' પછી પ્રાગજી ભગતને કહ્યું, 'પ્રાગજી! હવે બસ થયું. ચોખ્ખા પાણીથી નાહી લે. આવો અવસર ફરી મળે એવો નથી, તે તેં લઈ લીધો.'

આવી હતી ભગતજી મહારાજની મહિમાદૃષ્ટિ! જ્યારે આવી મહિમાદૃષ્ટિ સત્પુરુષની પ્રત્યેક ક્રિયામાં હોય ત્યારે ઈન્દ્રિયો-અંતઃકરણના આવરણ ભેદાઈ જાય છે અને એક સત્પુરુષ સિવાય બીજું કાંઈ રહેતું નથી. સત્પુરુષનો આવો અપાર મહિમા સમજવાથી જ તેમના વિષે આપણી પ્રીતિ વધતી જાય છે. (વચનામૃત વરતાલ ૧૧)

# અક્ષરની મોરલી વગાડી

ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી ભગતજીને પરબ્રહ્મનો સાક્ષાત્કાર થયો. જેમ શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને વશ હતા, તેમ જ ભગતજીને પણ વશ થઈ ગયા. અને ત્યારબાદ સત્સંગની ધુરા સોંપતા હોય તેમ ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજીને સર્વે આશ્રિતોના ગુરુપદે સ્થાપ્યા અને બધાને ઉપદેશ આપી, પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરવાની આજ્ઞા પણ કરી. તેમાં પણ વિશેષ આજ્ઞા કરતાં સ્વામીએ ભગતજીને કહ્યું, 'તું મારો અનન્ય શિષ્ય છે, તો મારી આજ્ઞા પ્રમાણે સર્વ સત્સંગમાં મૂળ અક્ષરનું સ્વરૂપ પ્રસિદ્ધ કર.'

ગુણાતીતાનંદ સ્વામીની આ આજ્ઞા અનુસાર ભગતજીએ છડે ચોક અક્ષરની મોરલી વગાડવી શરૂ કરી. જેમ પતંગિયું અગ્નિમાં પડીને ભસ્મ થઈ અગ્નિરૂપ થઈ જાય છે, તેમ ભગતજીએ આવનાર દુઃખરૂપ અગ્નિની ઉપાધિમાં સ્વામીની આજ્ઞાથી હસતે મુખે પ્રવેશ કર્યો. કોઈને રુચે કે ન રુચે, પણ 'સ્વામી અક્ષર છે' એવો જબરજસ્ત ઉદ્ઘોષ તેઓએ કર્યો. તેને કારણે જમતી વેળાએ કે નાના-મોટા પ્રસંગોએ સૌ તેમને હડધૂત કરવા માંડ્યા. કેટલીક વાર તો વિરોધીઓ અપશબ્દોનો મારો પણ ચલાવતા.

એક વાર ભગતજીએ ઊનાના કમા શેઠને સ્વામી મૂળ અક્ષર છે, તે વાત કરી. આ વાતથી ઉશ્કેરાઈને કમા શેઠે ભગતજીને ધોલ મારી દીધી. પણ ભગતજીએ હસતાં મોઢે સહન કરી લીધું. અરે! ભગતજીની ઓળખાણ સત્સંગમાં કેવી અપાતી? કે આખા સત્સંગમાં જેમનું સૌથી વધારે અપમાન થતું હોય, છતાં જે સ્થિર અને શાંત હોય તે ભગતજી જાણી લેવા.

મૂળ અક્ષરનો ઉદ્ઘોષ જેમ જેમ થતો ગયો તેમ તેમ સત્સંગના મોવડીઓ પણ તેના વિરોધમાં ભળ્યા. કેમ કરીને ભગતજીની આ પ્રવૃત્તિ બંધ કરાવવી, તેના ઉપાય શોધવા માંડ્યા. અને અંતે ભગતજીને સત્સંગમાંથી વિમુખ કર્યા એટલે ભગતજીને જૂનાગઢ મંદિર છોડવાનું થયું. જૂનાગઢથી વિદાય લેતી વખતે ભંડારી કુંજવિહારીદાસે ભાથાના લાડુમાં ઝેર ભેળવી દીધું. મહુવા જતા રસ્તામાં ભગતજીએ પ્રસાદ સમજીને થોડો લાડુ ખાધો. પરિણામે ઝેરની અસર સમગ્ર શરીરમાં વ્યાપી ગઈ, જે જીવનભર તેમને સહન કરવી પડી હતી. છતાં ઝેર ખાઈને પણ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તે વાત કરવામાં ભગતજી આળસ્યા નહિ.

વિમુખ થયા પછી પણ ભગતજી મંદિરની બહાર ઓટલા ઉપર બેસીને પણ સૌને અક્ષરની વાત કરતા. અમદાવાદ મંદિરેથી જ્યારે સ્વામી બહાર પધરામણીએ જાય ત્યારે ભગતજી સૌને કહે, 'આ અક્ષરધામ ચાલ્યું જાય છે, દર્શન કરી લ્યો.' ગુણાતીતાનંદ સ્વામીને બતાવીને કહે, 'આ સૂતું છે તે અક્ષર છે, આ બોલે છે તે અક્ષર છે, આ ચાલે છે તે અક્ષર છે.' આ રીતે જૂનાગઢમાં જ

લગભગ ૧૫૦ સાધુ અને ૨૦૦ હરિભક્તોને 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે', તેની પ્રતીતિ કરાવી.

સારંગપુરના વાઘા ખાચર, મહુવાના ફૂલચંદભાઈ, દામોદર શેઠ વગેરે અગ્રગણ્ય હરિભક્તો, મેવાસાના હરિભક્તો, વંથળીના દેવજીભાઈ, રાજકોટના મંગળજી ઠક્કર વગેરે હરિભક્તો તેમજ જૂનાગઢના કોઠારી ત્રિકમદાસ, અમદાવાદના નિર્ગુણદાસ સ્વામી તથા વૃંદાવનદાસ, સદ્‌ગુરુ પવિત્રાનંદ સ્વામી વગેરે મોટેરા સંતોને પણ ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાની નિષ્ઠા ભગતજીએ કરાવી હતી.

અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનના ઇતિહાસમાં ભગતજી મહારાજનું બહુમૂલ્ય પ્રદાન એ છે કે એક વખતના જૂનાગઢ પૂરતાં જ સીમિત રહેલાં, 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' તે જ્ઞાનને તેઓએ સમગ્ર સંપ્રદાયમાં છતરાયું (છતું) કર્યું. ભગતજીની જેમ દેહની પરવા તજી સંસ્થા, સિદ્ધાંત અને સત્પુરુષના મહિમાનું પ્રવર્તન કરીએ તે મોટામાં મોટી સેવા છે.

# બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

# સ્વામિનારાયણની પૂરી નિષ્ઠા

સંવત ૧૯૩૯માં સુરતમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. આ ઉત્સવમાં જ શાસ્ત્રીજી મહારાજ અને ભગતજી મહારાજનો સૌ પ્રથમ મેળાપ થયો હતો. ભગતજીના પ્રથમ દર્શને જ શાસ્ત્રીજી મહારાજે તેઓને ગુરુ તરીકે સ્વીકારી લીધા.

એક દિવસ ભગતજીએ યજ્ઞપુરુષદાસજીને કહ્યુંઃ 'સાધુરામ! સ્વામિનારાયણની પૂરી નિષ્ઠા કરી છે કે નહિ?' ભગતજીના આ પ્રશ્નથી યજ્ઞપુરુષદાસને આશ્ચર્ય થયું અને હાથ જોડીને કહ્યું, 'મહારાજ સર્વોપરી પુરુષોત્તમનારાયણ છે એવી નિષ્ઠા મેં દૃઢ કરી છે.'

આ સાંભળી ભગતજી મહારાજ હસ્યા અને કહ્યું, 'એ તો એકલી નારાયણની નિષ્ઠા થઈ, પણ જ્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી 'મૂળ અક્ષર છે' એવી નિષ્ઠા ન થાય, ત્યાં સુધી સ્વામિનારાયણની નિષ્ઠા પૂરી થઈ ન કહેવાય.'

આ સાંભળી વિચક્ષણ બુદ્ધિવાળા યજ્ઞપુરુષદાસજી બોલ્યાઃ 'મારા ગુરુ વિજ્ઞાનાનંદજી બહુ જ અનુભવી, વિદ્વાન અને વળી, શ્રીજીમહારાજના મળેલા સાધુ છે. તેમણે મને આવી વાત કરી નથી તો આપ આ નવીન વાત ક્યાંથી લાવ્યા?'

યજ્ઞપુરુષદાસજીની સ્પષ્ટ વાતથી ભગતજી રાજી થયા અને બોલ્યાઃ 'તમારા ગુરુ પણ આ વાત જાણે છે.'

આ સાંભળી યજ્ઞપુરુષદાસજીએ એક યુક્તિ વિચારી અને ભગતજીને કહ્યુંઃ 'જો, આપ મારા ગુરુ પાસે આ વાત કહેવરાવો તો હું માનું.'

બીજે દિવસે સવારે ભગતજી મહારાજ વિજ્ઞાનાનંદ સ્વામીને આસને પધાર્યા. યજ્ઞપુરુષદાસજી પ્રથમથી જ આસન નીચે સંતાઈ ગયા હતા. ભગતજીએ વિજ્ઞાનાનંદ સ્વામીને કહ્યુંઃ 'સ્વામી! તમારા વખતમાં સ્વામી 'મૂળ અક્ષર' છે એવી જે વાત થતી હતી તે આજે કહો!'

ભગતજીની આ વાત સાંભળી સ્વામીએ આજુબાજુ જોયું અને પછી ધીરેથી બોલ્યાઃ 'સ્વામી 'મૂળ અક્ષર' છે એ વાત મેં ઘણી વાર મહારાજ પાસેથી જ સાંભળી છે. વળી, ગોપાળાનંદ સ્વામી પણ એ વાતનું ઘણું જ પ્રતિપાદન કરતા. તેથી એ વાત મારા જીવમાં છે.'

આ વાત કરી એટલે યજ્ઞપુરુષદાસજી તેમના ઢોલિયા (નીચેથી પોલાણ/જગ્યાવાળો પલંગ/ખાટલો) નીચેથી નીકળ્યા અને સ્વામી તરફ જોઈ તેમને કહ્યુંઃ 'આ વાત તમે મને કેમ અત્યાર સુધી ન કહી?'

આથી વિજ્ઞાનાનંદ સ્વામીને તેમને જોઈ આશ્ચર્ય થયું, પણ પછી પોતાના વિશ્વાસુ સેવક જાણી કહ્યું: 'હજુ મહારાજનું પુરુષોત્તમપણું જ સત્સંગમાં ઘણાને સમજાતું નથી, ત્યાં સ્વામી 'અક્ષર' છે એવી ઘેડ (સમજણ) કેમ બધાંને બેસે? પણ હવે તમે આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો.'

પરંતુ હવે કેવળ પોતાના પૂરતું જ આ જ્ઞાન રાખે તો તે શાસ્ત્રીજી મહારાજ શાના! અક્ષરપુરુષોત્તમ જ્ઞાન સાચું છે તો તેનું વિશ્વભરમાં પ્રવર્તન થવું જ જોઈએ, એવો દૃઢ સંકલ્પ શાસ્ત્રીજી મહારાજે કર્યો. અને આ રીતે ઉપાસના પ્રવર્તનનો સુદૃઢ પાયો આ પ્રસંગથી નંખાયો.

# ચંદ્ર ને ચકોરીની પ્રીતડીના જેવું

શાસ્ત્રીજી મહારાજને ભગતજી મહારાજનું એવું ઘેલું લાગ્યું હતું કે તેઓના દર્શન કર્યા વિના કે તેમની વાતો સાંભળ્યા વિના રહેવાય જ નહિ. જ્યારે જ્યારે ભગતજી મહારાજનો યોગ મળે ત્યારે સમાગમ માટે દોડી જતા.

પરંતુ ઘણીવાર ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના પોતા પ્રત્યેના જોડાણની પરીક્ષા કરતા. એક વાર યજ્ઞપુરુષદાસજી અને બીજા સંતો મહુવા ભગતજીના દર્શને ગયા. ત્યારે ભગતજી મહારાજે ઠપકો આપતાં કહ્યું, 'બધા હરિભક્તો શું કહેશે એની શરમ ન આવી? તમે સૌ આ નદીમાંથી જ પાછા જાઓ.' એમ કહી ભગતજી નીકળી ગયા. ભગતજીના પુણ્યપ્રકોપમાં આનંદ માનનારા યજ્ઞપુરુષદાસજી તો ભગતજીની પાછળ પાછળ ગયા. યજ્ઞપુરુષદાસજીની નિર્દોષભાવથી ભરપૂર મુખાકૃતિ જોઈ ભગતજીનો ક્રોધ ઓસરી ગયો.

ભગતજી મહારાજ અમદાવાદ બિરાજતા હતા. તે સમયે શાસ્ત્રીજી મહારાજ મહેમદાવાદમાં હતા. તેઓ મહેમદાવાદના મંદિરમાં જે હરિભક્તો આવે તેમને ભગતજીનો મહિમા સમજાવી દર્શન-સમાગમ માટે અમદાવાદ મોકલે. હરિભક્તોને સ્ટેશન સુધી વળાવવા જાય. વળી, જ્યારે અમદાવાદથી કોઈ હરિભક્ત ભગતજીનો સમાગમ કરીને આવે ત્યારે તેમને મળીને ભગતજીના સર્વ સમાચાર જાણી લે. આવો અપાર ગુરુમહિમા!

હરિભક્તોની વાતો સાંભળી શાસ્ત્રીજી મહારાજને પણ ભગતજીના દર્શનની તાલાવેલી જાગી. તેઓ અમદાવાદ આવી પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજને આવેલા જોઈ ભગતજીએ વઢતાં કહ્યું, 'શું કામ આવ્યા?' સંતો ભગતજીના દર્શને દોડી-દોડીને જતા. આથી કેટલાક દ્વેષીઓ ઉપાધિ કરતા કે 'ભગતજીના શિષ્યો છકી ગયાં છે અને વર્ણાશ્રમની મર્યાદામાં રહેતા નથી.' તેથી વધુ ઉપાધિ ન થાય તે માટે ઘણી વાર ભગતજી સંતોને આવો ઠપકો આપતા. પરંતુ આવા ઠપકાના શબ્દો સાંભળીને પણ શાસ્ત્રીજી મહારાજને તો આનંદ આનંદ થઈ ગયો. પછી તો ભગતજીએ રાજી થકાં તેમને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

એવી જ રીતે એક વાર યજ્ઞપુરુષદાસજી, વિજ્ઞાનદાસજી વગેરે સંતો ભગતજીના દર્શન કરવા પેટલાદ ગયા. ભગતજીને સંદેશો મોકલ્યો કે સાધુ મંદિરમાં આવ્યા છે. ભગતજીએ હરિભક્તો સાથે કહેવરાવ્યું કે, 'જેવા આવ્યા છો તેવા જ પાછા જાઓ. આજ્ઞા લોપીને કેમ આવ્યા છો?' એમ કહી મંદિરની બહાર કાઢી મૂક્યા.

શાસ્ત્રીજી મહારાજ ભગતજી મહારાજ ઉપર ૧૧ ઑગસ્ટ ૧૮૯૬ના રોજ પત્ર લખે છે, ‘હમારે પણ આપનાં દર્શન થયાં આજરોજ બે વર્ષ પુરાં થયા, ત્યાર પછી આપનો સમાગમ નથી, તેમજ દર્શન નથી. માટે દયા કરી દર્શન-સમાગમનું સુખ આપશો.’ શાસ્ત્રીજી મહારાજ પાંચ-પાંચ પત્રો લખે પણ ભગતજી એકનો પણ ઉત્તર ન આપે.

આવી કપરી પરીક્ષાઓમાં પણ ભગતજીના દર્શન-સમાગમની તાણમાં શાસ્ત્રીજી મહારાજને ઊણપ આવી નથી. ઉલટાનું તેઓ કેફથી કહેતાં, ‘માછલાને પાણીને વિશે જેવું હેત, એવું મારે ભગતજીને વિષે હેત.’ આવું ‘ચંદ્ર અને ચકોરી’ જેવું અપ્રતિમ જોડાણ જ્યારે સત્પુરુષને વિષે થાય, ત્યારે જ સર્વે અર્થ સિદ્ધ થાય છે. (વચનામૃત ગઢડા અંત્ય-૨)

# જાગા ભક્તની બંધી તોડી

ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય જાગા ભક્ત જૂનાગઢમાં પોતાના આસને ઉપાસનાની અદ્‌ભૂત વાતો કરતા. મોટા મોટા સદ્‌ગુરુઓ તથા હરિભક્તો તેમની પાસે બેસી કથાવાર્તા સાંભળતા. આથી, જાગા ભક્તનો વધતો જતો મહિમા અને પ્રતાપ દેખી કેટલાક દ્વેષીઓના પેટમાં ઈર્ષ્યાનું તેલ રેડાયું.

તે વખતે જૂનાગઢમાં જીભાઈ કોઠારી હતા. ભગતજી મહારાજને વિષે ગુરુભાવવાળા આ કોઠારી જરા ભોળા અને સરળ સ્વભાવના હતા. દ્વેષીઓએ કોઠારીને જાગા ભક્ત વિષે ઊંધું-છત્તું કહી કાનભંભેરણી કરી. કાચા કાનના કોઠારીને દ્વેષીઓની વાત ગળે ઊતરી ગઈ. જાગા ભક્તનો યથાર્થ મહિમા ન જાણનાર કોઠારીએ મંદિરમાં ફરમાન બહાર પાડ્યું - ‘જાગા ભક્તને ઓરડે સાધુ-હરિભક્તે કથા સાંભળવા જવું નહિ અને જે જશે તેને મંદિરમાંથી વિમુખ કરવામાં આવશે.’ વળી, જાગા ભક્તને પણ સભામંડપમાં કથાવાર્તા કરવાની બંધી કરવામાં આવી. આ ફરમાનને વરતાલના મુખ્ય કોઠારી ગોવર્ધનભાઈનો પણ ટેકો મળ્યો.

આ ફરમાનથી જૂનાગઢના તમામ હરિભક્તોને ઘણું દુઃખ થયું. પરંતુ જીભાઈ કોઠારીના ફરમાન આગળ કોઈ કાંઈ બોલી શક્યું નહિ. સ્વામી જાગા ભક્ત તો આ પ્રસંગથી અતિ ઉદાસ થઈ ગયા. સદા સર્વદા મહારાજ અને સ્વામીના લીલાચરિત્રોનું ગાન કરવાવાળા અને તેમાં જ આનંદ માનનારા અને તેમની જ ઉપાસના પ્રવર્તાવવાના આગ્રહવાળા સ્વામી જાગા ભક્તને કથાવાર્તા એ જ ભક્તિ હતી, એ જ જીવન હતું. તે જીવન તેમનાથી છીનવી લીધું તેથી જાગા ભક્ત અત્યંત દુખાઈ ગયા.

જાગા ભક્તની બંધીના સમાચાર શાસ્ત્રીજી મહારાજને રાજકોટ મળ્યા. તરત જ શાસ્ત્રીજી મહારાજે કોઠારી જીભાઈને સ્વામી જાગા ભક્તના મહિમાનો એક લાંબો પત્ર લખીને તૈયાર કર્યો, પરંતુ તેમને વિચાર થયો કે પત્ર લખવા કરતાં પણ રૂબરૂ જવું એ વધારે ઠીક છે; એટલે તે કાગળ ફાડી નાંખ્યો અને તે જ દિવસે પોતે જૂનાગઢ પહોંચી ગયા.

ઠાકોરજીના દર્શન કરી, સીધા જ જાગા ભક્તના ઓરડે પોતે દર્શને જતા હતા ત્યારે કેટલાકે કહ્યું, ‘ત્યાં જવાની બંધી છે.’

‘મારે માટે બંધી નથી.’ નીડરતાથી શાસ્ત્રીજી મહારાજે કહ્યું અને જાગા ભક્તના ઓરડે પહોંચી ગયા.

જાગા ભક્તે અતિશય આશ્ચર્ય પામીને પૂછ્યું: ‘તમે અહીં શી રીતે આવ્યા? અહીં આવવાની તો બંધી થઈ છે.’

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું: ‘બંધી હવે આજથી તૂટી. માટે આપ તેની ચિંતા ન કરો. હું કોઠારીને સમજાવી બધી વ્યવસ્થા કરું છું!’ એમ કહી પોતે પોતાના આસને પધાર્યા.

આ બાજુ મંદિરમાં બધે ‘હો...હા...’ થઈ ગઈ. ‘યજ્ઞપુરુષદાસ બંધી હોવા છતાં પણ જાગા ભક્તને ઓરડે ગયા અને તેમને દંડવત્ કર્યા’- એ વાતનો સૌ જોરશોરથી ઊહાપોહ કરવા માંડ્યા. પરંતુ શાસ્ત્રીજી મહારાજને તેની પરવા નો’તી.

તે જ રાત્રે શાસ્ત્રીજી મહારાજે કોઠારી જીભાઈને બોલાવ્યા. સવારના ચાર વાગ્યા સુધી શાસ્ત્રીજી મહારાજે જાગા ભક્તનો અપરંપાર મહિમા સમજાવ્યો. આથી કોઠારી જીભાઈને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તરત જ નાહી-પરવારી, ચંદન-હાર લઈ કોઠારી જીભાઈ જાગા ભક્તને આસને પહોંચ્યા. કોઠારીએ અત્યંત પરિતાપ સાથે જાગા ભક્તની ચંદનથી પૂજા કરી અને હાર પહેરાવી દંડવત્ કર્યાં. કોઠારી જીભાઈએ તમામને જાગા ભક્તના આસને આવવાની છૂટ કરી આપી અને જાગા ભક્તને સભામાં આવી વાતો કરવાની પણ પ્રાર્થના કરી.

આ રીતે, વિમુખ થવાની બીક રાખ્યા વગર કે કોઈની શેહશરમમાં આવ્યા વિના શાસ્ત્રીજી મહારાજે જાગા ભક્તનો પક્ષ રાખ્યો. આ રીતે, આપણે પણ કોઈના દબાવમાં આવ્યા વિના, લોકલાજની ચિંતા કર્યા વગર શ્રીજીમહારાજ, સત્પુરુષ અને તમામ હરિભક્તોનો શિરસાટે પક્ષ રાખવો જોઈએ.

# આદર્શ ગુરુભક્તિ

સ્વામી યજ્ઞપુરુષદાસજી - શાસ્ત્રીજી મહારાજ - રાજકોટમાં રહી વિદ્યાભ્યાસ કરી રહેલા. લગભગ એક વર્ષથી તેમને ભગતજીનો યોગ થયો ન હતો. આથી તેઓને ભગતજીના દર્શનની તાલાવેલી જાગેલી. તેવામાં સંવત ૧૯૫૩માં જૂનાગઢમાં જન્માષ્ટમીનો સમૈયો આવતો હતો. આ સમૈયે આચાર્ય વિહારીલાલજી મહારાજ પણ આવવાના હતા.

યજ્ઞપુરુષદાસજીને વિચાર આવ્યો, 'ભગતજીને જન્માષ્ટમીના સમૈયે જૂનાગઢ તેડાવીએ. જે સ્થળે ભગતજીનું અપમાન થયું હતું અને ઝેર આપીને વિમુખ કરી સત્સંગમાંથી કાઢી મૂક્યા હતા, એ જ સ્થળે જો ભગતજીનું અપાર સન્માન થાય તો સંપ્રદાયમાં ભગતજીનો દિગ્વિજય થાય.'

પોતાના ગુરુનો મહિમા સર્વત્ર પ્રવર્તે તેવી અપાર ગુરુભક્તિ દાખવતાં યજ્ઞપુરુષદાસજીએ ભગતજીને જૂનાગઢ તેડાવવા ચક્રો ગતિમાન કર્યા. અતિ વ્યવહારકુશળ અને અપાર બુદ્ધિપ્રતિભા ધરાવતા યજ્ઞપુરુષદાસજીએ વિચાર્યું કે, જો ભગતજી સીધા જ જૂનાગઢ પધારશે તો દ્વેષીઓને વિરોધ કરવાનો મોકો મળી જશે. પણ જો આચાર્ય મહારાજની આજ્ઞાનો કાગળ આવી જશે તો કોઈ વિરોધ કરી શકશે નહિ.

તેઓએ ભગતજીના હેતવાળા ગુજરાતના હરિભક્તોને ભગતજીને જૂનાગઢ તેડાવવા સંબંધી કાગળો લખ્યા. સર્વ હરિભક્તો તો રાજી રાજી થઈ ગયા. હરિભક્તોના પત્રો આચાર્ય મહારાજ ઉપર આવવા માંડ્યા કે, 'ભગતજીને જન્માષ્ટમી ઉપર જૂનાગઢ તેડાવો.' વળી, યજ્ઞપુરુષદાસજીએ પણ આચાર્ય મહારાજ ઉપર રાજકોટથી પત્ર લખી કહ્યું: 'આ વખતે ગુજરાતના હરિભક્તોની જૂનાગઢ સમૈયા ઉપર આવવાની ઈચ્છા છે અને જો ભગતજીને સમૈયે તેડાવો તો ગુજરાતના હરિભક્તોને ઘણો જ ઉત્સાહ રહે અને સૌને કથાવાર્તાનું પણ સુખ આવે.'

આચાર્ય મહારાજ ઉપર આ પત્રોની ધારી અસર થઈ અને ભગતજીને જૂનાગઢ પધારવાનો મહોરછાપવાળો કાગળ ભગતજીને અને યજ્ઞપુરુષદાસજીને મોકલાવ્યો.

પત્ર મળતાં જ યજ્ઞપુરુષદાસ જૂનાગઢ પહોંચી કોઠારી જીભાઈને મળ્યા અને ભગતજીના સ્વાગતની તમામ તૈયારીઓ કરી લીધી. જન્માષ્ટમીના સમૈયા ઉપર આચાર્ય મહારાજ અને ભગતજી મહારાજ જૂનાગઢ સાથે પહોંચ્યા. અહીં, યજ્ઞપુરુષદાસજીએ આચાર્ય મહારાજ માટે બે ઘોડાની બગી અને તેવી જ બીજી બે ઘોડાની બગી ભગતજી માટે પણ તૈયાર રાખેલી હતી. જેવો આચાર્ય મહારાજનો ઉતારો અને વ્યવસ્થા હતી, તેવી જ ભગતજીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

જૂનાગઢના નાગર બ્રાહ્મણો, જૂના સંતો-હરિભક્તો વર્ષો બાદ ગુણાતીતાનંદ સ્વામીના મુખનું પાન એવા ભગતજીને જોઈને હર્ષપુલકિત થઈ ગયા.

આ રીતે, જૂનાગઢમાં ભગતજીનું અપૂર્વ સન્માન યજ્ઞપુરુષદાસજીએ કરાવ્યું. સંવત ૧૯૨૧ની સાલમાં જે સ્થાનમાંથી આચાર્ય મહારાજની જ આજ્ઞાથી વિમુખ થઈને ભગતજીને નીકળી જવું પડ્યું હતું, તે જ સ્થાનમાં આજે વર્ષો બાદ આચાર્ય મહારાજની જ આજ્ઞાથી ફરી ભગતજીને આવવાનું થયું.

ભગતજી મહારાજ વિષેની શાસ્ત્રીજી મહારાજની આવી આદર્શ ગુરુભક્તિરૂપ આ અપૂર્વ પ્રસંગની સ્મૃતિથી ‘આપણાં કામાદિક દોષો બળી જાય છે’, એમ શાસ્ત્રીજી મહારાજે જ વરદાન આપેલ છે.

# 'શ્રીજીમહારાજ કર્તાહર્તા છે'

ભગવાન સ્વામિનારાયણે વરતાલ પ્રકરણના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, '(જેમ) ચમકના પર્વતને સમીપે વહાણ જાય ત્યારે તેના ખીલા ચમકના પાણા પાસે તણાઈ જાય છે. તેમ ભગવાનની જે મૂર્તિ રાજારૂપે છે ને સાધુરૂપે છે, તે મૂર્તિનું જ્યારે જે જીવ શ્રદ્ધાએ કરીને દર્શન કરે છે તેનાં ઇન્દ્રિયો ભગવાન સામાં તણાઈ જાય છે.' એટલે જ ગુણાતીત સત્પુરુષને ચમકનો પર્વત કહે છે. તેઓનો દિવ્ય પ્રભાવ જ એવો હોય છે કે મુમુક્ષુઓ સ્વાભાવિક રીતે તેઓ તરફ ખેંચાય.

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી પણ વરતાલથી વિચરણ માટે જે સ્થાનમાં જતાં ત્યાં ભક્તો-ભાવિકો ભેગા થઈ જતાં. સ્વામીશ્રીનો આ વધતો પ્રતાપ દ્વેષીઓને અસહ્ય થઈ ગયો હતો. તેથી તેઓ સત્સંગમાં ઉપાધિ કરતા. આ દ્વેષાગ્નિને ઠારવા એક વાર કોઠારી ગોરધનભાઈએ યજ્ઞપુરુષદાસજીને ખાનગીમાં બોલાવી જણાવ્યું કે, 'તમો જ્યાં જ્યાં જાઓ છો ત્યાં મોટા સમૈયા-ઉત્સવ થાય છે અને લોકો તમારામાં ઘણા જ તણાય છે. તેથી ત્યાગીવર્ગને ઘણો જ રાગદ્વેષ થયો છે અને તમારો પ્રતાપ સહન થતો નથી. માટે ત્યાગીવર્ગ તરફથી તમને ઉપાધિ ઘણી જ થશે એમ મને લાગે છે. તો તમારે સૌનું મળતું રાખીને, ઉપદેશ દેવાનું ઓછું કરવું એવી મારી ભલામણ છે.' કોઠારીના આ હિતના વચન યજ્ઞપુરુષદાસજીએ સ્વસ્થતાપૂર્વક સાંભળ્યાં. સ્વામીશ્રી દૃઢપણે માનતા કે જે પણ કંઈ ઐશ્વર્ય-પ્રતાપ જણાય છે તે તો શ્રીજીમહારાજનું કર્તવ્ય છે. તેથી વિનમ્રતાથી તેઓએ કોઠારીને જવાબ આપ્યો કે, 'અમારે હરિભક્તોને ઉપદેશ દેવા માટે ગામડે ગામડે ફરી શકાય નહિ, કેમ કે થોડો વખત ગુજરાતમાં ફરવાનું હોય અને પાછું સારંગપુર જવાનું હોય. એટલે એકાદ-બે દિવસ એક સ્થળે ભેગા થઈ કથાવાર્તા, ભજન-સ્મરણનો આનંદ અનુભવીએ છીએ, અને તેમાં લોકો જો તણાય અને ઐશ્વર્ય-પ્રતાપ દેખે તો તે શ્રીજીનું જ કર્તવ્ય છે. તેમ છતાં આપ સર્વને અમારા વચનમાં વિશ્વાસ ન હોય અને અસંતોષ રહેતો હોય તો આવતી સાલનો સમૈયો અને વચનામૃતની કથાની યોજના, હરિભક્તો વરતાલમાં જ કરશે. એટલે આપની શંકા દૂર થશે.'

યજ્ઞપુરુષદાસજીની આવી દિવ્યભાવની વાણી સાંભળી કોઠારીએ કહ્યું: 'સ્વામી! મને તો કંઈ વહેમ કે શંકા નથી, પરંતુ ભેખધારી કોશ અને કોદાળો લઈને તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે, તેથી મને મૂંઝવણ અને અજંપો થાય છે.' આ શબ્દોમાં ગોરધનભાઈ કોઠારીનો યજ્ઞપુરુષદાસજી પ્રત્યેનો પ્રેમ અને આદર હતા. સ્વામીશ્રીને કોઈ તકલીફ ન પડે તેવી તેઓની અંતરની ઈચ્છા હતી. પરંતુ ઉપાધિથી ગભરાઈને મહિમાની વાતો કરવામાં પાછી પાની કરવી એ આ સિંહપુરુષની પ્રકૃતિ બહાર હતું.

સ્વામીશ્રીએ તેઓને જણાવ્યું: 'આપણે કોઈ ક્રિયાના ધણી થઈશું તો તેનો ભાર આપણને વળગશે, પરંતુ 'શ્રીજીમહારાજ કર્તાહર્તા છે' એમ સમજીશું તો શ્રીજી આપણને કોઈ આંચ આવવા દેશે નહિ. છતાં પણ જો દુઃખ આવશે તો શ્રીજી કસણી કરે છે તેમ જાણી, આપણને શુદ્ધ કંચન જેવા કરવા તાવે છે તેમ માનીશું, પણ મનમાં તો ઉપાધિને દેખીને મૂંઝવણ પામવી જ નથી.

વળી મહારાજે તો કહ્યું છે: 'મને ભગવાન મળ્યા છે, તો જે જીવ મારો સંગ કરે તેની આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું?' એમ વિચારીને ઉપદેશ કર્યા નિમિત્ત કાંઈ થોડી ઘણી ઉપાધિ રહે તોપણ પરમેશ્વરની વાત કર્યામાં કાયરપણું રાખે નહિ.' માટે આપણે તો શ્રીજીની આજ્ઞા અનુસાર તેમનો મહિમા કહેવામાં ઉપાધિથી બીવું નહિ.' સ્વામીશ્રીના શબ્દે-શબ્દે મહારાજના કર્તાપણા પ્રત્યેની તેઓની અડગ શ્રદ્ધાના દર્શન થતાં હતાં, જે સાંભળી કોઠારી ગોરધનભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. સ્વામીશ્રીની ધીરજ અને નિષ્ઠાને મનોમન વંદી જ રહ્યા.

જીવનમાં સ્થિર રહેવા માટે 'કર્તાપણાની નિષ્ઠા'ના આ વચનો શિલાલેખ સમાન છે. સંસાર-વ્યવહાર હોય કે સેવાપ્રવૃત્તિ, આ વચનોને નજર સમક્ષ રાખીશું તો વિઘ્નોના વાવાઝોડાં વચ્ચે આપણે પણ ચટ્ટાન જેવા અડગ રહી શકીશું.

# 'શ્રીજીએ જ કર્યું છે'

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનને છડેચોક કરવા માટે શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની જોટે મૂર્તિ પધરાવવાનો સંકલ્પ કર્યો. સંવત ૧૯૫૫ના અરસામાં ધર્મકુળના કુંજવિહારીપ્રસાદ તેમજ નિર્મળદાસ આદિ કેટલાક સાધુ અમદાવાદ ગાદીમાંથી છૂટા પડ્યાં હતાં. તેઓને પોતાનું એક અલગ શિખરબદ્ધ મંદિર કરવાનો સંકલ્પ હતો. પરંતુ આવું મોટું મંદિર કરવું તે તેમના હાથની વાત ન હતી. તે સમયે શાસ્ત્રીજી મહારાજ સારંગપુર હનુમાનજી મંદિરના મહંત હતા. સ્વામી નિર્મળદાસજીએ લીમડીમાં શાસ્ત્રીજી મહારાજને મંદિર માટેની મુશ્કેલીઓ જણાવી.

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનને ઉદ્ઘાટિત કરવાનો અમૂલ્ય અવસર આવ્યો છે તેમ જાણી શાસ્ત્રીજી મહારાજે શરત મૂકતાં કહ્યું, 'જો તમે આપણા ઈષ્ટદેવ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી અને તેમના ઉત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની જોટે મૂર્તિઓ પધરાવો તો અમો તમને જે પ્રકારે માંગો તે મદદ કરીએ અને મહારાજ પણ તમારી સહાયતામાં રહેશે.' સ્વામી નિર્મળદાસજીએ વચન આપતાં કહ્યું, 'જો તમે વઢવાણમાં જમીન અમને અપાવો તો અમે મહારાજ અને સ્વામીની મૂર્તિઓ પધરાવીશું.'

શાસ્ત્રીજી મહારાજની ભલામણથી વઢવાણના ઠાકોર સાહેબે ભોગાવાને કાંઠે મંદિર માટેની જમીન આપી અને પ્રથમ અક્ષરપુરુષોત્તમ મંદિરના શ્રીગણેશ થયા. પછી તો શાસ્ત્રીજી મહારાજે વરતાલમાં રહ્યા થકાં વઢવાણ મંદિર માટેની પ્રવૃત્તિ કરી, જયપુર હરિભક્તને મોકલી અક્ષરપુરુષોત્તમની મૂર્તિ તૈયાર કરાવડાવી.

સંવત ૧૯૬૧ના મહા સુદ ૫, વસંતપંચમીના મહાપવિત્ર દિવસે મૂર્તિપ્રતિષ્ઠા હતી. વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ ન બેસે તે માટે વિરોધીઓએ ઘણા ધમપછાડા કર્યાં. મૂળીમાં તે માટેની સભા પણ યોજી. પરંતુ શાસ્ત્રીજી મહારાજ પોતે નિર્ભય હતા. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા અને પોતાના હેતવાળા તમામ હરિભક્તોને વઢવાણ પ્રતિષ્ઠામાં મોકલ્યા.

કુંજવિહારીપ્રસાદજીએ અક્ષરપુરુષોત્તમની મૂર્તિ મધ્ય ખંડમાં પધરાવવાનું વચન આપ્યું હતું. પરંતુ શાસ્ત્રીજી મહારાજે હરિભક્તોને ચેતવતાં વાત કરી, 'વિરોધ થાય તો પણ મૂર્તિઓ મધ્ય ખંડમાં જ પધરાવવાનો આગ્રહ રાખજો. જો બહુ વિરોધ થાય તો બાજુના ખંડમાં પણ પધરાવી દેશો.'

નિર્વિઘ્ને મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બેસે એવી કોઈ શક્યતા હતી જ નહિ. ભયંકર વિરોધની વચ્ચે પણ શાસ્ત્રીજી મહારાજના હરિભક્તોએ હિંમત દાખવી, અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પ્રથમ ખંડમાં પધરાવડાવી. આ રીતે આ ધરા ઉપર સૌ પ્રથમ વાર અક્ષરપુરુષોત્તમ મહારાજ વઢવાણમાં બિરાજ્યા અને ઉપાસનાનો પ્રથમ દિગ્વિજય થયો!

મૂર્તિપ્રતિષ્ઠા ધામધૂમથી થયાનો તાર મોડી રાત્રે શાસ્ત્રીજી મહારાજને વરતાલ મળ્યો. એ કાગળ લઈ શાસ્ત્રીજી મહારાજ સીધા જ કોઠારી ગોરધનદાસ પાસે ગયા અને કેફથી કહ્યું, ‘વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ દેવ બેઠા.’

આ વાત સાંભળી કોઠારી એકદમ ઊંડા ઊતરી ગયા. પછી કહેઃ ‘મારો સંકલ્પ હતો કે મારી હયાતીમાં અક્ષરપુરુષોત્તમ બેસવા જ ન દેવા, પણ તેં આજ એ કામ કર્યું.’ શાસ્ત્રીજી મહારાજે નિષ્ઠાના બળે કહ્યું, ‘મને પણ સંકલ્પ હતો કે તમારી હયાતીમાં જ મહારાજ અને સ્વામી બેસે તો સારું. તે આજે મારો સંકલ્પ પૂરો થયો.’

કોઠારી ગોરધનદાસે નિઃસાસો નાખી કહ્યુંઃ ‘શ્રીજી કરે તે ખરું.’ ત્યારે શ્રીજીમહારાજના કર્તાપણાના બળથી શાસ્ત્રીજી મહારાજ બોલ્યાઃ ‘શ્રીજીએ જ કર્યું છે.’ ‘પોતાના દ્વારા આજે શ્રીજીમહારાજ જ પોતે કાર્ય કરી રહ્યા છે’ એવી સ્વસ્વરૂપની ઓળખાણ પણ શાસ્ત્રીજી મહારાજે આ શબ્દોથી કરાવી દીધી.

આ રીતે પોતાના અપ્રતિમ પ્રતાપથી અને અક્ષરપુરુષોતમ મહારાજના કર્તાપણાની નિષ્ઠાથી શાસ્ત્રીજી મહારાજે સનાતન-વૈદિક અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને મૂર્તિમાન કરી દીધો!

# ઉપાસના પ્રવર્તનની ધગશ

પીજના જેઠાભાઈ વડોદરા કલાભવનમાં અભ્યાસ કરતા હતા. તે સમયે શાસ્ત્રીજી મહારાજ વડોદરાના વાડી વિસ્તારમાં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં રહેતા હતા. ગોવિંદભાઈ માસ્તર, ઉલ્લાસરામભાઈ વગેરેના સમાગમથી જેઠાભાઈને ભગતજી પ્રત્યે હેત થયું હતું. તેથી તેઓ મંદિરે અવારનવાર આવવા લાગ્યા. અહીં તેઓને શાસ્ત્રીજી મહારાજનો સમાગમ થયો. શાસ્ત્રીજી મહારાજને જેઠાભાઈમાં એક ઉત્તમ મુમુક્ષુ દેખાયા.

એક દિવસ સાંજે ઠાકોરજી જાગ્યા પછી શાસ્ત્રીજી મહારાજ અને જેઠાભાઈ મળ્યા. થોડી પ્રદક્ષિણા કરી સાંજે ૬ વાગે પ્રદક્ષિણામાં જ બંને બેઠાં. શાસ્ત્રીજી મહારાજ જેઠાભાઈને અક્ષરપુરુષોત્તમની વાતો કરવા લાગ્યા. શાસ્ત્રીજી મહારાજ વાતો કરવામાં મશગુલ થઈ ગયા અને જેઠાભાઈ વાતો સાંભળવામાં! ક્યારે સંધ્યા આરતી થઈ, શયન આરતી થઈ અને રાત્રિની નીરવ શાંતિ પથરાઈ ગઈ તેની તેઓને ખબર પડી નહિ. જ્યારે ટાવરમાં સવારના ચારના ટકોરા વાગ્યા ત્યારે બંનેની જાણે સમાધિ તૂટી. સતત ૧૦ કલાક સુધી શાસ્ત્રીજી મહારાજે જેઠાભાઈને વાતો કરી!

વર્ષો પછી આ પ્રસંગને યાદ કરતા જેઠાભાઈએ એક પત્રમાં લખ્યું હતું: 'શું સ્વામીનો વાતો કરવાનો ઉમંગ! મને પણ ભગતજી મહારાજનો નવો પ્રસંગ થયેલો. સ્વામીશ્રીએ ૧૦ કલાક લાગટ વાતો કરી. પછી અમારે હેત થયું. ભગતજી મહારાજ પાસે ચાર વખત મહુવે જઈને સમાગમ કર્યો ને મોટાપુરુષની દૃષ્ટિ થઈ ગઈ.'

શાસ્ત્રીજી મહારાજની હૃદયભેદક વાતોથી જેઠાભાઈને અક્ષરે સહિત પુરુષોત્તમની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. હજુ ભગતજીના દર્શન થયા ન હતા, છતાં ભગતજી મહારાજ પરમ એકાંતિક સત્પુરુષ છે તેવી પ્રતીતિ આવી ગઈ. અને પછી પોતાનું સમગ્ર જીવન અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તન માટે સમર્પિત કરી દીધું. દીક્ષા લઈ પીજના જેઠાભાઈ સ્વામી નિર્ગુણદાસ બન્યા.

શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'સત્સંગમાં ૧૪ આની સત્સંગ નિર્ગુણ સ્વામીએ પ્રવર્તાવ્યો છે.' આવા શાસ્ત્રીજી મહારાજની ઉપાસના પ્રવર્તનની સેનાના સેનાપતિ નિર્ગુણદાસ સ્વામીને તૈયાર કરનાર હતા - શાસ્ત્રીજી મહારાજ.

'પોતાના સંગમાં આવનારને કેમ કરીને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરાવું' એવી ધગશ હંમેશા શાસ્ત્રીજી મહારાજને રહેતી. તે માટે તેઓએ નથી જોયો સમય કે નથી જોયો પોતાનો દેહ! આપણે પણ એ જ શાસ્ત્રીજી મહારાજના પુત્રો છીએ. આપણે પણ આ ઉપાસના પ્રવર્તનની સેવામાં જોડાયા છીએ. શાસ્ત્રીજી મહારાજની જેમ સમય, સંજોગો જોયાં વગર, ભીડાને ગણકાર્યા વગર, ઉત્સાહથી આપણા સંગમાં આવનારને સંસ્થા, સત્પુરુષ અને સિદ્ધાંતની વાત કરીએ તો ગુરુહરિનો અપાર રાજીપો પ્રાપ્ત થાય છે.

# વરતાલથી મહાપ્રસ્થાન

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજ માથું હાથમાં લઈને ફરતા. કેમ કરીને શાસ્ત્રીજી મહારાજ અક્ષરપુરુષોત્તમની વાત કરતા અટકે તે માટેના તમામ પ્રયત્નો દ્વેષીઓ કરતા. વરતાલના કોઠારી ગોરધનદાસજીએ એક વાર શાસ્ત્રીજી મહારાજને ચેતવતાં કહ્યું હતુંઃ 'ભેખધારી કોશ અને કોદાળો લઈને તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે.' આ વચનની સત્યતાને પુરવાર કરતા પ્રસંગો પણ બન્યા. વરતાલમાં મંદિર ઉપર દર્શન કરતી વખતે ઘનશ્યામદાસે સ્વામીશ્રીના સાથળમાં સોયો ઘોંચ્યો, જેથી સાથળેથી લોહીની ધાર છૂટી હતી. વળી સુકૃતજીવનદાસે સ્વામીશ્રીને લાતો પણ મારી હતી. અરે! વરતાલમાં શાસ્ત્રીજી મહારાજની હાજરી જ સૌને ખૂંચતી.

પરંતુ શાસ્ત્રીજી મહારાજ તો, 'કેસરી સિંહને રે જેમ શંકા મળે નહિ મનમાં; એકાએકી રે નિરભે થઈ વિચરે વનમાં.' એ રીતે નિર્ભય થકાં ઉપાસનાની વાતો કરતા. એમાં પણ શાસ્ત્રીજી મહારાજે માયાને સામેથી છંછેડી. સંવત ૧૮૬૧ની ચૈત્ર સુદ પૂનમની વરતાલની જાહેર સભામાં શાસ્ત્રીજી મહારાજના કહેવાથી ગલભાઈએ અક્ષરપુરુષોત્તમની જય બોલાવી.

આ પ્રસંગથી દ્વેષીઓ વધુ વિફર્યા. હવે તો યજ્ઞપુરુષદાસના નામમાત્રથી દ્વેષીઓના હૃદયમાં વૈરાગ્નિની જ્વાળાઓ ભભૂકવા લાગતી. સ્વામીશ્રીના હેતવાળા હરિભક્તોને પણ વિરોધના વાવાઝોડાં જોઈ એવી ભીતિ અંતરમાં થઈ કે હવે વધુ સમય શાસ્ત્રીજી મહારાજ વરતાલમાં રહી શકશે નહિ.

સંવત ૧૯૬૨નો કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ નજીક આવતો હતો. સૌને આ સમૈયે કાંઈક નવાજૂની થશે તેવો ભય હતો. દ્વેષીઓએ હવે શાસ્ત્રીજી મહારાજનું કાસળ કાઢી નાખવાનો છેલ્લી કક્ષાનો નિર્ણય કરી લીધો હતો.

સંવત ૧૯૬૨ કાર્તિક સુદ બારસને દિવસે સવારે શાસ્ત્રીજી મહારાજને એકાદશીના પારણાની ખીચડીમાં ઝેર આપ્યું. પરંતુ મહારાજ-સ્વામીના ચાર હાથ શાસ્ત્રીજી મહારાજ ઉપર હતા. તેથી તેઓ ઝેર પણ પચાવી ગયા. આથી દ્વેષીઓ ધૂંઆપૂંઆ થઈ ગયા.

કાર્તિક સુદ તેરસને દિવસે દ્વેષીઓએ નક્કી કરી લીધું કે 'શાસ્ત્રી ભંડારમાં જમવા આવે એટલે ઊંચકીને સળગતા ચૂલામાં નાંખી દેવા.' પરંતુ આગલા દિવસના પ્રસંગથી આ વખતે શાસ્ત્રીજી મહારાજ સાથે ૨૫-૩૦ હરિભક્તો પણ ભંડારમાં આવ્યા. જેવો ઉશ્કેરાટ વધ્યો કે તરત જ પાંચ હરિભક્તો શાસ્ત્રીજી મહારાજને ઊંચકી ભંડારની બહાર નીકળી ગયા.

કાર્તિક સુદ ચૌદશને દિવસે હેતવાળા હરિભક્તો શાસ્ત્રીજી મહારાજના મંડળને બોચાસણ જવાની ચિઠ્ઠી લખાવવા કોઠારી ગોરધનદાસજી પાસે ગયા. પરંતુ કોઠારીનું આચાર્ય લક્ષ્મીપ્રસાદજી સામે

ચાલે એવું ન હતું. કોઠારીને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે હેત હતું, તેથી હરિભક્તોને અંતિમ ચેતવણી આપતાં કહ્યું, 'આ વખતે શાસ્ત્રીને મૂકીને જશો નહિ.' કોઠારીના આ શબ્દોથી સૌ ચેતી ગયા.

હેતવાળા હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને વરતાલથી નીકળી જવા કહ્યું. ત્યારે દૃઢતાથી શાસ્ત્રીજી મહારાજે કહી દીધું, 'વરતાલથી છૂટા થવાની વાત કરશો નહિ. ભગતજી મહારાજે મને કહ્યું છેઃ 'તમારા કટકા કરી નાખશે તો હું સાંધી દઈશ, પણ વરતાલનો દરવાજો છોડશો નહિ.' માટે અમારે બહાર નીકળવાનો સંકલ્પ જ નથી.' દેહનો નાશ થતો હોય તો ભલે થાય, પણ ગુરુનું વચન ઉથામવું નહિ. આવી ઉત્કૃષ્ટ ગુરુભક્તિ શાસ્ત્રીજી મહારાજમાં જોઈ સૌ કોઈ નતમસ્તક થઈ ગયા.

કાર્તિક સુદ પૂનમના દિવસે ગુણાતીત જ્ઞાનના પ્રવર્તક શ્રીકૃષ્ણજી અદાશ્રીએ શાસ્ત્રીજી મહારાજને વરતાલથી નીકળવા માટે સમજાવ્યા. અદાશ્રી પ્રત્યે શાસ્ત્રીજી મહારાજને અપૂર્વ માન હતું. 'સાક્ષાત્ ભગતજી મહારાજ જ તેઓમાં રહીને બોલ્યા છે.' એમ જાણી શાસ્ત્રીજી મહારાજે વરતાલથી મહાપ્રસ્થાન કરવાનો નિર્ણય કર્યો.

સંવત ૧૯૬૨ કાર્તિક વદ પડવાના દિવસે સવારે અંતિમ ઉપાય તરીકે મોટેરા હરિભક્તો આચાર્ય લક્ષ્મીપ્રસાદ પાસે સ્વામીશ્રીના મંડળ માટે ચિઠ્ઠી લેવા ગયા. આચાર્ય લક્ષ્મીપ્રસાદ અકળાઈને ઉદ્ધતાઈથી બોલ્યાઃ 'એને કોણ ચિઠ્ઠી આપે? બધો દેશ પડ્યો છે. જ્યાં જવું હોય ત્યાં જાય.'

શાસ્ત્રીજી મહારાજને જ્યારે આ વાત કરી ત્યારે ગંભીર થઈ સ્વામીશ્રી બોલ્યાઃ 'આપણે તો મંદિર અને સત્સંગથી જુદું પડવું નથી, પણ કદાચ મહારાજની મરજી હોય તો બહાર નીકળવું પડે.'

નીકળતાં પહેલા શાસ્ત્રીજી મહારાજે હરિકૃષ્ણ મહારાજની સ્તુતિ કરીઃ 'મહારાજ! અમારે જુદું પડવાનો જરાય સંકલ્પ નથી, પણ જો આપની ઈચ્છાથી જુદા પાડતા હો, તો આપ અમારી અખંડ ભેગા રહેજો.'

આ પ્રમાણે મહારાજને અખંડ સાથે રહેવાની પ્રાર્થના સાથે વરતાલના હીર શાસ્ત્રીજી મહારાજ મંદિરના હનુમાનજીવાળા આગળના દરવાજાથી બહાર નીકળ્યા. તે વખતે શાસ્ત્રીજી મહારાજ સાથે માત્ર પાંચ સાધુ અને લગભગ દોઢસો જેટલા હરિભક્તો હતા.

શ્રીજીના હૃદગત અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તન માટે વરતાલની સુખ-સાહ્યબીયુક્ત સુંવાળી પથારીને ઠોકર મારીને એક કાંટાળા માર્ગે શાસ્ત્રીજી મહારાજે પ્રયાણ કર્યું.

# 'અમે અને વરતાલ એક જ છીએ'

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજ વરતાલથી બહાર નીકળ્યા પછી પણ દ્વેષીઓ તરફથી તેઓને ઘણાં કષ્ટો આવ્યાં. તેઓને મારવા માટે દ્વેષીઓની એક ટૂકડી ગામોગામ ફરતી. આ બધું સાધુતા રાખીને શાસ્ત્રીજી મહારાજ સહન કરતા. મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છેઃ 'સાધુને કોઈ ગાળ દે, મારે તો પણ સહન કરવું અને તેનું હિત થાય એમ જ મનમાં ચિંતવન કરવું.' શાસ્ત્રીજી મહારાજ આ પ્રમાણે જીવતા હતા. પોતે ક્યારેય વરતાલનું અહિત થાય તેવું તો કર્યું જ નથી, ઊલટાનું કોઈ અહિત કરતું હોય, વિરોધમાં બોલતા હોય તો તેઓને વાર્યા છે.

એક સમયે શાસ્ત્રીજી મહારાજ આણંદમાં હતા. અન્ય એક વિશાળ અને પ્રસિદ્ધ સંપ્રદાયના ધર્મગુરુ તેઓને મળવા માંગતા હતા. તેઓ શાસ્ત્રીજી મહારાજની વિદ્વત્તાથી સુપેરે પરિચિત હતા. તેથી તેમને મનમાં એમ હતું કે, 'યજ્ઞપુરુષદાસજી વરતાલથી હવે છૂટા પડ્યા છે, તો પોતાની સાથે તેમને ભેળવી વરતાલવાળાનો શાસ્ત્રાર્થમાં પરાજય કરવો.'

શાસ્ત્રીજી મહારાજ તેમનો ઉદ્દેશ સમજી ગયા અને કહેવરાવ્યુંઃ 'કૌરવો સામે યુદ્ધ કરવાનો વિચાર કરતા રાજાઓએ પાંડવોનો અભિપ્રાય જાણવા એક રાજાને સંન્યાસીના વેશમાં પાંડવો પાસે વનમાં મોકલ્યો. ત્યારે યુધિષ્ઠિરે કહેવરાવ્યું કે કૌરવો સામેના તમારા યુદ્ધમાં અમે તથા કૌરવો એક છીએ. એટલે અમો ૧૦૫ છીએ. તેમ તમારી સામે તો અમે અને વરતાલ એક છીએ.'

પેલા ધર્મગુરુને આવા સંદેશાની અપેક્ષા ન હતી. શાસ્ત્રીજી મહારાજની અજાતશત્રુતા અને વરતાલ પ્રત્યેનો પક્ષ જોઈને તેઓને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અપૂર્વ માન થયું અને કહેવા લાગ્યાઃ 'આખા સંપ્રદાયમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસનો વિદ્વત્તામાં અને સાધુતામાં જોટો નથી.'

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા પ્રથમ ૨૭માં કહ્યું છેઃ 'એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે; કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.' એવા અજાતશત્રુ શાસ્ત્રીજી મહારાજ હતા.

# ‘હે સ્વામી! આપ દયા કરી બિરાજો’

અક્ષરપુરુષોત્તમ જ્ઞાનને મૂર્તિમાન કરી અનંત જીવો માટે મોક્ષમાર્ગ મોકળો (સરળ) કરવા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વરતાલથી મહાપ્રસ્થાન કર્યું. સંવત ૧૯૬૨ની કાર્તિક સુદ પૂનમે સ્વામીશ્રીએ વરતાલનો દરવાજો છોડ્યો. નાણાં, માણાં, પાણાં વગર ઝોળી ઉપર મુસ્તાક (મક્કમ) રહી તેઓએ બોચાસણમાં મંદિર નિર્માણનું કાર્ય ઉપાડ્યું હતું. પાંચ સંતો અને મુઠ્ઠીભર હરિભક્તો સાથે સ્વામીશ્રી વરતાલથી નીકળ્યા હતા, પણ મહારાજ-સ્વામીનો સબળ સંગાથ હતો. તેથી માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં તો બોચાસણ ગામમાં મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાની શરણાઈઓ ગુંજી ઊઠી. સંવત ૧૯૬૩ની વૈશાખ વદ દશમના શુભ દિવસે પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી થઈ ગયું.

પ્રતિષ્ઠાના શુભમુહૂર્તમાં સૌએ શ્રીજીમહારાજની મૂર્તિ ઉપાડી મધ્યખંડમાં પ્રસ્થાપિત કરી. ત્યાર બાદ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ જે મહારાજની મૂર્તિ કરતાં વજનમાં હલકી હતી, તે મૂર્તિ ઘણા માણસોએ ઊંચકી, પણ ઊંચી જ ન થઈ. એક તસુ પણ મૂર્તિ ખસી નહિ. સૌએ અથાગ પ્રયત્ન કર્યો પરંતુ વ્યર્થ! છેવટે સૌ થાકીને શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા અને વાત કરીઃ ‘મહારાજની મૂર્તિ તો સ્વસ્થાને પધરાવી, પરંતુ સ્વામીની મૂર્તિ ઊપડતી નથી. બધાએ બહુ મહેનત કરી અને સૌ થાક્યા છે.’ એટલે સ્વામીશ્રી તરત જ યજ્ઞશાળામાં પધાર્યા. કારીગરના હાથમાંથી ટાંકણું લઈ સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પ્રાર્થના કરીઃ ‘હે સ્વામી! આપના સારુ વરતાલથી નીકળ્યા. અપમાન, તિરસ્કાર અને સંકટ આપના સારું સહન કર્યાં. તો હવે આપ દયા કરી બિરાજો.’ એમ કહી સ્વામીશ્રીએ મૂર્તિ નીચે ટાંકણું ભરાવ્યું, એટલે તરત જ મૂર્તિ ઊંચી થઈ અને સૌએ તે મૂર્તિ તેના સ્થાનકે પધરાવી દીધી!

લૌકિક રીતે આવી પરિસ્થિતિમાં એવું સૂચન થાય કે, ‘મૂર્તિ નથી ઊપડતી તો થોડા વધુ માણસો ભેગા થઈને ઉપાડો’ અથવા અન્ય કોઈ યુક્તિથી કળ-બળનો પ્રયોગ કરીને મૂર્તિ ઊંચકવા પ્રયત્ન કરવામાં આવે. પરંતુ આ પ્રસંગ અલૌકિક હતો અને શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ પણ અલૌકિક હતા. તેથી તેઓએ આવતાંની સાથે પ્રાર્થના કરી. સૌ કોઈને સ્વામી-શ્રીજીમાં તેઓની અવિચળ શ્રદ્ધાના દર્શન થઈ ગયાં. સ્વામીશ્રીની અરજીથી ગુણાતીતાનંદ સ્વામી પણ મંદિર ઉપર બિરાજમાન થઈ ગયા. જેથી સૌને સિદ્ધાંતની સત્યતા પણ હૃદયે જડાઈ ગઈ. કદાચ સૌને આ અનુભવ કરાવવા જ ભગવાને આવો પ્રસંગ ઊભો કર્યો હશે! તે સાથે મહાપ્રતાપી શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં શ્રીઅક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી, સમગ્ર બ્રહ્માંડમાં ઉપાસનાનો દિગ્વિજય કરી દીધો!

મહંતસ્વામી મહારાજ કહે છે કે, ‘મહારાજ-સ્વામી સાચા છે, આપણો અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સાચો છે, સત્પુરુષ સાચા છે.’ ગુરુહરિના વચનમાં પૂર્ણ શ્રદ્ધા રાખીને ઉપાસના પ્રવર્તનની આ સેવામાં મંડીએ તો આપણા હૃદયમંદિરમાં પણ અક્ષરપુરુષોત્તમની પ્રતિષ્ઠા થઈ જાય.

# ‘તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે’

ગુજરાતી સાહિત્યના સાક્ષર, સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને વરતાલ કમિટીના સભ્ય શ્રી દોલતરામ કૃપાશંકર પંડ્યા શાસ્ત્રીજી મહારાજના ગુણાનુરાગી હતા. શાસ્ત્રીજી મહારાજ જ્યારે વરતાલ હતા ત્યારે દોલતરામભાઈ તેઓની વિદ્વત્તા અને સાધુતાથી આકર્ષાયા હતા. શાસ્ત્રીજી મહારાજ વરતાલથી છૂટા પડ્યા ત્યારે દોલતરામભાઈને મનમાં પ્રશ્ન રહી ગયો હતો કે, ‘સ્વામીશ્રી શા માટે વરતાલથી બહાર નીકળ્યા હશે?’ પરંતુ તેઓને વિશ્વાસ તો હતો કે, ‘સ્વામીશ્રી સિદ્ધાંત વિરુદ્ધ તો કોઈ કાર્ય કરે નહિ.’

સંવત ૧૯૭૨માં શાસ્ત્રીજી મહારાજ નડિયાદ પધાર્યા હતા. વર્ષોથી પોતાના મનમાં રહેલી દ્વિધાના સમાધાન માટે દોલતરામભાઈએ શાસ્ત્રીજી મહારાજને પોતાના ઘરે આમંત્ર્યા. શાસ્ત્રીજી મહારાજ વરતાલથી નીકળ્યા એના ૧૦ વર્ષ પછી દોલતરામભાઈને તેઓનાં દર્શન થયા, એટલે તેઓ આનંદિત થઈ ગયા.

દોલતરામભાઈને હજુ મનમાં એવું રહ્યા કરતું કે, ‘સ્વામીશ્રી વરતાલ સાથે ભેગા થાય.’ એટલે તેઓએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું, ‘સ્વામી! આપને ભેગા થવાનો વિચાર છે?’

શાસ્ત્રીજી મહારાજે વિનમ્રતાપૂર્વક પણ દૃઢતાથી કહ્યું: ‘અમારે તો ભેગા થવાનો વિચાર છે. પણ ગઢડા મધ્ય-૨૧મું વચનામૃત વરતાલવાળા સ્વીકારે તો ભેગા થવામાં અમારે વાંધો નથી.’

દોલતરામભાઈએ જીજ્ઞાસાથી કહ્યું: ‘સ્વામીજી! હું જાણું છું કે આપ સિદ્ધાંત સિવાય બહાર પડો જ નહિ. માટે આપ મને ગઢડા મધ્ય-૨૧ની વાત અને આપનો સિદ્ધાંત સમજાવો.’

દોલતરામભાઈની શુદ્ધ મુમુક્ષુતા જોઈ શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા મધ્ય-૨૧ના આધારે શાસ્ત્રોના રહસ્યરૂપ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત તેઓને સમજાવ્યો. ‘પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય સમજાય ત્યારે જ કલ્યાણનો મુદ્દો હાથ આવ્યો કહેવાય.’ એમ કહી મહારાજના પુરુષોત્તમપણાની અને ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તે સંબંધી વાતો વચનામૃત અને ઐતિહાસિક પ્રસંગોના આધારે શાસ્ત્રીજી મહારાજે સમજાવી. અને અંતમાં કહ્યું: ‘શ્રીજીમહારાજના આ સિદ્ધાંત અનુસાર જ, તેઓના જ સંકલ્પથી બોચાસણમાં અમે મંદિર રચ્યું છે અને તેમાં મધ્ય મંદિરમાં પુરુષોત્તમ શ્રીજીમહારાજની સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પધરાવી છે.’

શાસ્ત્રીજી મહારાજની હૃદયભેદક અને પ્રમાણો સહિત વાત કરવાની શૈલીથી દોલતરામભાઈ મંત્રમુગ્ધ (પ્રભાવિત) થઈ ગયા. 'સ્વામીએ સહિત નારાયણની નિષ્ઠા થાય એ જ સાચી સ્વામિનારાયણની નિષ્ઠા' એ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની દૃઢતા તેઓને થઈ ગઈ.

અહોભાવથી તેઓએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું: 'સ્વામી! આ તો જે કાર્ય કરવા માટે મહારાજને અવતાર ધરી ફરી આવવું પડે, તે કાર્ય આપે કર્યું છે. આપની મહત્તા અપાર છે. આજે તો આપે મહારાજ અને સ્વામીની ધાતુની મૂર્તિ પધરાવી છે, પણ ભવિષ્યમાં તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે.'

આ રીતે એક સાક્ષરના હૃદયમાં પણ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા શાસ્ત્રીજી મહારાજે કરાવી દીધી. એવો અદ્‌ભૂત પ્રતાપ હતો શાસ્ત્રીજી મહારાજનો!

# 'અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું છે'

અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ભવ્ય શિખરબદ્ધ મંદિરો રચવાનો શાસ્ત્રીજી મહારાજે આરંભ કર્યો હતો. બોચાસણમાં સૌ પ્રથમવાર મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવી શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાની દુંદુભિ (મોટું નગારું) વગાડી હતી. ઉપાસનાનું આવું બીજું ભવ્ય મંદિર શાસ્ત્રીજી મહારાજે પોતાની આગવી કળાસૂઝથી સારંગપુરમાં બાંધ્યું.

સારંગપુરનું મંદિર ન થવા દેવા માટે વિઘ્નો તો ઘણાં આવ્યાં. ન હતાં નાણાં, ન હતાં પાણાં, ન હતાં દાણાં, કે ન હતાં માણાં; વળી દ્વેષીઓ તરફથી સતત કરવામાં આવતો વિરોધ - આવાં તો કંઈક કષ્ટોની વચ્ચે પણ મહારાજની ઇચ્છાથી અને શાસ્ત્રીજી મહારાજના અપ્રતિમ પ્રતાપથી મૂર્તિપ્રતિષ્ઠાનો અવસર આવી પહોંચ્યો. હવે દ્વેષીઓએ છેલ્લો દાવ અજમાવી જોયો.

લીમડીના ઠાકોર સાહેબે સારંગપુર મંદિર માટે ૨૪ એકર જમીન આપી હતી. દ્વેષીઓએ ઠાકોર સાહેબના કાનમાં વિષ રેડ્યું: 'આ શાસ્ત્રી તો તેમના ગુરુ જાગા અને પ્રાગાની મૂર્તિઓ પધરાવશે. આપણા ઇષ્ટદેવ તો રાધાકૃષ્ણ કહેવાય. તેમની જ મૂર્તિઓ મધ્ય મંદિરમાં બેસે તો જ સંપ્રદાયની રીત પ્રમાણે મંદિર થયું કહેવાય.' ઠાકોર સાહેબના હૃદયમાં આ શબ્દો ઘર કરી ગયાં.

ઠાકોર સાહેબે શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું: 'સ્વામીજી! અમે આપને આ મંદિર માટે જમીન આપી છે, તે માટે અમે એમ સાંભળ્યું છે કે આપ જાગા-પ્રાગાની મૂર્તિઓ બેસારવાના છો. આપણે તો અહીં મહાપ્રભુ શ્રીકૃષ્ણ અને રાધાજીની મૂર્તિઓ બેસારવાની વાતચીત થઈ હતી, તો આપ કઈ મૂર્તિઓ પધરાવવાના છો?'

સ્વામીશ્રી આ સાંભળી હસી પડ્યા. પછી ગંભીર થઈને કહે: 'પ્રાગજી ભક્ત કે જાગા ભક્તની મૂર્તિઓ પધરાવવાનો અમને સ્વપ્નમાં પણ સંકલ્પ નથી. વળી, રાધાકૃષ્ણની મૂર્તિઓ મંદિરમાં ચઢતાં પ્રથમ દેરામાં જ પધરાવવાની છે.' તે સાંભળી ઠાકોર સાહેબ બોલ્યા, 'મધ્યમંદિરમાં તો રાધાકૃષ્ણની મૂર્તિઓ જ બેસવી જોઈએ.'

તે સમયે શાસ્ત્રીજી મહારાજનાં નેત્ર ઉપરના ભ્રમર ઊંચા થઈ ગયાં અને ઠાકોર સાહેબની આંખોમાં આંખ પરોવી, પરભાવમાં આવીને કહ્યું, 'ઠાકોર સાહેબ! આ દેહે જે કષ્ટ સહન કર્યાં છે તે મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી સારુ સહન કર્યાં છે અને આ મૂંડાવ્યું છે તે પણ અક્ષરપુરુષોત્તમ માટે જ મુંડાવ્યું છે. માટે મધ્ય મંદિરમાં તો અક્ષરપુરુષોત્તમની જ મૂર્તિઓ બેસશે.'

શાસ્ત્રીજી મહારાજની આવી નિષ્ઠાભરી સિંહગર્જનાથી ઠાકોર સાહેબે હાથ જોડી કહ્યું, 'સ્વામીજી! આપને યોગ્ય લાગે તેમ કરો અને અમારા બોલ્યા સામું જોશો નહિ.'

આ રીતે ઠાકોર સાહેબના દબાવમાં આવ્યા વગર, ‘જો ઠાકોર સાહેબ નારાજ થઈને જમીન પાછી લઈ લેશે તો?’ એવી કોઈ પણ પ્રકારની બીક રાખ્યા વગર કેવળ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાના બળે શાસ્ત્રીજી મહારાજે મંદિરોનું નિર્માણ કર્યું છે.

શાસ્ત્રીજી મહારાજ કેફથી કહેતાં,

‘આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.’

‘અક્ષરપુરુષોત્તમની વાત કોઈ મારા માથા ઉપર બેસીને કરે તો પણ ઓછું છે.’

‘અક્ષરપુરુષોત્તમ માટે વેચાઈ જવું પડે તો પણ ઓછું છે.’

‘આ મુંડાવ્યું છે તે અક્ષરપુરુષોત્તમ મહારાજ માટે મુંડાવ્યું છે.’

શાસ્ત્રીજી મહારાજના આ ચાર મહાવાક્યોની હૃદયમાં દૃઢતા સાથે આપણી સેવા-ભક્તિ કરવી.

# કલ્યાણનું સદાવ્રત

સંવત ૧૯૮૦ની સાલમાં શાસ્ત્રીજી મહારાજ પરમ ભક્તરાજ કુબેરભાઈના આગ્રહથી ભાવનગર પધાર્યા હતા. સાથે યોગીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી વગેરે સંતો પણ હતા. એક દિવસ શાસ્ત્રીજી મહારાજે કુબેરભાઈને બોલાવી કહ્યું, 'આજે અમારે ગામમાં ઝોળી માંગવા જવું છે.'

શાસ્ત્રીજી મહારાજની આ ઈચ્છાથી કુબેરભાઈ હેબતાઈ ગયા. તેઓએ કહ્યું: 'દયાળુ! અહીં મારું ઘર અને બીજા સત્સંગીઓનાં પણ ઘણાં ઘર છે. છતાં આપ ગામમાં ઝોળી માંગવા જાઓ તે અમને કેટલું શરમભર્યું લાગે?'

શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'કુબેરભાઈ! તમારી સેવા તો અપાર છે. પરંતુ શ્રીજીમહારાજે જાતે ઝોળી માગી હતી અને પરમહંસો પાસે પણ ઝોળી મંગાવી હતી. તેથી અનેક મુમુક્ષુ જીવોને દર્શન થાય અને તેમનું કલ્યાણ થાય - એ જ હેતુ મહારાજનો હતો. આપણે પણ મહારાજની આજ્ઞાનુસાર ઝોળી માંગવા જવું છે.'

શાસ્ત્રીજી મહારાજની દૃઢતા આગળ કુબેરભાઈ કાંઈ બોલી શક્યા નહિ. ભાવનગરની શેરીઓમાં 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'ની આહ્‌લેક શાસ્ત્રીજી મહારાજે ગુંજાવી. 'કુબેરભાઈ જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થ, સાધુ સાથે ઝોળી માંગવા નીકળ્યા છે' તે વાત આખા ગામમાં પ્રસરતાં સૌ કોઈ આ દૃશ્ય જોવા ઉમટી પડ્યા. શાસ્ત્રીજી મહારાજની સૌમ્ય મૂર્તિ જોઈ ભાવનગરવાસીઓ આકર્ષાયા. સૌએ ઝોળી છલકાવી દીધી.

ઝોળીના એક તરફનો છેડો શાસ્ત્રીજી મહારાજે અને બીજી તરફનો છેડો યોગીજી મહારાજે પકડ્યો હતો. બંને ગુણાતીત સત્પુરુષો આજે અક્ષરપુરુષોત્તમ મહારાજની ઝોળી ફેલાવી કલ્યાણનું સદાવ્રત ખોલતાં ભાવનગરની શેરીએ શેરીએ ફરતા હતા.

આ રીતે શાસ્ત્રીજી મહારાજે સારંગપુર, નડિયાદ, ભાદરણ, ધર્મજ વગેરે ગામોમાં પણ ઝોળી માગી હતી. એક વખત નિર્ગુણદાસ સ્વામીએ પૂછ્યું, 'અમે બધાં આપની સેવામાં જ તત્પર છીએ, તો આપ શા માટે ઝોળી માંગવા નીકળો છો?' ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા હતા, 'અક્ષરપુરુષોત્તમ માટે તો શ્વપચને ઘેર વેચાઈ જવું પડે તો પણ ઓછું છે. આ મારી ઝોળીમાં જેનો જેનો કણકો આવશે તે તમામને મારે અક્ષરધામમાં લઈ જવા છે.'

# 'અક્ષરપુરુષોત્તમની વાત મારા માથે બેસીને કરે તોય ઓછું છે!'

સન ૧૯૩૬ના અધિક ભાદરવા માસમાં અમદાવાદના હરિભક્તોની વિનંતીથી શાસ્ત્રીજી મહારાજે સત્સંગિજીવનનું પારાયણ યોજ્યું હતું. સાબરમતીના તટ ઉપર કાશી વિશ્વનાથના મંદિરમાં આયોજિત એ પારાયણમાં શ્રીજીસ્વરૂપદાસ સ્વામી કથાનો લાભ આપતા. સાંજે છ વાગ્યે શાસ્ત્રીજી મહારાજ કથામૃત વરસાવતા. ત્યારબાદ તેઓની આજ્ઞાથી પ્રોફેસર જેઠાલાલ સ્વામિનારાયણ 'અક્ષરપુરુષોત્તમ ચરિતમ્' ગ્રંથમાંથી અધ્યાય વાંચતા. તેઓ શાસ્ત્રીજી મહારાજના જ આસન ઉપર બેસીને કથા કરતા. ગુરુના આસન પર બેસી શિષ્ય કથા કરે તે કેટલાક હરિભક્તોને ગમ્યું નહિ. કારણ કે તેમાં ગુરુની ગરિમા અને મર્યાદા ન સચવાતી હોય એવું લાગ્યું. તેથી સૌ વતી બબુભાઈ કોઠારીએ શાસ્ત્રીજી મહારાજને ફરિયાદ કરતાં કહ્યું: 'આ પ્રોફેસર તો આપના જ આસન પર બેસીને કથા કરે છે! આ યોગ્ય ન કહેવાય.'

પરંતુ શાસ્ત્રીજી મહારાજ માટે તો 'અક્ષરપુરુષોત્તમ' જ પોતાનું સર્વસ્વ હતા. અક્ષરપુરુષોત્તમનું આ જ્ઞાન જગછતરાયું કરવા તો તેઓએ પોતાનું અસ્તિત્વ ઓગાળી દીધું હતું. તેથી શાસ્ત્રીજી મહારાજે બબુભાઈને ઠપકો આપતાં કહ્યું: 'પ્રોફેસર અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરિત્રોની કથા કરે છે! આવી કથા તો મારા આસન પર શું, મારા માથા પર બેસીને કરે તો પણ ઓછું છે!' બબુભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. અક્ષરપુરુષોત્તમના પ્રખર પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજની નિષ્ઠાનો આ ટંકાર સાંભળી તેઓનું મસ્તક ઝૂકી ગયું.

નિષ્ઠાપ્રવર્તનની સેવા કરનાર ભક્ત માટે શાસ્ત્રીજી મહારાજના અંતરમાં કેટલો મહિમા છે! આ સેવકને સ્વામીશ્રી પોતાના મસ્તક પર બેસાડવા તત્પર છે! આપણે સૌભાગ્યશાળી છીએ કે એ જ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનની સેવા આપણને પણ પ્રાપ્ત થઈ છે. વળી, આપણી સાથે આ સેવામાં જોડાયેલા કાર્યકરોનો આપણે કેવો મહિમા સમજવાનો છે તેનો દૃષ્ટિકોણ પણ શાસ્ત્રીજી મહારાજ શીખવી રહ્યા છે. કદાચ, પ્રકૃતિવશાત્ કોઈના વાણી-વ્યવહાર અરુચિકર લાગે, પણ આખરે 'તે સેવા તો અક્ષરપુરુષોત્તમ મહારાજની કરે છે' એવો મહિમા સમજીએ તો આપણું તેઓ સાથેનું વર્તન મહિમાભરેલું રહે. ગુરુહરિની જેમ ઉમંગથી આપણે પણ આ સેવામાં જોડાઈશું અને જે ભક્તો આ સેવામાં જોડાયા છે તેઓનો મહિમા સમજીશું તો સ્વામીશ્રીના હૃદયમાં આપણને સ્થાન અચૂક મળી જશે.

# શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણ

ભગવાન સ્વામિનારાયણે અદ્વિતીય સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું. આ સમાધિ પ્રકરણ દ્વારા તેઓએ હજારો મુમુક્ષુઓને પોતાના સર્વોપરી સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરાવી હતી તથા પૃથ્વી પરના પોતાના અવતરણની સૌને પ્રતીતિ કરાવી હતી. વચનામૃત ગઢડા મધ્ય ૨૨માં કહ્યું છેઃ 'ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે.' એ વચનાનુસાર ભગવાન સ્વામિનારાયણના ત્રીજા આધ્યાત્મિક વારસદાર શાસ્ત્રીજી મહારાજે પણ દિવ્ય સમાધિ પ્રકરણ પ્રવર્તાવ્યું હતું.

સંવત ૧૯૮૫ના મહા સુદિ છઠને દિવસે સારંગપુરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાનો અવસર હતો. શાસ્ત્રીજી મહારાજના વરદ હસ્તે ધામધૂમથી પ્રતિષ્ઠા સંપન્ન થઈ. સંધ્યા આરતીના સમયે શાસ્ત્રીજી મહારાજ મંદિર ઉપર હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી રહ્યા હતા. તેઓની બાજુમાં વરતાલના આચાર્ય લક્ષ્મીપ્રસાદના પુત્ર રાધારમણપ્રસાદ હતા. શાસ્ત્રીજી મહારાજે તેઓને કહ્યુંઃ 'તમે મહારાજની મૂર્તિ સામું અનિમિષ નેત્રે જોઈ રહો.'

શાસ્ત્રીજી મહારાજના વચને રાધારમણપ્રસાદ મૂર્તિમાં એકાગ્રચિત્તે જોડાઈ ગયા. મૂર્તિના દર્શન કરતાં કરતાં રાધારમણપ્રસાદને સમાધિ લાગી ગઈ અને નિશ્ચેતન થઈ ગયા. તેઓને આવી સ્થિતિમાં જોઈ હરિભક્તો ગભરાઈ ગયા અને શાસ્ત્રીજી મહારાજ પાસે આવીને કહ્યુંઃ 'રાધારમણપ્રસાદને કંઈ થઈ ગયું છે. સૂઈ રહ્યા છે અને કશું બોલતા નથી.' શાસ્ત્રીજી મહારાજે કહ્યુંઃ 'તેમને સમાધિ થઈ છે. ભગતજીએ પ્રભુદાસ મારફત કહેવરાવ્યું હતું કે, 'આપણા મંડળમાં સમાધિ પ્રકરણ મહારાજ શરૂ કરવાના છે.' તે હવે શરૂ થયું છે.'

આ રીતે શાસ્ત્રીજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજે સારંગપુરથી સત્સંગમાં સમાધિ પ્રકરણ પ્રવર્તાવ્યું. સંતમંડળમાં સાધુ ધર્મસ્વરૂપદાસજી અને સાધુ અક્ષરજીવનદાસને સમાધિ થતી. હરિભક્તોમાં વઢવાણના પોપટલાલ સોનીને બોચાસણના સભામંડપમાં સમાધિ થઈ હતી. મહારાજે તેઓને સમાધિમાં સાકરનું બનાવેલું શિખરબદ્ધ મંદિર આપ્યું હતું.

સ્ત્રી હરિભક્તોમાં ખેંગારજીભાઈના માતુશ્રી જેઠીબાને મહારાજ સમાધિ દ્વારા દર્શન દેવા લાગ્યા. તેઓના ઘરે આ દિવ્ય સમાધિ જોવા ઘણાં લોકો ઊમટતાં. પ્રખર શૈવમતવાદી અને શુદ્ધ વેદાંતી શંકરલાલ ઠાકરનાં પુત્રી હસમુખબહેન જેઠીબાની સમાધિના દર્શને આવ્યાં હતાં, ત્યારે તેમનાં ઉપર મહારાજે ચંદનના છાંટણાં છાંટ્યાં અને તેઓને પણ સમાધિની શરૂઆત થઈ. પછી તો તેઓના પિતાશ્રી શંકરલાલભાઈને પણ સમાધિ થઈ. રાજકોટના શ્રી મણિબાને પણ સમાધિ થતી હતી.

મુંબઈ, અમદાવાદ, સુરતમાં તો જાહેરમાં સમાધિનો કાર્યક્રમ થાય. જનસમુદાયને છાપાંઓ દ્વારા જાહેર આમંત્રણ અપાય. મહારાજ સમાધિમાં કેળાં, દ્રાક્ષ, કંકુ, બદામ, સાકર વગેરેની

પ્રસાદી આપે. તે પ્રસાદ આકાશમાંથી હાથમાં પડતો સૌ જુએ અને આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય. તે સમયના અમદાવાદના વર્તામાનપત્રોમાં પણ શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ આ સમાધિ પ્રકરણના સમાચાર છપાયા હતા.

પ્રસિદ્ધ ગાંધીવાદી પોલેન્ડવાસી શ્રી મૉરીસ ફ્રીડમેન (સ્વામી ભારતાનંદ) પણ આ સમાધિનાં દર્શન કરવા અમદાવાદ આવ્યા હતા. સમાધિસ્થ અવસ્થા, આકાશમાંથી અચાનક હાથમાં પડતો સાકર, બદામનો પ્રસાદ વગેરે જોઈને તેઓ પણ અભિભૂત થઈ ગયા હતા.

આ રીતે સમાધિ પ્રકરણથી સમગ્ર સત્સંગમાં શાસ્ત્રીજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજે એવો પ્રૌઢ પ્રતાપ જણાવ્યો કે સત્સંગની વૃદ્ધિ અતિ અપાર વેગથી થવા લાગી. ભારતના એક સમયના કાર્યકારી વડાપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાજી, પ્રૉફેસર શ્રી જેઠાલાલ સ્વામિનારાયણ, પુનિત મહારાજ, પારસી શ્રીમતી જરબાનુ સોરાબજી મિસ્ત્રી, શ્રી કિશોરલાલ મશરૂવાળા, અમદાવાદ સ્ટેટ ટ્રાન્સપોર્ટ ડિવિઝનલ ઑફિસર શ્રી વ્રજલાલ મહેતા વગેરે પ્રતિષ્ઠિત લોકોને આ સમાધિના દર્શને સત્સંગ થયો.

'ભગવાન સ્વામિનારાયણ આજે શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રગટ છે' એવી પ્રતીતિ સૌને આ સમાધિ પ્રકરણ દ્વારા થઈ હતી.

# તમે જીવ્યા અમારે કાજ

સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના અથાગ પુરુષાર્થથી ખાનદેશમાં સત્સંગનો વિકાસ નોંધપાત્ર રીતે થઈ રહ્યો હતો. એમાં પણ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અહીં પધારે તો તો સોનામાં સુગંધ ભળે, અહીંના સત્સંગને સારી એવી પુષ્ટિ મળી રહે. તેથી નિર્ગુણદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને અહીં પધારી ભક્તોને લાભ આપવા પત્રો લખ્યાં હતાં. શાસ્ત્રીજી મહારાજ પણ ખાનદેશના ભક્તોને લાભ આપવા માટે ભાંગતી તબિયતે જવા તૈયાર થઈ ગયા હતા.

તે માટે સારંગપુરથી અમદાવાદ ઊતરવા જાળિલા રોડ સ્ટેશને સ્વામીશ્રી આવી પહોંચ્યા. એ રાત્રે જમણો પગ ઝલાઈ ગયો (વા થયો હોવાથી) હોવા છતાં ટ્રેન પકડવા સ્વામીશ્રી અહીં પહોંચ્યા, પણ રસ્તે આવતા ગાડામાં બીજો પગ પણ ઝલાઈ ગયો! પોતે એક ડગલું પણ માંડી શક્યા નહિ. સેવક સંતો નારાયણસ્વરૂપદાસજી અને ચતુર્ભુજ સ્વામીએ ઊંચકીને શાસ્ત્રીજી મહારાજને ગાડામાંથી ઉતાર્યા. શાસ્ત્રીજી મહારાજના મનમાં અત્યંત વસવસો થવા લાગ્યો કે ખાનદેશના હરિભક્તોને લાભ આપવા નહિ જઈ શકાય. જાળિલા સ્ટેશનેથી નિર્ગુણદાસ સ્વામીને તેઓએ લખેલા પત્રમાં તેઓની શારીરિક પરિસ્થિતિનું હૃદય દ્રવી જાય તેવું દર્શન થાય છેઃ '...અમો તે તરફ (ખાનદેશ) આવવા સારુ પાંચ જણ તૈયાર થઈને અમદાવાદ થઈને શુક્રવારે અટલાદરા જઈશું. પરંતુ સ્વામી-મહારાજની મરજી શું છે તે કળાતું નથી. આજ રાત્રે જમણા પગે આખામાં વા આવી ગયો છે. છતાં વિચાર ન બદલતાં નીકળ્યા. પરંતુ ડમણિયામાંથી ઊતરતાં બિલકુલ ચલાયું નહિ. બીજા પગે પણ દર્દથી પીડા થતી હતી. ઊંચકીને માસ્તરના ઘરે લાવ્યા છે. હવે ગાડીમાં ઊંચકી બેસાડશે. અમદાવાદ ને ત્યાંથી અટલાદરા તો જઈશું, પણ ત્યાં ગયા પછી જો પગે નહિ મટે ને વધારો થશે તો અવાશે નહિ. ઘણું કરીને સે'જ (થોડું) મટશે, ને પગે ચલાશે, તો જરૂર આવીશ. માટે અકસ્માત થયે નહિ અવાય, તો રાજી રહેશો. આશાભાઈ વિગેરે આવશે, તો મોકલીશું. એ જ, મટશે તો અમો પાંચ જણા તો જરૂર આવીશું...'

'વિચાર ન બદલતાં નીકળ્યા.' આ વાક્યમાં તેઓના અચળ નિર્ણયની દૃઢતા ઝબકી રહી છે. 'સહેજ મટશે, ને પગે ચલાશે, તો જરૂર આવીશ' આ શબ્દોમાં એક એક હરિભક્તોને રાજી કરી લેવાની કેવી અદમ્ય ઝંખના છે. બંને પગે વા છે, એક ડગલું મંડાતું નહોતું. છતાં શાસ્ત્રીજી મહારાજનું વિચરણ અવિરત ચાલુ રહેતું. સત્પુરુષોએ આપણને સુખી કરવા માટે પોતાના દેહને વાટી નાંખ્યો છે. એટલે જ તેઓનું ઋણ ચૂકવવાની ભાવનાથી સૌ ભક્તોનું અંતર ગાઈ ઉઠે છેઃ 'તમે જીવ્યા અમારે કાજ, અમે જીવશું તમારે કાજ, વ્હાલા શાસ્ત્રીજી મહારાજ...'

# બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

# 'સ્વામી રાજી થશે ને!'

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પૂજ્ય કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાં વિચરણ કરતા. જ્યાં જ્યાં આ મંડળ જતું ત્યાં યોગીજી મહારાજની સેવા-ભક્તિ અને નિર્મળ વાત્સલ્યની સુવાસ પ્રસરતી જતી. એક વખત તેઓનું મંડળ કુકાવાવ ગામે પધાર્યું.

સ્વામીશ્રી જ્યાં જાય ત્યાં સેવા શોધી કાઢતા. એ વખતે પિત્તળના વાસણનું ચલણ હતું. સ્વામીશ્રીને વાસણને કલાઈ (ધાતુની ચળકાટ વધારવા અને કાટ થતો અટકાવવા કરાતી પ્રક્રિયા) કરવાનું પણ સારું ફાવતું. ભગવાનભાઈ જોઈતી ચીજવસ્તુ લાવી આપે. યોગીબાપા ભજન કરતાં કરતાં વાસણને કલાઈ કરતા જાય. કલાઈ કરી ભગવાનભાઈને વાસણ બતાવીને પૂછેઃ 'કલાઈ કેવી થઈ? સ્વામી રાજી થાશે ને?' યોગીજી મહારાજના અંતરમાં ગુરુને રાજી કરવાની તમન્ના અખંડ રહેતી. કૃષ્ણચરણદાસ સ્વામી કલાઈ કરેલા વાસણ હાથમાં લઈને ચારે તરફ ફેરવીને જોતાં, પછી મંડળના બધા સંતોને દેખાડતા જ્ઞાનજીવનદાસ સ્વામીની (યોગીજી મહારાજની) પ્રસંશા કરતાં કહેતાઃ 'જ્ઞાનજી તો સાત સમેલિયા છે. બધી ક્રિયા શીખી લે. એકેય ક્રિયામાં પાછા ન પડે. ભગવાન અને સંતને રાજી કરતાં બહુ આવડે.'

'સ્વામી રાજી થશે ને?' યોગીબાપાના આ ચાર શબ્દોમાં જાણે સાધનામાત્રનો સાર છુપાયેલો છે. કારણ કે બધા સાધનોની સિદ્ધિ ગુરુના રાજીપાથી જ થાય છે. રાજીપો એ જ આપણી કમાણી છે. સ્વામીબાપાના રાજીપાથી જ અંતરમાં ધન્યતા અને કૃતાર્થતાનો અનુભવ થાય છે. 'મહંતસ્વામી મહારાજ રાજી થશે ને?' આ પ્રશ્નમાંથી દરેક ક્રિયાને પસાર કરીને તેને અનુરૂપ જીવન બનાવીએ એ જ આપણી સાધના.

# ખમવું એ સાધુતા

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સાધુતાની વ્યાખ્યા એક જ શબ્દમાં આપી - ' 'ખમવું' એ સાધુતા.' યોગીબાપાના અંતરમાંથી વહી પડેલા આ ઉદ્‌ગારો તેમના અનુભવોમાંથી ઝબકોળાઈને આવ્યા છે. યોગીજી મહારાજ એવા મહાપુરુષ હતા કે જેઓએ પોતાના જીવનમાં અકલ્પ્ય પીડા સહન કરી, પણ મુખારવિંદ ઉપરથી બ્રહ્માનંદ પળમાત્ર ઓસર્યો નહિ. એવું લાગે કે જાણે દુનિયામાત્રનું દુ:ખ યોગી બાપાએ સહન કરી લીધું અને છતાંય દુનિયામાત્રનો આનંદ ભોગવી લીધો.

સ્વામી કૃષ્ણચરણદાસના આશીર્વાદ મેળવીને જૂનાગઢ મંદિર છોડનાર સાત સંતોનું નેતૃત્વ વિજ્ઞાનદાસ સ્વામીનું હતું. વિજ્ઞાનદાસ સ્વામી સાથે યોગીજી મહારાજે ૧૭ વર્ષ સુધી વિચરણ કરેલું. ગુરુ વિજ્ઞાનદાસ અને શિષ્ય યોગીજી મહારાજની પ્રકૃતિમાં આકાશ-પાતાળની ભિન્નતા હતી. ગુરુ અતિશય ક્રોધી, શિષ્ય અતિશય શાંત; ગુરુ દુરાગ્રહી, શિષ્ય સદા અનુકૂળ; ગુરુ અસહિષ્ણુ, શિષ્ય સહનશીલ. યોગીજી મહારાજની સાધુતા ગુરુને મન લાચારી હતી. પરિણામે, એમની વચ્ચે એવા પ્રસંગો ઊભા થતા જેમાં ગુરુની ક્રોધાવશ અવસ્થાના દર્શન થતાં. યોગીજી મહારાજ ગુરુનો ક્રોધ કે એમના તરફથી થતી મારઝૂડ કશી જ ફરિયાદ વિના ગળી જતા. એટલું જ નહિ, પણ ગુરુ વિષે મનમાં કોઈ હીણો વિચાર પણ પ્રગટ થવા ન દેતા.

એક વખત વિજ્ઞાનદાસ સ્વામી તથા અન્ય સંતોને જમાડીને યોગીજી મહારાજ મંદિરના મેડે ભંડારમાં જમવા બેઠા. તેઓ હંમેશાં ઊભા પગે જમવા બેસતા. બે ગોઠણ વચ્ચે નીચું માથું રાખી નીરસભાવે પાત્રમાં પાણી નાખી મેળાવીને ઉતાવળે જમી લેતા. આમ, જમવાની તૈયારી કરતા હતા ત્યાં વિજ્ઞાનદાસ સ્વામી આવી પહોંચ્યા. એમની ક્રોધવૃત્તિ સળવળી ઊઠી. એકાએક આવેગ આવી જતાં તેમણે બાજુમાં પડેલી સાણસી લીધી અને પૂરા જોશથી યોગીજી મહારાજના જમણા પગમાં પિંડી (ઢીંચણ નીચે પાછળની તરફ માંસનો લોચો) ઉપર સાણસી વડે ચીપટી ભરી. યોગીજી મહારાજના પગ બહુ પાતળા હતા અને પિંડી જાણે માંસ વગરની હોય તેમ પાતળી છતાં પોચી હતી. સાણસીની સખત ચીપટીથી પિંડીમાંથી ચામડી સાથે માંસ બહાર આવી ગયું અને લોહીની ધાર છૂટી. જરા જેટલો પણ ઊંકાર કર્યા વગર, જાણે કશું જ બન્યું નથી એમ માફી માંગવા યોગીજી મહારાજ ઊભા થવા ગયા, પણ ઊભા થવાની તાકાત પગમાં રહી નહોતી. પગનું બંધન છૂટતાં, સખત વેદના અનુભવતાં એ ત્યાં જ ઢળી પડ્યા. શિષ્યને કણસતા છોડી કઠોરહૃદયી ગુરુ ત્યાંથી તરત ચાલ્યા ગયા. પાછળથી બીજા ભક્તોએ એમના પગે પાટાપીંડી કરાવી, પણ પગની એ પિંડીમાં કાયમ માટે પડેલું કાળું ચાઠું એમણે વેઠેલી અપાર યાતનાઓનું જીવનભર નિશાન બનીને રહ્યું.

આવું ઘોર કર્મ કરનાર વિજ્ઞાનદાસ સ્વામીએ એક વાર સોખડામાં ખુલ્લા મેડા ઉપરથી યોગીજી મહારાજને ધક્કો મારીને ઠેઠ મંદિરના ફળિયામાં ફેંકેલા! લગભગ ચૌદ-પંદર ફૂટ ઉપરથી આમ નીચે પડતાં માણસની શી સ્થિતિ થાય એ કલ્પી શકાય એમ છે, પણ શ્રીજીમહારાજે યોગીજી મહારાજની રક્ષા કરી લીધી અને એ બચી ગયા હતા.

એક વખત તો વિજ્ઞાનદાસ સ્વામીએ માઝા મૂકી દીધી. એક દરબારે રસોઈ માટે સીધું આપ્યું. તેમાં ઘીની તપેલી આપવી ભૂલી ગયા. ભોજન વખતે ઘી વગરની કોરી રોટલી જોઈ દરબાર અકળાઈ જેમ-તેમ સંભળાવી ત્યાંથી ચાલ્યા ગયા. વિજ્ઞાનદાસ સ્વામીએ વગર વાંકે યોગીજી મહારાજ ઉપર ચૂલામાંથી બળતું લાકડું લઈને મારઝૂડ કરી. આખા શરીરે સોળ પડી ગયા. છાતીમાં લાલ ચકામા ઉપસી આવ્યા. બેસુમાર મારથી યોગીજી મહારાજ મૂર્છાવશ થઈ બેભાન થઈ ગયા. મારીને થાક્યા એટલે જોગીને પ્રાયશ્ચિતનો એક ઉપવાસ આપી ગુરુ આરામમાં ગયા! કલ્પી પણ ન શકાય એવો ઘોર શારીરિક ત્રાસ વિજ્ઞાનદાસ સ્વામીશ્રી પર ગુજારતા. તેમ છતાં યોગીબાપા કહેતા કે, 'ગુર મારે તો હું ઊભો રહું! ગુરુ રાજી થાય ને! ટોકે તો આપણે આગળ વધીએ.'

જેની સાથે આપણે એક દિવસ પણ વીતાવી ન શકીએ એવા વ્યક્તિ સાથે યોગીજી મહારાજે ૧૭ વર્ષ સુધી દિવસ-રાત કાઢ્યા. બે-ત્રણ પ્રસંગો જ હૈયું વલોવી નાખે છે, તો સત્તર-સત્તર વર્ષો સુધી હસતા મુખે આ પીડા સહન કરનાર યોગીબાપાની સાધુતાનો તાગ ક્યાંથી મળે? આ પ્રસંગોને આંખો સામે રાખીએ તો સત્સંગમાં કે જીવનમાં આપણને કાંઈ સહન કરવું પડતું હોય તેવું લાગે ખરું?!

# પ્રેમના કોળિયા

એક વાર યોગીજી મહારાજ સંતો સાથે નારાયણ ધરે સ્નાન કરવા પધાર્યા. તે વખતે જૂના મંદિર - મૂળીના બે સાધુઓ ઉત્તમચરણદાસ તથા નારાયણપ્રસાદદાસ પણ ત્યાં આવ્યા હતા. તે બંનેનો યોગીજી મહારાજને મારવાનો દુષ્ટ આશય હતો. યોગીજી મહારાજ નારાયણ ધરામાં સ્નાન કરવા ઊતર્યા એટલે તેઓ પથ્થર લઈને કિનારા પર આવ્યા. અમાસના સમૈયાને કારણે ઘણાં હરિભક્તો અહીં આવ્યા હતાં, તેઓ સ્નાન કરતા હોવાથી આ સાધુઓને પથ્થર મારવાની તક મળી નહિ. પરંતુ યોગીજી મહારાજ બહાર નીકળ્યા ત્યારે અપશબ્દોથી પ્રહાર કરવામાં આ સાધુઓએ કંઈ જ બાકી ન રાખ્યું. યોગીજી મહારાજને મન તો અપમાન એ સાધુતાના શણગાર હતા, તેઓ હસતાં હસતાં ત્યાંથી ચાલી નીકળ્યા.

સમય જતાં યોગીબાપાને અપશબ્દો બોલનાર આ સાધુ નારાયણપ્રસાદદાસ એક વાર યાત્રાએ નીકળ્યા. કારિયાણી જવું હતું, પરંતુ રસ્તામાં તેને કાચ વાગ્યો. વરસાદ હોવાથી ઘામાં પાણી ચઢી ગયું અને પગ પાક્યો. એક સાધુ સાથે બોટાદ સ્ટેશને ઊતરી, ઘોડાગાડી કરીને બંને સારંગપુર આવ્યા. માર્ગમાં ખૂબ જ ગારો હતો. એટલે ઘોડાગાડીવાળાએ અહીંથી કારિયાણી જવાની ના પાડી અને ભાડુ લઈને તે બોટાદ ચાલ્યો ગયો. સારંગપુર હનુમાનજીના દર્શન કરવા ગયા પણ મંદિરના દરવાજા બંધ થઈ ગયા હતા. વરસાદ વરસતો હતો.

પોતે જૂના મંદિરના સાધુ છે તેથી નવા મંદિરમાં તેમને ઉતારો નહિ મળે તેવી તેમને ધારણા હતી. પગ પાક્યો હતો એટલે નારાયણપ્રસાદને પીડા ખૂબ થતી હતી. ન છૂટકે તેમણે રાત્રિના અગિયાર વાગ્યે સારંગપુર મંદિરના દ્વાર ખટખટાવ્યાં. રાત્રિની કથા-ચેષ્ટા કરી સૌ સૂઈ ગયા હતા. ફક્ત યોગીજી મહારાજ સૂવાની તૈયારી કરતા હતા. ત્યાં ચોકિયાત પાર્ષદે ખબર આપ્યા કે બે અજાણ્યા સાધુ આવ્યા છે અને મંદિરમાં ઉતારો માગે છે. યોગીજી મહારાજ દરવાજા સુધી લેવા ગયા અને આવકાર આપ્યો. પછી જમવા માટે આગ્રહ કર્યો. ભંડારમાં રસોઈમાં કશું વધ્યું ન હતું. તેથી ઠાકોરજીના થાળની પૂરી, અથાણું અને મગજના લાડુ આપ્યાં. બંને સાધુઓ ખૂબ જ ભૂખ્યા થયા હતાં. કોળિયે કોળિયે તેઓ યોગીજી મહારાજનો પ્રેમ મમળાવી રહ્યા. સ્વામીશ્રીએ તેમને સૂવા માટે આસનો પણ તૈયાર કરી આપ્યાં. તે બંને સાધુઓ આસન પર આવ્યાં એટલે યોગીજી મહારાજે તેઓને આવવાનું કારણ પૂછ્યું. ત્યારે નારાયણપ્રસાદદાસે કહ્યું: ‘કારિયાણી દર્શને જવું છે, પરંતુ વરસાદને લીધે ગાડીવાળાએ અહીં ઉતારી મૂક્યા છે.’ એમ કહી, વહેલી સવારે કારિયાણી જવાની ઇચ્છા દર્શાવી.

વહેલી સવારે યોગીજી મહારાજે તેમને ગાડું જોડાવી દીધું. નારાયણપ્રસાદદાસ યોગીજી મહારાજને ઓળખી ગયા હતા. 'જે મોઢે જોગીને ગાળો ભાંડી'તી તે જ મોઢામાં જોગીએ પ્રેમથી કોળિયા મૂક્યા છે.' પશ્ચાતાપનું ઝરણું હૈયેથી વહી પડ્યું. એ જ ક્ષણે તેના અંતરમાંથી ઉદ્‌ગાર સરી પડ્યોઃ 'યોગી મહારાજ! આપ સાચે જ અજાતશત્રુ છો. આપને કોઈ પ્રત્યે વેરભાવના નથી. આપનું હૃદય કેવળ પ્રેમથી જ ભરેલું છે.' પરંતુ યોગીજી મહારાજે તરત એમના મોઢા ઉપર હાથ મૂકી દીધા. કડવા ભૂતકાળને ભૂલી જવાનો તેમાં સંકેત હતો. 'પોતે કોઈ ઉપકાર નથી કર્યો, પોતાના વ્યક્તિ માટે આટલું તો થઈ જ શકે ને!' એ ભાવના જોગી મહારાજના મુખારવિંદ પર છલકતી હતી. આવા અજાતશત્રુ પુરુષ દુનિયામાં ક્યાં મળે!

# ભક્તોના સામાનને દંડવત્

૭ ડિસેમ્બર, ૧૯૫૬ના રોજ યોગીજી મહારાજ દક્ષિણના તીર્થોની ટ્રેનયાત્રામાં પધાર્યા. ૪૫ દિવસની આ યાત્રામાં ૬૫૦ જેટલા હરિભક્તોનો સંઘ જોડાયો હતો. ચિદમ્બરમ્‌થી સેતુબંધ રામેશ્વર જતાં પહેલાં પોંડિચેરી જવાનું નક્કી થયું. પોંડિચેરીમાં સૌ યાત્રિકો અરવિંદ આશ્રમ જોવા ગયા હતા. સ્વામીશ્રી ટ્રેન ઉપર જ રોકાયા હતા. જોડના એક સાધુ સાથે વિનુભાઈ (મહંતસ્વામી મહારાજ) અને જશભાઈ યોગીબાપા સાથે ટ્રેનમાં રોકાયા હતાં. સ્નાનવિધિથી પરવાર્યા પછી સ્વામીશ્રી કહેઃ 'હાલો, પ્રસાદીની ગાડીની પ્રદક્ષિણા કરીએ.' મીટરગેજના લાંબા લાંબા ૧૮ ડબ્બા હતા. પ્રદક્ષિણા ઘણી મોટી થઈ. દોઢ પરિક્રમા પછી યોગીજી મહારાજ ટ્રેનને દંડવત્ કરવા લાગ્યા. જશભાઈ કહેઃ 'બાપા! દંડવત્ કોને કરો છો?'

સ્વામીશ્રી કહેઃ 'હરિભક્તોને દંડવત્ કરું છું.'

'તે તો એકેય નથી. બધા આશ્રમ જોવા ગયાં છે.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યુંઃ 'હરિભક્તોનો સામાન તો છે ને!'

યોગીજી મહારાજની મહિમાની આ પરાકાષ્ઠા નિહાળતાં ઉપસ્થિત સૌ સ્તબ્ધ બની ગયાં!

શિષ્યો ગુરુને વંદન કરે એવું તો દુનિયામાં જોવા મળે, પણ ગુરુ શિષ્યોના સામાનને દંડવત્ કરે તેવું વિરલ દૃશ્ય તો ક્યાં જોવા મળે?!

૧૯૫૪ની સાલમાં યોગીજી મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે બંધિયા પધાર્યા હતા. તેઓની સાથે ફરતા સૌ યુવકો રાત્રે મંદિરના ચોકમાં સૂતા હતા. એવામાં યોગીબાપાને લઘુ કરવા જવાનું થયું. તે સમયે વિનુભાઈ પણ જાગી ગયા. તેમણે જોયું તો સ્વામીશ્રી દંડવત્ કરી રહ્યા હતા. વિનુભાઈ એકદમ ઊઠીને દોડ્યા. સ્વામીશ્રીને ઊભા કર્યા અને પ્રશ્નસૂચક નજરે સ્વામીશ્રી સામે જોઈ રહ્યા કે આમ કોને દંડવત્ કરતા હતા? મંદિરના સિંહાસનની દિશા પણ નહોતી. વળી, જે તરફ દંવડત્ કરતા હતા તે તરફ તો સૌ સૂતા હતા. જીજ્ઞાસાવશ વિનુભાઈએ પૂછ્યું ત્યારે યોગીબાપા કહેઃ 'યુવકોને! બધા મુંબઈ જેવા શહેરનો ત્યાગ કરીને ભીડો ખમે, સેવા કરે, એટલે હેત આવી ગયું. મહિમા સમજવો પડે ને!' વિનુભાઈએ અહોભાવ અને આશ્ચર્ય સાથે ફરી પૂછ્યુંઃ 'બાપા! આવી રીતે કેટલી વાર દંડવત્ કર્યા હશે?' ત્યારે વાતને ટાળતાં યોગીબાપા કહેઃ 'કાંઈ નહિ, થાય એટલું કરીએ.'

મધરાતે કોઇને ખ્યાલ ન આવે તેમ યોગીબાપા યુવકોને દંડવત્ કરતા હતા. તેઓનું અંતર કેટલી નિર્દંભતા, નિર્મળતા અને મહિમાથી છલકાતું હશે! ખરેખર, યોગીરાજની મહિમાદૃષ્ટિનો જોટો જડે તેમ નથી. સૌનો આવો મહિમા સમજી સેવા કરીએ તો આપણા અંતરમાં પણ યોગીજી મહારાજની જેમ ઉત્સાહ અને આનંદના ફૂવારા છૂટે.

# ગંજીપામાંથી ગુણગ્રહણ

એક વાર યોગીજી મહારાજ ટ્રેનમાં સંતો સાથે સારંગપુર આવી રહ્યા હતા. આ દરમ્યાન ‘સ્વામીની વાતો’ અને ‘વચનામૃત’ ઉપર નિરૂપણ કરી યોગીજી મહારાજે સૌને ખૂબ આનંદ કરાવ્યો. વઢવાણ સ્ટેશનેથી કેટલાક યુવાનો ટ્રેનમાં ચઢ્યા. યોગીજી મહારાજ તો અલમસ્ત સ્થિતિમાં કીર્તનો ગાઈ રહ્યા હતા. પેલા યુવાનોએ ટ્રેન શરૂ થતાં ગંજીપો એટલે કે પત્તા રમવાનું શરૂ કર્યું. તેમને આ કીર્તનોથી વિક્ષેપ પડતો હતો. તેથી તેમાંના એકે યોગીબાપાને કહ્યું: ‘ઓ સાધુ મહારાજ! ભજન બંધ કરો. અમારે અહીં પત્તા રમવા છે અને તમે નકામા ઘાંટા તાણો (અવાજ કરો) છો.’ આ સાંભળી યોગીજી મહારાજ કીર્તન બોલતા બંધ થઈ ગયા.

પરંતુ ગંજીપો રમનારા રમતમાં એટલા બધા મશગૂલ થઈ ગયા હતા કે તેમને રાણપુર સ્ટેશને ઊતરવાનું હતું, તે સ્ટેશન ચૂકાઈ ગયું અને બોટાદ પહોંચી ગયા. રાતના ૨ વાગી ગયા હતા, એટલે આખી રાત ઠંડીમાં હેરાન થયા. વળી, રાણપુરથી બોટાદ સુધીનો ‘ટિકિટ ચાર્જ’ પણ આપવો પડ્યો. તેથી સાથેના કોઈ બોલી ઊઠ્યા: ‘આપણને કીર્તન ગાવા ન દીધાં તેથી કેવી દશા થઈ!’ તરત જ યોગીજી મહારાજે તેમને કહ્યું: ‘ગુરુ! એવું ન બોલાય, આપણે તેમનો ગુણ લેવો. જેવો ગંજીપો રમવાનો તેમને વેગ છે, તેવો જ આપણે ભગવાન ભજવાનો વેગ રાખવો જોઈએ.’

યોગીજી મહારાજની આંખો, મન કે હૃદય અવગુણ જોઈ જ શકતાં નહિ. તેઓના જીવનમાં ગુણ અને મહિમાને જ પ્રવેશ હતો. અભાવ-અવગુણ માટે ‘નો એન્ટ્રી’નું કાયમી બોર્ડ તેઓએ લગાવી દીધેલું. યોગીજી મહારાજના જીવનમાંથી પ્રેરણા લઈ વિરોધ કરનારનો પણ ગુણ જ ગ્રહણ કરવાની ટેવ પાડીએ તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ અંતરે શાંતિ રહે. ગુણગ્રહણ અને મહિમાદૃષ્ટિ સત્સંગમાં ટકવા અને ચડતા રંગ સાથે આગળ વધવા માટે અનિવાર્ય છે.

# હૈયાના હેત ન ભૂલાય

'બળવંત! કેમ ઊઠ્યા?'

'સ્વામી! મારે દાદા બાપુને જગાડવા છે.' નાના દસ વર્ષના બળવંતે જવાબ આપ્યો.

'શું કામ પડ્યું?' અક્ષરદેરીના મહંત યોગીજી મહારાજનો વહાલભર્યો સ્વર સંભળાયો.

'મારે દિશાએ (શૌચક્રિયા માટે) જવું છે' બાળકે સામે દૂર પથારીમાં બેઠેલા સાધુ તરફ દીનનજરે જોઈને કહ્યું.

'ઓહો, એમાં શું, હું તમને લઈ જઈશ. દાદા બાપુને ન જગાડશો.'

હાથમાંની માળા પથારીમાં મૂકી યોગીબાપા ઊભા થયા. ચોમાસાના એ દિવસો હતા. બહાર ભારે ગાજવીજ સાથે વરસાદ વરસતો હતો. ખૂણામાં પડેલો એક કોથળો ઉપાડતાં યોગીબાપા કહેઃ 'બળવંત! આ કોથળો માથા પર ઓઢીને શરીરે લપેટી લેજો. હું પાણી ભરી લાવું એટલે તમને બહાર લઈ જાઉ.' યોગીબાપાએ નાના તગારામાં થોડો ગારો નાંખી આંબલીના ઝાડ નીચે બે પથરા વચ્ચે તગારું ગોઠવી દીધું. પાણી ભરેલો પિત્તળનો લોટો પણ મૂકી દીધો. આંબલીના થડ પાસે આ ગોઠવ્યું હતું, જેથી બાળક વધુ પલળે નહિ. પછી ઓરડીના બારણા પાસે આવી ધીમેથી કહેઃ 'બળવંતસંગ, આવો.' બાળક ઊઠીને ચાલ્યો. યોગીબાપા પોતાના બે હાથ વડે કોથળાને માથા પર ઓઢાડીને બળવંતને આંબલીના ઝાડ નીચે લાવ્યા. અને કહેઃ 'અહીં દિશાએ જઈ આવો.' સ્વામીશ્રી થોડે દૂર જઈને ઊભા. બળવંતસિંહ દિશાએ જઈ ઊભો થયો એટલે બાપાએ બીજા લોટાના પાણીથી તેના હાથ માટી વડે ધોવડાવ્યા. પછી બાળકને કહેઃ 'બળવંતસંગ, ઓરડીમાં પગ લૂછણિયું પડ્યું છે તે ઉપર પગ લૂછીને પથારીમાં હવે સૂઈ જાવ.' યોગીબાપાના વેણે વેણે હેત નીતરતું હતું. ક્ષણમાં બાળક બરાબર નિદ્રાધીન થઈ ગયો. યોગીજી મહારાજ આંબલી પાસે આવી વિષ્ટાનું તગારું ઊંચકી, થોડે દૂર ચાલીને ગટરમાં નાંખી, ધોઈ સાફ કરી ઊંધુ વાળીને ફરી આંબલી પાસે મૂકી દીધું. વરસાદ ધોધમાર પડતો હતો. વચ્ચે વચ્ચે થતાં વીજળીના ચમકારાથી અને આ સ્થાનના અનુભવના આધારે યોગીરાજે આ બધી ક્રિયા અંધારામાં આટોપી.

એ પછી હસ્તપ્રક્ષાલન કરી, બન્ને લોટા માંજી યોગીબાપાએ સ્નાન કર્યું. ભીનાં લૂગડાં બળપૂર્વક નીચોવ્યાં ને ઓરડીમાં બાંધેલી દોરી પર સૂકવ્યાં. એ વખતે મોડી રાત્રે બાર ઉપર એક વાગ્યાનો સમય થઈ ગયો હશે. મુશળધાર વરસતા વરસાદમાં તરબોળ ભીંજાયેલા યોગીબાપાના મુખ પર પ્રેમ, દયા અને કરુણાના ભાવો ઝગારા મારી રહેલાં. મધરાતે અડવાળના અગરસંગબાપુના પૌત્ર બળવંતસંગની સેવા કરનારા અક્ષરદેરીના મહંત યોગીજી મહારાજના હૃદયમાં ભક્તોની સેવાનો કેવો સાગર ઘૂઘવતો હશે!

સત્પુરુષની આવી નિઃસ્વાર્થ સેવા-સરભરા અને અકારણ કરુણા માણનારા સેંકડો ભક્તોના હૃદયમાંથી એ જ ઉદ્ગારો ઉઠે છેઃ 'હૈયાના હેત ન ભૂલાય, સ્વામી! તારા હૈયાના હેત ના ભૂલાય!'

# યુવાહૃદયના માલમી

યોગીજી મહારાજ સાથે યુવકોને ખૂબ ગમી ગયું હતું. કેમ કે યોગીજી મહારાજ તેમને જ અનુલક્ષીને વાતો કરે, રમાડે, જમાડે અને રમૂજની છોળો ઉડાડે. વળી, યુવકોના અંગત જીવનમાં પણ એટલો જ રસ લે.

યોગીજી મહારાજ મુંબઈ કપોળવાડીમાં બિરાજમાન હતા. આફ્રિકાના યુવક દિનેશભાઈ મુંબઈમાં અભ્યાસ અર્થે આવેલા. તેઓને યોગીજી મહારાજ પ્રત્યે બહુ હેત. પરંતુ તેઓ સિનેમાના શોખીન હતા. એક દિવસ યોગીજી મહારાજનાં દર્શન કરી તે ફિલ્મ જોવા ગયા. સ્વામીશ્રીએ સાંજે સ્નાન કરતાં દૃષ્ટિમાં રાખ્યું કે 'આજે દિનેશ નથી આવ્યો.' તેમની રાહ જોઈ અને જમવા માટે થાળી પણ તૈયાર રખાવી. થોડી વારે તે આવ્યા. એટલે સ્વામીશ્રીએ પ્રસન્ન થકા પૂછપરછ કરી. દિનેશભાઈએ પણ નિષ્કપટભાવે કહી દીધું, 'બાપા! સિનેમા જોવા ગયો હતો.'

સ્વામીશ્રીએ નિર્દોષભાવે પૂછ્યુંઃ 'એમાં શું આવે? માંડીને વાત કરો.'

દિનેશભાઈ કહે, 'સંસાર સ્વાર્થી છે, સુખ નથી. લગ્ન પછી છૂટાછેડા લે. એવું આવે.'

સ્વામીશ્રી એકદમ પ્રસન્નતા વ્યક્ત કરતા કહેઃ 'ઓ... હો... હો! એવું શીખવાનું દેખાડે! તો નિત (રોજ) જજો!' પછી ધીરે રહીને કહેઃ 'સાંજે સભામાં બેસવાનું. ટેમ (સમય) થાય એટલે જવાનું. અમે પૂછીએ કે ક્યાં જાવ છો? તો 'કોલેજમાં' એમ કહેવાનું...' યોગીજી મહારાજે તેમને આવી કળા શીખવાડી.

આવું બે-ત્રણ દિવસ ચાલ્યું. દિનેશભાઈ સભામાંથી ઊઠે એટલે સ્વામીશ્રી કહેઃ 'દિનેશ! કોલેજનો ટેમ થઈ ગ્યો. બરાબર ભણજો...' પછી સાંજે તે આવે, ત્યારે બધું વિગતવાર પૂછે.

એક રાત્રે તે ફિલ્મ જોઈને આવ્યા અને જમીને સ્વામીશ્રીની રૂમમાં ગયા. તેમને જોઈને સ્વામીશ્રી એકાએક બેઠા થયા ને કહે, 'દિનેશ! મને છાતીમાં બહુ દુઃખે છે. તું દવા કર ને!'

દિનેશભાઈ તો એકદમ ગભરાઈ ગયા અને બહાર ડૉક્ટરને બોલાવવા જતા હતા, ત્યાં યોગીજી મહારાજે તેઓનો હાથ પકડી કહ્યુંઃ 'ના, તું જ દવા કર. બહુ દુઃખે છે!'

દિનેશભાઈને તો શું કરવું તે સૂઝ્યું જ નહિ. તેઓ એકદમ ગભરાઈ ગયા. એટલામાં યોગીજી મહારાજે ધીરે રહીને કહ્યું, 'જો તું ફિલ્મ જોવાનું બંધ કરે તો મને મટી જાય.'

દિનેશભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. એક જ યુવકનું નિયમ બહાર આચરણ યોગીજી મહારાજની છાતીમાં દુઃખાવારૂપે હોય છે, તે વાતની તેમણે ક્યારેય કલ્પના પણ કરી નહોતી. તેઓ અંદરથી હલી ગયા. તેમણે માફી માગી મનોમન શપથ લીધા કે, 'હવેથી ક્યારેય કોઈ પણ ભોગે સિનેમા જોવી નહિ!'

આ રીતે યોગીજી મહારાજે પોતાની અનોખી રીતથી એક યુવકને સમજાવી તેની કુટેવ ટાળી. 'સૌ પ્રથમ હેત-પ્રેમ કરીને શાંતિથી પોતાની વાત સમજાવવી' આવી યોગીજી મહારાજની રીત આજે પ્રત્યેક માતા-પિતા માટે આદર્શરૂપ છે.

આજે માતા-પિતા આગ્રહ, જોર-જબરજસ્તી કરી પોતાની રુચિ-ઈચ્છા સંતાનો ઉપર લાદવાનો પ્રયત્ન કરે છે. જેનાથી માતા-પિતા અને સંતાનો વચ્ચે જનરેશન ગેપ વધતો જાય છે. પરંતુ એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે, 'પ્રાપ્તે તુ ષોડશે વર્ષે પુત્રં મિત્રવદાચરેત્' સંતાનો સાથે મિત્રની જેમ વર્તી તેઓને યોગ્ય દિશામાં વાળવા. આવી રીતે યુવાનોને સંસ્કારિત કરવાની એક અનોખી રીતથી જ યોગીજી મહારાજે એક આદર્શ, નિયમ-ધર્મયુક્ત યુવાસમાજ તૈયાર કર્યો હતો.

# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

# ગુરુભક્તિનો સેતુ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૪૬ થી ૧૯૫૦ના સમયગાળા દરમ્યાન સારંગપુર મંદિરના કોઠારી તરીકેની સેવા સંભાળી હતી. આ અરસામાં સારંગપુર મંદિરના દરવાજા આગળથી વહેતી ફલ્ગુ નદી પર પુલ બાંધવાનું કાર્ય સ્વામીશ્રીએ ઉપાડેલું. શાસ્ત્રીજી મહારાજની ઈચ્છા હતી કે, 'આ પુલ ચોવીસ ફૂટ પહોળો કરવો.' પરંતુ તે વખતે સારંગપુર ગામની વસ્તી હજારથી ઓછી. આવનારા યાત્રાળુઓના વાહનોની સંખ્યા પણ ઘણી જ મર્યાદિત. વળી, આછી આવક. ટાંચા સાધનો. આવાં અનેક પરિમાણોને ધ્યાનમાં રાખીને સ્વામીશ્રી તથા બાંધકામની દેખરેખ રાખનાર હરિભક્ત અર્જુનભાઈએ મળીને નક્કી કર્યું કે, 'પુલ સોળ ફૂટ પહોળો થશે તોય એક સાથે બે વાહન આવે ને જાય, તેમાં કાંઈ મુશ્કેલી નહિ પડે. માટે મોટો પુલ બાંધીને ખર્ચો શા સારુ વધારવો?'

આવા વિચાર સાથે પ્રમુખસ્વામી મહારાજ શાસ્ત્રીજી મહારાજને મળવા માટે અટલાદરા પહોંચ્યા. સાંજે ચાર-પાંચ વાગ્યાના સુમારે તેઓ શાસ્ત્રીજી મહારાજને મળ્યા અને પુલની પહોળાઈ અંગે વાત કરી. શાસ્ત્રીજી મહારાજે વાત સાંભળી લીધી પણ કોઈ પ્રતિભાવ આપ્યો નહિ.

પછી તે જ દિવસની રાત્રે શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને પોતાના ઓરડામાં બોલાવ્યા અને 'ભક્તચિંતામણિ'માંથી ૮૬મું પ્રકરણ વાંચવાની આજ્ઞા કરી. સ્વામીશ્રી પોતાના સુમધુર કંઠે તે પ્રકરણની કડીઓ ગાવા લાગ્યાઃ

'શશિ સૂરજ શેષ સિંધુ, સર્વે રહે અમારા વચનમાં;
વારિ વસુધા વહનિ, મરુત ડરે વળી મનમાં.
તેહ સર્વે એમ જાણે, જે વડા થાય વચનથી;
એવાં વચન આજનાં, તમે જાણ્યાં છે કે જાણ્યાં નથી?
એવાં વચન જો જાણો અમારાં, તો પાળો સહુ સુજાણ;
એવું ન મનાય અંતરે, તો કેમ માન્યું છે કલ્યાણ?
માટે સહુ સુજાણ છો, વળી સાંભળી છે બહુ વારતા;
છોટાં મોટાં વચન અમારાં, તેને રખે વિસારતાં...'

જ્યારે સ્વામીશ્રીનું ગાન પૂરું થયું ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેઓને પૂછ્યુંઃ 'આમાં જે વાત આવી તેમાં તું કાંઈ સમજ્યો?'

'હા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

'શું સમજ્યો?'

'પુલ ચોવીસ ફૂટનો કરવાનો છે.' સ્વામીશ્રીના આ ઉત્તરથી શાસ્ત્રીજી મહારાજ અત્યંત રાજી થઈ ગયા. ભાવથી સ્વામીશ્રીને ભેટી ખૂબ આશીર્વાદ આપ્યા. પોતાના મનનું મૂકી ગુરુની મરજી અનુસાર સેવા-ભક્તિ કરીએ એ જ સાચી ગુરુભક્તિ છે. પ્રસંગ ઊભો કરી સ્વામીશ્રીએ આપણને સૌને ગુરુભક્તિની આદર્શ રીત સમજાવી દીધી.

આપણે પણ આપણી સેવામાં કોઈ નિર્ણય લેવાનો થાય ત્યારે પોતાના મનના વિચારો કે માન્યતાઓથી નહિ, કોઈ અનુભવના આધારે નહિ, કોઈ તર્કથી નહિ કે કોઈ સહકાર્યકારોના મંતવ્યોથી નહિ, પરંતુ સત્પુરુષની મરજી/રુચિ શું છે, આપણને આજ્ઞા શું થઈ છે, તેના આધારે કરવાનો છે. આ રીતે કરીએ એ જ સાચી ગુરુભક્તિ અને આ રીતે કરેલી સેવાથી જ ગુરુનો રાજીપો થાય.

# નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો

સન ૧૯૫૫માં સારંગપુરમાં જળઝીલણીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. સમગ્ર ગુજરાતમાંથી ઘણાં હરિભક્તો આ પ્રસંગે આવેલાં. બીજે દિવસે બારસના પારણાં કરી સૌ ભક્તો વીખરાયાં. મંદિરમાં રોકાયેલા સૌ સંતો-ભક્તોએ પણ બપોરે જમી-પરવારી આરામ માટે લંબાવ્યું.

સેવક ધર્મજીવનદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના આરામ માટે પથારી તૈયાર કરી દીધેલી. સ્વામીશ્રી પથારીમાં સૂતા એટલે સેવક સંત પણ બાજુમાં આડે પડખે થયા. પરંતુ થોડી વારે સેવકની આંખ ખૂલી તો સ્વામીશ્રીની પથારી ખાલી દીઠી. તે જોઈ તેઓ સફાળા બેઠા થઈ ગયા અને તપાસ કરવા નીકળ્યા.

સ્વામીશ્રીને શોધતાં શોધતાં તેઓ મંદિરના સાવ પાછલા ભાગે આવ્યા. તેઓએ તે સમયે જે દૃશ્ય જોયું તેનાથી ચકિત થઈ ગયા! સ્વામીશ્રી ગાતરિયું એક કોરે મૂકી, ધોતિયાનો કછોટો મારી (નીચેનો ભાગ વાળીને કમરે ખોસવો), એક હાથમાં સાવરણો અને બીજા હાથમાં પાણી ભરેલી ડોલ લઈને, લોકો માટેના મળથી ખરડાયેલાં જનરલ સંડાસ સાફ કરી રહેલા!

સંસ્થાના પ્રમુખની આ નમ્રતા અને સેવાભાવના સેવકને પચાવવી અઘરી થઈ પડી! તેઓ તરત જ સ્વામીશ્રી પાસે દોડી ગયા અને તેઓને રોકતાં પૂછ્યું, 'આપ આ શું કરો છો? અમે કરી દઈશું.'

સેવાના વ્રતધારી સ્વામીશ્રી કહે, 'એકથી બે ભલા. તમે પાણી લઈ આવો ને હું સાવરણો ફેરવું!' એમ કહેતાં પુનઃ ગંદકી સાફ કરવા મંડી પડ્યા. પ્રમુખસ્વામી મહારાજે ન કોઈને આદેશ કર્યો કે ન કોઈને સલાહ-સૂચન આપ્યા કે 'આપણે બરાબર સફાઈ રાખવી જોઈએ.' તેઓ પોતે સેવા કરવા મંડી પડ્યા.

'સેવાધર્મ પરમ ગહન છે' - એવું શાસ્ત્રકારોએ ભલે લખ્યું હોય, પણ પ્રમુખસ્વામી મહારાજ માટે આ સેવાધર્મ શ્વાસોચ્છ્વાસ જેટલો સહજ હતો! આ એક જ પ્રસંગમાં આપણને પ્રમુખસ્વામી મહારાજની નિર્માનીતા, ધણીની જેમ સેવા કરવાની ભાવના અને નીચા પ્રકારની સેવા કરવામાં પણ તેઓનો અનેરો ઉત્સાહ દેખાય છે.

# 'આવો મહિમા હોય તો કામ થઈ જાય'

૧૯૪૨ની સાલમાં શાસ્ત્રીજી મહારાજને સારંગપુરમાં પગમાં 'વા'ની બીમારી વળગેલી. તેથી લગભગ એક મહિના સુધી તેઓ સારંગપુરમાં રોકાયેલા. એક વાર શાસ્ત્રીજી મહારાજ સહેજે જ બોલ્યા, 'જો નારાયણ સ્વામી સારંગપુર આવે અને ભક્તચિંતામણિની કથા સંભળાવે તો શરીર સારું થઈ જાય.'

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ (પ્રમુખસ્વામી મહારાજ) તે સમયે અટલાદરા મંદિર-બાંધકામની સેવામાં હતા. તેઓએ જેવી આ વાત સાંભળી કે તરત જ ખભે પોટલું અને માથે રાતને લઈને જોડિયા સંત સાથે સારંગપુર જવા નીકળી પડ્યા. તે સમયે વરસાદનું જોર પુષ્કળ હતું, પરંતુ તે પ્રમુખસ્વામી મહારાજના પ્રબળ વેગને ખાળી શકે તેમ નહોતું.

સવારે ત્રણ વાગ્યે અમદાવાદ જવા માટે તેઓ વડોદરા સ્ટેશને પહોંચી ગયા. પરંતુ ટ્રેનમાં પાર વિનાની ગિરદી. વળી, વરસાદને કારણે ડબ્બાઓના દરવાજા પણ બંધ. સ્વામીશ્રી પહેલેથી ડબ્બા જોતાં જોતાં છેલ્લા ડબ્બા સુધી ગયા. વળી, પાછા છેલ્લા ડબ્બાથી છેક આગળ સુધી આવ્યા, પણ કોઈ બારણું ખોલે નહિ. ટ્રેન નીકળવાની તૈયારીમાં જ હતી.

'કોઈ પણ ભોગે શાસ્ત્રીજી મહારાજ પાસે પહોંચી જ જવું છે' તેવા નિર્ધાર સાથે સ્વામીશ્રી એન્જિન પછીના ત્રીજા ડબ્બાના ફૂટબોર્ડ પર લટકી ગયા. જેમ જેમ મુસાફરી આગળ વધતી ગઈ તેમ તેમ મુશ્કેલીઓ પણ વધતી ચાલી. વરસાદની સખત ઝડીઓ, સુસવાટા મારતો પવન અને એન્જિનના ડબ્બામાંથી ઊડતી કોલસાની ઝીણી ભૂકી પોતાની સૂકલકડી કાયા ઉપર સહન કરતાં કરતાં સ્વામીશ્રીની યાત્રા આગળ વધી રહી હતી. એકબાજુ ફૂટબોર્ડની પાતળી પટ્ટી પર પગને મજબૂત રાખવાનો હતો; તો બીજી બાજુ સળિયો પકડેલા હાથની પકડ ઢીલી ન પડે તે જોવાનું હતું. આવી જોખમભરી હાડમારી વેઠીને સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા.

અમદાવાદથી સ્વામીશ્રીને બેસવાની જગ્યા મળી ગઈ. બપોરના લગભગ સાડા ત્રણ વાગ્યે બોટાદ સ્ટેશને પહોંચ્યા. આખી રાત અને બીજા દિવસની બપોર સુધીની કપરી મુસાફરીનો થાક હતો. વળી, બોટાદથી સારંગપુરના રસ્તા ઉપર પાણીના પૂર ફરી વળ્યા હતા. એટલે કોઈ વાહન પણ મળ્યું નહિ. સ્વામીશ્રીએ ચાલવાનું શરૂ કર્યું. તે વખતે બોટાદથી સારંગપુર આવવા માટે હાલ જે પાકી સડક છે તેવો રસ્તો પણ નહોતો. કાચા રસ્તે સ્વામીશ્રી પાણી ડહોળતાં ડહોળતાં ચાલવા લાગ્યા. વોકળા(નાની નદી)ના પાણી છાતી અને ગળાને ડૂબાડતાં પૂરપાટ વહી રહ્યાં હતાં. 'હવે પછીના પગલે નીચે શું આવશે?' તે અનિશ્ચિત જ હતું. તેમાં સ્વામીશ્રી કેવળ શાસ્ત્રીજી મહારાજના વિશ્વાસે પગલાં માંડી રહ્યા હતા.

તેઓની ભક્તિથી પ્રસન્ન થઈને જ જાણે ભગવાને એક ભરવાડને ત્યાં મોકલ્યો. તે ભરવાડે સ્વામીશ્રીને કહ્યુંઃ 'ચાલો, હું તમને પાર ઉતારું.' આમ કહી તેણે સ્વામીશ્રીને પોતાની લાકડીનો છેડો પકડીને પોતાની પાછળ પાછળ આવવાનું કહ્યું. આ રીતે દોરતો દોરતો તે સ્વામીશ્રીને ઠેઠ સારંગપુર સુધી લઈ આવ્યો.

સારંગપુર આવીને સ્વામીશ્રી સીધા જ શાસ્ત્રીજી મહારાજ પાસે પહોંચી ગયા. શાસ્ત્રીજી મહારાજ ખાટલા પર સૂતા હતા. સ્વામીશ્રી ભીના વસ્ત્રે જ દંડવત્ કરવા લાગ્યા. પોતાના પ્રાણ સમાન સ્વામીશ્રીને જોતાં જ શાસ્ત્રીજી મહારાજ પણ ખાટલામાંથી બેઠા થઈ ગયા અને આશ્ચર્યથી પૂછ્યુંઃ 'આવા વરસાદમાં તું ક્યાંથી?'

'આપની મરજી હતી એટલે અવાયું.' એક જ વાક્યમાં સ્વામીશ્રીની ગુરુભક્તિ દર્શાઈ રહી. એ ઉત્તરમાં પોતે વેઠેલી પારાવાર તકલીફોનો એક હરફ સુધ્ધાં નહોતો.

સહેજમાં બોલાયેલા પોતાના એક વચનને અદ્ધર ઝીલી, દેહની દરકાર રાખ્યા વગર કટોની આંધીઓ પાર કરી આવેલા સ્વામીશ્રી ઉપર શાસ્ત્રીજી મહારાજ અપાર રાજી થઈ ગયા અને બોલ્યા, 'આવો મહિમા હોય તો કામ થઈ જાય...' પછી ઊભા થઈ સ્વામીશ્રીના લૂગડાં ભીનાં હતાં, છતાં તેઓને પ્રેમપૂર્વક ભેટ્યા અને રાજીપો દર્શાવ્યો.

ઘણી વખત સત્પુરુષની આજ્ઞા પાળવામાં કે સેવા કરવામાં આપણને આપણો કમ્ફર્ટ ઝોન આડો આવે છે. દેહને કષ્ટ પડે ત્યારે થોડાંક ઢીલા પડી જઈએ છીએ. પરંતુ પ્રમુખસ્વામી મહારાજની જેમ પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી, સત્પુરુષ માટે શું ન થાય? એવા ઉત્સાહ-મહિમા સાથે સેવા-ભક્તિ કરીએ તો સત્પુરુષનો અપાર રાજીપો પ્રાપ્ત થાય છે.

# મરજી અનુસાર વર્તનારા

યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ક્યાં ઊજવવો તેની મીટિંગ ગોંડલમાં ચાલતી હતી. યોગીજી મહારાજની ઈચ્છા તો પોતાના પ્રિય સ્થાન ગોંડલમાં જ ઊજવવાની હતી, પરંતુ વડીલ સંતો-હરિભક્તો પાસે પોતાની રુચિ કહી શકતા નહોતા. મોટા સ્વામીની ઈચ્છા આ ઉત્સવ અટલાદરામાં કરવાની હતી, સંસ્થાના સેક્રેટરી મગનભાઈની ઈચ્છા બોચાસણમાં કરવાની હતી. તે સમયે યોગીજી મહારાજની જ રુચિ-અભિપ્રાય અનુસાર પોતાનું જીવન જીવનારા પ્રમુખસ્વામી મહારાજે મીટિંગમાં કહ્યું, 'અમૃત મહોત્સવ તો ગોંડલમાં જ કરીએ, કારણ કે યોગીજી મહારાજનું પ્રિય સ્થાન છે.'

તે સમયે પાણીની તંગી હતી. એટલે આ વાત સાંભળીને મોટા સ્વામી બોલી ઊઠ્યા, 'ઉનાળામાં તું પાણી ક્યાંથી લાવીશ?' 'બાપા છે ને! એ લાવશે!' ગુરુના ભરોસા ઉપર ઉકેલનો ભાર મૂકતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું. આ સાંભળી મોટા સ્વામી વધુ અકળાયા અને બોલ્યા, 'બાપા કંઈ પાણી લાવવા ઓછા નવરા છે?' 'જરૂર પડે તો ભાદર ડેમમાંથી હું પાણી લાવીશ.' ગુરુની ઈચ્છા પૂર્ણ કરવા માટે દેહના ચૂરેચૂરા કરવા માટે પ્રમુખસ્વામી મહારાજ તૈયાર થઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજની દૃઢતા અને યોગીજી મહારાજની ઈચ્છાથી અમૃત મહોત્સવ ગોંડલ ઊજવવાનું નક્કી થયું. મીટિંગ પતાવી સૌ બહાર નીકળ્યા ત્યારે યોગીજી મહારાજે અતિશય રાજી થઈને પ્રમુખસ્વામી મહારાજને પોતાના બેય હાથે ધબ્બા મારી આશીર્વાદ આપ્યા.

ભાદર ડેમથી ગોંડલનું અંતર આશરે ૩૦ કિ.મી. થાય! યોગીજી મહારાજની એક ઈચ્છા પૂર્ણ કરવા માટે પ્રમુખસ્વામી મહારાજ પાણીની આટલી લાંબી પાઈપલાઈન નાખવા તૈયાર થઈ ગયા હતા! પાંત્રીસ એકરની વિશાળ ભૂમિ ઉપર ઊજવાનાર અમૃત મહોત્સવની સઘળી જવાબદારી તેઓના શિરે જ હતી. પાણીથી લઈને પ્રકાશન અને મંડપથી લઈને મહેમાનની સરભરા સુધીના તમામ વિભાગોની દેખરેખમાં ઘણી વાર રાતો-રાત તેઓ જાગ્યા છે. આ સેવાની સ્મૃતિ કરતાં તેઓએ એક વાર કહેલું, 'ગોંડલમાં તો સૂતો જ નથી. હજુ સૂતો ન હોઉં ત્યાં ઊભો કર્યો જ હોય! ખાવા બેઠો ને ઊભો કર્યો! પણ સ્વામીની દયાથી કોઈ જાતનો થાક કે બિમારી કશું જ થયું નથી.' ગોંડલમાં આ ઉત્સવ ઊજવવામાં તેઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાનો થયો હતો. પરંતુ તેઓએ કેવળ યોગીજી મહારાજ તરફ જ કાયમ દૃષ્ટિ રાખી છે!

ઘણી વાર પોતાના આયોજન, પોતાની ઈચ્છા, પોતાની સુવિધા જોવામાં અને તે પ્રમાણે વર્તવામાં સત્પુરુષની ઈચ્છા-મરજી શું છે તે દૃષ્ટિ બહાર નીકળી જાય છે. પરંતુ જ્યારે કેવળ સત્પુરુષની જ મરજી-રુચિ નજર સામે રહે અને તે પ્રમાણે વર્તીએ ત્યારે જ સત્પુરુષનો અતિશય રાજીપો પ્રાપ્ત થતો હોય છે.

# ગુરુપ્રધાન જીવન

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જ હંમેશા પ્રધાન રહ્યા હતા.

ગઢડા મંદિરના કોઠારી હરિજીવનદાસ સ્વામીને યોગીજી મહારાજ વિશે ખૂબ ભાવ પણ વ્યાવહારિક દૃષ્ટિએ અન્ય મંદિરોની સાધારણ આર્થિક સ્થિતિ સામે ગોંડલ મંદિરની રિદ્ધિ-સિદ્ધિ જોઈને મનમાં યોગીજી મહારાજ વિશે મનોમંથન ચાલ્યા કરતું. તેઓને એમ લાગતું કે, 'યોગીજી મહારાજ ગોંડલ મંદિરનું વિશેષ ધ્યાન રાખે છે. ગઢડાના મંદિર સામે લક્ષ્ય આપતા નથી.'

એક વખત પોતાની આ મનોવ્યથા તેઓએ પોતાના ખાસ મિત્ર પ્રમુખસ્વામી મહારાજ આગળ ઠાલવી. તેઓએ કહ્યું, 'યોગીજી મહારાજને કેમ કોઈ કહેતું નથી? બીજા તો ન કહે પણ તમે સંસ્થાના ધણી છો. તો તમારે કહેવું જોઈએ.'

પ્રમુખસ્વામી મહારાજે પ્રમુખ તરીકેના અધિકારથી નહિ પણ સ્નેહીજનની આત્મીયતાથી હરિજીવનદાસને સમજાવતાં કહ્યું, 'જીવમાં વ્યવહારનું પ્રધાનપણું હોય ને આપણું ધાર્યું ન થાય તેથી મોટાપુરુષનો અભાવ આવે કે 'આટલું ઠીક કરતા નથી.' પણ એવું સમજો કે આ યોગીજી મહારાજ એ શાસ્ત્રીજી મહારાજ જ છે! તેમાં રોમનોય ફેર નથી. વળી, તમે મારી સત્તાની વાત કરતા હો તો યોગીજી મહારાજની આજ્ઞા બહાર હું મારી કોઈ સત્તા સમજ્યો જ નથી. શાસ્ત્રીજી મહારાજે મને આજ્ઞા કરી છે કે યોગીજી મહારાજની આજ્ઞામાં રહીને સત્સંગ દીપાવવો. ત્યારથી જ મેં ગાંઠ વાળી છે કે યોગીજી મહારાજ જે કહે તે સવા સોળ આની!' પ્રમુખસ્વામી મહારાજની વાતોથી હરિજીવનદાસના અંતરમાં રહેલી કસર ટળી ગઈ.

યોગીજી મહારાજના પ્રત્યેક ચરિત્રને વિષે, તેઓના પ્રત્યેક વચનને વિષે પ્રમુખસ્વામી મહારાજનું મન સદા નિઃશંક જ રહેતું.

પ્રમુખસ્વામી મહારાજ પાસે ભગવાન સ્વામિનારાયણની પ્રસાદીની માળા હતી, જે તેઓને યોગીજી મહારાજના કહેવાથી શાસ્ત્રીજી મહારાજે આપી હતી. આ રીતે શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ ત્રણેયની સ્મૃતિ આ માળા સાથે સંકળાયેલી હતી.

એક દિવસ શાસ્ત્રીજી મહારાજના સમયના એક જૂના હરિભક્ત આ પ્રસાદીની માળા પોતાના સંબંધીઓને દર્શન કરાવવાના બહાને લઈ ગયા અને પછી પાછી આપી જ નહિ! પ્રમુખસ્વામી મહારાજ અવારનવાર માળા પરત આપવાની વાત યાદ કરાવે, પણ તે હરિભક્ત વાયદો આપ્યા કરે. પછી તો તે હરિભક્તે યોગીજી મહારાજને જણાવ્યું કે 'પ્રમુખસ્વામીને કહી દો

કે મારી પાસે માળા ન માંગે.' યોગીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું, 'પ્રસાદીની માળા પાછી લેવાનો સંકલ્પ હવે ન કરતા.'

ત્યાર બાદ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહેતાં, 'એક વાર યોગીજી મહારાજે કહ્યું પછી કોઈ દિવસ તે માળા સંબંધી સંકલ્પ મને થયો નથી.'

પોતાની મનગમતી વ્યક્તિ-વસ્તુ સાથે સંધાયેલ પ્રીતિ તોડવી ઘણી કઠણ હોય છે. પરંતુ પ્રાણસમા સંભારણારુપ માળાને ગુરુના એક વચને પ્રમુખસ્વામી મહારાજે પોતાના સ્મૃતિ ખજાનામાંથી બરતરફ કરી દીધી! આવું તો જ શક્ય બને જો ગુરુપ્રધાન જીવન હોય! જો ગુરુ સામે, તેમના વચન, તેમની આજ્ઞા, તેમની રુચિ સામે દ્દષ્ટિ હોય તો સત્સંગમાં, સેવામાં ક્યારેય મૂંઝવણ ના થાય, કોઈ પ્રશ્ન જ ન રહે. આ રીતે આપણે પણ મહંતસ્વામી મહારાજને આપણા જીવનના કેન્દ્રમાં રાખી સેવા-ભક્તિ કરીએ...

# સ્વામી! કરુણા અપરંપાર

૬ ડિસેમ્બર ૧૯૭૩ની માગશર સુદ એકાદશી ઇતિહાસમાં અમર થઈ ગઈ છે. કારણ કે આ દિવસે પ્રમુખસ્વામી મહારાજની કરુણાગંગાએ ભક્તવત્સલતાની હદ વાળી દીધી. સવારે સાડા આઠ વાગ્યે તેઓ પ્રાતઃપૂજાથી પરવાર્યા ત્યારે એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવાથી અલ્પાહારને તો અવકાશ જ નહોતો. તેથી રોજની જેમ પધરામણીઓની ઇચ્છા ધરાવનારની યાદી તૈયાર થઈ. તેમાં કુલ પંદર પધરામણીની નોંધ થઈ હતી. 'પંદરની પચીસ પધરામણી થશે' એવી ગણતરી તો સૌને હતી; પરંતુ આજે પધરામણીની સંખ્યામાં આઠ ગણો ધરખમ વધારો થઈ ગયો! બપોરે પોણા ત્રણ વાગ્યે પધરામણીઓ વિરમી ત્યાં સુધી સ્વામીશ્રીએ એકાદશીના નિર્જળ ઉપવાસમાં સળંગ ૧૨૨ પધરામણીઓ કરી દીધી!

જ્યારે ઉતારે આવ્યા ત્યારે સૌ થાક્યા હતા, છતાં ઉપવાસના દિવસે બપોરે ન સૂવાની ટેકને જાળવી જાણનારા સ્વામીશ્રી આરામને બદલે સેવકાર્યમાં પરોવાયા. તેઓ પત્રો વાંચતા જાય અને પ્રત્યુત્તર પાઠવતા જાય. પરંતુ આ પત્રવ્યવહાર દરમ્યાન માલૂમ પડ્યું કે સ્વામીશ્રીના શરીરમાં ૧૦૨ ડિગ્રી તાવ ધખી રહ્યો છે! આથી ચોંકી ઊઠતાં ડૉક્ટર સ્વામીએ પૂછ્યું: 'હમણાં તાવ ચડ્યો?' 'ના. સવારથી જ કસર જેવું હતું!' ભક્તોને રાજી કરવા તેઓએ આ તકલીફની કોઈને જાણ પણ થવા ન દીધી. સાડા પાંચ વાગ્યે સ્વામીશ્રી નિશ્ચિત કાર્યક્રમ મુજબ આગળ વધવા તૈયાર થઈ ગયા! સૌએ કાર્યક્રમ મુલતવી રાખવાની વિનંતી કરી પણ સ્વામીશ્રી તાવતૂટ્યા શરીરે ઓડ, ભરોડા થઈને સાંજે સાત વાગ્યે સુંદલપુરા આવી પહોંચ્યા. તાવ હજીયે તેઓના શરીરને પીંખી રહેલો. છતાં દાંત કકડાવતી ઠંડીમાં રાત્રે નવ વાગ્યે સભામાં પધારી સૌને રાજી કર્યાં. સભા બાદ ચેષ્ટાગાન કરીને રાત્રે બાર વાગ્યે સ્વામીશ્રી આરામમાં પધાર્યા! ભક્તોના ભાવ પૂરા કરવા સ્વામીશ્રીએ દેહના ભાવોને કચડી નાંખ્યાં. આખા દિવસનો આ ભીડો જોઈ સાથી સંતો-ભક્તોનું અંતર ગાઈ ઉઠ્યું: 'કાયા નિચોવી કર્યા કૃતારથ, અમૃતના પાનાર, સ્વામી! કરુણા અપરંપાર!'

જેમ માળી એક એક ફૂલ-છોડને જતન કરીને ઉછેરે છે, તેમ પ્રમુખસ્વામી મહારાજે એક-એક ભક્તહૃદયની ખેવના જીવની જેમ કરી છે. ૧૮ ફેબ્રુઆરી ૧૯૯૦ના રોજ પંચમહાલ જિલ્લાનું મલાવ ગામ તેનું સાક્ષી બન્યું. એ રાત્રે સ્વામીશ્રીએ પાલ્લી ગામે જતાં ગાડી મલાવ બાજુ લેવડાવી, કારણ કે તેઓને ગઈકાલે આ ગામમાં રહેતા એક બાળક શંભુએ પોતાને ઘેર પધારવાનું આમંત્રણ આપેલું. પરંતુ મલાવ સુધી પહોંચવાનો રસ્તો અંગોની તોડ-મરોડ કરે તેવો નીકળ્યો. છતાં એ ઊબડ-ખાબડ કેડી ખેડતાં સ્વામીશ્રી પેલા ચાર વર્ષીય શિશુના નાના એવા ઘરમાં પહોંચી ગયા. પધરામણીનાં પૂજન-આરતી થયાં. પણ અહીં-તહીં ઘેલો થઈને ફરતો શંભુ આરતી ઉતારવાના લાભથી બાકાત રહી જતાં સ્વામીશ્રીએ તેને પૂછ્યું: 'તેં આરતી ઉતારી?' 'ના.' 'તો લે. ઉતાર

આરતી.' આમ કહેતાં સ્વામીશ્રીએ પોતાના હાથમાં ઠાકોરજીની પટમૂર્તિ પકડી રાખીને ફરીથી આરતી કરાવી. તે વખતે પેલા બાળકનું મોં ખીલી ઊઠ્યું. તેને આનંદ હતો - 'બાપા' ને વધાવ્યા-પધરાવ્યાનો. 'બાપા'ને આનંદ હતો - બાળકને રાજી કર્યાનો. આવાં તો અઢી લાખથી વધુ ઘરોમાં પધરામણી કરનાર પ્રમુખસ્વામી મહારાજને યાદ કરતાં સૌ ભક્તો-ભાવિકો એક જ અનુભવ વહાવે છેઃ 'પ્રમુખસ્વામી! તારી કરુણાનો કોઈ પાર નથી.'

# આ છે બ્રાહ્મીસ્થિતિ

૨૫ જાન્યુઆરી, ૧૯૭૪નો દિવસ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવાનો હતો. ગુરુપદે બિરાજ્યા બાદ પ્રમુખસ્વામી મહારાજની પ્રથમ વિદેશયાત્રા આ દિવસે શરૂ થવાની હતી. આગલા દિવસે જ પોદ્દાર કોલેજમાં સ્વામીશ્રીનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો. આજે પણ ગુરુહરિને ભાવભરી વિદાય આપવા માટે ઍરપોર્ટ ઉપર હજારો ભક્તોની મેદની ઊમટી હતી. સૌને દર્શન-આશીર્વાદ અર્પી સ્વામીશ્રીએ પોતાની વિદેશયાત્રા આરંભી.

મુંબઈથી ઉપડેલ વિમાને જ્યારે આફ્રિકાના નૈરોબીના ઍરપોર્ટ ઉપર ઉતરાણ કર્યું ત્યારે ત્યાં એકત્રિત થયેલા આફ્રિકાના હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજના જયનાદથી વાતાવરણ ભરી દીધું. ભક્તો સૌ આતુર હતા પોતાના પ્રાણપ્યારા ગુરુહરિના દર્શન માટે. આ બાજુ પ્લેનમાં બેઠેલા સંતો-હરિભક્તો પણ આતુર હતા કે, ‘આફ્રિકાના હરિભક્તો મળશે અને સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌને ખૂબ સુખ આવશે.’ સર્વત્ર ઉત્સાહ-આનંદની ભરતી આવી હતી.

પરંતુ થોડી વારમાં જ આનંદની ભરતીના સ્થાને ચિંતા અને વ્યથાની ઓટ આવવી શરૂ થઈ. ટૂંક સમયમાં જ ઍરપોર્ટ ઑથોરિટીનો એક અધિકારી આવ્યો અને પોતાના હાથમાં રહેલ કાગળનો આદેશ વાંચતા કહ્યું, ‘પ્રમુખસ્વામી મહારાજને ઍરપોર્ટ પર ઉતરવાની પરવાનગી નથી.’ આ સાંભળી સૌના હોશકોશ ઊડી ગયા. સૌ એક પળ પૂરતાં તો ભાન ભૂલી ગયા કે શું ચાલે છે!

પરંતુ પ્રમુખસ્વામી મહારાજ આ ફરમાન સાંભળ્યા પછી પણ સ્થિર હતા. હાથમાં માળા ફેરવતાં તેઓ શાંતિથી બેઠા હતા. ન તો તેઓએ આ આદેશની તપાસ કરવાની તજવીજ કરી કે ન તો આવા ઘોર અપમાનથી વિચલિત થઈ ગાજવીજ કરી! છ સંતો અને ત્રણ હરિભક્તોને ઉતરવાની આજ્ઞા કરી પોતે પાછા જવાનો નિર્ણય તેઓએ તુરંત લઈ લીધો.

પરંતુ તેટલામાં બીજો આદેશ આવ્યો, ‘પ્રમુખસ્વામી અને બીજા કોઈ પણ ઊતરી શકશે નહિ.’ કસ્ટમમાં ગયેલો સામાન પણ પાછો મોકલી દેવાયો. પ્લેનમાં સૌ અવાક્ બની ગયા. બહાર ઍરપોર્ટ ઉપર ઊભેલા ભક્તોના ચહેરા પણ પોતે લાવેલ હારની સાથે કરમાઈ ગયા. પાંચેક હરિભક્તો તો આ આઘાતથી બેભાન થઈ ગયા.

કંઈક ગેરસમજણને કારણે ઊભી થયેલ આ પરિસ્થિતિથી જે વિમાનમાં ભારતથી આવ્યા હતા તે જ વિમાનમાં પાછું જવાનું થયું. વિમાનમાં બેઠેલ સૌનાં હૃદય હચમચી ઊઠ્યાં હતાં. આફ્રિકા આવતી વખતે સૌને જે આનંદ હતો તે અપમાનની આ જ્વાળામાં બાષ્પીભવન થઈ ગયો હતો. પરંતુ પ્રમુખસ્વામી મહારાજના કરમાં માળા ફરી રહી હતી, મુખ ઉપર એ જ ધીર-ગંભીર હાસ્ય

હતું, આવતી વખતે જેવો આનંદ હતો તેવો જ આનંદ પાછા વળતી વખતે પણ હતો. તેઓ પરિસ્થિતિથી પરેશાન થયા ન હતા, વિપત્તિથી વિચલિત થયા ન હતા અને અપમાનથી અકળાયા ન હતા!

આવા સમયે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ડાયરીમાં સ્વામીશ્રીએ ગીતામાં વર્ણવેલ સ્થિતપ્રજ્ઞતાનો દસ્તાવેજ કરી આપતાં લખ્યું: 'મહારાજ-બાપાની મરજી હોય તેમ થાય, માટે રાજી રહેવું. તેઓ જેમ રાખે તેમ રહેવું. કોઈ પ્રકારનું દુઃખ માનવું નહિ. અક્ષરરૂપ થઈ મહારાજની ભક્તિ કરવી એટલે કોઈ દુઃખ ન થાય.' જીંદગીના ઝંઝાવાતોમાં અડીખમ ઊભા રહેવા માટે પ્રમુખસ્વામી મહારાજના આ વચનો વેદ સમાન છે.

આ સમયે ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહેલ 'એષા બ્રાહ્મી સ્થિતિઃ'ના પ્રત્યક્ષ દર્શન સૌને પ્રમુખસ્વામી મહારાજમાં થયા.

# દેહ તણી પરવા તજી

૧૯૭૭ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ અમેરિકા પધાર્યા હતા. સ્થાનિક કાર્યકરોએ સ્વામીશ્રીને અમેરિકા ખાતેનો કાર્યક્રમ બતાવ્યો. તેમાં કેટલીક જગ્યાએ પ્રવાસ માટે પ્લેનની વ્યવસ્થા કરેલી. સ્વામીશ્રીએ કહ્યું: 'પ્લેનની મુસાફરી કેન્સલ કરાવો. આપણે બધે મોટરમાં ફરીશું.' હરિભક્તોના વ્યવહારની ચિંતાથી સ્વામીશ્રીએ લીધેલ આ નિર્ણયમાં તેઓને અપાર ભીડો પડવાનો હતો. પરંતુ સ્વામીશ્રીને પોતાના દેહ કરતા હરિભક્તોની ચિંતા વધારે હતી. ભારત કરતાં ત્રણ ગણો મોટો આ દેશ સ્વામીશ્રી મોટર માર્ગે રાતોની રાતો ઉજાગરા કરીને ખૂંદી વળ્યા.

અમેરિકાના આ વિચરણમાં સ્વામીશ્રીએ નથી જોયો પોતાનો સમય કે નથી જોઈ પોતાની દૈહિક સ્થિતિ. ૬ સપ્ટેમ્બર ૧૯૭૭ના રોજ આખા દિવસમાં ૨૫૦ માઈલની મુસાફરી કરી રાત્રે પોણા બાર વાગ્યે સ્વામીશ્રી બોસ્ટન પધાર્યા. આખા દિવસની મુસાફરીનો થાક, વળી બપોરનો આરામ પણ મળ્યો ન હતો. રાત્રિ ભોજનનો પણ મેળ પડ્યો ન હતો. સ્વામીશ્રી પથારીમાં આરામ કરવા માટે જતા જ હતા ત્યાં રાત્રે બાર વાગ્યે એક હરિભક્તે પોતાના ઘરે પધરામણીએ આવવાની વિનંતી કરી. સ્વામીશ્રી તરત જ પધરામણીએ જવા તૈયાર થઈ ગયા. આર્લિંગ્ટન રહેતા એ હરિભક્તને રાજી કરી સ્વામીશ્રી પાછા જ્યારે ઉતારે આવ્યા ત્યારે દોઢ વાગી ગયા હતા!

૧ સપ્ટેમ્બર ૧૯૭૭ના રોજ સવારે નાસ્તો કરીને પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી ન્યૂ હેવનમાં બપોરના ભોજન માટે પધાર્યા ત્યારે સાંજના પોણા પાંચ વાગ્યા હતા! આ જ યાત્રામાં એક જ હરિભક્ત માટે ડલાસથી ઓસ્ટીન પધાર્યા અને તેઓને રાજી કરી પુનઃ જ્યારે ડલાસ પધાર્યા ત્યારે રાત્રિના ૨:૩૦ વાગ્યા હતા. ફિલાડેલ્ફિયામાં સવારે ચાર વાગ્યા સુધી સ્વામીશ્રીએ પધરામણીઓ કરી હતી!

૧૦ ઓક્ટોબર ૧૯૭૭થી સ્વામીશ્રીના કઠિનતમ વિચરણનો દોર શરૂ થયો. ૪૦૦ માઈલનું અંતર કાપી રાત્રે ત્રણ વાગ્યે સ્વામીશ્રી કેન્સાસ સીટી આવ્યા. બીજે દિવસે ૧૧ ઓક્ટોબરના રોજ ૨૦૦ માઈલ કાપી બપોરે બે વાગે વિચિટામાં ભોજન લીધું. ત્યાંથી રાત્રે દસ વાગ્યે નીકળી, આખી રાત મુસાફરી કરી ૪૫૦ માઈલનું અંતર કાપી ૧૨ ઓક્ટોબરની સવારે છ વાગે કોલોરાડો રાજ્યના પેબ્લો ગામે પહોંચ્યા. સવારે ૧૦૦ માઈલ વટાવી લીટલટન આવ્યા. એ જ રાત્રે સ્વામીશ્રી લીટલટનથી ૮૦૦ માઈલ દૂર આવેલ લાસ વેગસ જવા રાત્રે આઠ વાગ્યે નીકળ્યા. આ સળંગ ત્રીજી રાત્રિ સ્વામીશ્રીએ મોટરમાં વિતાવી. ૧૩ ઓક્ટોબરના રોજ બપોરે ચાર વાગ્યે લાસ વેગસમાં ઠાકોરજી જમાડી ફરી પ્રવાસ આરંભ્યો અને ૭૦૦ માઈલની મુસાફરી કરી ૧૪ ઑક્ટોબરની સવારે સવા પાંચ વાગ્યે કેલીફોર્નિયાના ડબ્લીન નગરમાં પધાર્યા ત્યારે સળંગ ચોથી

રાત પણ મુસાફરીમાં પસાર થઈ. છેલ્લા ચાર દિવસમાં સ્વામીશ્રીએ મોટરમાર્ગે આશરે ૩૦૦૦ માઈલનું અંતર કાપ્યું હતું! આવી તો કેટલીય રાતો સ્વામીશ્રીએ મોટરમાં ગાળી હતી!

પ્રમુખસ્વામી મહારાજ ક્યારેય મુસાફરી દરમ્યાન મોટરમાં સૂએ નહિ. રાતની મુસાફરીમાં પણ સ્વામીશ્રી જાગતા રહે. વળી, સવારે જે સ્થળે પહોંચે ત્યાં પધરામણી, સભા વગેરે કાર્યક્રમ આખો દિવસ ચાલે. એટલે દિવસ દરમ્યાન પણ આરામ મળે નહિ.

૧૯૭૭નું પરદેશનું વિચરણ યાદ કરતા પ્રમુખસ્વામી મહારાજે એક વાર કહેલું, '૭૭ વખતે તો સવારથી ચક્કર ચાલુ થાય તે રાત્રે ૧૨:૦૦ કે ૧:૦૦ વાગ્યે સૂવા પૂરતા ભેગા થઈએ. ઉતારે આવીયે એટલે કોઈ કોઈને પૂછે નહિ, સીધા ધબ્બ દઈને પથારીમાં. સૂવાનું બીજે, પૂજા ત્રીજે ને નાસ્તો ચોથે ઠેકાણે હોય. ત્યાંથી પધરામણી ચાલુ થાય. બપોરે જમવાનું જુદી જ જગ્યાએ હોય. એ દૂર દૂર જઈએ, જમીએ ત્યાં બે-ત્રણ વાગી જાય. ચાર-પાંચ વાગે પધરામણીમાં જવાનું થાય. તે રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી બધું ચાલે.'

આ રીતે ૯૨ દિવસમાં ૨૯ રાજ્યો અને ૧૫૦ કેન્દ્રોમાં હરિભક્તોને લાભ આપવા પ્રમુખસ્વામી મહારાજે ૧૬૨૩૫ માઈલનો મોટર-પ્રવાસ કર્યો હતો! 'દેહ તણી પરવા તજી' પ્રમુખસ્વામી મહારાજે કેવળ આપણાં માટે, આપણને રાજી કરવા માટે આવું ભીડાભર્યું વિચરણ કર્યું છે. આવા ગુરુહરિના ઋણ કેમ કરીને ચૂકવાય!

# વિચરણ એક કલ્યાણયાત્રા

પ્રમુખસ્વામી મહારાજનું સરનામું કયું? આ પ્રશ્નનો કોઈ કાયમી જવાબ ન હતો. 'સંત તો ચલતા ભલા'ની રીતે સ્વામીશ્રી સતત વિચરતા રહ્યા. શરીર, સુવિધા કે સમયની પરવા કર્યા વગર તેઓ ૧૭,૦૦૦થી વધુ ગામડાઓ ખૂંદી વળ્યા હતા. આદિવાસીના કૂબાઓથી લઈને અમીરોની મહેલાતો સુધી સ્વામીશ્રી નાત-જાત, ગરીબ-તવંગર, ભક્ત-ભાવિક, દેશ-પરદેશના સઘળા સીમાડા વટાવી અવિરત ઘૂમતા રહ્યા. જેમ ગંગા પાપ ધોઈને પાવન કરે છે, તેમ સ્વામીશ્રીની વિચરણગંગા જ્યાં જ્યાં પહોંચી ત્યાં તેણે વ્યસન-દૂષણના મેલ ધોયા. ધર્મ-નિયમ અને સેવા-ભક્તિના અમૃત સીંચી લાખોના જીવનને જીવવા લાયક બનાવ્યા. કોઈ અંગત સ્વાર્થ વગર ચાર-ચાર દાયકાઓ સુધી તેઓએ કરેલું ભીડાભરેલું વિચરણ તેઓની આંતરિક સચ્ચાઈ અને કલ્યાણભાવનાનું સાક્ષી છે.

૧૯૭૯ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજે સુરત પાસેના આદિવાસી ગામડાઓમાં એક મહિના સુધી વિચરણ કર્યું હતું. આદિવાસી ભાઈઓને વ્યસનની ચુંગાલમાંથી છોડાવી સદાચારી જીવનની પ્રેરણા આપતાં સ્વામીશ્રી અહીંના લોકોને જાણે નવજીવન આપી રહ્યા હતા. એક મહિનાના અંતે પધરામણીની કુલ ભેટ મળી સાડા ઓગણપચાસ રૂપિયા (૪૯.૫ રૂપિયા) થઈ હતી. અહીં વિચરણ પૂર્ણ કરી સ્વામીશ્રી સુરત પધાર્યા. સુરત પહોંચતા આ વર્ષે ઉજવાનાર ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ માટે સેવાની લખણી થઈ. માત્ર અડધા કલાકમાં સાત લાખ રૂપિયાની સેવા લખાઈ ગઈ! કોઇએ કહ્યું કે, 'સ્વામી! આપણે ગામડાઓમાં ૧ મહિના સુધી વિચરણ કર્યું ને ૪૯ રૂપિયાની સેવા થઈ અને અહીં અડધો કલાકમાં સાત લાખ રૂપિયાની!' ત્યારે પ્રમુખસ્વામી મહારાજના હૃદયની કલ્યાણભાવના વહી પડીઃ 'યાદ રાખો, આપણે રૂપિયા માટે વિચરણ કરતા નથી. ત્યાં આદિવાસી ભાઈઓએ વ્યસનો છોડ્યા, માંસાહાર છોડ્યો. તેઓએ સદાચારી જીવન જીવવાના સંકલ્પ કર્યા ને, એ મારે મન અબજો રૂપિયા કરતા અધિક છે.'

આવી સચ્ચાઈ અને નિઃસ્વાર્થ ભાવનાથી વિચરતા પ્રમુખસ્વામી મહારાજ આદિવાસીથી લઈને અમેરિકાવાસી સુધી સૌ કોઈના હૃદય સિંહાસન પર બિરાજતા હોય તેમાં શું આશ્ચર્ય?!

# પ્રમુખપ્રતિજ્ઞા

૨૧ મે ૧૯૫૦ના દિવસે અમદાવાદની આંબલીવાળી પોળમાં એક ઐતિહાસિક ઘટના બની. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ૨૮ વર્ષના શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસની સંસ્થાના પ્રમુખ તરીકે વરણી કરી. પરંતુ એ દિવસ વિશેષ અમર થઈ ગયો, પ્રમુખસ્વામી મહારાજે લીધેલી 'પ્રમુખપ્રતિજ્ઞા'થી! જેના શબ્દો હતાઃ 'હું આજે આપ ગુરુશ્રી તેમ જ આ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે મારું કર્તવ્ય બરાબર બજાવી, આપની સંસ્થાને મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી આપનો કૃતકૃત્ય બનીશ. આપે આ અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનરૂપી બગીચો ખીલવ્યો છે તેની પૂરતી રીતે અભિવૃદ્ધિ થાય તેના માટે દરરોજ સંપૂર્ણ કાળજી અને ખંત રાખી, સેવા કરી, સમગ્ર સત્સંગના આશીર્વાદ મેળવવા અભિલાષા રાખું છું તે પણ આપશ્રી પૂર્ણ કરશો.'

ઈતિહાસના ચોપડે સુવર્ણ અક્ષરે અંકિત થયેલા આ શબ્દો છે, કારણ કે આ પ્રમુખસ્વામી મહારાજની પ્રતિજ્ઞાના શબ્દો છે. ૨૧ મે ૧૯૫૦થી ૧૭ ઓગસ્ટ ૨૦૧૬ - જીવનના આ ૬૭ વર્ષોમાં, અંતિમ શ્વાસ સુધી એક પણ ક્ષણ એવી નથી કે તેઓએ આ પ્રતિજ્ઞાનું પાલન ન કર્યું હોય!

૨૯ ઓગસ્ટ ૧૯૮૦ના દિવસે સવારે પ્રમુખસ્વામી મહારાજ અમેરિકાના મેરીલેન્ડ રાજ્યના નાનકડા ટેન્ટેલોન શહેરમાં અલ્પાહાર કર્યા બાદ પોતાના ઉતારે જવા નીકળ્યા. આ સમયે સ્વામીશ્રી ડાબા પગની મોજડીમાં પોતાનો જમણો પગ નાખતા હતા. ત્યારે સહચારી સંતે આમ થવાનું કારણ પૂછ્યું. સ્વામીશ્રી બોલી ઉઠ્યા કે 'બરાબર દેખાતું નથી.' આ સાંભળતા જ સંતોએ તાત્કાલિક દવાખાને જવાની વાત કરી. પરંતુ એ જ દિવસે સાંજે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીની ઉદ્‌ઘોષ સભાનું આયોજન થયું હતું. એટલે સ્વામીશ્રીએ તબીબી તપાસને મુલતવી રાખી. હકીકતે સ્વામીશ્રીને છેલ્લા લગભગ ૯ મહિનાથી આંખોની આ તકલીફ કનડી રહી હતી, પરંતુ તેઓના મનમાં હતું કે હરિભક્તોએ રજાઓ લઈ રાખી હોય, જાહેરસભાઓ માટે હૉલ બુક કરાવી રાખ્યા હોય અને હવે કાર્યક્રમમાં ફેરફાર કરીએ તો હરિભક્તોને આર્થિક રીતે પણ ફટકો પડે તથા તેઓનું આયોજન વેરવિખેર થઈ જાય.' ભક્તોને તકલીફ ન પડે તે માટે પોતાની આંખોને દાવ પર મૂકી સ્વામીશ્રી સતત ૨૭૦ દિવસો સુધી દેશ-દુનિયાના ૩૨૯ કેન્દ્રોને ખૂંદી વળ્યા! કારણ કે તેઓને હૈયે પ્રતિજ્ઞાના શબ્દો ધબકતા હતા કે 'મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર થઈ આપનો કૃતકૃત્ય થઈશ.'

૧૦ જુલાઈ ૧૯૯૪ના રોજ ડલાસ ખાતે જ્યારે નિદાન થયું કે સ્વામીશ્રીને ફ્રોઝન શોલ્ડરની તકલીફ છે ત્યારે તમામ સંતો આશ્ચર્ય પામ્યા કારણ કે સ્વામીશ્રીએ કોઈને પણ આ દુખાવાની જાણ થવા દીધી નહોતી. તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે એક મહિના પૂર્વે પોકોનો

માઉન્ટેન મુકામે યોજાયેલી શિબિરમાં કિશોરોને રાજી કરવા સ્વામીશ્રીએ ક્રિકેટ અને બેઝબોલનું બૅટ ઘુમાવેલું. એમાં જ તેઓને ખભાના સાંધાની પેશીઓમાં સોજો ચડી ગયેલો. આ વાતની જાણ સંતોને એક મહિના પછી થઈ ત્યાં સુધી સ્વામીશ્રીએ ફ્રોઝન શોલ્ડરના દુખાવા સાથે વિચરણ, જાહેરસભાઓ, મંદિરોનું ભૂમિપૂજન, પ્રતિષ્ઠા, મુલાકાત કે પત્રલેખનના કાર્યક્રમોમાં લેશમાત્ર ઓટ આવવા દીધી નહોતી! ૭૩ વર્ષની ઉંમરે પણ પ્રમુખપ્રતિજ્ઞા તેઓની નજર સામે હતી કે 'મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર થઈ આપનો કૃતકૃત્ય થઈશ.'

૨૨ સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ બાયપાસ સર્જરીના એક માસ બાદ પ્રમુખસ્વામી મહારાજ ડૉક્ટર દયાનંદ નાયકના ક્લિનિક ઉપર ચેક-અપ માટે પધાર્યા. ચેક-અપના અંતે ડૉક્ટરે સ્વામીશ્રીને સૂચન કરતાં કહ્યુંઃ 'ડિસેમ્બર સુધી સંપૂર્ણ આરામ જ કરવો. વ્યક્તિગત મુલાકાતો સદંતર બંધ કરી દેવી. કદાચ તે શક્ય ન બને તો રોજ ફક્ત પાંચ જ વ્યક્તિઓને મળવું. વિચરણ પણ સંપૂર્ણ સ્થગિત કરી દેવું. છતાં તે કરવું જ હોય તો એક સ્થળે ઓછામાં ઓછું એક મહિનો રોકાવું. પ્રવચન પણ અઠવાડિયે એક જ વાર આપવું...' આ તમામ સૂચનાઓ સ્વામીશ્રી સાથે સેવામાં રહેલા પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામી પોતાની રોજનીશીમાં નોંધી રહેલા. જેવા ગાડીમાં બેઠા ને તરત જ સ્વામીશ્રીએ અક્ષરવત્સલદાસ સ્વામીને કહ્યું કે 'ડૉક્ટરોએ આપેલી સૂચનાઓ તમારે કોઈને કહેવી નહિ' પણ વાત અહીંથી અટકી નહિ, પરાકાષ્ઠા તો એ હતી કે સ્વામીશ્રીએ સભામાં અક્ષરવત્સલદાસ સ્વામી પાસે એવી જાહેરાત કરાવડાવી કે 'હવે સ્વામીશ્રીને પૂર્વવત્ વિચરણ કરવાની અનુમતિ ડૉક્ટરોએ આપી દીધી છે!' ડૉક્ટરોની સલાહથી સદંતર વિરુદ્ધ વર્તવા સ્વામીશ્રી તૈયાર થયા. એમાં એમના જ સ્વાસ્થ્યને જોખમ હતું. પરંતુ તેઓએ પ્રતિજ્ઞાના એ શબ્દોને જીવી બતાવ્યા કે 'મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર થઈ આપનો કૃતકૃત્ય થઈશ.'

૯ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ સ્વામીશ્રીની બાયપાસ સર્જરી કરનાર ડૉ. સુબ્રહ્મણ્યમ્ તેઓના દર્શન માટે પધાર્યા હતા. પ્રમુખસ્વામી મહારાજને અમેરિકાની ધરતી પર જોઈ અપાર આશ્ચર્ય સાથે તેઓએ સંતોને કહ્યું કે 'મને મનાતું જ નથી કે પ્રમુખસ્વામી મહારાજ મારી સામે અહીં અમેરિકામાં છે.' ત્યાર પછી સ્વામીશ્રી તરફ જોઈને તેઓએ કહ્યુંઃ 'How much pain must you have endured on that flight?! You must truly love your devotees.' (એ હવાઈ મુસાફરી દરમ્યાન આપે કેટલી પીડા સહન કરી હશે! ખરેખર, આપ આપના ભક્તોને ખૂબ પ્રેમ કરો છો.) પરંતુ સ્વામીશ્રીને મન એ ભીડો નહિ, ભક્તિ હતી. કારણ કે તેઓ તો ગુરુ સમક્ષ કરેલી પ્રતિજ્ઞાના એ શબ્દો ચરિતાર્થ કરી રહ્યા હતા કે 'મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર થઈ આપનો કૃતકૃત્ય થઈશ.'

ભૌતિક રીતે દેહ છોડી દીધા બાદ પણ તેઓએ ચાર-ચાર દિવસ સુધી દર્શન આપ્યા. જેથી દૂર દેશથી આવેલા અનેક ભક્તોને તેઓની અંતિમ ઝાંખી થઈ જાય. દેહ મૂકી દીધા પછી પણ 'પ્રમુખપ્રતિજ્ઞા' તો અમર જ રહી!

એ જ પ્રમુખસ્વામી મહારાજ આપણને મહંતસ્વામી મહારાજરૂપે મળ્યા છે. આપણું કર્તવ્ય તો હવે એટલું જ રહ્યું કે આપણે પણ આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજને વચન આપીએ કે 'મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર થઈ આપનો કૃતકૃત્ય થઈશ.' અને છેલ્લા શ્વાસ સુધી એ પ્રતિજ્ઞાને જીવી બતાવીએ.

# પુરુષોત્તમ બોલ્યા પ્રીતે

વચનામૃત ગઢડા મધ્યના ૧૩મા શ્રીજીમહારાજે પોતાના સર્વોપરી સ્વરૂપની વાતો કરી છે. તેની પૂર્વભૂમિકા બાંધતાં મહારાજે કહ્યું છે કે, 'આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય,' તે સારુ કરીએ છીએ.' ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થાય છે પણ માયિક દૃષ્ટિના કારણે આપણે તેઓને ઓળખી શકતા નથી અને ભગવાનના સ્વરૂપની યથાર્થ ઓળખાણ વિના ભવબંધનમાંથી મુક્તિ થતી નથી. તેથી જ ભગવાન અને ગુણાતીત સંત જીવો પર કરુણા કરીને પ્રસંગોપાત પોતાના યથાર્થ સ્વરૂપની ઓળખાણ આપે છે.

૮ ઓગસ્ટ ૧૯૯૧ના દિવસે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સંતો સાથે હવાઈમાર્ગે લીલોન્ગવેથી દારેસલામ જઈ રહ્યા હતા. આ પ્રવાસ દરમ્યાન શુકમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! આપે હમણાં મહિમા ગાવાની વાત કરી, તો આપને કેવા સમજવા?' 'પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રીજીમહારાજ સર્વોપરી સાક્ષાત્ જ છે. રોમેરોમમાં મહારાજ છે. શ્રીજીમહારાજના અખંડ ધારક છે.' વિમાનની ઘરેરાટીમાં પણ સ્પષ્ટ સંભળાય તેમ સ્વામીશ્રી બોલ્યા. વળી ઉમેર્યું: 'તમે ગાવ છો ને કે 'સંત તે સ્વયં હરિ...' એમની આંખમાં જોનારા ભગવાન છે. બોલનારા, જમનારા, સાંભળનારા ભગવાન જ છે. એમાં રોમનોય ફેર નથી. આ તો દેહ જુદો દેખાય છે, પણ સાક્ષાત્ મહારાજ જ છે. કોઈ રાગ, દ્વેષ, દોષો છે જ નહિ. નિર્મળ, પવિત્ર અંતઃકરણ છે. મનુષ્યભાવ બતાવે, પણ દિવ્ય જ છે. આ સર્વોપરી નિશ્ચય છે. આપણે જે જીવનો સત્સંગ કરવાનો છે એ જીવનો સત્સંગ આવી દૃઢતા થાય એ છે. ક્યારેય ન ડગે એવી જીવમાં નિષ્ઠા થાય એ સત્સંગ સાચો. બીજે ક્યાંય હેત, પ્રીત, આત્મબુદ્ધિ નહિ. અહીં જ! આ સર્વોપરી છે. આ સાક્ષાત્ મહારાજ છે. આ દૃઢતા હોય તો ક્યારેય મૂકીને ચાલ્યું ન જવાય. અખંડ આજ્ઞામાં રહેવાય. મનધાર્યું ન થાય. મહિમા રહે. શંકા-કુશંકા ન થાય. બધું દિવ્ય દિવ્ય જ દેખાય. બધાને એમ કે 'અમે અંતર્યામી નથી.' પણ અમે અંતર્યામી છીએ. તમે દુનિયાને છેડે જઈને જે કરો છો તે હું જાણું છું, દેખું છું.' સામાન્ય રીતે તો સત્પુરુષને પોતાનું ઐશ્વર્ય-સામર્થ્ય છુપાવવા પર જ સતત તાન હોય છે, પરંતુ ક્યારેક જ આવી રીતે કૃપા કરીને તેઓ સ્વસ્વરૂપની ઓળખાણ કરાવે છે. સ્વામીશ્રીના મુખેથી રેલાઈ રહેલી સ્વસ્વરૂપની આ વાતો સાંભળતા સૌ કોઈને 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'નું પ્રત્યક્ષ દર્શન થઈ ગયું.

આ જ સ્વરૂપ આપણને ગુરુહરિ મહંતસ્વામી મહારાજરૂપે પ્રગટ મળ્યું છે. તેઓના સ્વરૂપની આવી દૃઢતા કરી સેવા-ભક્તિ કરીએ તે જ સત્સંગનો સાર છે.

# વિનમ્રતાની મૂર્તિ

સન ૧૯૯૪માં મહેસાણા ખાતે પ્રમુખસ્વામી મહારાજનો ૭૪મો જન્મજયંતી મહોત્સવ હતો. વળી, આ જ દિવસે તેઓએ એક ભવ્ય શિખરબદ્ધ મંદિરની ભેટ મહેસાણાને આપી હતી.

આગલે દિવસે સાંજની સભામાં નારાયણમુનિદાસ સ્વામી, ઋષિરાજદાસ સ્વામી વગેરેએ સ્વામીશ્રી પાસે પહોંચી વાત માંડી કે, 'આવતીકાલે જન્મજયંતીની સભા બાદ વ્યક્તિગત દર્શન માટે હરિભક્તો ચાર હરોળમાં આવે તેમ વિચાર્યું છે.'

હજારો હરિભક્તો સ્વામીશ્રીને વધાવવા માટે આવવાના હતા, તેથી વ્યક્તિગત દર્શનમાં બને એટલો ઓછો સમય જાય અને સ્વામીશ્રી સમયસર પોતાના ઉતારે પધારે તેવા વિચારથી આ પ્રકારનું આયોજન વ્યવસ્થાપકોએ કર્યું હતું.

પરંતુ સ્વામીશ્રીને આ આયોજન રૂચ્યું નહિ. તેઓએ પૂછ્યું, 'ચાર વ્યક્તિ એક સાથે કઈ રીતે આવે?'

'કેમ? જેમ બે આવે તેમ ચાર આવે!' સંતોના આ જવાબથી સ્વામીશ્રી મૌન રહ્યા. સ્વામીશ્રીના મુખ ઉપર આ નવા આયોજન પ્રત્યેનો અણગમો સ્પષ્ટ વર્તાતો હતો. કારણ કે તે મુજબ કરવાથી હરિભક્તોને બરાબર મળી ન શકાય તેમ તેઓને લાગતું હતું. તેઓને પોતાના સમયની કે ભોજનની પરવા ન હતી, પરંતુ હરિભક્તો રાજી થાય તે જ મનમાં હતું.

સ્વામીશ્રીની નારાજગી જોઈ પ્રસ્તાવ મૂકનારા સંતો પણ ખિન્ન થઈ ગયા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું કે, 'આપની રૂચિ મુજબ કરીશું.'

પરંતુ સ્વામીશ્રી બોલ્યા, 'ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'સંત કહે તેમ કરવું શ્રેષ્ઠ છે અને મનધાર્યું કરવું તે કનિષ્ઠ છે.' માટે તમે બધાએ જે વિચાર્યું છે તે બરાબર છે.'

ગુરુ હોવા છતાં શિષ્યની મરજી અનુસાર વર્તનારા પ્રમુખસ્વામી મહારાજની આવી ઉત્કૃષ્ટ સરળતામાં સંતો ભીંજાઈ ગયા. તેઓએ સ્વામીશ્રીની રૂચિ અનુસાર બે હરોળમાં જ દર્શનની વ્યવસ્થા ગોઠવી દીધી.

બીજે દિવસે સવારે પોતાના ૭૪મા જન્મદિનના પ્રભાતે નારાયણમુનિદાસ સ્વામીને પૂજાનું પુષ્પ આપતાં સ્વામીશ્રીએ કહ્યું, 'આખી રાત મેં વિચાર કર્યો કે તમે બધાએ કેટલુંય વિચારીને આયોજન કર્યું હોય અને હું બદલી નાંખું તે ઠીક નથી. માટે તમે જેમ વિચાર્યું છે તેમ જ રાખજો.'

જે દિવસે હજારો હરિભક્તો પોતાને વધાવવા માટે ઊમટ્યા છે તે દિવસે જ પ્રમુખસ્વામી મહારાજની આ વિનમ્રતા સૌને નતમસ્તક કરી ગઈ.

# અનાદિ સિદ્ધ

વિશ્વના પશ્ચિમ ગોળાર્ધમાં અક્ષરપુરુષોત્તમનો ડંકો વગાડવા માટે પ્રમુખસ્વામી મહારાજ ૧૦૦ સંતો સાથે ૧૯૯૫માં લંડન પધાર્યા હતા. કળા-કોતરણીયુક્ત, સનાતન હિંદુ સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર કરતું ભવ્ય શિખરબદ્ધ મંદિર જોઈને સ્થાનિક યુરોપિયનો પણ પ્રભાવિત થયાં હતાં. આવા ભવ્ય મંદિરના સર્જક પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે પણ ઘણાને આકર્ષણ થયું હતું.

આવા જ એક ભાવિક કૅરેબિયન શ્રી મેલ્વિન પોતે મંદિર-નિર્માણના કાર્યમાં કામ કરતા હતા. તેઓ પ્રમુખસ્વામી મહારાજના બ્રહ્મચર્યવ્રતની વાત સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા હતા કે આજના જમાનામાં પણ આવું અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળનાર કોઈ છે!

એક દિવસ જ્યારે પ્રમુખસ્વામી મહારાજ મંદિરનું નિરીક્ષણ કરવા પધાર્યા ત્યારે શ્રી મેલ્વિન તેઓ પાસે પહોંચી ગયા. પોતાની પડછંદ કાયા પ્રમુખસ્વામી મહારાજના ચરણોમાં નમાવતાં તેઓએ પૂછ્યુંઃ 'Since how many years are you observing this rule of not seeing women?' - આપ કેટલાં વર્ષોથી મહિલાઓને ન જોવાનો નિયમ પાળી રહ્યા છો?

'૬૦ વર્ષથી.' બાજુમાં ઊભેલા બ્રહ્મવિહારીદાસ સ્વામી વચ્ચે જ બોલ્યા. તેઓએ અઢારમા વર્ષે સ્વામીશ્રીએ સ્વીકારેલા ત્યાગાશ્રમના અનુસંધાનમાં એવી ગણતરી કરી હતી.

'ના, એને કહો - ૭૫ વર્ષથી.' તરત જ તે સુધારતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું.

આ સાંભળતાં જ મેલ્વિન સહિત સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં. સૌને પ્રમુખસ્વામી મહારાજના શબ્દોમાં શ્રીજીમહારાજનાં આ વચનોનો જ પડઘો સંભળાઈ રહ્યો કે, 'અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત સદાય નિર્દોષપણે છીએ.' (વચનામૃત ગઢડા મધ્ય-૩૩)

આવા આજન્મશુદ્ધ હતા - પ્રમુખસ્વામી મહારાજ. અક્ષરબ્રહ્મ ગુણાતીત સત્પુરુષમાં જે ગુણો હોય છે તે તેઓએ કોઈ સાધના કરીને કેળવેલા ગુણો નથી હોતાં, પરંતુ તેમનામાં રહેલા ગુણો અનાદિ સિદ્ધ હોય છે. આજે મહંતસ્વામી મહારાજ પણ એવા જ અનાદિ સિદ્ધ અક્ષરબ્રહ્મ સત્પુરુષ છે.

# સેવાનો ઉચ્ચ આદર્શ

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧. સવારે ૮:૪૬ વાગ્યે આવેલ તીવ્ર ભૂકંપે ભૂજ તેમજ સમગ્ર ગુજરાતને હચમચાવી મૂક્યું. પ્રમુખસ્વામી મહારાજ આ સમયે બોચાસણમાં હતા. ભૂકંપની ભયાનકતાનો અંદાજ લાવીને તરત જ પ્રમુખસ્વામી મહારાજે ભૂકંપગ્રસ્તોને તાત્કાલિક સહાય પહોંચડવાની સૂચના આપી.

ભૂકંપ આવ્યાના સવા કલાકમાં જ ભૂજના આપણા મંદિરે રાહત રસોડાનું પ્રથમ એંધાણ મૂકાઈ ગયું અને ૪,૦૦૦ અસરગ્રસ્તોને ગરમાગરમ ભોજન પૂરું પાડ્યું. અહીંથી એક સુવ્યવસ્થિત, સુઆયોજિત અને સુદીર્ઘકાળ સુધી ચાલનારા સેવાના આદર્શરૂપ એક રાહતકાર્યનો પ્રારંભ થયો.

એક દિવસ અટલાદરા મંદિર ખાતે ભૂકંપપીડિતો માટે તૈયાર થઈ રહેલા ફૂડ-પેકેટ્સની કાર્યવાહી જોવા પ્રમુખસ્વામી મહારાજ રસોડામાં પધાર્યા. ફૂડ-પેકેટ્સમાં ૧૫૦ ગ્રામ ગાંઠિયા અને ૭૫ ગ્રામ બુંદી જોઈને તેઓએ ભંડારી સંતને વાત કરી, 'આમાં બે-બે આથેલાં મરચાં પણ મૂકજો. ખાવામાં સારું લાગે.' વળી, રસોઈ માટે વપરાશમાં લેવાતા અનાજને પણ સાફ કરીને વાપરવાની તેમજ રસોઈ માટે ગાળેલું પાણી જ વાપરવા જેવી નાની-નાની ચીવટ પ્રમુખસ્વામી મહારાજે રખાવી.

વિરાટ ફલક પર વિસ્તરેલાં કાર્યોમાં આવી સૂક્ષ્મ વિગતોની તકેદારી પણ પ્રમુખસ્વામી મહારાજે રખાવી છે. તેની હદ તો ત્યારે આવી જ્યારે ભૂંકપગ્રસ્તોને અપાતી ઘરવખરીમાં તેઓએ નખ કાપવા માટે નેઈલ-કટર, ઘર વાળવા માટે સાવરણી, કપડાં સૂકવવા માટે દોરી, મહિલાઓ માટે ચાંદલાના પેકેટ વગેરે નિત્ય વપરાશમાં આવતી વસ્તુઓ પણ મૂકાવી. કોઈ પણ સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થતાં રાહત કાર્યોમાં અપાતી વસ્તુઓમાં આવી વસ્તુઓ કદાચ પ્રથમ જ વાર અપાતી હતી! આનું કારણ એ હતું કે પ્રમુખસ્વામી મહારાજ લોકોના હૃદય સુધી પહોંચ્યા હતા.

વિશ્વવિખ્યાત સમાચાર સંસ્થા રોઈટર્સના એક અધિકારીએ પ્રમુખસ્વામી મહારાજના આ રાહતકાર્યની પ્રસંશા કરતાં કહ્યું હતું, 'સાઉથ આફ્રિકા, તુર્કી અને અન્ય કેટલીય કુદરતી હોનારતોનાં રાહત કાર્યોમાં મેં ભાગ લીધો છે, પરંતુ અહીંયા તમે જેવો રાહત કૅમ્પ શરૂ કર્યો છે તેવો મેં ક્યાય દીઠો નથી, કારણ કે તમે લોકોને અને તેમની લાગણીઓને સમજીને કામ કરો છો.'

ભૂકંપથી હચમચી ઊઠેલાં ૪૦૯ ગામો તેમજ ભૂજ અને મોરબીના ૧૦૭ શહેરી વિસ્તારોમાં પ્રમુખસ્વામી મહારાજના આદેશથી ૬,૫૦૦ સ્વયંસેવકો તથા ૧૮૦ સંતો રાત-દિવસ

જોયા વગર સેવામાં લાગી ગયાં હતાં. ૧૧ જેટલાં સ્થળોએ ધમધમતા રાહત રસોડામાં રોજ સવાર-સાંજ ૪૦,૦૦૦ જેટલા પીડિતો ભોજન ગ્રહણ કરતા હતા. દોઢ મહિનાની સમયાવધિમાં ૧૮,૦૦,૦૦૦ (૧.૮ મિલિયન)થી વધુ મનુષ્યોની આંતરડી પ્રમુખસ્વામી મહારાજે ઠારી હતી.

લોકોને ઘરેઘરે રાહત-સામગ્રી, ભોજન પહોંચાડતી આવી જ એક ગાડીને અંજાર તરફ જતાં રસ્તામાં ભયંકર અકસ્માત નડ્યો. તેમાં એક સંતને ગંભીર ઈજા થઈ હતી અને એક સંત તો બેભાન થઈ ગયા હતા. તાત્કાલિક ઉપચારની જરૂરિયાત જણાતાં સૌ એક આંતરાષ્ટ્રીય સેવાભાવી સંસ્થાની કામચલાઉ અસ્પતાલમાં પહોંચ્યા. પરંતુ ત્યાં સંતો-હરિભક્તોને એક બીજો અકસ્માત નડ્યો હોય તેવો આંચકો લાગ્યો. આફતગ્રસ્તોની સહાય કરવાનો દાવો કરતા આ સંસ્થાના કાર્યવાહકોએ કઠોરતાપૂર્વક કહ્યું, 'અમે ભૂકંપ-પીડિતોને જ સારવાર આપીએ છીએ, અકસ્માતમાં ઘાયલ થયેલાને નહિ.' આવી લાગણીશૂન્યતાથી સૌ ચકિત થઈ ગયા. જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા સંતને બતાવી સારવાર કરવાની બહુ આજીજી કરી. પરંતુ એ સેવાભાવીઓએ સેવા કરવાની ધરાર ના પાડી દીધી. એવામાં તાત્કાલિક સારવાર ન મળતા તે સંત ધામમાં ગયા!

સૌ આ પ્રસંગથી ખૂબ ગુસ્સે થઈ ગયા. નવાઈની વાત તો એ હતી કે આ સંસ્થાના ૪૫૦ જેટલા કર્મચારીઓ આપણા જ રાહત રસોડામાં રોજ ભોજન લેતાં હતાં! સૌએ નક્કી કર્યું કે હવે તે લોકો આપણે ત્યાં જમવા આવે ત્યારે કહી દેવું કે, 'અમે ભૂકંપગ્રસ્તો માટે જ રસોડું ખોલ્યું છે, બીજા માટે નહિ.'

જ્યારે પ્રમુખસ્વામી મહારાજને સમગ્ર પ્રસંગની જાણ થઈ ત્યારે સૌને ધીરજ આપતાં તેઓએ કહ્યું, 'ભલે એ લોકો મદદરૂપ ન થયા, પણ આપણે તો તેઓની સેવા કરવી અને સહકાર આપવો.' પોતાના એક સંતાનસમા સંતને ખોઈ બેસનાર પ્રમુખસ્વામી મહારાજનો આ પ્રતિભાવ તેઓની સેવાભાવના, સાધુતા અને અજાતશત્રુતાના દર્શન કરાવી ગયો.

# Akshardham Response

૨૪ સપ્ટેમ્બર ૨૦૦૨નો દિવસ ઈતિહાસના ચોપડે બે સ્વરૂપે અંકિત થયો છે. ગાંધીનગર અક્ષરધામમાં બનેલી આતંકવાદની કરુણ ઘટનાના રૂપે અને તેના પ્રત્યુત્તર સ્વરૂપે પ્રમુખસ્વામી મહારાજે દાખવેલી પ્રગાઢ સ્થિરતા અને અજાતશત્રુતાના રૂપે. આખું જગત સ્તબ્ધ બની જાય એવો કાતિલ આતંક પોતાના ઘેર જ છવાયો હોય ત્યારે, આકુળ-વ્યાકુળ થવાને બદલે સ્વસ્થતાપૂર્વક એનો ઉકેલ લાવવાની પ્રક્રિયામાં પરોવાઈ જવું, સ્થિર મનથી સમગ્ર અનુયાયી વર્ગ અને અસંખ્ય ચાહકોને પણ સ્થિર બનાવી રાખવાનું કૌવત બતાવવું, શુદ્ધ હૃદયની સહાનુભૂતિથી સૌને શાંતિ અને સંયમ જાળવવા સમજાવવા - એ સામાન્ય માનવી નહિ, પણ પારલૌકિક વ્યક્તિનું જ વિરાટ ગજું કરી શકે.

આ દિવસે સાંજે ૪:૫૦ વાગ્યે સારંગપુર બિરાજમાન સ્વામીશ્રીને ફોન દ્વારા આ સમાચાર મળ્યા. એ વખતે તેઓ કચ્છમાં સંસ્થા દ્વારા ચાલી રહેલા ભૂકંપરાહત પુનર્વસન પ્રવૃત્તિની એક મીટિંગમાં વ્યસ્ત હતા. જરા પણ સ્વસ્થતા ગુમાવ્યા સિવાય તેઓએ સૌને કહ્યું: ‘અક્ષરધામમાં આતંકવાદીઓ આવ્યા છે. ઘણી હિંસા થઈ છે. પણ આપણે સૌ ઠાકોરજીને પ્રાર્થના કરીએ કે હવે વધુ હિંસા ન થાય, ખુવારી ન થાય, અને એ પકડાઈ જાય.’ આટલું કહી સ્વામીશ્રી તુરંત પ્રાર્થનામાં પરોવાઈ ગયા. રાષ્ટ્રપતિ તેમજ દેશ-વિદેશના અનેક મહાનુભાવોના સહાનુભૂતિ દર્શાવતા ફોન આવવા લાગ્યા હતા. સ્વામીશ્રી ગાંધીનગરમાં ચાલી રહેલી કાર્યવાહી સાથે ફોન દ્વારા સતત સંપર્કમાં હતા. રાતના ૯:૦૦ વાગ્યા પહેલાં મલ્ટીમીડિયા થિયેટર સિવાય લગભગ બધેથી દર્શનાર્થીઓને બહાર લાવી દેવાયાં હતાં. ત્યારબાદ આતંકવાદીઓના અંધાધૂંધ ગોળીબારોને લીધે મોડી રાત્રે નિર્ણય લેવામાં આવ્યો કે મલ્ટીમીડિયા થિયેટરમાં રોકવામાં આવેલા દર્શનાર્થીઓને રાત્રિભર ત્યાં જ સલામત રીતે રાખવાં. સ્વામીશ્રીને મોડી રાત્રે ફોનમાં આ સમાચાર આપવામાં આવ્યા ત્યારે તેમણે એ સૌ માટે પીવાનું પાણી, ચા-નાસ્તો તથા બાથરૂમ-જાજરૂની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરાવી.

બીજી તરફ સ્વામીશ્રી એ બાબતે પણ સતર્ક હતા કે અક્ષરધામ પરના આ હુમલાનો પ્રતિસાદ પુનઃ પ્રતિહિંસામાં ન જ પરિણમવો જોઈએ. સ્વામીશ્રી આખી રાત જાગતા જ રહ્યા હતા. રાત્રે ૧૨:૩૫ વાગ્યે તેમને ફોન દ્વારા સમાચાર મળ્યા કે નવયુવાન સેવાભાવી સંત પરમેશ્વરદાસ સ્વામી આતંકવાદીઓની ગોળીઓનો ભોગ બન્યા છે ત્યારે સ્વામીશ્રીએ ઘણો ખેદ અનુભવ્યો. પરંતુ સાથે સાથે તેમણે એ પણ વિચારી લીધું કે આ ધર્મસ્થાન પરના હુમલાથી આઘાત પામેલા સમાજને સવારે એવી ખબર પડશે કે એક ભગવાધારી સંત પણ આ આતંકવાદીઓનો ભોગ બન્યા છે ત્યારે લોકોની લાગણી ખૂબ દુભાશે. સૌનો આક્રોશ અનેકગણો વધી જશે. અને પરિણામે કદાચ ફરીથી

ગુજરાત અશાંતિની આગમાં ધકેલાઈ જશે. આથી તાત્કાલિક ફોન કરીને તેમણે તમામ વર્તમાનપત્રોમાં અને ટી.વી. માધ્યમોમાં શાંતિની અપીલ કરાવડાવી. એનો અદ્‌ભૂત પ્રભાવ રહ્યો. સતત બે દિવસ સુધી ગુજરાત અને ભારત બંધ રહ્યાં. મુંબઈ જેવું મહાનગર સ્વયંભૂ સજ્જડ બંધ રહ્યું. ભારત અને સમગ્ર વિશ્વના નેતાઓ પણ આ બંધના એલાનથી ચિંતિત હતા, કદાચ ફરીથી આ બંધ દરમ્યાન હિંસા ફાટી નીકળશે તો? પરંતુ સ્વામીશ્રીની શાંતિની અપીલનો સુખદ પ્રતિસાદ સાંપડ્યો હતો. અમદાવાદ જેવા સંવેદનશીલ શહેરથી લઈને સમગ્ર ભારતમાં હિંસાની કોઈ નોંધપાત્ર ઘટના ન બની! સૌએ અદ્‌ભૂત સંયમ દાખવ્યો. વિશ્વના અનેક ચિંતકોએ તેનો યશ સ્વામીશ્રીને આપ્યો.

અક્ષરધામ જેવા એક પવિત્ર ધર્મસ્થાન પરનો આ પ્રહાર હર કોઈ માટે અસહ્ય હતો. હિંદુત્વની લાગણીથી રસાયેલા અનેક લોકો માટે આ કારમો ઘા હતો. પરંતુ સ્વામીશ્રીનો એક જ સ્વર સૌને શાંતિ આપતો હતોઃ ‘આ સમય એકતા અને સહાનુભૂતિથી શાંતિ જાળવવાનો છે. પ્રાર્થના કરો - ક્યારેય, ક્યાંય પણ, કોઈના પર પણ આવો અત્યાચાર ન થાય...’ સ્વામીશ્રીની નજરમાં સમસ્ત સમાજનું હિત તરવરતું હતું. એક પ્રસિદ્ધ સંગઠનના નેતાએ સ્વામીશ્રીને કહ્યુંઃ ‘સ્વામી! આ એવો પ્રસંગ હતો કે આપે માત્ર ઈશારો કર્યો હોત તો લોકો કંઈનું કંઈ કરી નાંખત! પરંતુ આપની શાંતિની અપીલને કારણે ગુજરાત અને ભારતમાં આજે શાંતિ છે.’ જર્મનીમાં આતંકવાદની વૈશ્વિક સમસ્યા માટે યોજાયેલી એક આંતરાષ્ટ્રીય પરિષદમાં સ્વામીશ્રીના આ ધીરજના અભિગમને બિરદાવવામાં આવ્યો અને વિશ્વના નિષ્ણાતોએ એને માટે ‘અક્ષરધામ રિસ્પોન્સ’ શબ્દ પ્રયોજતાં કહ્યુંઃ ‘આતંકવાદી દુર્ઘટના વખતે આવું ધૈર્ય જ તેનો યથોચિત ઈલાજ છે!’

આપત્તિનું આભ તૂટે ત્યારે પણ અચળ શ્રદ્ધા, પ્રગાઢ સ્થિરતા અને અજાતશત્રુતાથી પ્રતિભાવ આપવાનો પાઠ આપણાં ગુરુઓએ આપણને શીખવ્યો છે.

# 'કાંકરી જેટલોય ભાર નથી'

સન ૨૦૦૩માં દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું હતું. એકરો સુધી ફેલાયેલી આ ભૂમિ ઉપર ચારે કોર પથ્થરોના ગંજ ખડકાયેલા હતા, જે આ કાર્યની વિરાટતાના દર્શન કરાવી રહ્યા હતા. આ સંદર્ભમાં એક વાર પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજને કહ્યું: 'સ્વામી! આ પથ્થરો કોઈને ભેટમાં આપી દઈએ તો પણ તેના છાતીના પાટિયાં બેસી જાય કારણ કે આટલુ મોટું તંત્ર સાચવવું કેવી રીતે? જ્યારે આપ તો બધું નિશ્ચિંતતાથી તેમ છતાંયે વ્યવસ્થિત રીતે સંભાળી રહ્યા છો.' આ સાંભળી સ્વામીશ્રી હળવાશથી કહે: 'આટલા બધા પથરાં પડ્યાં છે, પણ અમને અમારી છાતી ઉપર કાંકરીનોય ભાર નથી, કારણ કે અમે ક્યાં કરીએ છીએ? બધું ભગવાન સ્વામિનારાયણ અને ગુરુ યોગીજી મહારાજ ગોઠવે છે. એમની ગણતરી પ્રમાણે જ ચાલે છે.' સ્વામીશ્રી પાસે પહાડ જેટલા પથ્થરોના ભારને કાંકરીથી પણ હલકો કરી નાખવાનો ઉપાય હતો - ભગવાનને સર્વકર્તા માનવા! એટલે જ તેઓ સદૈવ ચિંતામુક્ત રહેતા.

'ભગવાન અને ગુરુ જ બધું કરે છે' એ સ્વામીશ્રીના ઔપચારિક શબ્દો નહોતા, પરંતુ તેઓની રગેરગમાં વહેતી નક્કર પ્રતીતિ હતી. એની વિરુદ્ધનો એક શબ્દ પણ સાંભળવો એમને આકરો લાગી જતો. દિલ્હીનું અક્ષરધામ પૂરું થઈ ગયા પછી એક વખત સંતો સાહજિક રીતે એમને કહેવા લાગ્યાં કે, 'આપે આ જબરજસ્ત કાર્ય કર્યું છે.' ત્યારે એમણે આ વાતમાં બિલકુલ સંમતિ દર્શાવી નહિ અને 'બધું ભગવાન અને ગુરુએ જ કર્યું છે'- એમ સૌને સમજાવવા લાગ્યા. હકીકતે બધું કાર્ય એમણે જ કર્યું હતું, એ નિર્વિવાદ હતું. આથી સંતો આ વાતને અત્યંત દૃઢતાપૂર્વક વળગી રહ્યાં. આ દરમ્યાન સ્વામીશ્રી બાથરૂમમાં પધાર્યા. ત્યારે એકાંતમાં તેઓ બોલી રહ્યા હતા: 'હું આ લોકોને સમજાવવા માટે આટલો બધો પ્રયત્ન કરું છું કે ભગવાન જ બધું કરે છે, હું કાંઈ જ કરતો નથી, પરંતુ આ લોકો કેમ સમજવા તૈયાર નથી?' સેવક સંતે આ શબ્દો સાંભળ્યા. સૌને વિશેષ આશ્ચર્ય તો ત્યારે થયું કે આ દુ:ખથી દ્રવિત થઈ ઉઠેલા સ્વામીશ્રીની આંખોમાં આંસું આવી ગયાં. મંચ ઉપર તો સન્માનનો કળશ ભગવાનના શિરે અર્પણ કરી શકાય, પરંતુ એકાંતમાં પણ હૈયું સન્માન સ્વીકારવામાં અપરાધભાવ અનુભવે એ સાધુતા જુદી! એ કર્તાપણાની નિષ્ઠા જુદી!

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના દીક્ષિત સંત સદ્‌ગુરુવર્ય સંતવલ્લભ સ્વામી કહેતા કે 'કોઈ વ્યક્તિ એક દિવસ પણ પ્રમુખસ્વામીની ગાદીએ બેસીને સંસ્થાનો વ્યવહાર સંભાળે તો ગાંડો થઈ જાય!' પરંતુ આટલી ગંજાવર પ્રવૃત્તિઓની વચ્ચે સ્વામીશ્રી સદા હળવાશ ભોગવતા. ૪ સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ લંડનમાં સ્વામીશ્રીને કોઈએ પૂછ્યું: 'આટલી બધી પ્રવૃત્તિમાં આપ આટલા ફ્રેશ કઈ રીતે રહો છો?' પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આજ્ઞાથી કરીએ છીએ. માથે લેતાં નથી.

'હું કરું છું' એવો ભાવ લાવ્યા વિના ભગવાન ને ગુરુમાં ખોવાઈ જવું. આવ્યું તોય ભગવાનની ઈચ્છા ને ગયું તોય ભગવાનની ઈચ્છા એમ સમજવું. તો બોજો ન રહે. સુખ રહે.'

પ્રચંડ કાર્યશક્તિથી વિશ્વને અજોડ પ્રદાનો આપનાર પ્રમુખસ્વામી મહારાજની જીવનવીણામાંથી સતત એક જ નાદ ગુંજતો રહ્યો હતોઃ 'ગુરુહરિ એક જ કર્તાહર્તા, આપણ શું કરનાર?' સ્વામીશ્રીની આ જીવનશૈલી આપણને પણ પહાડ જેવા માનસિક બોજાને કાંકરી જેવો નગણ્ય કરવાની રીત શીખવે છે. બસ! એટલું જ માનવાનું છે - 'કર્તાહર્તા ભગવાન છે, જે કરે છે એ મારા સારા માટે જ છે.' તો આપણને શાંતિ રહેશે અને આપણા તરફથી લોકોને પણ શાંતિ રહેશે.

# કાયમી પ્રોજેક્ટ

સન ૨૦૦૫ - દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટન સાથે સંસ્થામાં જાણે નવો યુગ આવ્યો. ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા 'World's Largest Comprehensive Hindu Temple' તરીકે અક્ષરધામની નોંધ લેવાઈ. તે પણ પાંચ વર્ષના રેકોર્ડ સમયમાં તૈયાર થયું તે હકીકતે તો સમગ્ર વિશ્વને મંત્રમુગ્ધ કરી દીધું. વિશ્વપ્રસિદ્ધ સામયિક રીડર્સ ડાયજેસ્ટ દ્વારા 'The Seven Wonders of the 21st Century' (૨૧મી સદીની સાત અજાયબીઓ)માં દિલ્હી અક્ષરધામને જાહેર કરવામાં આવ્યું. અહીં પધારનાર પ્રત્યેક મહાનુભાવ પ્રમુખસ્વામી મહારાજને આ કાર્ય માટે અભિનંદન આપતા થાકતા ન હતા. અક્ષરધામ ઉદ્ઘાટન પૂર્વે થયેલી જાહેર સભાઓમાં મોટા માંધાતાઓ સ્વામીશ્રીના બે મુખે વખાણ કરતાં. પ્રમુખસ્વામી મહારાજ પર પ્રશસ્તિ પુષ્પો અને સન્માનોની જાણે હેલી વરસી રહી હતી. પરંતુ 'જલકમલવત્' સ્થિતિ ધરાવતા સ્વામીશ્રી આ સન્માનસભાઓમાં માળા ફેરવતા અત્યંત નિર્લેપ થકા બેસતા. તેઓનું મન અખંડ ભગવાનના ભજનમાં તલ્લીન રહેતું, કારણ કે અક્ષરધામ તેઓને મન કોઈ વિશ્વવિક્રમી સ્મારક નહિ, પણ ઈષ્ટભક્તિ અને ગુરુભક્તિ હતી. તેનો સાક્ષી બની રહ્યો ૨૪ નવેમ્બર ૨૦૦૫નો દિવસ.

આજે સાંજે વિશ્વપ્રસિદ્ધ હાર્ટસર્જન ડૉ. સુબ્રહ્મણ્યમ્ સ્વામીશ્રીની મુલાકાતે પધાર્યા હતા. તેઓએ અક્ષરધામનાં દર્શનની સ્વાનુભૂતિ રજૂ કરતાં સ્વામીશ્રીને કહ્યું કે, 'હું અક્ષરધામમાં પ્રવેશ્યો અને શાંતિ સિવાય જાણે કે બધી જ વસ્તુઓ અંતરમાંથી નીકળી ગઈ હોય એવા અનુભવો થયાં.' આટલું કહી તેઓએ સ્વામીશ્રીને માર્મિક પ્રશ્ન પૂછ્યો કે, 'આપનો હવે પછીનો પ્રોજેક્ટ કયો છે?'

'સત્સંગ કરાવવો, ભજન કરવું-કરાવવું, વિશ્વમાં શાંતિ પ્રસરે, સૌમાં ભક્તિ વધે ને સારી ભાવના થાય એ પ્રોજેક્ટ ચાલુ જ છે અને સાથે-સાથે આ મંદિરો થતાં જાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

'ભજન'ના મુખ્ય પ્રોજેક્ટના કેવળ એક ભાગરૂપે તૈયાર થયું હતું - દિલ્હી અક્ષરધામ! પ્રમુખસ્વામી મહારાજના જીવનની પ્રત્યેક પળમાં 'ભગવાનનું ભજન' એ જ મુખ્ય મિશન રહ્યું હતું. ભજન તેઓનો વ્યવસાય હતો, માળા તેઓની મૂડી અને ભગવાન તેઓનું સર્વસ્વ. એવા સ્વામીશ્રીના પ્રત્યેક કાર્યમાં દુનિયાને ભગવાનનો ચમત્કાર દેખાય તેમાં શું આશ્ચર્ય! સ્વામીશ્રીના પંથે આપણા જીવનમાં પણ પ્રવૃત્તિની નહિ, પણ ભગવાનની પ્રધાનતા રહે ત્યારે આપણી સેવા સાર્થક થઈ કહેવાય.

# પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ

# ગુરુવચને ચૂરેચૂરા

એક વાર યોગીજી મહારાજ ગોંડલમાં હતા. તે દરમ્યાન ઉકરડો સાફ કરવાની સેવાનું કાર્ય ચાલુ હતું. આ સેવામાં યોગીબાપાએ સંતોને જોડ્યા. સંતો બધા ટોપલાં ભરી-ભરી ઉકરડો ખટારામાં ઠાલવતા હતા. એવામાં યોગીબાપાએ મહંતસ્વામી મહારાજને યાદ કર્યા કે, 'મહંતસ્વામી ક્યાં છે?' કોઈએ કહ્યું, 'એમને અત્યારે ૧૦૩ ડિગ્રી તાવ છે. એટલે આરામમાં છે.' યોગીબાપા કહે, 'બોલાવો એમને. સેવા કરશે તો મટી જશે.'

ત્યાં ઉપસ્થિત કેટલાકને મનમાં થયું કે 'આવા સખત તાવમાં પણ યોગીબાપા કેમ સેવામાં બોલાવે છે? અને સેવા કરવાથી કાંઈ તાવ થોડો મટતો હશે!' પરંતુ આવા કોઈ વિચારો કર્યા વગર મહંતસ્વામી મહારાજ યોગીબાપાનો સંદેશો સાંભળી કથળતા શરીરે ઉકરડો ઉથાપવાની સેવામાં જોડાઈ ગયા અને બે કલાક સુધી સેવા કરી! ઉકરડો ઉથાપવા જેવી સેવા તો સાજા-સમા શરીરેય ન ગમે, ત્યારે આટલા તાવ-તૂટતા શરીરે આ સેવા મહંતસ્વામી મહારાજે કેવી રીતે કરી હશે?!

આ પ્રસંગની સ્મૃતિ કરતાં એક વખત મહંતસ્વામી મહારાજે કહ્યું હતુંઃ 'યોગીબાપાએ કહ્યું હતું કે 'સેવા કરવાથી તાવ મટી જશે', છતાં તાવ તો મટ્યો જ નહિ! પણ તે સેવા યાદ રહી ગઈ.' મહંતસ્વામી મહારાજને યોગીબાપા પ્રત્યે શંકા પણ ઉદ્‌ભવી નથી કે 'બાપાએ કહ્યું હતું છતાં તાવ તો મટ્યો નહિ.' તેઓને કેવળ યોગીબાપાના રાજીપા સામી દૃષ્ટિ હતી.

આ રીતે ગુરુના એક વચને મહંતસ્વામી મહારાજે દેહના ચૂરેચૂરા બોલાવી દીધા છે. ગુરુને રાજી કરવાની આવી તત્પરતા જ્યારે આવે ત્યારે જ આપણા ઉપર તેઓની દૃષ્ટિ થાય છે અને આપણામાં તે દૃષ્ટિ ઝીલવાની ખરી પાત્રતા આવે છે.

# 'સકલ દિવ્ય દિવ્યમ્'

મહંતસ્વામી મહારાજને પાર્ષદી દીક્ષા આપ્યા બાદ સૌ તેઓને વિનુ ભગત તરીકે ઓળખતા. સન ૧૯૫૭ થી ૧૯૬૦ સુધી વિનુ ભગતને યોગીજી મહારાજે પોતાના લાડીલા સેવક તરીકે પોતાની સાથે જ રાખ્યા હતા. યોગીજી મહારાજની ઘડતરશૈલી નિરાળી હતી. દીક્ષા પૂર્વે વિનુભાઈએ યોગીબાપાના અપાર વાત્સલ્યનો આસ્વાદ માણ્યો હતો. તેથી તેઓને મનમાં હતું કે દીક્ષા લઈને યોગીબાપા સાથે જોડાઈશું ત્યારે તો કેવી મજા આવશે! પરંતુ પાર્ષદી દીક્ષા લીધા પછીના શરૂઆતના ત્રણેક મહિના તો વિનુ ભગત માટે કપરી કસણી સમા બની રહ્યા. કારણ કે દીક્ષા બાદ તો યોગીજી મહારાજે એક વિશિષ્ટ ચરિત્ર કર્યું. સતત ત્રણ મહિના સુધી તેઓ તો જાણે વિનુ ભગતને ઓળખતા જ નથી તેવી રીતે વર્ત્યા.

ત્રણેક મહિના પછી વિનુ ભગત યોગીબાપા સાથે ભાવનગર પહોંચ્યા. હરિજયંતીના ઉપવાસનો દિવસ હતો. આથી, વિનુ ભગતને રાત્રે ઊંઘ આવતી નહોતી. ઉપવાસને કારણે યોગીબાપા પણ જાગતા હતા. રાત્રે તેઓ વિનુ ભગત પાસે ગયા ને તેઓને ઉઠાડીને કહ્યુંઃ 'મને ને તમને ઊંઘ આવતી નથી, તો હાલો આપણે ગોષ્ઠિ કરીએ.' પછી પ્રેમથી ઘણી બધી વાતો કરી. યોગીબાપા છેલ્લે કહેઃ 'તમે કસોટીમાં પાસ થઈ ગયા!' એમ કહી ખૂબ રાજીપો દર્શાવ્યો. પછી યોગીબાપાએ કૃપાનો ધોધ વરસાવતાં કહ્યુંઃ 'તમને ૧ લાખ ૭૮ હજાર માળાનું પુણ્ય આપું છું.' તે વખતે ભગવાન સ્વામિનારાયણના જન્મને ૧૭૮ વર્ષ પૂરાં થતાં હતાં એટલે તે આંકને લક્ષ્યમાં રાખીને યોગીબાપાએ વિનુ ભગતને અંતરના ઊમળકા સાથે મોજ આપી દીધી. પરંતુ ત્રણ મહિનાના આ સમયગાળા દરમ્યાન મહંતસ્વામી મહારાજને યોગીજી મહારાજમાં લેશ પણ મનુષ્યભાવ ન આવ્યો. અંતરમાં એવી મૂંઝવણ પણ ન થઈ કે યોગીબાપાએ યુવકમાં આટલો લાભ આપ્યા પછી મારી સાથે અચાનક બોલવા-ચાલવાનો વ્યવહાર કેમ બંધ કરી દીધો? મહંતસ્વામી મહારાજ કહે છે કે એ વખતે પણ તેઓએ યોગીબાપાના આ ચરિત્રને દિવ્ય લીલા તરીકે જ જોઈ હતી.

પ્રમુખસ્વામી મહારાજની ૯૫મી જન્મજયંતીએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં મહંતસ્વામી મહારાજે કહ્યું હતું કે, 'સ્વામી! તમે બોલો, ન બોલો, જુઓ, ન જુઓ, હસો, ન હસો.... બધું દિવ્ય જ લાગે છે.' ગુરુમાં દિવ્યભાવની તેઓની આ રીત પહેલેથી જ ચાલી આવે છે. એટલે જ તો વિનુભાઈને જ્યારે યોગીબાપાએ એક પછી એક એમ સળંગ પાંચ દિવસ સુધી નિર્જળા ઉપવાસ કરાવ્યા, તોય તેઓને યોગીબાપાના વચનમાં શંકા ન થઈ. વિનુભાઈની તો છઠ્ઠા દિવસે પણ ઉપવાસ કરવાની તૈયારી હતી. આ પ્રસંગની સ્મૃતિમાં એક વાર મહંતસ્વામી મહારાજે કહ્યું હતું કે, 'બહુ બહુ તો શું થશે? દેહ પડી જશે, પણ યોગીબાપા રાજી થાય છે ને' તેથી છઠ્ઠા દિવસે પણ ઉપવાસ કરવાની તૈયારી સાથે હું યોગીબાપા પાસે ગયો હતો.' ત્યારે તો યોગીબાપાએ વહેલાં ઊઠી તેઓ

માટે પારણાની સામગ્રી તૈયાર કરી રાખી હતી. પોતાના હાથે પારણા કરાવી યોગીજી મહારાજે વિનુભાઈ ઉપર અપાર રાજીપો દર્શાવ્યો હતો.

ગુરુમાં દિવ્યભાવ સહિત કેવું જોડાણ હોવું જોઈએ તેનો આદર્શ મહંતસ્વામી મહારાજે પૂરો પાડ્યો છે. આવું જોડાણ થાય તો કોઈ કસર રહે નહિ.

# ઉતાવળિયો નિર્ણય ન લેવો

યોગીજી મહારાજે ૯ ભણેલા-ગણેલા નવયુવાનોને સાધુ દીક્ષા આપી હતી. શરૂઆતમાં આ સંતો કાંદિવલી-મુંબઈ રહેતા હતા. એક વખત બપોરના સમયે બધા સંતો જમવા માટે બેઠાં હતાં. તેવામાં એક વયોવૃદ્ધ ત્યાં આવ્યા. સંતોને જમતા જોઈ થોડી વાર ત્યાં ઊભા રહી ગયા.

આ બાજુ સંતોએ આ વયોવૃદ્ધને જોયા એટલે અંદરો-અંદર અટકળો ચાલુ કરી કે 'બપોરનો સમય થયો છે એટલે ખાવા માટે આવ્યા છે.' અને પછી તો આ વયોવૃદ્ધ શા માટે આવ્યા હશે તેનું અનુમાન સૌએ પોતપોતાની રીતે કરી લીધું. એમાંથી એક જણ બાકાત હતા - મહંતસ્વામી મહારાજ. તેઓ આ સમયે કંઈ પણ બોલ્યા નહિ કે કોઈના અભિપ્રાયમાં ભળ્યા પણ નહિ.

મહંતસ્વામી મહારાજ જમી રહ્યા પછી આ વયોવૃદ્ધ પાસે આવ્યા. થોડી વાતચીત કરી ત્યારે પેલા વયોવૃદ્ધે કહ્યું, 'ભગવાન સ્વામિનારાયણે સંતોને પત્તરમાં જમવાની આજ્ઞા કરી છે. પરંતુ તેવાં દર્શન હજી સુધી મને થયાં ન હતાં. તેવામાં મેં સાંભળ્યું કે યોગીજી મહારાજે સંતો બનાવ્યા છે તે બધા પત્તરમાં જમે છે. એટલે સંતોને પત્તરમાં જમતાં દર્શન કરવા હું આવ્યો છું.'

જ્યારે મહંતસ્વામી મહારાજે અન્ય સંતોને આ વાત કરી ત્યારે સૌને સમજાયું કે આપણે તો અલગ-અલગ અભિપ્રાય બાંધી દીધા હતા, પરંતુ આ વયોવૃદ્ધ તો મહિમાથી કેવળ દર્શન કરવા માટે આવ્યા હતા.

ઘણી વખત કોઈની બાહ્ય પ્રકૃતિ-વર્તન જોઈને આપણે ઉતાવળિયો નિર્ણય લઈ લઈએ છીએ અને આપણી મનોધારણા અનુસાર તેના આખા વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરી તેનો અવગુણ લઈ બેસીએ છીએ. પરંતુ મહંતસ્વામી મહારાજે જેમ પ્રથમથી જ કોઈ ધારણા ન કરી લીધી અને પૂરેપૂરી તપાસ કરી મહિમા જાણ્યો, તેમ ઉતાવળિયો નિર્ણય કરી કોઈનો અવગુણ ન લેતાં સૌનો મહિમા સમજવો.

# 'હું પધરામણીએ જઉ?'

સન ૧૯૯૦માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ નોર્થ અમેરિકાના વિચરણ અર્થે પધાર્યા હતા. મોટી સંખ્યામાં સંતો સાથે હોવાથી તેઓની વ્યવસ્થા અંગે સ્વામીશ્રીએ સ્વયં અમુક નિયમો ઘડ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજે સૌ સંતોને એવી આજ્ઞા કરી હતી કે, 'જે કોઈ સંતને પધરામણી માટે કોઈ હરિભક્તના ઘરે જવું હોય તે પૂજ્ય જ્ઞાનેશ્વર સ્વામીને જાણ કરી, તેઓની અનુમતિ લઈને જાય.' આ યાત્રામાં મહંતસ્વામી મહારાજ પણ સાથે હતા.

યાત્રા દરમ્યાન ન્યૂ યોર્કમાં મહંતસ્વામી મહારાજની એક હરિભક્તના ઘરે પધરામણી ગોઠવાઈ. તેથી તેઓ પરવાનગી લેવા પૂજ્ય જ્ઞાનેશ્વર સ્વામી પાસે આવ્યા અને પૂછ્યુંઃ 'હું પધરામણીએ જઉં?' સદ્‌ગુરુ સંત મહંતસ્વામી તરફથી આ પ્રશ્ન પૂછાતાં જ્ઞાનેશ્વર સ્વામી તો છોભીલા (ઝાંખા) જ પડી ગયા. તેઓએ ક્ષોભ સાથે સ્વામીશ્રીને જણાવ્યું કે, 'સ્વામી! આ જાહેરાત આપના માટે નથી, બીજા સંતો માટે છે. આપ તો સદ્‌ગુરુ સંત છો. આપે મને ન પૂછવાનું હોય.' ત્યારે મહંતસ્વામી મહારાજે કહ્યું કે, 'સ્વામીબાપાએ આજ્ઞા કરી છે એટલે મારે પણ પાળવી તો પડે જ ને!'

પદ, મોભા કે સિનિયોરિટીનો ભાર વ્યક્તિને સહેજે આવી જાય. અન્ય કરતાં આપણે થોડા વિશેષ છીએ એવો સૂક્ષ્મ અહંકાર અંતરમાં ઘર કરી જાય. પરંતુ, અહીં મહંતસ્વામી મહારાજ સદ્‌ગુરુ હતા, છતાં પોતાને વિશેષ ન માનતા અન્ય સંતોની જેમ જ આજ્ઞા લેવા ગયા! નાનામાં નાની આજ્ઞા પાળવાનો કેવો ખટકો! આપણે પણ આવો ખટકો રાખી દાસભાવે નાની-મોટી તમામ આજ્ઞાઓ પાળીએ તો મોટા પુરુષ રાજી થઈ જાય.

# 'બીજા સ્વાદની જરૂર નથી'

મહંતસ્વામી મહારાજનું ભોજન એટલે સ્વાદ વિનાનું ભોજન. તેમાં ન તો મીઠું હોય કે ન કોઈ મસાલા. વર્ષોથી સ્વામીશ્રી બાફેલું, મરી-મસાલા વગરનું અને રોજ એકનું-એક જમતા આવ્યા છે. વર્ષોથી ભોજનમાં કોઈ પ્રકારની નવીનતા જ નહિ!

સન ૨૦૦૦માં નોર્થ અમેરિકાથી બાળકો-કિશોરો ભારતયાત્રાએ ગયા હતા. આ યાત્રા દરમ્યાન એક વાર બોચાસણમાં મહંતસ્વામી મહારાજ ભોજન કરી રહ્યા હતા. ત્યારે દર્શન કરતાં બાળકોએ પૂછ્યું, 'આપ શું જમો છો?'

પોતાના ભોજનપાત્ર(પત્તર)ની બાજુમાં પડેલા થાળ તરફ નિર્દેશ કરીને મહંતસ્વામી મહારાજે પૂછ્યું, 'ચાખવું છે?'

બાળકો રાજી થઈ ગયા. બાળકોના મનમાં હતું કે સ્વાદિષ્ટ વાનગી જમવા મળશે! મહંતસ્વામી મહારાજે થાળમાંથી પરવળનું શાક થોડું લઈને ચમચી દ્વારા એક બાળકને આપ્યું. રાજી થઈને હોંશે હોંશે તે બાળકે જેવું મોઢામાં મૂક્યું કે તરત જ 'થૂ... થૂ...' કરીને મોઢામાંથી કાઢી નાંખ્યું, કારણ કે તેમાં કોઈ સ્વાદ જ નહોતો.

બાળકે પૂછ્યું: 'આપને આવું સાવ સ્વાદ વિનાનું મોળું કેવી રીતે ભાવે છે?'

મહંતસ્વામી મહારાજે ઉત્સાહથી કહ્યું, 'યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે એનો કેફ છે. એટલે બીજા સ્વાદની જરૂર નથી.'

આપણને સમયે-સમયે જમવામાં નવીનતા જોઈએ છે. પરંતુ મહંતસ્વામી મહારાજને એવો કોઈ વિચાર જ નથી આવતો! કોઈ જ ફરમાઈશ નહિ કે કોઈ ફરિયાદ નહિ! 'રોજ એનું એ જ જમવાનું, એના એ જ ક્રમમાં જમવાનું ને એટલું જ જમવાનું.' આ પ્રેક્ટિકલ નિ:સ્વાદીપણાનાં દર્શન મહંતસ્વામી મહારાજમાં થાય છે, કારણ કે તેઓ જમવાનો આનંદ નહિ, પરંતુ ભગવાનનો આનંદ લે છે. તેઓ કેવળ કોઠીમાં દાણા ભરે તેમ જમે છે, પણ સ્વાદ તો ભગવાનની મૂર્તિનો લે છે.

# 'મને માફ કરજો'

સન ૨૦૦૧માં અમેરિકાના બાળકો ઈન્ડિયા ટ્રિપ માટે ગયા હતા. બોચાસણમાં તેઓની એક સભામાં મહંતસ્વામી મહારાજને પ્રવચન કરવાનું હતું. તેઓનો વિષય હતો - 'સ્વામીબાપા - અવર બેસ્ટ ફ્રેન્ડ'

મહંતસ્વામી મહારાજની ખાસિયત છે કે જે કાર્ય હાથમાં લે તેમાં ખૂબ ઊંડા ઊતરે. તેઓને પ્રવચનમાં જે વિષય આપવામાં આવે તેને પૂરેપૂરો ન્યાય મળે તે માટે ખૂબ ઊંડું ચિંતન-મનન કરી રજૂઆત કરે. આ પ્રવચનની તૈયારી કરવા માટે ખાસ તેઓ નડિયાદ ગયા. વળી, અમેરિકાના બાળકોને રસ પડે તે માટે વિશિષ્ટ રજૂઆત કરવાનું વિચાર્યું. વિષયને અનુરૂપ ૩૦-૪૦ જેટલાં ચિત્રો સ્વયં દોર્યાં, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કર્યું.

આવી વિશિષ્ટ તૈયારી સાથે મહંતસ્વામી મહારાજે બોચાસણમાં પ્રવચનની શરૂઆત કરી. પરંતુ યાત્રાને લીધે બધા બાળકો થાકી ગયાં હતાં. એટલે ચાલુ પ્રવચનમાં ઝોકે ચડ્યાં. કેટલાક તો લાંબા પગ કરીને સૂઈ જ ગયા!

પ્રવચન પૂરું કરીને સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. ત્યાંથી તેઓએ આ બાળકો ઉપર એક માફીપત્ર લખ્યોઃ

'હું ખરેખર દિલગીર છું કે મારા મનમાં શું હતું તે તમને સમજાવી ના શક્યો. તે તમારા માટે સજા જેવું હતું. બીજું, તમે સૌ આટલા અઘરાં અને લાંબાં-લાંબાં પ્રવચનો સાંભળવા ટેવાયેલા નથી, તે તમને બીજી સજા મળી. ત્રીજી સજા તમારાં ઘૂંટણના દુઃખાવાની મળી. તમે બધા પલાઠી વાળીને બેસવામાં ખૂબ જ અસ્વસ્થ હતા, તે મને પણ અનુભવાયું.

મારા પ્રવચનો ક્યારેય આટલાં લાંબા નથી હોતાં. પ્રેઝન્ટેશન સાથેનો આ મારો પ્રથમ પ્રયત્ન હતો, તેથી સમય ન જળવાયો. આગળ આવું નહિ થાય. મને માફ કરજો.'

આ પત્રમાં જેટલા કારણો માટે મહંતસ્વામી મહારાજે માફી માંગી, તેમાં તેઓની કોઈ ભૂલ હતી જ નહિ. છતાં તેઓએ બધો જ વાંક પોતાના શિરે જ લીધો!

આ પ્રસંગના સંદર્ભમાં વર્ષો પછી મહંતસ્વામી મહારાજને પૂછવામાં આવ્યું કે 'એવું ના લાગે કે 'હું આટલો મોટો છું અને આ આટલા નાના છે, હું એમની માફી કેવી રીતે માંગુ?' ત્યારે તેઓએ કહ્યું હતું, 'મોટાની વાત છે જ નહિ. આ સત્સંગમાં દાસના દાસ થવાનું છે. નાના બાળક લાગે, પણ એનાય દાસ થવાનું છે.'

એક વાર મહંતસ્વામી મહારાજે કહ્યું હતું, 'માફી માંગવાનું તો સહેજે. ભૂલ ન હોય તોય પ્રમુખસ્વામી મહારાજે માફી માંગેલી છે! એટલે એમના થકી આપણે શીખ્યા છીએ કે આ જ માર્ગ સારો છે. શાંતિનો માર્ગ છે.'

ઘણી વાર તો આપણી પોતાની જ ભૂલ હોય છે છતાં આપણે માફી માંગી શકતા નથી. જ્યારે સ્વામીશ્રી આપણને અહીં શીખવે છે કે કદાચ આપણી ભૂલ ન હોય છતાં પણ સંપ-સુહૃદભાવ જાળવવા આપણે વ્યવસ્થાપકોની, મંડળના હરિભક્તોની કે કુટુંબના સભ્યોની માફી માંગી લઈએ તો ઘણાં પ્રશ્નોનું સમાધાન તરત જ આવી જાય. મહંતસ્વામી મહારાજના પગલે-પગલે આપણે પણ સંપ અને શાંતિના આ રાજમાર્ગ ઉપર ચાલવાનો પ્રયત્ન કરીએ.

# 'કોઈ દિવસ નિર્ધાર રાખ્યો જ નથી..'

૨૦૧૩માં મહંતસ્વામી મહારાજ જયપુર પધાર્યા હતા. તેઓ હરિભક્તોના ઘરે ઘરે પધરામણીએ નીકળ્યા હતા. એક પછી એક પધરામણીઓ વધતાં ઘણું મોડું થઈ ગયું હતું. સ્થાનિક સંત પર સેવકોના ફોન આવ્યા કે મહંતસ્વામીને વહેલી તકે મંદિર પાછા લઈ આવો ને આગળની બધી પધરામણી કેન્સલ કરો, કારણ કે સ્વામીશ્રીનું ભોજન અને વિશ્રામ બંને ઠેલાતાં હતાં. પરંતુ ૮૦ વર્ષની ઉંમરે મહંતસ્વામી મહારાજ બધાના ઘરે એટલા પ્રેમથી પધરામણી કરતા હતા કે કોઈ હરિભક્ત પધરામણી કેન્સલ કરવામાં રાજી ન થાય. બપોરનો એક વાગ્યો ત્યાં સુધી સ્વામીશ્રી પધરામણીઓ કરતા રહ્યા.

પધરામણીઓ પૂરી કરીને સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા જ ત્યાં તો એક ભાવિકે દોડતાં આવી કહ્યું કે, 'મારા ઘરે પધરામણી રહી ગઈ છે.' જો કે તેમના ઘરે નાનું-મોટું સમારકામ ચાલી રહ્યું હતું. આથી, સ્થાનિક સંતોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો કે ભવિષ્યમાં પધરામણી કરીશું. પરંતુ મહંતસ્વામી મહારાજ સ્થાનિક સંતોનો હાથ દબાવીને કહેવા લાગ્યાઃ 'ચાલો, આપણે પધરામણીએ જઈ આવીએ.' એટલું કહેતાં તેઓ પોતાના ભોજન માટે ઉતારામાં જવાને બદલે કાર તરફ જવા લાગ્યા. સાથેના સંતને પણ તેમણે ઈશારા દ્વારા કારમાં બેસવાનો નિર્દેશ કર્યો. અને ભોજન પડતું મૂકીને સ્વામીશ્રી એ હરિભક્તના ઘરે પધરામણીએ ગયા અને તેમને રાજી કર્યા.

ત્યાર બાદ આશરે અડધો કલાકમાં મંદિરે પહોંચ્યા અને ભોજન માટે બિરાજ્યા. સંતોએ તેઓને પૂછ્યુંઃ 'આવા સંજોગોમાં આપને કંટાળો ન આવે?' મહંતસ્વામી મહારાજે સહજતાથી કહ્યુંઃ 'કોઈ દિવસ નિર્ધાર રાખ્યો જ નથી કે આમ કરવું છે. જેમ સૌ સંતો-હરિભક્તો રાજી થાય એ પ્રમાણે કરવાની વાત યોગીબાપાએ શીખવાડી છે.'

સ્વામીશ્રીએ પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ સંતો-ભક્તોને અર્પણ કરી દીધું છે. આપણને રાજી કરવા તેઓએ પોતાના સમય, શરીર કે સુવિધા સામે ક્યારેય જોયું નથી. પળ પળ ગુરુહરિ બસ! આપણા માટે જ જીવી રહ્યા છે. આમ તો આપણે તેઓને રાજી કરવાના છે, પણ ખરેખર તો તેઓ ક્ષણે ક્ષણે આપણને રાજી કરી રહ્યા છે!

# તમારો જોડો અને મારું માથું

૧૩મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ પ્રમુખસ્વામી મહારાજ અંતર્ધાન થયા બાદ સમગ્ર વિશ્વની નજર મહંતસ્વામી મહારાજ ઉપર હતી. કારણ કે વિશ્વવ્યાપી BAPS સંસ્થાના પ્રમુખ તરીકેની અને લાખો ભક્તોના ગુરુ તરીકેની જવાબદારી હવે તેઓના શિરે હતી. આ મહાન કાર્યભારથી અલિપ્ત સ્વામીશ્રીના વાણી, વર્તન અને વ્યવહાર સંસ્થાના એક સામાન્ય સંત જેવા જ હતા. એ જ સ્થિરતા અને સાધુતા સૌની નજરે ચડતી હતી.

આ અરસામાં સારંગપુરમાં એક ભક્તે મહંતસ્વામી મહારાજને વાત-વાતમાં હળવાશમાં કહ્યુંઃ 'પ્રમુખસ્વામી મહારાજ આપને આ જવાબદારી સોંપતા ગયા છે. સ્વામીબાપાએ જેટલું વિચરણ કર્યું એટલું આપે પણ કર્યું છે. સ્વામીબાપાએ સંતો-ભક્તોને રાજી કર્યાં એ રીતે આપે પણ રાજી કર્યાં છે. આ બે બાબતના તો અમે સાક્ષી છીએ, પણ હવે એક જ વસ્તુ જોવાની બાકી રહી કે પ્રમુખસ્વામી મહારાજનું ઐશ્વર્ય આપનામાં આવ્યું છે કે નહિ?' આ જિજ્ઞાસાનો જવાબ વાળતાં મહંતસ્વામી મહારાજે કહ્યુંઃ 'મારા પંચવર્તમાનમાં કાંઈ ફેર હોય તો તમારો જોડો અને મારું માથું! બાકી મને ઐશ્વર્ય-ચમત્કારમાં ખબર પડે નહિ.'

પાંચ-પાંચ દાયકા ઉપરાંતના પોતાના સાધુજીવનમાં પંચવર્તમાનમાં લેશમાત્ર ફેર પડ્યો નથી, એવું ખાતરી સાથે ખોંખારીને કોણ કહી શકે? આવા નિષ્કલંક સાધુતાસંપન્ન પુરુષ માટે શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા અંત્ય-૨૬માં કહ્યું છે કે, 'પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય; ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા; કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ. અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.' આપણે ભાગ્યશાળી છીએ કે આપણને એવા ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતની પ્રાપ્તિ થઈ છે.

# સદા દાસ

૨ ઓક્ટોબર, ૨૦૧૬, નડિયાદ. મહંતસ્વામી મહારાજના મધ્યાહન્ ભોજનમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દર્શન લાભ લઈ રહ્યા હતા. ભોજનસત્રની પૂર્ણાહુતિમાં યુવકોએ સ્વામીશ્રીને કહ્યું: 'સ્વામી! આજે આપની સમક્ષ એક ઇતિહાસનું પુનરાવર્તન કરવું છે.' એમ કહી પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં ગવાયેલી કવ્વાલી મહંતસ્વામી મહારાજ આગળ રજૂ કરી. જેના શબ્દો હતાં - 'આ સૂરજ પૂછે છે, આ ચાંદો પૂછે છે, ગગનમાં ચમકતો સિતારો પૂછે છે... પ્રમુખસ્વામી શું છે? મહંતસ્વામી શું છે?'

ભક્તિસભર કવ્વાલીનું ગાન કરી વિદ્યાર્થીઓએ મહંતસ્વામી મહારાજને કહ્યું: 'સ્વામી! પ્રમુખસ્વામી મહારાજ આગળ આ કવ્વાલી ગવાયા પછી પોતાની ઓળખ આપતાં તેઓએ જણાવ્યું હતું કે, 'પ્રમુખસ્વામી એ સાધુ છે, ભગવાન સ્વામિનારાયણના ભક્ત છે અને જોગી મહારાજના શિષ્ય છે.' તો સ્વામી! આજે આપ પણ આપની ઓળખ આપો કે, 'મહંત સ્વામી શું છે?' સૌનાં કાન સરવા થઈ ગયાં. સ્વામીશ્રી સમક્ષ માઇક ધર્યું ને ક્ષણનાય વિલંબ વિના સ્વામીશ્રીએ કહ્યું: 'દાસના દાસ.' અનન્ય દાસત્વની આ અદ્ભૂત ક્ષણ સૌનાં હૈયે જડાઈ ગઈ.

દાસત્વ એ સત્પુરુષે સિદ્ધ કરેલો ગુણ નથી, પરંતુ તેઓની સ્વાભાવિક જીવનશૈલી છે. તેથી જ લાખોના ગુરુ હોવા છતાં તેઓને મનાતું જ નથી કે 'હું ગુરુ છું.' તેથી જ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હોવા છતાં તેઓને ભક્તોના ચરણસ્પર્શ કરતાં લેશ પણ સંકોચ થતો નથી. સ્વામીશ્રી એવું માને છે કે 'બધાં મારાથી મોટાં છે અને હું સૌથી ન્યૂન છું!' પોતાના વિચાર, વાણી અને વર્તન દ્વારા સ્વામીશ્રી આપણને પણ દાસભાવથી સત્સંગ કરવાની સતત પ્રેરણા આપી રહ્યા છે. મહંતસ્વામી મહારાજ કહે છે કે, 'દાસભાવ - Express way to Akshardham' છે. ગુરુ 'દાસના દાસ' થઈને રહેતા હોય તો આપણે શિષ્ય થઈને તો દાસ થવું જ રહ્યું, ખરું ને?

# ‘અનંત બ્રહ્માંડનું રાજ અહીંથી ચાલે છે’

૧૫ એપ્રિલ ૨૦૧૮ના રોજ મહંતસ્વામી મહારાજ હોંગકોંગમાં હતા. ‘Harbour Front Landmark’ નામની બહુમાળી બિલ્ડિંગના ૪૬મા માળે સ્વામીશ્રીનો ઉતારો હતો.

અલ્પાહાર વખતે સ્વામીશ્રીએ સ્વતઃ, કોઈ જ સંદર્ભ વગર આજુબાજુના ગગનચુંબતાં મકાનો બતાવતાં કહ્યુંઃ ‘આમાં આટલા બધા લોકો છે, પણ આ રૂમમાં શું ચાલે છે તે કોઈને ખબર નથી.’ સંતો થોડા સાવધ થયાં. કાન સરવા કર્યાં, પણ સ્વામીશ્રી શું કહેવા માંગે છે તે પકડાયું નહિ. મનમાં સ્વામીશ્રીના શબ્દો ફરી યાદ કર્યાંઃ ‘આ રૂમમાં શું ચાલે છે તે કોઈને ખબર નથી.’

‘પણ શું?’ ત્યાં સ્વામીશ્રી મધુરું સ્મિત કરતાં સહજ જ બોલ્યા, ‘અનંત બ્રહ્માંડનું રાજ અહીંથી ચાલે છે!’ સૌ સંતો સ્તબ્ધ થઈ ગયાં.

હજુ તો સંતો કંઈ વિચારે ત્યાં સ્વામીશ્રી તરત વાત ફેરવીને કહેઃ ‘ગઢડા ખૂણામાં. વજેસિંહને ખબર નહોતી કે ત્યાંથી અનંતકોટી બ્રહ્માંડનું રાજ ચાલતું હતું.’ સ્વામીશ્રીએ પોતાના પરથી આખીય વાત હવે શ્રીજીમહારાજ તરફ વાળી લીધી હતી. પછી કહે, ‘આઈમેક્સમાં બતાવે છે - નીલકંઠવર્ણી કેટલાયની બાજુમાંથી પસાર થયા, પૂર્ણ પુરુષોત્તમનારાયણ, પરમ સત્તા, એમના ઉપર કોઈ નથી તે બાજુમાંથી પસાર થયા, પણ કોઈને ખબર નહિ!’ આ બોલતાં બોલતાં સ્વામીશ્રીના મુખ ઉપર પરમ આશ્ચર્યના ભાવો ઊભરી રહ્યા હતા.

ફરી પાછા પરભાવમાં આવીને સ્વામીશ્રી ઉચ્ચર્યાઃ ‘બીજાને તો દર્શન નથી ને આપણને એ જ, એ જ પરબ્રહ્મ સાક્ષાત મળ્યા!’

મહંતસ્વામી મહારાજ સામાન્યપણે વર્તતા હોય એટલે આપણને આ વાત સહેજે મનાય નહિ કે ‘સેવક સંતોના ટેકે ચાલતા આ સ્વામીશ્રી અક્ષરબ્રહ્મ છે? આટલું બધું ઐશ્વર્ય છે? સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ છે?’ પરંતુ એક વાર સભામાં મહંતસ્વામી મહારાજે કહ્યું હતું, ‘જેમ કોઈ કરોડપતિની પાસે ઘણી બધી વસ્તુઓ હોય, પણ તે કાંઈ દેખાડવા ના જાય. અને World champion હોય ને કહીએ કે આ વર્લ્ડ ચૅમ્પિયન છે તો કંઈ ઊભા થઈને દોડવા ન લાગે.’ તેમ સત્પુરુષ કાંઈ સતત પરભાવ ન બતાવે. તેઓ તો સામર્થ્ય દાબીને જ વર્તતા હોય છે. આમ છતાં ક્યારેક ભક્તાધીન થઈને, ક્યારેક પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે, તો ક્યારેક ઉતાવળા થઈને તેઓ પોતાનાં ઐશ્વર્ય-પ્રતાપ પ્રગટ કરી દે છે.

સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખી તેઓનો આવો મહિમા અંતરમાં દૃઢ કરીએ તો પછી સુખ-સુખના ઢગલાં...

# આવા ગુરુ ક્યાં મળે?

'હે મારા વહાલા સ્વયંસેવકો, તમે તો બધાએ કમાલ કરી છે. તેના માટે કોઈ શબ્દો જ નથી.' 'શ્રીજીમહારાજ એટલા રાજી રાજી રાજી થયા છે કે - આ તમને ખબર નથી કે તમે શું કર્યું છે! તમે બધાએ કમાલ કરી છે! ખરેખર!' 'હું આપ બધાને યાદ કરીને પ્રતિષ્ઠાની મુખ્ય આરતી કરીશ... આપ ૧૨,૦૦૦ સ્વયંસેવકોના લીધે આજે પ્રતિષ્ઠા થશે... હવે મારી ઈચ્છા છે કે હું આપ બધાની આરતી ઉતારું.' રોબિન્સવિલ અક્ષરધામ નિર્માણમાં સેવા આપનાર સૌ સ્વયંસેવકોને હૃદયની ભાવાંજલિ પાઠવતા સ્વામીશ્રીના પત્રના આ શબ્દો છે. સ્વયંસેવક સભામાં મહંતસ્વામી મહારાજના આ મહિમાસભર શબ્દો જેમ જેમ વહેતાં થયાં તેમ તેમ સૌનાં મન-હૃદય ભાવાર્દ્ર થતાં ગયાં. કારણ કે સ્વામીશ્રીએ અક્ષરધામ નિર્માણનો સંપૂર્ણ યશકળશ ભક્તોના શિરે ઢોળી દીધો હતો.

પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ પોતાનો બનાવીને મહંતસ્વામી મહારાજ સ્વયં આ પ્રકલ્પના સૂત્રધાર બન્યા હતા. તેઓની જ એક હાકલે હરિભક્તો ઘરબાર-ધંધા-વ્યવહાર મૂકી આ સેવામાં જોડાવા તત્પર થયાં હતાં. સૌનો એક અનુભવ હતો કે મહંતસ્વામી મહારાજના પ્રૌઢ પ્રતાપ, ઐશ્વર્ય અને કૃપાથી જ અક્ષરધામને આપણે નજર સામે જોઈ શકીએ છીએ. એવા ગુરુહરિ મહંતસ્વામી મહારાજે સફળતાનો સઘળો શ્રેય સ્વયંસેવકોને અર્પણ કરી દીધો! જ્યારે સ્વયંસેવક સભામાં સ્વામીબાપાને પૂજ્ય નારાયણમુનિ સ્વામીએ ગદ્‌ગદ્‌ભાવે વિનંતી કરી કે, 'આપ ચરણરજ માથે ન ચડાવશો, કેવળ દર્શન કરો.' તેમ છતાં પણ સ્વામીશ્રી સ્વયંસેવકોની ચરણરજ શિરે ચડાવ્યા વિના રહી જ શક્યા નહિ! આ દશ્યના સાક્ષી સૌ ભક્તોની આંખોના બંધ ત્યારે છૂટી ગયાં. સૌના અંતરે એક જ અહોભાવ રમતો હતો કે આપણા ગુરુ આપણો કેવો મહિમા સમજે છે!

એવી જ રીતે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' પછી પણ સ્વામીશ્રીએ 'પ્રમુખસ્વામી મહારાજ નગર'ની ધૂળ મંગાવી હતી. સ્વામીશ્રીએ કહ્યું હતું કે, 'મને ઘણા દિવસથી વિચાર આવતો હતો કે આ ધૂળ મારે માથે ચડાવવી છે, કારણ કે અહીં સ્વયંસેવકોએ ખૂબ સેવા કરી છે, સંતોએ ખૂબ સેવા કરી છે. લાખો ભાવિકો અહીં આવ્યા છે. જે અહીં આવ્યા અને સેવા કરી એ બધા દિવ્ય છે. એટલે મારે એમના ચરણની ધૂળ માથે ચડાવવી છે.' અંતરમાં મહિમાના ઘૂઘવતા સાગર સાથે સ્વામીશ્રીએ ભક્તોની ચરણરજને માથે ચડાવી.

સ્વયં અક્ષરબ્રહ્મ, જેઓના રૂંવાડે રૂંવાડે અનંત કોટી બ્રહ્માંડો ઊડતા ફરે છે, જેઓનો મહિમા ગાતા વેદો પણ 'નેતિ નેતિ' પોકારી ઊઠે છે. અરે! જેઓના ચરણની રજ સ્વયં પરબ્રહ્મ પણ ઝંખે છે. એવા સંત મહંતસ્વામી મહારાજ આપણી ચરણરજ મસ્તકે ચડાવે! આવા ગુરુ ક્યાં મળે? સ્વામીશ્રી જેવો આપણો મહિમા સમજે છે, એવો અને એટલો મહિમા આપણે તેઓનો સમજી શકીએ તો આપણે ધન્ય થઈ જઈએ.

# મનન દ્વારા બ્રહ્મનો સંગ

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં મનન દ્વારા બ્રહ્મનો સંગ કરવાની વાત કરી છે. ગુણાતીત ગુરુપરંપરાના જીવનમાંથી આ 'મનન'નો ગુણ આંખે ઊડીને વળગે છે. તેઓએ પોતાના ઈષ્ટદેવ અને ગુરુવર્યોના જીવનપ્રસંગોનું ખૂબ મનન-ચિંતન કર્યું છે. તેઓ માટે 'મનન' ગુરુના જીવનને માણવાનો અવસર બની રહ્યો છે. આ પરિપ્રેક્ષ્યથી ગુરુહરિ મહંતસ્વામી મહારાજના જીવનમાં ડોકિયું કરીએ.

વિનુભાઈ ગોયા તળાવની પાળે બેઠા હતા. યોગીબાપા જ્યારે ગામમાંથી વિદાય થઈ રહ્યા હતા ત્યારે તેઓએ વિનુભાઈને બોલાવીને પ્રેમાળ સ્મિત વરસાવતાં કહ્યું: 'લ્યો, અમે જઈએ છીએ. અમારી ભૂલચૂક માફ કરજો!' એમ કહેતાં આશીર્વાદનો ધબ્બો મારીને યોગીજી મહારાજ તો ત્યાંથી નીકળી ગયા! પરંતુ આ પ્રસંગથી વિનુભાઈ સ્તબ્ધ બની ગયા. આ એક પ્રસંગનું મનન ઘણા લાંબા સમય સુધી તેઓના મનમાં થતું રહ્યું. જેના કારણે તેઓના પૂર્વગ્રહો ખરી પડ્યા. પશ્ચાત્તાપનું ઝરણું વહેવા લાગ્યું. વિનુભાઈના મનમાં દિવ્ય વિચારોની પરંપરા ચાલી કે આ કેવા નિરાળા અને અજોડ સંત છે! જનેતા કરતાંય કેવી અજોડ પ્રેમાળ પ્રતિભા છે! કેવું તેમનું અલૌકિક નિર્દોષ હાસ્ય છે! કેવી તેમની સાધુતા છે! આ બધા વિચારો સાથે તેઓ ફરીથી યોગીજી મહારાજના સાંનિધ્યની ઝંખના કરવા લાગ્યા. ભલે યોગીજી મહારાજ ભૌતિક રીતે તેઓથી દૂર હતા, પણ તેઓ મનન દ્વારા યોગીરાજનો સંગ કરી રહ્યા હતા.

એ અરસામાં યોગીજી મહારાજ એક વાર ટ્રેનમાં મુંબઈ જઈ રહ્યા હતા અને રસ્તામાં આણંદ સ્ટેશન આવ્યું. અહીંના હરિભક્તો સાથે વિનુભાઈ પણ દર્શન કરવા સ્ટેશને આવ્યા હતા. શરમાળ પ્રકૃતિના વિનુભાઈ એક હૉટેલની દીવાલના ટેકે ઊભા રહી દર્શન કરી રહ્યા હતા. તેઓને જોઈ યોગીબાપા ટ્રેનની બોગીમાંથી નીચે ઊતરી તેઓની પાસે પહોંચ્યા. એ જ વાત્સલ્યની અસીમ વર્ષા! એ જ આશીર્વાદના ધબ્બા! કરુણા અને સાધુતાના દિવ્ય પ્રવાહમાં વિનુભાઈ ખોવાઈ ગયા. થોડીવારમાં ટ્રેનની વ્હીસલ વાગી. યોગીબાપા પુનઃ ટ્રેનમાં બેસી વિદાય થયા. પણ મનનશીલ વિનુભાઈ લાંબા સમય સુધી અહીં જ બેસી આ પ્રસંગની સ્મૃતિ-મનન કરતા રહ્યા. યોગીબાપાના એ દિવ્ય અનુભવને વાગોળતા રહ્યા. એટલું જ નહિ, ત્યાર બાદ લગભગ પંદર દિવસ સુધી રેલવે સ્ટેશન પર આવી, બાંકડા પર બેસી કલાકો સુધી વિનુભાઈ આ પ્રસંગના મનન-ચિંતનમાં ખોવાઈ જતા. એ સમયનું સ્મરણ કરતાં મહંતસ્વામી મહારાજ લખે છે કે, 'યોગીજી મહારાજ મળ્યા અને હું તેમાં એકદમ ચોંટી ગયો. બીજું બધું જ ગૌણ થઈ ગયું. યોગીજી મહારાજ જ જીવનના કેન્દ્રમાં આવી ગયા.' આમ, વિનુભાઈ મનન દ્વારા યોગીજી મહારાજના સાંનિધ્યને સતત માણતા રહ્યા અને જોતજોતામાં તો યોગીજી મહારાજ તેઓના જીવનનું કેન્દ્રબિંદુ બની ગયા. એ જ રીતે ગુરુહરિના પ્રસંગોના મનન દ્વારા આપણે પણ ગુરુમય બની જઈએ એ જ સત્સંગની ખરી ફળશ્રુતિ છે.